વર્ષ : ૩૫
અંક : ૭-૮
સળંગ અંક : ૪૨૨-૨૩
જુલાઈ-ઓગસ્ટ : ૨૦૨૦

વૈષ્ણવ પરિવાર

તંત્રી : અમિતભાઈ ર. પરીખ

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્ : ભાગ-૩

With Best Compliments From

Rajendra R. Desai
✆ 098240 61750

Jignesh R. Desai
✆ 098243 14580

Desai Bros. & Co.

SHREEJI TRADERS

H.O.
"Anurag Building",
Near IDFC Bank,
Nagalpur, Highway,
Mehsana - 384 002
Phone : 02762-253760, 232211
Mobile : 96648 15329

Branch
Toranwali Mata No Chowk,
Station Road,
Mehsana - 384 001
Phone : 02762-244184

Email : jignesh_desai78@yahoo.com

Distributorship of

KANSAI NEROLAC PAINTS LIMITED

UltraTech CEMENT The Engineer's Choice

Birla White

ICA

Sika

TARALAC

॥ શ્રીહરિ: ॥
॥ શ્રી વાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

વર્ષ : ૩૫ ✦ અંક : ૭-૮ ✦ સળંગ અંક : ૪૨૨-૪૨૩
જુલાઈ-ઓગસ્ટ : ૨૦૨૦ ✦ શ્રીવલ્લભાબ્દ : ૫૪૧

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી વિરચિત

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્ : ભાગ-૩

ભેટપુસ્તક વિશેષાંક

વિવરણ
શ્રી ડૉ. પીયૂષભાઈ એન. પરીખ (ભરૂચ)

આદ્યતંત્રી
શ્રી રમેશભાઈ વિ. પરીખ

સંવર્ધક તંત્રી
વસંતબહેન ર. પરીખ

તંત્રી
અમિત રમેશભાઈ પરીખ

પરામર્શક
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
શ્રી મુકેશભાઈ બી. દલાલ

ગો.વા. ડૉ. નટુભાઈ છોટાભાઈ પટેલ
લીલાબેન નટુભાઈ પટેલ
અમિત નટુભાઈ પટેલ
બિનીતા પટેલ
ગૌરવ પારેખ
સહ સમગ્ર પરિવાર (અમેરિકા)ના
દંડવત પ્રણામ
તથા
સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

રાજેન્દ્ર કનુભાઈ પટેલ
જાગૃતિ (જોલી) રાજેન્દ્ર પટેલ
નેહલ રાજેન્દ્ર પટેલ
દેવકી નેહલ પટેલ
અનુરા રાજેન્દ્ર પટેલ
તિલક નેહલ પટેલ
સહ સમગ્ર પરિવાર (અમેરિકા)ના
શ્રીજીના ચરણમાં કોટી કોટી
દંડવત પ્રણામ
અને વલ્લભના વહાલા વૈષ્ણવોને
સદૈન્ય ભગવદ્ સ્મરણ.

પ. ભ. શ્રી ભરતભાઈ મુરલીધર સાંગાણી

રાયપુર (છત્તીસગઢ)

ગો.વા. પ. ભ. શ્રી મુરલીધર મોહનલાલ સાંગાણી
ગં. સ્વ. પ. ભ. કાંતાબેન મુરલીધર સાંગાણી

શ્રી જયેશભાઈ સાંગાણી
શ્રીમતી નીતા સાંગાણી

શ્રી જીતેશભાઈ સાંગાણી
શ્રીમતી રૂપા સાંગાણી

શ્રી જગદીશભાઈ સાંગાણી
શ્રીમતી રાધિકા સાંગાણી

વિશાલ, અભિષેક, ફાલ્ગુની સાંગાણી

સહ સમગ્ર પરિવારના
શ્રીજી ચરણ કમળમાં કોટિ કોટિ દંડવત પ્રણામ
અને
વલ્લભના વહાલા વૈષ્ણવોને
સદૈન્ય ભગવદ્ સ્મરણ.

પરમ પ્રિયેશ ઠકરારના જયશ્રીકૃષ્ણ



અનન્યા પ્રિયેશ ઠકરારના જયશ્રીકૃષ્ણ

સુરેન્દ્ર, કુમુદ, પ્રિયેશ, કૃપા તથા મિલનના
પ. પૂ. જીજીના ચરણકમળમાં દંડવત્પ્રણામ
અને
સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

ગો.વા. રૂક્ષ્મણીબેન
તથા
પ્રભાવતી
દામોદરદાસ ગોરડીઆનાં
સૌને
જયશ્રીકૃષ્ણ.

મીનાબેન ભરતભાઈ શ્રોફ (મુંબઈ)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

ભરતભાઈ શાંતિલાલ શ્રોફ (મુંબઈ)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

મધુબેન એચ. શાહ (અમદાવાદ)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

જયેન્દ્ર પી. મોદી (વડોદરા)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

દક્ષાબેન કે. શેઠ (અમેરીકા)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

લીલાવતીબેન રાજાણી (ગોવા-પણજી)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

ઉષાબેન રમણીકલાલ પટેલ (મુંબઈ)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

જયશ્રીબેન સુરેશભાઈ સંપટ (મુંબઈ)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

રીટા તથા અયન (અમેરીકા)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

અતુલભાઈ કે. જસાણી (અમદાવાદ)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

કાનજીભાઈ ગૌદાણા પરિવાર (વડોદરા)ના
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રાક્કથન

વૈશ્વાનર શ્રીવલ્લભે શ્રીમદ્ ભાગવતના સારરૂપ શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્ પ્રકટ કર્યું છે. શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી ચાર પ્રસ્થાન પ્રમાણ તરીકે સ્વીકારવા આજ્ઞા કરે છે.

વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્ ॥

આ ચાર પૈકી વેદો, શ્રીગીતા (શ્રીકૃષ્ણ વાક્યો), બ્રહ્મસૂત્રો અને શ્રીભાગવત (વ્યાસજીની સમાધિ ભાષા) પ્રમાણ તરીકે સ્વીકૃત છે. વેદ પ્રથમ છે તો શ્રીભાગવત પ્રધાન પ્રમાણ છે. વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રોમાં થયેલ સંદેહો નિવારણ કરવાનું સામર્થ્ય શ્રીભાગવતમાં છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથચરણો અને શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણોનો શ્રીભાગવત પ્રત્યેનો ભાવ પ્રકટ છે જ. સેવા રીત પ્રીત વ્રજજનકી જનહિત જગ પ્રકટાઈ. આપણા સંપ્રદાયનું મૂળ શ્રીભાગવત છે. તેમાં બિરાજતા ગોપીજનો છે.

શ્રીભાગવત માહાત્મ્યમાં સૂતજી કહે છેઃ કલિયુગમાં જીવોને કાલરૂપી સર્પનો કોળિયો બનવાનું અટકાવનાર શ્રીભાગવત છે. મનની શુદ્ધિ માટે આનાથી મોટું કોઈ સાધન નથી. આ સાથે એક અગત્યની સમજ આપી કે મનુષ્યના જન્મ-જન્માન્તરના પુણ્યનો ઉદય થાય છે ત્યારે શ્રીભાગવતશાસ્ત્રની પ્રાપ્તિ થાય છે.

આ શાસ્ત્રમાં ૧૮૦૦૦ શ્લોકો છે. માહાત્મ્યમાં સનતકુમારો કહે છેઃ જો તમને પરમ ગતિની ઈચ્છા હોય તો મુખથી શ્રીભાગવતના અડધા કે ચોથા ભાગના શ્લોકનો પણ નિત્ય નિયમપૂર્વક પાઠ કરવો.

કૃપાનિધિ કૃષ્ણાસ્યો પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથચરણોના માધ્યમથી નિજજનોને શ્રીપુરુષોત્તમસહસ્રનામ સ્તોત્રનું પ્રદાન કર્યું. અહીં ઉપક્રમમાં જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ આ નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના મુખમાંથી ઝરેલ અમૃત સ્વરૂપ શ્રીમદ્ ભાગવતનો પાઠ કર્યો થશે.

વ્યવસાયમાં વ્યસ્ત, કલિથી ગ્રસ્ત અને સંજોગોથી ગ્રસ્ત પ્રાયઃ આપણે

છીએ. ક્યાંથી શ્રીભાગવત પાસે જઈએ? ક્યારે આટલા બધા શ્લોકોનું પઠન કરીએ? વળી ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: અધિકારી શ્રોતાઓને તરત જ શ્રીભાગવત ન કહેવાય. એના હૃદયને ખૂબ તપાસીને કહેવાય. શ્રોતા જ્યારે કૃષ્ણ સંબંધી પ્રશ્ન કરે છે ત્યારે સંક્ષેપમાં ઉત્તર આપવો. આ રીતે તેની જિજ્ઞાસા સંતોષવી. શ્રોતાને વિશેષ ઉત્કંઠા થાય ત્યારે જ કથા કહેવાય.

આ બધી પરિસ્થિતિમાં શ્રીવલ્લભે નિજજનોનું હિત વિચારી આ સ્તોત્ર પ્રકટ કર્યું છે. ગો.વા. પ. ભ. શ્રી વસંતબેને અગાઉના એક પુરુષોત્તમ માસ દરમ્યાન પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર પર વિવેચન કરવા અને લખવા મને પ્રેર્યો. 'વૈષ્ણવ પરિવાર'માં આ લેખો દર અંકમાં છપાતા રહ્યા.

આ સ્તોત્રના અધ્યયન માટે મને શ્રીગુસાંઈજીના પંચમલાલ પ. પૂ. ગો. શ્રીરઘુનાથજી મહારાજની ટીકા દ્વારા આપશ્રીના આશીર્વાદ મળ્યા. ગો.વા. શ્રી મધુસૂદનરાય ગિરધરરાય મજમુંદાર (પાટણ) તથા ગો.વા. પ. ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ)ના વાઙ્મય દ્વારા આ બંને ભગવદીયોની કા'ની થઈ અને શ્રીવલ્લભે મારી આ નામસેવા વિવિરણકાર તરીકે કરાવી, 'વૈષ્ણવ પરિવાર'ના સુજ્ઞ, કૃતિભિઃ તથા શુશ્રૂષુભિઃ પુસ્તક રૂપે આપવા શક્ય ન થાય. આથી શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટે તેને ત્રણ ભાગમાં સમાવિષ્ટ કરવાનો નિર્ણય લીધો.

આ પૈકી પ્રથમ ભાગમાં પાંચમા સ્કંધ સુધીના ૧ થી ૪૦૬ નામો સમાવિષ્ટ થયા. દ્વિતીય ભાગમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ સુધીના ૪૦૭ થી ૯૧૫ નામો સમાવિષ્ટ કર્યા. (આ ભાગમાં ભૂલથી ૯૨૫ છપાયું છે. ભૂલ સુધારવા વિનંતી.) આ ત્રીજા ભાગમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધથી બારમા સ્કંધ સુધીના ૯૧૬ થી ૧૦૭૫ નામો સમાવિષ્ટ કર્યા છે. આ સાથે પ. ભ. શ્રીવસંતબેનનો તથા સમગ્ર વલ્લભીયજનોનો મનોરથ શ્રીભાગવત ભગવાન શ્રીગોવર્ધનનાથજીએ મારા દ્વારા સંપન્ન કરાવ્યો છે. પ. ભ. વસંતબેન, શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટના શ્રીભાગવતઅનુરાગી ટ્રસ્ટીઓ તથા શ્રીકૃષ્ણચરાણાનુરાગી સર્વે વૈષ્ણવજનોનો તથા સપરિવાર સમગ્ર વલ્લભની બિંદુ સૃષ્ટિનો સદાય ઋણી રહીશ.

મારા માટે વિશેષ આનંદની ઘટના એ છે કે આ સ્તોત્રનો પ્રથમ ભાગ જાન્યુઆરી-૨૦૧૭માં, બીજો ભાગ જાન્યુઆરી-૨૦૧૮માં અને ત્રીજો ભાગ જુલાઈ/ઓગસ્ટ-૨૦૧૯ના ભેટપુસ્તક વિશેષાંક તરીકે પ્રકટ થયો છે અને આ ત્રણેય વિમોચન શ્રીકાંકરોલી યુવરાજ પ. પૂ. ડૉ. ગો. શ્રીવાગીશકુમાર મહોદયશ્રીના વરદ્ હસ્તકમલો દ્વારા થયા છે.

વૈષ્ણવ પરિવાર સાથેનો મારો સંબંધ ગો.વા. પ. ભ. શ્રી રમેશભાઈ પરીખ (આદ્યતંત્રી)ના સમયથી શરૂ થયો. ગો.વા. પ. ભ. શ્રી વસંતબેનની આડીથી વૃદ્ધિગત થયો. અમિતભાઈની હરિ-ગુરુ અને વૈષ્ણવ પ્રત્યે નિષ્ઠા દેખાઈ રહી છે. વૈષ્ણવ પરિવાર વધુને વધુ વિકસીત થાય તેવી વિનંતી સાથે મારી આ હૃદયની સંવેદના શ્રીમહાપ્રભુજીના ચરણોમાં નિવેદન કરું છું.

વૈષ્ણવ પરિવાર અમારા જેવા લેખકો માટે એક વૃંદાવન બાગ જેવું છે. મારા જેવા નવોદિતો આ ચમનની બુલબુલો બનવાનો દૈન્ય સભર પ્રયત્ન કરીએ છીએ. સલામ, શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, તેના તંત્રીઓ, ટ્રસ્ટીઓ તથા વૈષ્ણવ પરિવાર જેવા વટવૃક્ષ તથા હજારોની તાદાતમાં તેના વૈષ્ણવોને.

યે ચમન યુંહી રહેગા યુંહી રહેગી બુલબુલે,
અપની અપની બોલિયાં સબ બોલકર ઉડ જાયેંગે.

દાસાનુદાસ પીયૂષના
સમસ્ત શ્રીવલ્લભકુળને દંડવત્ પ્રણામ,
સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને ભગવદ્ સ્મરણ.

શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્

पुराण-पुरुषो विष्णुः पुरुषोत्तम उच्यते ।।
नाम्नां सहस्रं वक्ष्यामि तस्य भागवतोद्धृतम् ।।१।।
यस्य प्रसादाद् वागीशाः प्रजेशा विभवोन्नताः ।।
क्षुद्राअपि भवन्त्याशु श्रीकृष्णं तं नतोऽस्म्यहम् ।।२।।
अनन्ताएव कृष्णस्य लीला नामप्रवर्तिकाः ।।
उक्ता भागवते गूढाः प्रकटा अपि कुत्रचित् ।।३।।
अतस्तानि प्रवक्ष्यामि नामानि मुरवैरिणः ।।
सहस्रं यैस्तु पठितैः पठितं स्यात् शुकामृतम् ।।४।।
कृष्णनाम-सहस्रस्य ऋषिरग्निर्निरूपितः ।।
गायत्री च तथा छन्दो देवता पुरुषोत्तमः ।।५।।
विनियोगः समस्तेषु पुरुषार्थेषु वै मतः ।।
बीजं भक्तिप्रियः शक्तिः सत्यवाग् उच्यते हरिः ।।६।।
भक्तोद्धरण-यत्नस्तु मन्त्रोऽत्र परमो मतः ।।
अवतारित-भक्तांशः कीलकं परिकीर्तितम् ।।७।।
अस्त्रं सर्वसमर्थश्च गोविन्दः कवचं मतम् ।।
पुरुषो ध्यानमत्रोक्तः सिद्धिः शरण संस्मृतिः ।।८।।

प्रथमस्कन्धनामानि

अधिकारलीला

श्रीकृष्णः सच्चिदानन्दो नित्यलीला-विनोदकृत् ।।
सर्वागम-विनोदी च लक्ष्मीशः पुरुषोत्तमः ।।९।।
आदिकालः सर्वकालः कालात्मा माययावृतः ।।
भक्तोद्धार-प्रयत्नात्मा जगत्कर्ता जगन्मयः ।।१०।।

नाम-लीला-परो विष्णुः व्यासात्मा शुकमोक्षदः ।।
व्यापि-वैकुण्ठ-दाता च श्रीमद्भागवतागमः ।।११।।
शुकवागमृताब्धीन्दुः शौनकाद्यखिलेष्टदः ।।
भक्ति-प्रवर्तकस्त्राता व्यास-चिन्ता-विनाशकः ।।१२।।
सर्वसिद्धान्त-वागात्मा नारदाद्यखिलेष्टदः ।।
अन्तरात्मा ध्यानगम्यो भक्ति-रत्न-प्रदायकः ।।१३।।
मुक्तोपसृप्यः पूर्णात्मा मुक्तानां रतिवर्धनः ।।
भक्त-कार्यैक-निरतो द्रौण्यस्त्र-विनिवारकः ।।१४।।
भक्त-स्मय-प्रणेता च भक्तवाक्-परिपालकः ।।
ब्रह्मण्य-देवो धर्मात्मा भक्तानां च परीक्षकः ।।१५।।
आसन्न-हित-कर्ता च माया-हित-करः प्रभुः ।।
उत्तरा-प्राणदाता च ब्रह्मास्त्र-विनिवारकः ।।१६।।
सर्वतः पांडवपतिः परीक्षिच्छुद्धि-कारणम् ।।
गूढात्मा सर्ववेदेषु भक्तैक-हृदयंगमः ।।१७।।
कुन्ती-स्तुत्यः प्रसन्नात्मा परमाद्भुत-कार्य-कृत् ।।
भीष्म-मुक्ति-प्रदः स्वामी भक्तमोह-निवारकः ।।१८।।
सर्वावस्थासु संसेव्यः समः सुख-हित-प्रदः ।।
कृतकृत्यः सर्वसाक्षी भक्त-स्त्री-रति-वर्धनः ।।१९।।
सर्व-सौभाग्य-निलयः परमाश्चर्य-रूप-धृक् ।।
अनन्य-पुरुष-स्वामी द्वारका-भाग्य-भाजनम् ।।२०।।
बीज-संस्कार-कर्ता च परीक्षिज्ज्ञान-पोषकः ।।
सर्वत्र-पूर्ण-गुणकः सर्व-भूषण-भूषितः ।।२१।।
सर्व-लक्षण-दाता च धृतराष्ट्र-विमुक्तिदः ।।
सन्मार्ग-रक्षको नित्यं विदुर-प्रीति-पूरकः ।।२२।।
लीला-व्यामोह-कर्ता च काल-धर्म-प्रवर्तकः ।।

पाण्डवानां मोक्षदाता परीक्षिद्-भाग्य-वर्धनः ।।२३।।
कलि-निग्रह-कर्ता च धर्मादीनां च पोषकः ।।
सत्सङ्ग-ज्ञान-हेतुश्च श्रीभागवत-कारणम् ।।२४।।
प्राकृतादृष्टमार्गश्च ... ...

द्वितीयस्कन्धनामानि

ज्ञान(साधन)लीला

... ... श्रोतव्यः सकलागमैः ।।
कीर्तितव्यः शुद्धभावैः स्मर्तव्यश्चात्मवित्तमैः ।।२५।।
अनेक-मार्ग-कर्ता च नानाविध-गति-प्रदः ।।
पुरुषः सकलाधारः सत्त्वैक-निलयात्मभूः ।।२६।।
सर्वध्येयो योगगम्यो भक्त्या ग्राह्यः सुरप्रियः ।।
जन्मादिसार्थककृतिः लीलाकर्ता पतिः सताम् ।।२७।।
आदि-कर्ता तत्त्व-कर्ता सर्व-कर्ता विशारदः ।।
नानावतार-कर्ता च ब्रह्माविर्भाव-कारणम् ।।२८।।
दश-लीला-विनोदी च नाना-सृष्टि-प्रर्वतकः ।।
अनेक-कल्प-कर्ता च सर्वदोष-विवर्जितः ।।२९।।

तृतीयस्कन्धनामानि

सर्गलीला

वैराग्यहेतुः तीर्थात्मा सर्व-तीर्थ-फल-प्रदः।।
तीर्थ-शुद्धैक-निलयः स्वमार्ग-परिपोषकः ।।३०।।
तीर्थ-कीर्तिः भक्त-गम्यो भक्तानुशय-कार्यकृत् ।।
भक्ततुल्यः सर्वतुल्यः स्वेच्छा-सर्व-प्रवर्तकः ।।३१।।
गुणातीतो-ऽनवद्यात्मा सर्गलीला-प्रवर्तकः ।।
साक्षात्-सर्वजगत्कर्ता महदादि-प्रर्वतकः ।।३२।।

माया-प्रवर्तकः साक्षी माया-रति-विवर्धनः ।।
आकाशात्मा चतुर्मूर्तिः चतुर्धा भूतभावनः ।।३३।।
रजःप्रवर्तको ब्रह्मा मरीच्यादि-पितामहः ।।
वेदकर्ता यज्ञकर्ता सर्वकर्ता-ऽमितात्मकः ।।३४।।
अनेक-सृष्टि-कर्ता च दशधा-सृष्टि-कारकः ।।
यज्ञांगो यज्ञ-वाराहो भू-धरो भूमि-पालकः ।।३५।।
सेतुर्विधरणो जैत्रो हिरण्याक्षान्तकः सुरः ।।
दिति-कश्यप-कामैक-हेतु-सृष्टि-प्रवर्तकः ।।३६।।
देवाभय-प्रदाता च वैकुंठाधिपतिर् महान् ।।
सर्व-गर्व-प्रहारी च सनकाद्यखिलार्थदः ।।३७।।
सर्वाश्वासन-कर्ता च भक्त-तुल्याहव-प्रदः ।।
काल-लक्षण-हेतुश्च सर्वार्थ-ज्ञापकः परः ।।३८।।
भक्तोन्नति-करः सर्व-प्रकार-सुख-दायकः ।।
नाना-युद्ध-प्रहरणो ब्रह्म-शाप-विमोचकः ।।३९।।
पुष्टि-सर्ग-प्रणेता च गुण-सृष्टि-प्रर्वतकः ।।
कर्दमेष्ट-प्रदाता च देवहूत्यखिलार्थदः ।।४०।।
शुक्ल-नारायणः सत्य-कालधर्म-प्रवर्तकः ।।
ज्ञानावतारः शान्तात्मा कपिलः काल-नाशकः ।।४१।।
त्रिगुणाधिपतिः सांख्य-शास्त्र-कर्ता विशारदः।।
सर्ग-दूषण-हारी च पुष्टि-मोक्ष-प्रर्वतकः ।।४२।।
लौकिकानन्द-दाता च ब्रह्मानन्द-प्रवर्तकः ।।
भक्तिसिद्धान्तवक्ता च सगुण-ज्ञान-दीपकः ।।४३।।
आत्म-प्रदः पूर्ण-कामो योगात्मा योग-भावितः ।।
जीवन्मुक्तिप्रदः श्रीमान् अन्यभक्तिप्रवर्तकः ।।४४।।
काल-सामर्थ्य-दाता च काल-दोष-निवारकः ।।

गर्भोत्तम-ज्ञान-दाता कर्ममार्ग-नियामकः ॥४५॥
सर्वमार्ग-निराकर्ता भक्ति-मार्गैक-पोषकः ॥
सिद्धि-हेतुः सर्व-हेतुः सर्वाश्चर्यैक-कारणम् ॥४६॥
चेतनाचेतन-पतिः समुद्र-परि-पूजितः ॥
सांख्याचार्यस्तुतः सिद्ध-पूजितः सर्व-पूजितः ॥४७॥

चतुर्थस्कन्धनामानि

विसर्गलीला

विसर्ग-कर्ता सर्वेशः कोटि-सूर्य-सम-प्रभः ॥
अनन्त-गुण-गम्भीरो महापुरुष-पूजितः ॥४८॥
अनन्त-सुख-दाता च ब्रह्म-कोटि-प्रजापतिः ॥
सुधाकोटिस्वास्थ्यहेतुः कामधुक् कोटिकामदः ॥४९॥
समुद्र-कोटि-गम्भीरः तीर्थ-कोटि-समाह्वयः ॥
सुमेरु-कोटि-निष्कम्पः कोटि-ब्रह्मांड-विग्रहः ॥५०॥
कोट्यश्वमेध-पापघ्नो वायु-कोटि-महाबलः ॥
कोटीन्दु-जगदानन्दी शिव-कोटि-प्रसादकृत् ॥५१॥
सर्व-सद्गुण-माहात्म्यः सर्व-सद्गुण-भाजनम् ॥
मन्वादि-प्रेरको धर्मो यज्ञनारायणः परः ॥५२॥
आकूति-सूनुः देवेन्द्रो रुचि-जन्माऽभय-प्रदः ॥
दक्षिणा-पतिरोजस्वी क्रिया-शक्तिः परायणः ॥५३॥
दत्तात्रेयो योग-पतिः योग-मार्ग-प्रवर्तकः ॥
अनसूया-गर्भ-रत्नम् ऋषि-वंश-विवर्धनः ॥५४॥
गुणत्रय-विभाग-ज्ञः चतुर्वर्ग-विशारदः ॥
नारायणो धर्म-सूनुः मूर्ति-पुण्य-यशस्करः ॥५५॥
सहस्र-कवचच्छेदी तपः-सारो नर-प्रियः ॥
विश्वानन्द-प्रदः कर्म-साक्षी भारत-पूजितः ॥५६॥

अनन्ताद्भुत-माहात्म्यो बदरीस्थान-भूषणम् ॥
जितकामो जितक्रोधो जितसंगो जितेन्द्रियः ॥५७॥
उर्वशी-प्रभवः स्वर्ग-सुखदायी स्थितिप्रदः ॥
अमानी मानदो गोप्ता भगवच्छास्त्र-बोधकः ॥५८॥
ब्रह्मादि-वन्द्यो हंसः श्रीः माया-वैभव-कारणम् ॥
विविधानन्त-सर्गात्मा विश्व-पूरण-तत्परः ॥५९॥
यज्ञ-जीवन-हेतुश्च यज्ञ-स्वामीष्ट-बोधकः ॥
नानासिद्धान्तगम्यश्च सप्ततन्तुश्च षड्गुणः ॥६०॥
प्रति-सर्ग-जगत्कर्ता नाना-लीला-विशारदः ॥
ध्रुवप्रियो ध्रुवस्वामी चिन्तिताधिक-दायकः ॥६१॥
दुर्लभानन्त-फलदो दया-निधिरमित्रहा ॥
अङ्गस्वामी कृपासारो वैन्यो भूमि-नियामकः ॥६२॥
भूमि-दोग्धा प्रजा-प्राण-पालनैक-परायणः ॥
यशो-दाता ज्ञान-दाता सर्व-धर्म-प्रदर्शकः ॥६३॥
पुरञ्जनो जगन्मित्रं विसर्गान्त-प्रदर्शकः ॥
प्रचेतसां पतिश्चित्र-भक्ति-हेतुः जनार्दनः ॥६४॥
स्मृति-हेतु-ब्रह्मभाव-सायुज्यादि-प्रदः शुभः ॥
विजयी … … … … … … … … … …

पञ्चमस्कन्धनामानि

स्थानलीला

… स्थिति-लीलाब्धिः अच्युतो विजय-प्रदः ॥६५॥
स्व-सामर्थ्य-प्रदो भक्त-कीर्ति-हेतुः अधोक्षजः ॥
प्रियव्रत-प्रिय-स्वामी स्वेच्छावाद-विशारदः ॥६६॥
सङ्ख्यगम्यः स्व-प्रकाशः सर्व-सङ्ग-विवर्जितः ॥
इच्छायां च समर्यादः त्याग-मात्रोपलम्भनः ॥६७॥

अचिन्त्य–कार्य–कर्ता च तर्कागोचर–कार्य–कृत् ॥
शृंगार–रस–मर्यादा आग्नीध्र–रस–भाजनम् ॥६८॥
नाभीष्ट–पूरक: कर्म–मर्यादा–दर्शनोत्सुक: ॥
सर्व–रूपो–ऽद्भुत–तमो मर्यादा–पुरुषोत्तम: ॥६९॥
सर्वरूपेषु सत्यात्मा कालसाक्षी शशिप्रभ: ॥
मेरुदेवी–व्रत–फलम् ऋषभो भगलक्षण: ॥७०॥
जगत्–सन्तर्पको मेघ–रूपी देवेन्द्र–दर्पहा ॥
जयन्ती–पतिरत्यन्त–प्रमाणाशेष–लौकिक: ॥७१॥
शतधा–न्यस्त–भूतात्मा शतानन्दो गुणप्रसू: ॥
वैष्णवोत्पादनपर: सर्व–धर्मोपदेशक: ॥७२॥
पर–हंस–क्रिया–गोप्ता योग–चर्या–प्रदर्शक: ॥
चतुर्थाश्रम–निर्णेता सदानन्द–शरीरवान् ॥७३॥
प्रदर्शितान्य–धर्मश्च भरत–स्वाम्यपार–कृत् ॥
यथावत्–कर्म–कर्ता च सज्ञानिष्ट–प्रदर्शक: ॥७४॥
आवश्यक–पुनर्जन्म–कर्म–मार्ग–प्रदर्शक: ॥
यज्ञ–रूप–मृग: शान्त: सहिष्णु: सत्पराक्रम: ॥७५॥
रहूगण–गति–ज्ञश्च रहूगण–विमोचक: ॥
भवाटवी–तत्त्व–वक्ता बहिर्मुख–हिते रत: ॥७६॥
गयस्वामी स्थान–वंश–कर्ता स्थान–विभेदकृत् ॥
पुरुषावयवो भूमि–विशेष–विनिरूपक: ॥७७॥
जम्बू–द्वीप–पति: मेरु–नाभि–पद्मरुहाश्रय: ॥
नानाविभूतिलीलाढ्यो गङ्गोत्पत्ति–निदानकृत् ॥७८॥
गङ्गामाहात्म्य–हेतुश्च गङ्गा–रूपो–ऽति–गूढ–कृत् ॥
वैकुण्ठ–देह–हेत्वम्बु–जन्मकृत् सर्व–पावन: ॥७९॥
शिवस्वामी शिवोपास्यो गूढ संकर्षणात्मक: ॥

स्थानरक्षार्थ–मत्स्यादि–रूप: सर्वैक–पूजित: ॥८०॥
उपास्य–नाना–रूपात्मा ज्योतिरूपो गतिप्रद: ॥
सूर्यनारायणो वेद–कान्तिरुज्वल–वेष–धृक् ॥८१॥
हंसोऽन्तरिक्ष–गमन: सर्व–प्रसव–कारणम् ॥
आनन्द–कर्ता वसुदो बुधो वाक्पतिरुज्वल: ॥८२॥
कालात्मा काल–कालश्च कालच्छेदकृदुत्तम: ॥
शिशुमार: सर्वमूर्ति: आधिदैविक–रूप–धृक् ॥८३॥
अनन्त–सुख–भोगाढ्यो विवरैश्वर्य–भाजनम् ॥
संकर्षणो दैत्यपति: सर्वाधारो बृहद्–वपु: ॥८४॥
अनन्त–नरकच्छेदी स्मृति–मात्रार्ति–नाशन: ॥
सर्वानुग्रह–कर्ता च … … … … … …

षष्ठस्कन्धनामानि

पोषणलीला

… … … मर्यादा–भिन्न–शास्त्रकृत् ॥८५॥
कालान्तक–भयच्छेदी नाम–सामर्थ्य–रूप–धृक् ॥
उद्धारानर्ह–गोप्तात्मा नामादि–प्रेरकोत्तम: ॥८६॥
अजामिल–महादुष्ट–मोचको–ऽघ–विमोचक: ॥
धर्मवक्ता–ऽक्लिष्टवक्ता विष्णुधर्मस्वरूपधृक् ॥८७॥
सन्मार्ग–प्रेरको धर्ता त्यागहेतु: अधोक्षज: ॥
वैकुण्ठ–पुर–नेता च दास–संवृद्धि–कारक: ॥८८॥
दक्ष–प्रसाद–कृद्–हंस–गुह्य–स्तुति–विभावन: ॥
स्वाभिप्राय–प्रवक्ता च मुक्तजीव–प्रसूतिकृत् ॥८९॥
नारद–प्रेरणात्मा च हर्यश्व–ब्रह्म–भावन: ॥
सुबलाश्व–हितो गूढ–वाक्यार्थ–ज्ञापन–क्षम: ॥९०॥
गूढार्थ–ज्ञापन: सर्व–मोक्षानन्द–प्रतिष्ठित: ॥

पुष्टि-प्ररोह-हेतुश्च दासैक-ज्ञात-हृद्गतः ॥९१॥
शान्तिकर्ता सुहितकृत् स्त्रीप्रसूः सर्वकामधृक् ॥
पुष्टि-वंश-प्रणेता च विश्वरूपेष्ट-देवता ॥९२॥
कवचात्मा पालनात्मा च (?) वर्मोपचिति-कारणम् ॥
विश्वरूप-शिरच्छेदी त्वाष्ट्र-यज्ञ-विनाशकः ॥९३॥
वृत्र-स्वामी वृत्र-गम्यो वृत्र-व्रत-परायणः ॥
वृत्र-कीर्तिः वृत्र-मोक्षो मघवत्-प्राण-रक्षकः ॥९४॥
अश्वमेध-हविर्-भोक्ता देवेन्द्रामीव-नाशकः ॥
संसार-मोचकश्चित्र-केतु-बोधन-तत्परः ॥९५॥
मन्त्रसिद्धिः सिद्धिहेतुः सुसिद्धि-फल-दायकः ॥
महादेव-तिरस्कर्ता भक्त्यै पूर्वार्थ-नाशकः ॥९६॥
देव-ब्राह्मण-विद्वेष-वैमुख्य-ज्ञापकः शिवः ॥
आदित्यो दैत्य-राजश्च महत्पतिरचिन्त्यकृत् ॥९७॥
मरुतां भेदकस्त्राता व्रतात्मा पुम्प्रसूतिकृत् ॥

सप्तमस्कन्धनामानि

ऊतिलीला

कर्मात्मा वासनात्मा च ऊति-लीला-परायणः ॥९८॥
सम-दैत्यसुरः स्वात्मा वैषम्य-ज्ञान-संश्रयः ॥
देहाद्युपाधि-रहितः सर्वज्ञः सर्व-हेतु-विद् ॥९९॥
ब्रह्मवाक्-स्थापनपरः स्व-जन्मावधि-कार्यकृत् ॥
सदसद्-वासनाहेतुः त्रिसत्यो भक्तमोचकः ॥१००॥
हिरण्यकशिपु-द्वेषी प्रविष्टात्माति-भीषणः ॥
शान्तिज्ञानादि-हेतुश्च प्रह्लादोत्पत्तिकारणम् ॥१०१॥
दैत्य-सिद्धान्त-सद्-वक्ता तपः-सार उदार-धीः ॥
दैत्य-हेतु-प्रकटनो भक्तिचिह्न-प्रकाशकः ॥१०२॥

सद्वेष-हेतुः सद्वेष-वासनात्मा निरन्तरः ॥
नैष्ठुर्य-सीमा प्रह्लाद-वत्सलः संग-दोष-हा ॥१०३॥
महानुभावः साकारः सर्वाकारः प्रमाण-भूः ॥
स्तम्भप्रसूतिर्-नृहरिः नृसिंहो भीम-विक्रमः ॥१०४॥
विकटास्यो ललज्जिह्वो नख-शस्त्रो जवोत्कटः ॥
हिरण्यकशिपुच्छेदी क्रूर-दैत्य-निवारकः ॥१०५॥
सिंहासनस्थः क्रोधात्मा लक्ष्मी-भय-विवर्धनः ॥
ब्रह्माद्यत्यन्त-भयभूः अपूर्वाचिन्त्य-रूपधृक् ॥१०६॥
भक्तैक-शान्त-हृदयो भक्त-स्तुत्यः स्तुति-प्रियः ॥
भक्ताङ्गलेहनोद्भूत-क्रोधपुञ्जः प्रशान्तधीः ॥१०७॥
स्मृति-मात्र-भय-त्राता ब्रह्म-बुद्धि-प्रदायकः ॥
गोरूप-धार्यमृत-पाः शिव-कीर्ति-विवर्धनः ॥१०८॥
धर्मात्मा सर्वकर्मात्मा विशेषात्मा-श्रम-प्रभुः ॥
संसारमग्नस्वोद्धर्ता सन्मार्गाखिल-तत्त्ववाक् ॥१०९॥
आचारात्मा सदाचारः ... ...

अष्टमस्कन्धनामानि

मन्वन्तरलीला

... ... मन्वन्तर-विभावनः ॥
स्मृत्याऽशेषाशुभहरो गजेन्द्र-स्मृति-कारणम् ॥११०।
जाति-स्मरण-हेत्वैक-पूजा-भक्ति-स्वरूप-दः ॥
यज्ञो भयान् मनुत्राता विभुः ब्रह्म-व्रताश्रयः ॥१११॥
सत्यसेनो दुष्ट-घाती हरिर्गज-विमोचकः ॥
वैकुण्ठो लोककर्ता च अजितोऽमृत-कारणम् ॥११२॥
उरुक्रमो भूमि-हर्ता सार्वभौमो बलि-प्रियः ॥
विभुः सर्वहितैकात्मा विष्वक्सेनः शिवप्रियः ॥११३॥

धर्म-सेतुः लोक-धृतिः सुधामान्तर-पालकः ।।
उपहर्ता-योगपतिः बृहद्भानुः क्रिया-पतिः ।।११४।।
चतुर्दश-प्रमाणात्मा धर्मो मन्वादि-बोधकः ।।
लक्ष्मी-भोगैक-निलयः देव-मन्त्रप्रदायकः ।।११५।।
दैत्य-व्यामोहकः साक्षाद्-गरुड-स्कन्ध-संश्रयः ।।
लीला-मन्दर-धारी च दैत्य-वासुकिपूजितः ।।११६।।
समुद्रोन्मन्थनायत्तः विघ्न-कर्ता स्ववाक्य-कृत् ।।
आदि-कूर्मः पवित्रात्मा मन्दरा-घर्षणोत्सुकः ।।११७।।
श्वासैजदब्धिर्वा-वीचिः कल्पान्तावधि-कार्यकृत् ।।
चतुर्दश-महा-रत्नो लक्ष्मी-सौभाग्यवर्धनः ।।११८।।
धन्वन्तरिः सुधा-हस्तो यज्ञ-भोक्तार्ति-नाशनः ।।
आयुर्वेद-प्रणेता च देव दैत्याखिलार्चितः ।।११९।।
बुद्धि-व्यामोहको देव-कार्य-साधन-तत्परः ।।
स्त्रीरूपो मायया वक्ता दैत्यान्तःकरणप्रियः ।।१२०।।
पायितामृत-देवांशो युद्ध-हेतु-स्मृति-प्रदः ।।
सुमालिमालिवधकृत् माल्यवत्-प्राणहारकः ।।१२१।।
कालनेमि-शिरच्छेदी दैत्य-यज्ञ-विनाशकः ।।
इन्द्र-सामर्थ्य-दाता च दैत्यशेषस्थितिप्रियः ।।१२२।।
शिव-व्यामोहको मायी भृगु-मन्त्र-स्वशक्तिदः ।।
बलि-जीवन-कर्ता च स्वर्गहेतुः व्रतार्चितः ।।१२३।।
आदित्यानन्द-कर्ता च कश्यपादिति-सम्भवः ।।
उपेन्द्र इन्द्रावरजो वामन-ब्रह्मरूप-धृक् ।।१२४।।
ब्रह्मादि-सेवित-वपुः यज्ञ-पावन-तत्परः ।।
याञ्चोपदेश-कर्ता च ज्ञापिताशेष-संस्थितिः ।।१२५।।
सत्यार्थ-प्रेरकः सर्व-हर्ता गर्व-विनाशकः ।।

त्रिविक्रमः त्रिलोकात्मा विश्वमूर्तिः पृथुश्रवाः ।।१२६।।
पाश-बद्ध-बलिः सर्व-दैत्य-पक्षोपमर्दकः ।।
सुतलस्थापित-बलिः स्वर्गाधिक-सुखप्रदः ।।१२७।।
कर्म-सम्पूर्ति-कर्ता च स्वर्ग-संस्थापितामरः ।।
ज्ञातत्रिविध-धर्मात्मा महामीनोऽब्धिसंश्रयः ।।१२८।।
सत्यव्रत-प्रियो गोप्ता मत्स्य-मूर्ति-धृत-श्रुतिः ।।
शृंगबद्ध-धृत-क्षोणिः सर्वार्थ-ज्ञापको गुरुः ।।१२९।।

नवमस्कन्धनामानि

ईशानुकथालीला

ईश-सेवक-लीलात्मा सूर्य-वंश-प्रवर्तकः ।।
सोम-वंशोद्भव-करः मनु-पुत्र-गति-प्रदः ।।१३०।।
अम्बरीष-प्रियः साधुः दुर्वासा-गर्व-नाशकः ।।
ब्रह्म-शापोपसंहर्ता भक्त-कीर्ति-विवर्धनः ।।१३१।।
इक्ष्वाकु-वंश-जनकः सगराद्यखिलार्थदः ।।
भगीरथ-महायत्नो गङ्गाधौताङ्घ्रि-पंकजः ।।१३२।।
ब्रह्म-स्वामी शिव-स्वामी सगरात्मज-मुक्ति-दः ।।
खट्वाङ्ग-मोक्ष-हेतुश्च रघुवंश-विवर्धनः ।।१३३।।
रघुनाथो रामचन्द्रो रामभद्रो रघुप्रियः ।।
अनन्तकीर्तिः पुण्यात्मा पुण्यश्लोकैकभास्करः ।।१३४।।
कोशलेन्द्रः प्रमाणात्मा सेव्यो दशरथात्मजः ।।
लक्ष्मणो भरतश्चैव शत्रुघ्नो व्यूहविग्रहः ।।१३५।।
विश्वामित्र-प्रियो दान्तः ताडका-वध-मोक्ष-दः ।।
वायव्यास्त्राब्धिनिक्षिप्त-मारीचश्च सुबाहुहा ।।१३६।।
वृषध्वज-धनुर्भङ्ग-प्राप्त-सीता-महोत्सवः ।।
सीतापतिः भृगुपति-गर्व-पर्वत-नाशकः ।।१३७।।

अयोध्यास्थ–महाभोग–युक्त–लक्ष्मी–विनोदवान् ।।
कैकेयीवाक्यकर्ता च पितृवाक्–परिपालकः ।।१३८।।
वैराग्य–बोधको–ऽनन्य–सात्त्विक–स्थान–बोधकः ।।
अहल्या–दुःख–हारी च गुहस्वामी सलक्ष्मणः ।।१३९।।
चित्रकुट–प्रिय–स्थानो दण्डकारण्य–पावनः ।।
शरभङ्गसुतीक्ष्णादिपूजितोऽगस्त्य–भाग्यभूः ।।१४०।।
ऋषि–सम्प्रार्थित–कृतिः विराध–वध–पंडितः ।।
छिन्न–शूर्पणखा–नासः खर–दूषण–घातकः ।।१४१।।
एक–बाण–हताऽनेक–सहस्र–बल–राक्षसः ।।
मारीच–घाती नियतसीता–सम्बन्धशोभितः ।।१४२।।
सीता–वियोग–नाट्यश्च जटायुर्वध–मोक्षदः ।।
शबरी–पूजितो भक्त–हनुमत्–प्रमुखावृतः ।।१४३।।
दुन्दुभ्यस्थि–प्रहरणः सप्त–ताल–विभेदनः ।।
सुग्रीवराज्यदो वाली–घाती सागर–शोषणः ।।१४४।।
सेतु–बन्धन–कर्ता च विभीषण–हित–प्रदः ।।
रावणादि–शिरच्छेदी राक्षसाघौघ–नाशकः ।।१४५।।
सीता–ऽभय–प्रदाता च पुष्पकागमनोत्सुकः ।।
अयोध्यापतिरत्यन्त–सर्वलोक–सुख–प्रदः ।।१४६।।
मथुरा–पुर–निर्माता सुकृतज्ञ–स्वरू पदः ।।
जनक–ज्ञानगम्यश्य ऐलान्त–प्रकट–श्रुतिः ।।१४७।।
हैहयान्त–करो रामः दुष्ट–क्षत्र–विनाशकः ।।
सोम–वंश–हितैकात्मा यदु–वंश–विवर्धनः ।।१४८।।

दशमस्कन्धपूर्वार्धनामानि

निरोधलीला

परब्रह्मावतरणः केशवः क्लेश–नाशनः ।।

भूमि–भारावतरणो भक्तार्थाऽखिल–मानसः ।।१४९।।
सर्व–भक्त–निरोधात्मा लीला–ऽनन्त–निरोधकृत् ।।
भूमिष्ठ–परमानन्दो देवकी–शुद्धि–कारणम् ।।१५०।।
वसुदेव–ज्ञान–निष्ठ–सम–जीव–निवारकः ।।
सर्व–वैराग्यकरण–स्व–लीलाधार–शोधकः ।।१५१।।
माया–ज्ञापन–कर्ता च शेष–सम्भार–सम्भृतिः ।।
भक्त–क्लेशपरिज्ञाता तन्निवारण–तत्परः ।।१५२।।
आविष्ट–वसुदेवांशः देवकी–गर्भ–भूषणम् ।।
पूर्ण–तेजो–मयः पूर्णः कंसाधृष्य–प्रतापवान् ।।१५३।।
विवेक–ज्ञान–दाता च ब्रह्माद्यखिल–संस्तुतः ।।
सत्यो जगत्कल्पतरुः नाना–रूप–विमोहनः ।।१५४।।
भक्ति–मार्ग–प्रतिष्ठाता विद्वन्–मोह–प्रवर्तकः ।।
मूल–काल–गुण–द्रष्टा नयनानन्द–भाजनम् ।।१५५।।
वसुदेव–सुखाब्धिश्च देवकी–नयनामृतम् ।।
पितृ–मातृ–स्तुतः पूर्व–सर्ववृत्तान्त–बोधकः ।।१५६।।
गोकुलागति–लीलाप्त–वसुदेव–कर–स्थितिः ।।
सर्वेशत्व–प्रकटनः माया–व्यत्यय–कारकः ।।१५७।।
ज्ञान–मोहित–दुष्टेशः प्रपञ्चास्मृति–कारणम् ।।
यशोदानन्दनो नन्द–भाग्यभू–गोकुलोत्सवः ।।१५८।।
नन्द–प्रियो नन्द–सूनुः यशोदायाः स्तनन्धयः ।।
पूतना–सुपयःपाता मुग्ध–भावाति–सुन्दरः ।।१५९।।
सुन्दरी–हृदयानन्दो गोपी–मन्त्राभिमन्त्रितः ।।
गोपालाश्चर्यरसकृत् शकटासुर–खंडनः ।।१६०।।
नन्द–व्रज–जनानन्दी नन्द–भाग्य–महोदयः ।।
तृणावर्त–वधोत्साहो यशोदा–ज्ञान–विग्रहः ।।१६१।।

बलभद्र-प्रियः कृष्णः संकर्षण-सहायवान् ।।
रामानुजो वासुदेवः गोष्ठाङ्गण-गति-प्रियः ।।१६२।।
किंकिणी-रव-भाव-ज्ञो वत्स-पुच्छावलम्बनः ।।
नवनीत-प्रियो गोपी-मोह-संसार-नाशकः ।।१६३।।
गोप-बालक-भाव-ज्ञः चौर्य-विद्या-विशारदः ।।
मृत्स्नाभक्षणलीलास्य-माहात्म्यज्ञानदायकः ।।१६४।।
धरा-द्रोण-प्रीति-कर्ता दधि-भाण्ड-विभेदनः ।।
दामोदरो भक्त-वश्यो यमलार्जुन-भञ्जनः ।।१६५।।
बृहद्वन-महाश्चर्यः वृन्दावन-गति-प्रियः ।।
वत्स-घाती बाल-केलिः बकासुर-निषूदनः ।।१६६।।
अरण्य-भोक्ताप्यथवा बाल-लीला-परायणः ।।
प्रोत्साहन-जनकश्चैवम् अघासुर-निषूदनः ।।१६७।।
व्याल-मोक्ष-प्रदः पुष्टो ब्रह्म-मोह-प्रवर्धनः ।।
अनन्तमूर्तिः सर्वात्मा जङ्गम-स्थावराकृतिः ।।१६८।।
ब्रह्म-मोहन-कर्ता च स्तुत्य आत्मा सदा-प्रियः ।।
पौगण्ड-लीलाभिरतिः गोचारण-परायणः ।।१६९।।
वृन्दावन-लता-गुल्म-वृक्ष-रूप-निरूपकः ।।
नाद-ब्रह्म-प्रकटनो वयः-प्रतिकृति-स्वनः ।।१७०।।
बर्हि-नृत्यानुकरणो गोपालानुकृति-स्वनः ।।
सदाचार-प्रतिष्ठाता बलश्रम-निराकृतिः ।।१७१।।
तरु-मूल-कृता-ऽशेष-तल्प-शायी सखि-स्तुतः ।।
गोपाल-सेवित-पदः श्रीलालित-पदाम्बुजः ।।१७२।।
गोप-सम्प्रार्थित-फल-दान-नाशित-धेनुकः ।।
कालीयफणिमाणिक्यरञ्जित-श्रीपदाम्बुजः ।।१७३।।
दृष्टि-सञ्जीविताशेष-गोप-गो-गोपिकाप्रियः ।।

लीलासम्पीतदावाग्निः प्रलम्बवध-पण्डितः ।।१७४।।
दावाग्न्यावृत-गोपाल-दृष्ट्याच्छादन-वह्निपः ।।
वर्षा-शरद्-विभूतिश्रीः गोपीकामप्रबोधकः ।।१७५।।
गोपी-रत्न-स्तुताऽशेष-वेणुवाद्य-विशारदः ।।
कात्यायनीव्रतव्याज-सर्व-भावाश्रिताङ्गनः ।।१७६।।
सत्सङ्गति-स्तुति-व्याज-स्तुत-वृन्दावनाङ्घ्रिपः ।।
गोपक्षुच्छान्तिसंव्याज-विप्रभार्याप्रसादकृत् ।।१७७।।
हेतु-प्राप्तेन्द्र-यागस्व-कार्य-गोसव-बोधकः ।।
शैल-रूप-कृताऽशेष-रस-भोग-सुखावहः ।।१७८।।
लीला-गोवर्धनोद्धार-पालित-स्व-व्रजप्रियः ।।
गोपस्वच्छन्दलीलार्थ-गर्गवाक्यार्थ-बोधकः ।।१७९।।
इन्द्र-धेनु-स्तुति-प्राप्त-गोविन्देन्द्राभिधानवान् ।।
व्रतादिधर्मसंसक्त-नन्द-क्लेश-विनाशकः ।।१८०।।
नन्दादि-गोप-मात्रेष्ट-वैकुण्ठ-गति-दायकः ।।
वेणुवाद-स्मरक्षोभ-मत्त-गोपी-विमुक्तिदः ।।१८१।।
सर्व-भाव-प्राप्त-गोपी-सुख-संवर्धन-क्षमः ।।
गोपीगर्व-प्रणाशार्थ-तिरोधान-सुख-प्रदः ।।१८२।।
कृष्ण-भाव-व्याप्त-विश्व-गोपी-भावित-वेषधृक् ।।
राधाविशेष-सम्भोग-प्राप्त-दोष-निवारकः ।।१८३।।
परम-प्रीति-सङ्गीत-सर्वाद्भुत-महागुणः ।।
मानापनोदनाक्रन्द-गोपी-दृष्टि-महोत्सवः ।।१८४।।
गोपिका-व्याप्त-सर्वाङ्गः स्त्री-सम्भाषा-विशारदः ।।
रासोत्सवमहासौख्य-गोपीसम्भोग-सागरः ।।१८५।।
जल-स्थल-रति-व्याप्त-गोपी-दृष्ट्यभिपूजितः ।।
शास्त्रानपेक्ष-कामैक-मुक्तिद्वार-विवर्धनः ।।१८६।।

सुदर्शन–महासर्प–ग्रस्त–नन्द–विमोचक: ।।
गीतमोहित–गोपीधृक् –शङ्खचूडविनाशक: ।।१८७।।
गुण–सङ्गीत–सन्तुष्टि गोपी–संसार–विस्मृति: ।।
अरिष्ट–मथनो दैत्य–बुद्धि–व्यामोह–कारक: ।।१८८।।
केशी–घाती नारदेष्ट: व्योमासुर–विनाशक: ।।
अक्रूरभक्ति–संराद्ध–पाद–रेणु–महानिधि: ।।१८९।।
रथावरोह–शुद्धात्मा गोपी–मानस–हारक: ।।
ह्रदसन्दर्शिता–ऽशेष–वैकुण्ठाक्रूर–संस्तुत: ।।१९०।।
मथुरा–गमनोत्साह: मथुरा–भाग्य–भाजनम् ।।
मथुरा–नगरी–शोभा–दर्शनोत्सुक–मानस: ।।१९१।।
दुष्ट–रञ्जक–घाती च वायकार्चित–विग्रह: ।।
वस्त्रमालासुशोभाङ्ग: कुब्जा–लेपन–भूषित: ।।१९२।।
कुब्जा–सुरूप–कर्ता च कुब्जा–रति–वर–प्रद: ।।
प्रसादरूप–सन्तुष्ट–हर–कोदण्ड–खण्डन: ।।१९३।।
शकलाहत–कंसाप्त–धनू–रक्षक–सैनिक: ।।
जाग्रत्स्वप्न–भयव्याप्त–मृत्युलक्षणबोधक: ।।१९४।।
मथुरा–मल्ल ओजस्वी मल्ल–युद्ध–विशारद: ।।
सद्य: कुवलयापीड–घाती चाणूर–मर्दन: ।।१९५।।
लीला–हत–महामल्ल: शल–तोशल–घातक: ।।
कंसान्तको जितामित्रो वसुदेव–विमोचक: ।।१९६।।
ज्ञात–तत्त्व–पितृज्ञान–मोहनामृत–वाङ्मय: ।।
उग्रसेन–प्रतिष्ठाता यादवाधि–विनाशक: ।।१९७।।
नन्दादि–सान्त्वन–कर: ब्रह्मचर्यव्रते स्थित: ।।
गुरु–शुश्रूषण–पर: विद्या–पारमितेश्वर: ।।१९८।।
सान्दीपनिमृतापत्य–दाता कालान्तकादिजित् ।।

गोकुलाश्वासन–पर: यशोदा–नन्द–पोषक: ।।१९९।।
गोपिका–विरह–व्याज–मनो–गति–रति–प्रद: ।।
समोद्धव–भ्रमरवाक् गोपिका–मोह–नाशक: ।।२००।।
कुब्जा–रति–प्रदो–ऽक्रूर–पवित्रीकृत–भू–गृह: ।।
पृथा–दु:ख–प्रणेता च पाण्डवानां सुखप्रद: ।।२०१।।

दशमस्कन्धोत्तरार्धनामानि

निरोधलीला

जरासन्ध–समानीत–सैन्य–घाती विचारक: ।।
यवनव्याप्त–मथुरा–जन–दत्त–कुशस्थलि: ।।२०२।।
द्वारकाद्भुत–निर्माण–विस्मापित–सुरासुर: ।।
मनुष्य–मात्र–भोगार्थ–भूम्यानीतेन्द्र–वैभव: ।।२०३।।
यवन–व्याप्त–मथुरा–निर्गमानन्द–विग्रह: ।।
मुचुकुन्द–महाबोध–यवन–प्राण–दर्प–हा ।।२०४।।
मुचुकुन्द–स्तुताशेष–गुण–कर्म–महोदय: ।।
फलप्रदान–सन्तुष्टि: जन्मान्तरित–मोक्ष–द: ।।२०५।।
शिव–ब्राह्मण–वाक्याप्त–जय–भीतिविभावन: ।।
प्रवर्षण–प्रार्थिताग्नि–दान–पुण्य–महोत्सव: ।।२०६।।
रुक्मिणी–रमण: काम–पिता प्रद्युम्न–भावन: ।।
स्यमन्तकमणिव्याज–प्राप्तजाम्बवतीपति: ।।२०७।।
सत्यभामा–प्राणपति: कालिन्दी–रति–वर्धन: ।।
मित्रविन्दा–पति: सत्या–पति: वृष–निषूदन: ।।२०८।।
भद्रा–वाञ्छित–भर्ता च लक्ष्मणा–वरण–क्षम: ।।
इन्द्रादि–प्रार्थित–वध–नरकासुर–सूदन: ।।२०९।।
मुरारि: पीठ–हन्ता च ताम्रादि–प्राण–हारक: ।।
षोडशस्त्री–सहस्रेश: छत्र–कुण्डल–दानकृत् ।।२१०।।

पारिजातापहरण: देवेन्द्र-मद-नाशक: ।।
रुक्मिणीसम-सर्वस्त्री-साध्यभोग-रतिप्रद: ।।२११।।
रुक्मिणी-परिहासोक्ति-वाक्तिरोधान-कारक: ।।
पुत्र-पौत्र-महाभाग्य-गृह-धर्म-प्रवर्तक: ।।२१२।।
शम्बरान्तक-सत्पुत्र-विवाह-हत-रुक्मिक: ।।
उषापहृत-पौत्र-श्री: बाण-बाहु-निवारक: ।।२१३।।
शीत-ज्वर-भय-व्याप्त-वर-संस्तुत-षड्गुण: ।।
शंकर-प्रति-योद्धा च द्वन्द्व-युद्ध-विशारद: ।।२१४।।
नृग-पाप-प्रभेत्ता च ब्रह्मस्व-गुण-दोष-दृक् ।।
विष्णुभक्तिविरोधैक-ब्रह्मस्व-विनिवारक: ।।२१५।।
बल-भद्राहित-गुण: गोकुल-प्रीति-दायक: ।।
गोपीस्नेहैकनिलय: गोपी-प्राण-स्थितिप्रद: ।।२१६।।
वाक्यातिगामि-यमुना-हलाकर्षण-वैभव: ।।
पौण्ड्रकत्याजितस्पर्ध: काशीराज-विभेदन: ।।२१७।।
काशी-निदाह-करण: शिव-भस्म-प्रदायक: ।।
द्विविद-प्राण-घाती च कौरवाखर्व-गर्व-नुत् ।।२१८।।
लाङ्गलाकृष्ट-नगरी-संविग्नाऽखिल-नागर: ।।
प्रपन्नाभयद: साम्ब-प्राप्तसन्मानभाजनम् ।।२१९।।
नारदाविष्ट-चरण: भक्त-विक्षेप-नाशक: ।।
सदाचारैक-निलय: सुधर्माध्यासितासन: ।।२२०।।
जरासन्धावरुद्धेन विज्ञापित-निजक्लम: ।।
मन्त्र्युद्धवादिवाक्योक्त-प्रकारैक-परायण: ।।२२१।।
राजसूयादि-मख-कृत् सम्प्रार्थित-सहायकृत् ।।
इन्द्रप्रस्थ-प्रयाणार्थ-महत्सम्भार-सम्भृति: ।।२२२।।
जरासन्ध-वध-व्याज-मोचिताऽशेष-भूमिप: ।।

सन्मार्गबोधको-यज्ञ-क्षिति-वारण-तत्पर: ।।२२३।।
शिशुपाल-हतिव्याज-जय-शाप-विमोचक: ।।
दुर्योधनाभिमानाब्धि-शोष-बाण-वृकोदर: ।।२२४।।
महादेव-वर-प्राप्त-पुर-शाल्व-विनाशक: ।।
दन्तवक्त्रवध-व्याज-विजयाघौघ-नाशक: ।।२२५।।
विदूरथ-प्राण-हर्ता न्यस्त-शस्त्रास्त्र-विग्रह: ।।
उपधर्म-विलिप्ताङ्ग-सूत-घाती वर-प्रद: ।।२२६।।
बल्वल-प्राण-हरण-पालितर्षि-श्रुति-क्रिय: ।।
सर्वतीर्थाघनाशार्थ-तीर्थ-यात्रा-विशारद: ।।२२७।।
ज्ञान-क्रिया-विभेदेष्ट-फल-साधन-तत्पर: ।।
सारथ्यादिक्रियाकर्ता भक्तवश्यत्व-बोधक: ।।२२८।।
सुदामा(म?)रंक-भार्यार्थ-भूम्यानीतेन्द्र-वैभव: ।।
रविग्रह-निमित्ताप्त-कुरुक्षेत्रैक-पावन: ।।२२९।।
नृप-गोपी-समस्त-स्त्री-पावनार्थाखिलक्रिय: ।।
ऋषिमार्ग-प्रतिष्ठाता वसुदेव-मखक्रिय: ।।२३०।।
वसुदेव-ज्ञान-दाता देवकी-पुत्र-दायक: ।।
अर्जुन-स्त्री-प्रदाता च बहुलाश्व-स्वरूपद: ।।२३१।।
श्रुतदेवेष्ट-दाता च सर्व-श्रुति-निरूपित: ।।
महादेवाद्यति-श्रेष्ठो भक्ति-लक्षण-निर्णय: ।।२३२।।
वृक-ग्रस्त-शिव-त्राता नाना-वाक्य-विशारद: ।।
नर-गर्व-विनाशार्थ-हृत-ब्राह्मण-बालक: ।।२३३।।
लोकालोक-परस्थान-स्थित-बालक-दायक: ।।
द्वारकास्थ-महाभोग-नानास्त्री-रतिवर्धन: ।।२३४।।
मनस्तिरोधान-कृत-व्यग्र-स्त्री-चित्त-भावित: ।।

एकादशस्कन्धनामानि

मुक्तिलीला

मुक्तिलीलाविहरणः मौशल–व्याज–संहृतिः ।।२३५।।
श्रीभागवत–धर्मादि–बोधको भक्ति–नीतिकृत् ।।
उद्धव–ज्ञान–दाता च पञ्चविंशतिधा गुरुः ।।२३६।।
आचारभक्ति–मुक्त्यादि–वक्ता शब्दोद्भव–स्थितिः ।।
हंसो धर्म–प्रवक्ता च सनकाद्युपदेशकृत् ।।२३७।।
भक्ति–साधन–वक्ता च योग–सिद्धि–प्रदायकः ।।
नाना–विभूति–वक्ता च शुद्ध–धर्मावबोधकः ।।२३८।।
मार्गत्रय–विभेदात्मा नाना–शंका–निवारकः ।।
भिक्षुगीताप्रवक्ता च शुद्ध–सांख्य–प्रवर्तकः ।।२३९।।
मनो–गुण–विशेषात्मा ज्ञापकोक्त–पुरुरवाः ।।
पूजाविधि–प्रवक्ता च सर्वसिद्धान्त–बोधकः ।।२४०।।
लघु–स्वमार्ग–वक्ता च स्वस्थान–गति–बोधकः ।।
यादवाङ्गोपसंहर्ता सर्वाश्चर्य–गति–क्रियः ।।२४१।।

द्वादशस्कन्धनामानि

आश्रयलीला

काल–धर्म–विभेदार्थ–वर्ण–नाशन–तत्परः ।।
बुद्धो गुप्तार्थ–वक्ता च नानाशास्त्रविधायकः ।।२४२।।
नष्ट–धर्म–मनुष्यादि–लक्षण–ज्ञापनोत्सुकः ।।
आश्रयैकगतिज्ञाता कल्किः कलि–मलापहः ।।२४३।।
शास्त्र–वैराग्य–सम्बोधः नाना–प्रलय–बोधकः ।।
विशेषतः शुकव्याज–परीक्षिज्ज्ञान–बोधकः ।।२४४।।
शुकेष्ट–गति–रूपात्मा परीक्षिद्–देह–मोक्ष–दः ।।
शब्दरूपो नादरूपो वेदरूपो विभेदनः ।।२४५।।

व्यासः शाखा–प्रवक्ता च पुराणार्थ–प्रवर्तकः ।।
मार्कण्डेय–प्रसन्नात्मा वट–पत्र–पुटे–शयः ।।२४६।।
माया–व्याप्त–महामोह–दुःख–शान्तिप्रवर्तकः ।।
महादेव–स्वरूपश्च भक्तिदाता कृपानिधिः ।।२४७।।
आदित्यान्तर्गतः कालः द्वादशात्मा सुपूजितः ।।
श्रीभागवत–रूपश्च सर्वार्थ–फल–दायकः ।।२४८।।

इतीदं कीर्तनीयस्य हरेर्नाम–सहस्रकम् ।।
पञ्चसप्तति–विस्तीर्णं पुराणान्तर–भाषितम् ।।२४९।।
य एतत् प्रातरुत्थाय श्रद्धावान् सुसमाहितः ।।
जपेदर्थाहितमतिः स गोविन्दपदं लभेत् ।।२५०।।
सर्वधर्म–विनिर्मुक्तः सर्वसाधन–वर्जितः ।।
एतद्धारण–मात्रेण कृष्णस्य पदवीं व्रजेत् ।।२५१।।
हर्यावेशित–चित्तेन श्रीभागवत–सागरात् ।।
समुद्धृतानि नामानि चिन्तामणिनिभानि हि ।।२५२।।
कण्ठस्थितान्यर्थदीप्त्या बाधन्ते–ऽज्ञानजं तमः ।।
भक्तिं श्रीकृष्ण–देवस्य साधयन्ति विनिश्चितम् ।।२५३।।
किम्बहूक्तेन भगवान् नामभिः स्तुत–षड्गुणः ।।
आत्मभावं नयत्याशु भक्तिं च कुरुते दृढाम् ।।२५४।।
यः कृष्णभक्तिमिह वाञ्छति साधनौघैः ।
नामानि भासुरयशांसि जपेत् स नित्यम् ।।
तं वै हरिः स्व – पुरुषं कुरुतेति – शीघ्रम् ।
आत्मार्पणं समधिगच्छति भावतुष्टः ।।२५५।।

श्रीकृष्ण! कृष्णसख! वृष्णि–वृषावनिधृक्–
राजन्यवंश दहनानपवर्ग–वीर्य ।

गोविन्द! गोप–वनिता–व्रज–भृत्यगीत!
तीर्थश्रव: श्रवणमङ्गल पाहि भृत्यान् ।।२५६।।

।।इति श्रीभागवतसारसमुच्चये वैश्वानरोक्तं श्रीपुरुषोत्तमसहस्रनामस्तोत्रं सम्पूर्णम् ।।

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્

ભાગ-૩

દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) નામાનિ

નિરોધલીલા

જરાસંધસમાનીત સૈન્યઘાતી વિચારકઃ ।
યવનવ્યાપ્તમથુરા- જનદત્તકુશસ્થલિઃ ॥૨૦૨॥

(૯૧૬) જરાસંઘ સમાનીત સૈન્યઘાતીઃ = જરાસંધે લાવેલી સેનાના હણનારા.

કંસને બે રાણીઓ હતી. અસ્તિ અને પ્રાપ્તિ. આ બંને જરાસંધની પુત્રીઓ હતી. કંસના મરાવાથી બંને દુઃખી થઈ. પોતાના પિતા પાસે મગધમાં આવી. બંનેએ તેમના વિધવા થવાના દુઃખદ સમાચાર પિતાને કહ્યા. જરાસંધને પહેલાં તો દુઃખ થયું. પછી ક્રોધથી તમતમી ઉઠ્યો. તેણે નિશ્ચય કર્યો કે એક પણ યદુવંશીને પૃથ્વી પર રહેવા દઈશ નહીં. તેણે ૨૩ અક્ષૌહિણી સેના લીધી. યદુવંશીઓની રાજધાની મથુરાને ચારે બાજુથી ઘેરી લીધી.

એક અક્ષૌહિણી સેનામાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ ઘોડે સવાર અને ૧૦૯૩૫૦ પાયદળ હોય. આમ, કુલ ૨૧૮૭૦૦ સૈનિકો હોય. આ ચતુરંગિણી સેના પણ કહેવાય.

શ્રીકૃષ્ણ-બલારામે જરાસંધની સેનાને મારી નાંખી. આ પ્રમાણે સત્તર

ચંદ્રાવલીબેન ગૌરાંગભાઈ ત્રિવેદી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

વખત ત્રેવીસ ત્રેવીસ અક્ષૌહિણી સેનાનો નાશ ભગવાન કૃષ્ણે કર્યો-કરાવ્યો હતો. (૧૦-૫૦-૪૨, ૪૩)

(૯૧૭) વિચારકઃ = વિચાર-યોજના કરનારા શ્રીકૃષ્ણ.

જરાસંઘ અઢારમી વાર મથુરા પર આક્રમણ કરવાનો હતો. તે વખતે નારદજીએ કાલયવનને ચઢાવીને મથુરા પર આક્રમણ કરવા મોકલ્યો. કાલયવન પણ વીર હતો. તેની સામે કોઈ યુદ્ધ કરવા સમર્થ ન હતું.

શ્રીકૃષ્ણે જોયું કે કાલયવન અસમયે ચઢાઈ માટે આવે છે. આથી બલરામજી સાથે મળીને વિચાર કર્યો કે આ સમયે યદુવંશીઓ પર બે-બે વિપત્તિઓ - જરાસંઘ અને કાલયવન રૂપે આવી રહી છે.

આજે કાલયવને ઘેર્યા છે. આજકાલમાં જરાસંઘ પણ આવશે. કાલયવન સાથે આજે લડવા આપણે બે ભાઈઓ જઈએ અને એ સમયે જરાસંઘ આવ્યો તો તે આપણા બંધુઓને મારશે કે કેદ કરશે.

(૯૧૮) યવનવ્યાપ્તમથુરા જનદત્તકુશસ્થલિ = યવનથી વ્યાપ્ત (ઘેરાયેલ) મથુરામાં નિવાસ કરનારા લોકોને સ્થિતિ કરવા સારુ કુશસ્થલીને અર્પનારા.

કાલયવન પાસે ત્રણ કરોડનું સૈન્ય હતું. તેનાથી મથુરા નગરી ઘેરાયેલી હતી. મથુરામાં રહેતા સ્વજનોને ખસેડીને તેમના રહેવા સારૂ શ્રીકૃષ્ણ એક સ્થાન બનાવ્યું. તેનું નામ કુશસ્થલિ છે. દ્વારકાનું જ મુળ નામ કુશસ્થલિ છે. ભગવાને સમુદ્રની ભીતર એક દુર્ગમ નગર બનાવડાવ્યું. (૧૦-૫૦-૫૦)

દ્વારકાદ્ભુતનિર્માણ - વિસ્માપિત સુરાસુરઃ ।
મનુષ્ય માત્ર ભોગાર્થ -ભૂમ્યાનીતેન્દ્ર વૈભવઃ ॥૨૦૩॥

(૯૧૯) દ્વારકાદ્ભુતનિર્માણ - વિસ્માપિતસુરાસુરઃ = દ્વારકાના અદ્ભુત નિર્માણથી દેવ દાનવોને પણ આશ્ચર્ય પમાડનારા.

ગો.વા. શ્યામ રસિકભાઈ ઠુમર (રામપુર-તોરી)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણે બનાવડાવેલ દ્વારકા નગરીની લંબાઈ પહોળાઈ અડતાલીસ કોશની હતી. તેમાં બધી વસ્તુઓ અદ્ભુત હતી. આ નગરીની દરેક વસ્તુમાં વિશ્વકર્માનું વિજ્ઞાન (વાસ્તુ વિજ્ઞાન) અને શિલ્પકલાની નિપુણતા પ્રકટ થતી હતી. તેમાં વાસ્તુ શાસ્ત્ર અનુસાર મોટી મોટી સડકો, ચાર રસ્તાઓ અને ગલીઓનું યોગ્ય સ્થાન અને વિભાજન કર્યું હતું. નગરમાં સુંદર ઉદ્યાનો અને વિચિત્ર ઉપવનો હતા. તેમાં દેવતાઓના વૃક્ષો અને લતાઓ શોભતા હતા. સોનાના ઊંચા ઊંચા શિખરો હતા. સ્ફટિકમણિઓની અટારીઓ હતી. ઊંચા ઊંચા દરવાજા હતા. અન્ન રાખવા ચાંદી અને પિત્તળના ઘણા કોઠાઓ બનાવ્યા હતા. મહેલો સોનાના બન્યા હતા. તે પર સોનાના કળશો હતા. શિખરો રત્નોના હતા. પન્ના પણ લાગેલા હતા. સુંદર મંદિરો હતા. તેમાં ચારે વર્ણોના લોકો નિવાસ કરતા હતા. તે બધાની વચ્ચે ઉગ્રસેનજી, વસુદેવજી, બલરામજી તથા શ્રીકૃષ્ણના મહેલ હતા.

ઈન્દ્ર દેવે શ્રીકૃષ્ણ માટે પારિજાત વૃક્ષ મોકલી આપ્યું. સભામાં બેઠેલા મનુષ્યોને ભૂખ-તરસ લાગતી નહીં. મૃત્યુલોકના ધર્મો સ્પર્શતા નહીં. વરુણજીએ ઘણા બધા શ્વેત ઘોડા મોકલ્યા. તે ઘોડાઓનો એક કાન શ્યામ હતો. તેમની ચાલ મન સમાન તેજ હતી. કુબેરજીએ આઠે નિધિઓ મોકલી. લોકપાલોએ પોતાની શક્તિઓ શ્રીકૃષ્ણના ચરણમાં ધરી દીધી.

(૯૨૦) મનુષ્યમાત્ર ભોગાર્થ ભૂમ્યાનીતેન્દ્ર વૈભવઃ = સર્વ મનુષ્ય માત્રને ભોગ (સ્વર્ગ સમાન) સુખનો અનુભવ કરવા સારુ ઈન્દ્રના વૈભવોને આણનાર.

શ્રીકૃષ્ણે દ્વારકામાં રહેનારા નગરવાસીઓ માટે ભૂમિમાં ઈન્દ્રના વૈભવોનું સ્થાપન કર્યુ છે. વૈભવોના ઉપભોગ કરવાલાયક ઐશ્વર્યો આણ્યા છે. દરેક દિશાના લોકપાલોએ પોતાનો સર્વ વૈભવ દ્વારકામાં સ્થાપન કર્યો છે.

યવનવ્યાપ્ત મથુરા - નિર્ગમાનન્દવિગ્રહઃ ।
મુચુકુન્દમહાબોધ -યવન પ્રાણદર્પહા ॥૨૦૪॥

ઊર્મિલાબેન નિરંજનભાઈ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

(૯૨૧) યવનવ્યાપ્ત મથુરા - નિર્ગમાનન્દ વિગ્રહઃ = યવને ઘેરેલી મથુરા નગરીમાંથી આનંદમય વિગ્રહદેહ સ્વરૂપે બહાર નીકળી જનારા.

દ્વારકા નગરીનું નિર્માણ કરાવીને શ્રીકૃષ્ણે સમસ્ત સ્વજનોને યોગમાયા દ્વારા મથુરાથી દ્વારકા પહોંચાડી દીધા. બાકી રહેલી પ્રજાના રક્ષણ માટે બલરામજીને મથુરામાં રાખ્યા. બલરામજીની સલાહ લઈ શ્રીકૃષ્ણ મથુરા નગરના મોટા દરવાજાથી બહાર નીકળ્યા. પ્રભુએ ગળામાં કમળની માળા પહેરી હતી. કોઈ અસ્ત્રશસ્ત્ર સાથે ન હતું.

પ્રભુ મથુરાના મુખ્ય દ્વારેથી નીકળ્યા ત્યારે એવું લાગતું હતું કે પૂર્વ દિશામાંથી જાણે ચંદ્રોદય થઈ રહ્યો હોય. શ્યામલ શરીર પર રેશમી પીતાંબર હતું. વક્ષઃસ્થળે શ્રીવત્સ ચિહ્ન શોભતું હતું. ગળામાં કૌસ્તુભમણિ ઝગમગતો હતો. ચાર ભુજાઓ હતી. કમળ જેવા નેત્રો હતા. મુખકમલે આનંદ રમી રહ્યો હતો. સુંદર કપોલ હતા. મંદ મંદ મુસ્કાન હતી. કર્ણોમાં મકરાકૃત કુંડળ ચમકતા હતા. આમ, પ્રભુ સચ્ચિદાનંદમય દેહ સ્વરૂપે બહાર નીકળ્યા.

(૯૨૨) મુચુકુન્દ મહાબોધ યવન પ્રાણ દર્પહા = મુચુકુન્દ રાજાને દીર્ઘકાળની નિદ્રામાંથી જાગૃત કરનારા અને યવનના પ્રાણ તથા જરાસંઘના ગર્વનો નાશ કરનારા.

પ્રભુ મથુરા નગરીના દ્વારથી નિઃશસ્ત્ર થઈ બહાર નીકળ્યા. કાલયવને પણ પોતાના અસ્ત્ર-શસ્ત્ર ફેંકી દીધા અને તે વગર કૃષ્ણ સાથે લડવાનું નક્કી કર્યું. તે ભગવાન તરફ દોડ્યો. ભગવાન ઊલટું મોં કરી રણભૂમિથી ભાગ્યા. કાલયવન તેમને પકડવા પાછળ ભાગ્યો. ભગવાન ભાગતાં ભાગતાં દૂર એક પહાડની ગુફામાં પહોંચ્યા. કાલયવન પણ પાછળ ઘૂસ્યો.

ગુફામાં યવને એક માણસને સૂતો જોયો. તે માણસ મુચુકુન્દ રાજા હતા. યવનને લાગ્યું કે કૃષ્ણ ઢોંગ કરીને સૂઈ ગયા છે. તેણે સૂતેલા રાજાને લાત મારી. રાજા ત્યાં ઘણા દિવસોથી સૂઈ ગયા હતા. લાત વાગતા તે ઉઠ્યા. ધીરે ધીરે આંખો ખોલી. આમતેમ જોવા લાગ્યા. સામે કાલયવનને ઊભેલો જોયો. રાજાને લાત વાગવાથી ક્રોધ આવેલો હતો. રાજાની દૃષ્ટિ કાલયવન પર પડી. તે સાથે યવનના શરીરમાં આગ પેદા થઈ અને ક્ષણભરમાં તે સળગીને ભસ્મ થઈ ગયો. (૧૦-૫૧-૧૨)

એક વૈષ્ણવ (સુરત)ના જયશ્રીકૃષ્ણ.

મુચુકુન્દ-સ્તુતાશેષ-ગુણકર્મ-મહોદયઃ ।
ફલપ્રદાન-સંતુષ્ટિ-જન્માન્તરિત-મોક્ષદઃ ॥૨૦૫॥

(૯૨૩) મુચુકુન્દસ્તુતાશેષગુણકર્મમહોદયઃ = મુચુકુંદે જેમનો સંપૂર્ણ ગુણ કર્મ મહોદયને સ્તવ્યો છે એવા પ્રભુ.

કાલયવન ભસ્મ થયો. શ્રીકૃષ્ણે મુચુકુન્દને દર્શન આપ્યા. મેઘશ્યામ શ્રીવિગ્રહ પર આપે રેશમી પીતાંબર ધર્યું હતું. વક્ષઃસ્થળે શ્રીવત્સ ચિહ્ન હતું. ગળામાં કૌસ્તુભમણિ હતો. ચાર ભુજાઓ હતી. વૈજયંતિ માળા ધારણ કરી હતી. કર્ણમાં મકરાકૃત કુંડળ હતા.

મુચુકુન્દ આ જોઈ હતપ્રભ થઈ ગયો. તેમણે પૂછ્યું, 'આપ કોણ છો?' ભગવાને પોતાની ઓળખ આપીઃ 'હું જ વાસુદેવ છું. તારા પર કૃપા કરવા આ ગુફામાં આવ્યો છું.' મુચુકુંદ જાણી ગયા કે આ સ્વયં નારાયણ ભગવાન છે. આનંદમાં આવી રાજાએ પ્રભુને પ્રણામ કર્યા અને સ્તુતિ કરી.

પ્રભુ! જગતના બધા પ્રાણી આપની માયાથી મોહિત છે. હું પણ મદાન્ધ થયો હતો. આપને તો હું કંઈ જાણતો જ ન હતો. આ શરીર અબાધ કાલનો ગ્રાસ બની જાય છે. રાજ્ય વગેરે સુખો માટે તૃષ્ણા વધે છે તે વ્યક્તિ કદાપિ સુખી થતો નથી. આપ એકમાત્ર જગતના સ્વામી છો. સત્સંગથી જીવની બુદ્ધિ આપમાં દૃઢ થાય છે. પ્રભુ આપે માર પર પરમ અનુગ્રહની વર્ષા કરી. મારા રાજ્યના બંધનો છૂટી ગયા. પ્રભુ આપ અંતર્યામી છો. આપથી કંઈક જ છાનું નથી. મારે આપના ચરણની સેવા જોઈએ છીએ. આપ જ મોક્ષદાતા છો. (૧૦-૫૧-૪૬ થી ૫૮)

(૯૨૪) ફલપ્રદાન સંતુષ્ટિઃ = ભક્તિ ફલનું દાન કરી મુચુકુંદને સંતુષ્ટ કરનારા.

શ્રીકૃષ્ણ મુચુકુંદને કહે છેઃ 'તમારી મતિ અને નિશ્ચય પવિત્ર છે. ઉચ્ચ

શિલા મિત્રા (થાણે)ના જયશ્રીકૃષ્ણ.

કોટિના છે. તમે તમારા મન અને મનોભાવો મને સમર્પિત કરી દો. મારામાં લગાવી દો અને પછી પૃથ્વી પર સ્વચ્છંદ રૂપથી વિચરણ કરો. તમારી મારામાં સદાય ભક્તિ બની રહેશે. તે ભક્તિ વિષય વાસના શૂન્ય નિર્મળ હશે. (૧૦-૫૧-૬૨)

(૯૨૫) જન્માન્તરિત મોક્ષદઃ = મુચુકુંદ રાજાને બીજા જન્મે મોક્ષ આપનારા.

પ્રભુના દર્શનથી તાત્કાલિક જ મોક્ષ થવો જોઈએ. પણ તેવું ન થયું. કારણકે રાજાને પૂર્વના કર્મો બાકી હતા. તે ભોગવ્યા સિવાય જન્મ મરણ રહિત થવાતું નથી. શાસ્ત્રની મર્યાદા ભંગ ન થાય તે માટે બ્રાહ્મણ દેહ આપ્યો અને પછી અન્ય જન્મે મોક્ષ આપ્યો.

૫-૫૧-૬૪માં પ્રભુ મુચુકુંદને કહે છે, 'આગલા જન્મમાં તમે બ્રાહ્મણ બનશો. સમસ્ત પ્રાણીઓના હિતૈષી તથા સુહૃદ બનશો. પછી મને પ્રાપ્ત થશો.'

શિવ-બ્રાહ્મણ-વાક્યાપ્ત -જય-ભીતિવિભાવનઃ ।
પ્રવર્ષણ-પ્રાર્થિતાગ્નિ-દાન-પુણ્ય-મહોત્સવ : ॥૨૦૬॥

(૯૨૬) શિવબ્રાહ્મણવાક્યાપ્ત જયભીતિવિભાવનઃ = શિવજીનું આરાધન અને બ્રાહ્મણોના આશીર્વાદ લઈને જરાસંધને જયની પ્રાપ્તિ થશે એવી બીકને દર્શાવનારા. ભય દર્શાવવાનું નાટક કરનારા.

ભગવાનનો સર્વત્ર વિજય છે. જરાસંધાદિથી ભય પામવો તે તો એક પ્રકારનો લીલા વિનોદ છે. જરાસંધ સત્તર વાર શ્રીકૃષ્ણથી પરાભવ પામ્યો. આથી તે લજ્જિત થયો. તેણે શંકર ભગવાનનું આરાધન કર્યું. બ્રાહ્મણોના આશીર્વાદ મેળવ્યા. અઢારમી વાર યુદ્ધ કરવા યાદવો પર ચઢી આવ્યો. ભગવાન શંકર અને બ્રાહ્મણોના વરદાન ઉપર લોકોને વિશ્વાસ ઉઠી ન જાય તે માટે આપ પરાભવ પામવાથી નાઠા હોય એમ સર્વત્ર દર્શાવ્યું છે. ખરેખર તો શ્રીકૃષ્ણ એવા છે કે ભય પણ તેમનાથી ભયભીત રહે છે - **ભીશ્ચ બિભેતિ યસ્માત્.**

રમાબેન જયંતીલાલ કતીરા (હૈદ્રાબાદ)ના જયશ્રીકૃષ્ણ.

(૯૨૭) પ્રવર્ષણપ્રાર્થિતાગ્નિ દાનપુણ્યમહોત્સવઃ = પ્રવર્ષણ પર્વતે માગેલા અગ્નિના દાનરૂપી પુણ્યનો ઉત્સવ કરનારા અને જરાસંધને મિથ્યા મહોત્સવ પેદા કરાવનારા.

જરાસંઘના ભયથી નાસી શ્રીકૃષ્ણ તથા બલરામ પ્રવર્ષણ પર્વતમાં સંતાઈ ગયા. પ્રવર્ષણ પર્વત પર નિત્ય વર્ષા થતી હોવાથી તેને ઠંડી લાગતી હતી. પર્વતે ઠંડી ઉડાડવા માટે શ્રીકૃષ્ણ પાસે પ્રાર્થના કરી હતી. આથી શ્રીકૃષ્ણ અને બલરામજી પર્વતમાં સંતાઈ ગયા. જરાસંઘ તેમની પાછળ પાછળ પર્વત સુધી આવી ગયો. આ બંને ભાઈઓને મારી નાખવા તેણે પર્વતની ચારે બાજુ અગ્નિ સળગાવ્યો. તે એમ સમજ્યો કે બંને ભાઈ ભસ્મીભૂત થઈ ગયા. પણ ખરેખર પ્રભુ તો કૂદકો મારી ભૂમિ પર આવી ગયા હતા અને દ્વારકામાં પધાર્યા હતા. આ પ્રમાણે જરાસંઘને છેતર્યો અને તેણે વરદાનથી મેળવેલા મહાન પુણ્યના મહોત્સવને ફોકટ કરી નાંખ્યો. ભગવાન અને બલરામજી અગિયાર યોજન (ચુંમાલીસ કોસ) ઊંચા પર્વત પરથી ધરતી પર કૂદ્યા છે.

રુકમિણી-રમણઃ કામ-પિતા પ્રદ્યુમ્ન-ભાવનઃ ।
સ્યમન્તકમણિવ્યાજ-પ્રાપ્તજામ્બવતીપતિઃ ॥૨૦૭॥

(૯૨૮) રુકમિણી રમણઃ = રુકમિણીજીને રમણ કરાવનારા.

વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક રાજા છે. તેમને પાંચ પુત્ર અને એક સુંદર કન્યા હતી. સૌથી મોટા પુત્રનું નામ રુકમી હતું અને નાના ભાઈઓના નામ ક્રમશઃ રુકમરથ, રુકમબાહુ, રુકમકેશ અને રુકમમાલી હતા. તેમની બહેનનું નામ સતી રુકિમણી હતું.

રુચિ ઉત્પન્ન કરે તેને સકામ કહેવાય. તે રકમ (સુવર્ણ)ના જેવો જેનો વર્ણ છે એવા રુકમણિજી છે. તે લક્ષ્મીરૂપ છે.

ભીષ્મક રાજાના મહેલમાં અતિથિઓ આવતા. તે બધા શ્રીકૃષ્ણના સૌંદર્ય, પરાક્રમ, ગુણ અને વૈભવની વાતો કરતા. રુકિમણિ તે પ્રસંશા

નિરુબેન રૂપકભાઈ પરીખ (કડી)ના જયશ્રીકૃષ્ણ.

સાંભળતા હતા. તેમણે નક્કી કર્યું કે શ્રીકૃષ્ણ જ મારા અનુરૂપ પતિ છે. શ્રીકૃષ્ણ પણ રુકિમણીજીને પોતાને અનુરૂપ માનતા હતા. રુકિમણીજીનો વિવાહ શ્રીકૃષ્ણ સાથે થાય તેવું તેના ભાઈ–બંધુ ઈચ્છતા હતા. પણ મોટા ભાઈ રુક્મિ શ્રીકૃષ્ણનો દ્વેષ કરતો હતો. તે શિશુપાલને પોતાની બહેન માટે યોગ્ય ગણતો હતો. તેણે શ્રીકૃષ્ણ સાથેના વિવાહ અટકાવી દીધા.

રુક્મિણીજીએ એક બ્રાહ્મણ દ્વારા શ્રીકૃષ્ણને પ્રેમ પત્ર મોકલ્યો. તેમાં પોતાનાં વરણનું નિવેદન કર્યું હતું. તે ઉપરથી શ્રીકૃષ્ણે હરણ કર્યું અને વિધિવત લગ્ન પણ કર્યું હતું. આ બધી લીલાઓ કરીને રુક્મિણીજીને દિવ્ય આનંદ શ્રીકૃષ્ણે આપ્યો હતો.

(૯૨૯) કામપિતા : = કામદેવના પિતા

કામદેવ શ્રી શંકરને મોહિત કરવા આવેલો. શ્રીશંકરે તૃતીય લોચનથી તેને ભસ્મીભૂત કરી નાંખ્યો. કામદેવની પત્નિ રતિ છે. તેણે કામદેવને જીવાડવા શ્રી શંકરને પ્રાર્થના કરી. શ્રી શંકરે વરદાન આપ્યું કે શ્રીકૃષ્ણથી તે રુક્મિણીજીમાં પ્રકટ થશે.

શંભુના વરદાનને સત્ય કરવા અને રતિનું પ્રિય કરવા શ્રીકૃષ્ણ અવતારમાં તે કામ શ્રીકૃષ્ણથી રુકમણિજી દ્વારા પ્રકટ થયો હતો.

(૯૩૦) પ્રદ્યુમ્નભાવનઃ = પ્રદ્યુમ્નને પુત્ર રૂપે ઉત્પન્ન કરનારા.

કામે શ્રીકૃષ્ણના પુત્ર રૂપે જન્મ લીધો. ત્યારે તેનું નામ પ્રદ્યુમ્ન હતું. તેઓ વાસુદેવના અંશ રૂપ વ્યૂહમાં આવિર્ભાવ પામ્યા હતા.

(૯૩૧) સ્યમન્તકમણિવ્યાજ પ્રાપ્તજામ્બવતીપતિઃ = સ્યમન્તક મણિને મેળવવાના નિમિત્તે જામ્બવતીજીને પતિ તરીકે પ્રાપ્ત થયેલા પ્રભુ.

સત્રાજીત ભગવાન સૂર્યનો ભક્ત હતો. તેની ભકિતથી પ્રસન્ન થઈ સૂર્ય તેના મિત્ર બની ગયા અને સત્રાજીતને સ્યમન્તક મણિ આપ્યો. સત્રાજિતે તે મણિ ગળામાં ધારણ કર્યો. સૂર્યની જેમ ચળકવા લાગ્યો. મણિ સાથે તે દ્વારકા આવ્યો. દ્વારકાવાળાઓએ આ સમાચાર કૃષ્ણને આપ્યા. શ્રીકૃષ્ણે કહ્યું; એ તો સત્રાજીત છે, સૂર્ય નથી.

ઝવેરબેન મૂળજીભાઈ બબલા (ઈ. આફ્રીકા)ના જયશ્રીકૃષ્ણ.

સત્રાજીતે દેવમંદિરમાં તે મણિનું સ્થાપન કર્યું. મણિ રોજ આઠ ભાર સોનું આપતો હતો. શ્રીકૃષ્ણે પ્રસંગોપાત આ મણિ ઉગ્રસેન રાજાને આપવા કહ્યું. તેણે ના પાડી દીધી.

સત્રાજીતનો ભાઈ પ્રસેન હતો. એક વાર તે ઘોડા પર શિકાર કરવા નીકળ્યો. તેના ગળામાં તેણે મણિ ધારણ કર્યો હતો. રસ્તામાં એક સિંહે પ્રસેન અને ઘોડાને મારી નાંખ્યા. મણિ ઝૂંટવી લીધો. મણિ સાથે તે પોતાના ગુફામાં પ્રવેશતો હતો. આ વખતે જામ્બવાને સિંહને માર્યો. મણિ લઈ ઘરે આવ્યો અને બાળકોને રમવા માટે આપ્યો.

પ્રસેન શિકારથી પાછો ન ફર્યો. સત્રાજીતને લાગ્યું કે શ્રીકૃષ્ણે તેને મણિ માટે મારી નાંખ્યો છે. આ વાતની બધા કાનાફુસી કરવા લાગ્યા. કૃષ્ણને માથે કલંક આવ્યું. તે દૂર કરવા તેઓ કેટલાક નગરજનોને લઈ પ્રસેનને શોધવા નીકળ્યા. વનમાં ગયા. ત્યાં તેમણે જોયું કે સિંહે પ્રસેન તથા ઘોડાને મારી નાંખ્યા છે અને પર્વત પર એક રીંછે સિંહને માર્યો છે.

શ્રીકૃષ્ણે સાથે આવેલા બધાને બહાર બેસાડ્યા. પોતે રીંછની ગુફામાં એકલા પ્રવેશ્યા. ગુફામાં જોયું કે છોકરાઓ સ્યમન્તક મણિથી રમતા હતા. છોકરાઓ આ જોઈને ચીસો પાડવા લાગ્યા. જામ્બવાને તે સાંભળ્યું. ક્રોધથી દોડીને તે ત્યાં આવ્યો. કૃષ્ણને સાધારણ મનુષ્ય સમજી યુદ્ધ કરવા લાગ્યો. અઠ્ઠાવીસ દિવસ યુદ્ધ ચાલ્યું. શ્રીકૃષ્ણનો માર ખાઈને તે ઢીલો પડ્યો. ભગવાનને ઓળખ્યા. પ્રભુની માફી માંગી. તેની પાસે મણિ માંગ્યો. જામ્બુવાને મણિ સાથે તેની કન્યા જામ્બવતીને પણ સમર્પિત કરી દીધી.

સત્યભામા-પ્રાણપતિઃ કાલિન્દી-રતિ-વર્ધનઃ ।
મિત્રવિન્દા-પતિઃ સત્યા-પતિઃ વૃષનિષૂદનઃ ॥૨૦૮॥

(૯૩૨) સત્યભામાપ્રાણપતિઃ = સત્યભામાના પ્રાણનાથ.

સત્રાજિત સ્યમન્તક મણિનો મૂળ માલિક હતો. શ્રીકૃષ્ણ પર મણિની ચોરીનો આક્ષેપ તેણે લગાવ્યો હતો. શ્રીકૃષ્ણે જામ્બવાન પાસેથી મણિ પાછો મેળવ્યો. ભગવાના સત્રાજિતને રાજસભામાં બોલાવ્યો. રાજા

ભાવનાબેન મયંકકુમાર ગાંધી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ઉગ્રસેનની હાજરીમાં મણિ કઈ રીતે પાછો મળ્યો તે વાત કરી. મણિ સત્રાજિતને સોંપી દીધો. સત્રાજિત લજ્જિત થઈ ગયો. પોતાના અપરાધથી તેને પશ્ચાતાપ થતો હતો. શ્રીકૃષ્ણ જેવા બળવાન સાથે વિરોધ કરવાના કારણે ભયભીત પણ થયો હતો. પોતાના અપરાધને ધોવાનું તેણે વિચાર્યું. તેણે પોતાની દિકરી સત્યભામા અને મણિ શ્રીકૃષ્ણને અર્પણ કરી દીધા. ભગવાને વિધિપૂર્વક સત્યભામાનું પાણિગ્રહણ કર્યું અને મણિ સત્રાજિતને પાછો સોંપ્યો.

(૯૩૩) કાલિન્દીરતિવર્ધનઃ = કાલિન્દીના પોતાના તરફના પ્રેમમાં વધારો કરનારા.

એકવાર શ્રીકૃષ્ણ પાંડવોને મળવા ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. વરસાદના ચાર મહિના સુધી આપ ત્યાં જ બિરાજ્યા. એક દિવસ અર્જુન શ્રીકૃષ્ણને લઈને શિકાર કરવા વનમાં ગયા. શિકાર કરીને અર્જુન થાકી ગયા હતા. તરસ્યા પણ થયા હતા. બંને યમુનાજીના કિનારે આવ્યા. બંનેએ યમુનાજીમાં હાથ-પગ ધોયા-નિર્મળ જળ પીધું. અહીં એક સુંદર કન્યા તપસ્યા કરતી હતી. શ્રીકૃષ્ણે અર્જુનને તે સુંદરી વિષે જાણવા માટે તેની પાસે મોકલ્યા.

અર્જુન તે સુંદરી પાસે ગયા. પૂછ્યું 'તમે કોણ છો?' ક્યાંથી આવ્યા? શું કરવા ઈચ્છો છો? તમે યોગ્ય પતિની ખોજમાં લાગો છો. આ સુંદરી કાલિંદી હતા. તેમણે કહ્યું 'હું સૂર્યદેવની પુત્રી છું અને શ્રીકૃષ્ણને પતિ તરીકે પ્રાપ્ત કરવા કઠોર તપ કરું છું. યમુના જળમાં મને રહેવા સૂર્યદેવે ભવન કરી આપ્યું છે. પ્રભુના દર્શન નહીં થાય ત્યાં સુધી અહીં રહીશ.' અર્જુને આવી બધી વાત કૃષ્ણને કરી. શ્રીકૃષ્ણ આ બધું જાણતાં હતાં. તેમણે કાલિન્દીને રથમાં પોતાની સાથે લઈ લીધા. દ્વારકા પાછા ફરીને કાલિન્દીજી સાથે શાસ્ત્ર અનુસાર લગ્ન કર્યાં.

(૯૩૪) મિત્રવિન્દાપતિઃ = મિત્રવિન્દાના પતિ.

અવન્તી (ઉજ્જૈન) દેશના રાજા બે ભાઈઓ હતા. વિન્દ અને અનુવિન્દ. તે દુર્યોધનના અનુયાયી હતા. તેમની બહેનનું નામ મિત્રવિન્દા

દિલીપભાઈ વજુભાઈ સાવલીયા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

હતું. તેના લગ્ન માટે સ્વયંવરનું આયોજન થયું હતું. મનથી તે કૃષ્ણને પોતાના પતિ બનાવવા માંગતી હતી. બંને ભાઈઓએ બહેનને આવું કરતા રોકી. મિત્રવિન્દા શ્રીકૃષ્ણના ફોઈ રાજાધિદેવીની કન્યા હતી. શ્રીકૃષ્ણ રાજાઓથી ભરેલી સભામાં મિત્રવિન્દાનું બળપૂર્વક હરણ કરી ગયા.

(૯૩૫) સત્યાપતિઃ = સત્યાના પતિ

નગ્નજિત કોસલદેશના રાજા હતા. તે ધાર્મિક હતા. તેમને એક સુંદર કન્યા હતી. તેનું નામ સત્યા હતું. નગ્નજિતની પુત્રી હોવાથી 'નાગ્નજિતી'થી પણ ઓળખાતી હતી. સત્યાના લગ્ન માટે રાજાએ શરત મૂકેલી કે જે સાત આખલાઓને વશમાં કરે તેની સાથે કન્યાના લગ્ન થાય. કૃષ્ણ આ શરત સાંભળી કોસલપુર પહોંચ્યા. સત્યાએ શ્રીકૃષ્ણને જોયા. મનોમન તેમને પતિ તરીકે પ્રાર્થ્યા. રાજાએ શ્રીકૃષ્ણની આગતા સ્વાગતા કરી. તેના જવાબમાં શ્રીકૃષ્ણે સત્યાને પત્ની તરીકે માંગી. આ માટે સાત આખલાઓને વશમાં કર્યા. સત્યાને પત્ની તરીકે સ્વીકાર્યા.

(૯૩૬) વૃષનિષૂદનઃ = સાંઢોને વશમાં લેનારા.

સત્યાની સાથે લગ્ન કરવા સાત સાંઢોને વશ કરવા જરૂરી હતા. આ આખલાઓના શિંગડા ખૂબ અણીવાળા હતા. આ સાંઢો કોઈ વીર પુરુષની ગંધને પણ સહન કરી શકતા ન હતા. ઘણા રાજકુમારોને આ બધા સાંઢોએ ઈજા કરી હતી.

શ્રીકૃષ્ણે કમરે ફેંટ બાંધી. પોતાના સાત રૂપો બનાવ્યા. રમત માત્રમાં તે બેલોને નાથી દીધા. બેલોનો ઘમંડ ચૂર ચૂર થઈ ગયો. શ્રીકૃષ્ણે તેમને દોરડાથી બાંધી દીધા અને રમતા હોય તેમ તે બધાને ઘસેડવા લાગ્યા. નગ્નજિતને આશ્ચર્ય થયું અને સત્યાનું લગ્ન શ્રીકૃષ્ણ સાથે કરાવ્યું.

ભદ્રા-વાઞ્છિત-ભર્તા ચ લક્ષ્મણા-વરણ-ક્ષમઃ ।
ઈન્દ્રાદિ-પ્રાર્થિત-વધ-નરકાસુર-સૂદનઃ ॥૨૦૯॥

(૯૩૭) ભદ્રાવાઞ્છિતભર્તા = ભદ્રાના મનવાંછિત પતિ.

ગો.વા. ચંપાબેન મોહનલાલ દેવાણી (કેશોદવાળા, હાલ-મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણના એક ફોઈનું નામ શ્રુતકીર્તિ હતું. તેમના લગ્ન કૈકય-દેશમાં થયેલા. તેમની કન્યાનું નામ ભદ્રા હતું. તેના ભાઈનું નામ સન્તર્દન હતું. તેણે તથા બધાયે ભદ્રાને શ્રીકૃષ્ણને સોંપી દીધી અને લગ્ન કરાવ્યા. (૧૦-૫૮-૫૬)

(૯૩૮) લક્ષ્મણાવરણક્ષમઃ = લક્ષ્મણાને લગ્નમાં વરવાના સામર્થ્યવાળા.

મદ્ર દેશના રાજાનું નામ બૃહત્સેન હતું. તેની પુત્રીનું નામ લક્ષ્મણા હતું. તેના લગ્ન માટે સ્વયંવર રાખ્યો હતો. તેમાં મત્સ્યવેધનું આયોજન કર્યું હતું. અર્જુને કરેલા મત્સ્યવેધથી અહીં અધિકતા હતી. અહીં મત્સ્ય બહારથી ઢાંકેલું હતું. કેવલ જળમાં તેનો પડછાયો પડતો હતો. આ સ્વયંવરમાં ઘણા રાજાઓ આવ્યા હતા. જરાસંઘ, અમ્બષ્ઠ નરેશ, શિશુપાલ, ભીમસેન, દુર્યોધન અને કર્ણ પણ આવેલા. તે બધા નિષ્ફળ રહ્યા. અર્જુન પણ અહીં મસ્ત્યવેધ કરી ન શક્યા.

ભગવાને ધનુષ ઉઠાવ્યું. તેના પર પણછ ચઢાવી. જળમાં માછલીનો પડછાયો જોયો. એક બાણ માર્યું અને માછલીને નીચે પાડી દીધી. આમ લક્ષ્મણાના સ્વયંવરમાં મત્સ્યવેધ કરીને અપૂર્વ કુશળતા દર્શાવી ભગવાને લક્ષ્મણાને પ્રાપ્ત કર્યા હતા. રાજાઓએ તેમના પર હુમલો પણ કર્યો. પણ પ્રભુએ શાર્ઙ્ગ ધનુષથી બાણો છોડી બધાને ભગાવી હતા. ૧૦-૮૩-૧૭ થી ૩૯માં આ કથા છે.

(૯૩૯) ઈન્દ્રાદિપ્રાર્થિતવધનરકાસુરસૂદનઃ = ઈન્દ્રાદિ દેવોએ પ્રાર્થના કર્યા મુજબ નરકાસુરનો વધ કરનારા.

પરીક્ષિત રાજાએ શુકદેવજીને પૂછ્યું 'શ્રીકૃષ્ણે ભૌમાસુરને કઈ રીતે માર્યો?' તેના જવાબમાં શુકદેવજી કહે છે, ભૌમાસુરે અદિતિમાના કુંડળ, વરૂણનું છત્ર અને દેવતાઓનો મણિપર્વતક ઝૂંટવી લીધો હતો. ઈન્દ્રે દ્વારકામાં આવી શ્રીકૃષ્ણને બધી વાત કરી. શ્રીકૃષ્ણ સત્યભામાજીને લઈ પ્રાગ્જ્યોતિષપુર પધાર્યા. તે ભૌમાસુરની રાજધાની હતી.

રેખાબેન બી. કાપડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ભૌમાસુરનું બીજું નામ નરકાસુર છે. તેની રાજધાનીમાં પ્રવેશ કરવો અઘરો હતો. પહાડની કિલ્લાબંધી, શસ્ત્રોનો ઘેરો, જળથી ભરેલી ખાઈ, આગ અને વીજળીની દિવાલો અને તેની અંદર વાયુથી આ નગર સુરક્ષિત હતું. સૌથી અંદર મુર દૈત્ય રક્ષા કરતો હતો.

શ્રીકૃષ્ણે તેને માર્યો. મુરના દૈત્ય સૈનિકોને પણ માર્યા. ભૌમાસુર (નરકાસુર) પૃથ્વીનો પુત્ર છે. તે પણ તેના સૈન્ય સાથે લડવા આવ્યો. ભૌમાસુર હાથી પર બેઠો હતો. ભગવાને ચક્રથી તેનું માથું વાઢી નાંખ્યું. દેવતાઓએ પ્રભુ પર પુષ્પવૃષ્ટિ કરી. સ્તુતિ કરી.

મુરારિઃ પીઠ-હન્તા ચ તામ્રાદિ-પ્રાણ-હારકઃ ।
ષોડશસ્ત્રી-સહસ્રેશઃ છત્ર-કુંડલ-દાનકૃત્ ॥૨૧૦॥

(૯૪૦) મુરારિઃ = મુર દૈત્યનો વધ કરનારા.

ભૌમાસુર (નરકાસુર)ના નગરની રક્ષા મુર નામનો રાક્ષસ કરતો હતો. તેણે નગરીની ચારે બાજુ દસ હજાર જાળ બિછાવી રાખી હતી. પ્રભુએ પોતાની ગદાથી નગરીને રક્ષતા પહાડો તોડ્યા. બાણોથી નગર રક્ષા માટે ગોઠવેલ શસ્ત્રોની મોરચા બંધી વેરણ-છેરણ કરી નાખી. મુર દૈત્યની જાળોને તલવારથી કાપી નાંખી. શંખનાદથી આ નગરમાં રહેતા વીર પુરુષોના હૃદય ચીરી નાંખ્યા. નગરના પરકોટાને ગદાથી ધ્વંસ કર્યો.

પાંચજન્ય શંખનો અવાજ સાંભળી મુર દૈત્યની આંખ ખૂલી ગઈ. તેને પાંચ માથા હતા. હમણાં સુધી તે જળની અંદર સૂઈ રહ્યો હતો. હવે તે જળની બહાર આવ્યો. તે પ્રચંડ અને તેજસ્વી હતો. તેનું ત્રિશૂલ ઉઠાવી તે ભગવાન તરફ દોડ્યો. ત્રિશૂલને ઘૂમાવી ગરુડજી પર ફેંક્યું. તેના પાંચ પાંચ મુખથી સિંહનાદ કર્યો. પ્રભુએ ગરુડજી તરફ આવતા ત્રિશૂલને જોયું. સ્ફૂર્તિથી બે બાણ છોડી ત્રિશૂલના ત્રણ ટુકડા કરી દીધા. મુરના મોઢાઓમાં ખૂબ બાણ માર્યા. મુરને ક્રોધ આવ્યો. તેણે ભગવાન પર ગદા ચલાવી. ભગવાને પોતાની ગદાના પ્રહારથી મુરની ગદાના ટુકડે ટુકડા કરી દીધા.

ભારતીબેન પરીખ (નવી મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શસ્ત્રવિહીન મુર તેના હાથો ફેલાવી કૃષ્ણ તરફ દોડ્યો. શ્રીકૃષ્ણે રમત માત્રમાં ચક્રથી તેના પાંચે માથા કાપી નાખ્યા. તેના પ્રાણ ઉડી ગયા. તે જળમાં પડ્યો. આ રીતે મુરનો વધ કર્યો.

(૯૪૧) **પીઠહન્તા** = પીઠ અસુરને હણનારા.

મુર રાક્ષસ મર્યો. ભૌમાસુરે પીઠ નામના દૈત્યને તેનો સેનાપતિ બનાવ્યો. ભૌમાસુરના આદેશથી તે કૃષ્ણ પર ચઢી આવ્યો. શ્રીકૃષ્ણ પાસે આવી તે ક્રોધથી બાણ, ખડ્ગ, ગદા, શક્તિ, ઋષ્ટિ અને ત્રિશૂલ જેવા શસ્ત્રોની પ્રચંડ વર્ષા કરવા લાગ્યો. ભગવાનની શક્તિ અમોઘ અને અનંત છે. તેમણે પોતાના બાણોથી તે શસ્ત્રોના ટુકડે ટુકડા કરી દીધા.

ભગવાનના શસ્ત્ર પ્રહારથી સેનાપતિ પીઠ અને તેના સાથી દૈત્યોના અંગો કપાવા લાગ્યા. આ રીતે બધા યમદ્વારે પહોંચી ગયા.

(૯૪૨) **તામ્રાદિપ્રાણહારકઃ** = તામ્ર વગેરેના પ્રાણોને નાશ કરનારા.

મુર દૈત્યના સાત પુત્રો હતા. તામ્ર, અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન્ અને અરુણ. પિતાના મૃત્યુથી તે બધા ખુબ દુઃખી થયા. તેમણે બદલો લેવાનું નક્કી કર્યું. શસ્ત્રો ધારણ કર્યા અને ક્રોધપૂર્વક શ્રીકૃષ્ણ પર હુમલો કર્યો. પીઠ સેનાપતિ સાથે જોડાઈ ગયા. શ્રીકૃષ્ણે તામ્ર વગેરે મુરના પુત્રોના પ્રાણ હરી લીધા.

(૯૪૩) **ષોડશસ્ત્રીસહસ્રેશઃ** = ૧૬૦૦૦ કન્યાઓના સ્વામી.

ભૌમાસુર મરાયો. તેની માતા પૃથ્વી દેવીએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. ભૌમાસુરનો પુત્ર ભગદત્ત હતો. પ્રભુએ તેને અભય આપ્યું. આપ ભૌમાસુરના મહેલમાં પ્રવેશ્યા. ભૌમાસુરે તેમાં સોળ હજાર રાજકુમારીઓને કેદ કરી હતી. ભૌમાસુર રાજાઓ પાસે બળપૂર્વક આ રાજકુમારીઓને લઈ પોતાના અંતઃપુરમાં રાખતો. આ રાજકુમારીઓએ શ્રીકૃષ્ણને જોયા. મનથી જ તે બધી કન્યાઓ પ્રભુને પતિ તરીકે વરી ચૂકી. દરેકના મનમાં થયું કે શ્રીકૃષ્ણ અમારા પતિ થાય. પ્રભુએ આ બધી રાજકુમારીઓને સુંદર નિર્મળ વસ્ત્રાભૂષણ પહેરાવી પાલખીમાં બેસાડી દ્વારકા મોકલી દીધી. દ્વારકા આવી ભગવાને એક જ મુહૂર્તમાં અલગ અલગ ભવનોમાં અલગ અલગ રૂપ ધરી એક સાથે બધી રાજકન્યાઓ સાથે લગ્ન કર્યા.

શાંતાબેન જયંતીલાલ પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

(૯૪૪) **છત્રકુણ્ડલદાનકૃત** = છત્ર અને કુંડલો પાછા લાવનારા.

ભૌમાસુર (નરકાસુર) ખૂબ બળવાન હતો. તેણે વરુણ પાસે છત્ર છીનવ્યું. દેવોની માતા અદિતિના કુંડલ છીનવ્યા અને મેરુ પર્વત પર આવેલ દેવતાઓનો મણિપર્વત છીનવી લીધો.

ઈન્દ્ર દ્વારકા આવ્યો. શ્રીકૃષ્ણને ભૌમાસુરના એક એક કરતુતોની જાણ કરી. શ્રીકૃષ્ણ સત્યભામાજીને લઈ ગરૂડ પર સવાર થઈ ભૌમાસુરની રાજધાનીમાં પધાર્યા. મુર અને ભૌમાસુરને માર્યા.

અહીંથી શ્રીકૃષ્ણ અમરાવતી પધાર્યા. ઈન્દ્રના મહેલમાં ગયા. ઈન્દ્ર અને ઈન્દ્રાણીએ કૃષ્ણની પૂજા કરી. આ વખતે શ્રીકૃષ્ણે અદિતિના કુંડળ અને ઈન્દ્રના છત્રને પાછા સોંપ્યા હતા.

પારિજાતાપહરણઃ દેવેન્દ્ર-મદ-નાશકઃ ।
રુક્મિણીસમ-સર્વસ્ત્રી-સાધ્યભોગ-રતિપ્રદઃ ॥૨૧૧॥

(૯૪૫) **પારિજાતાપહરણઃ** = પારિજાતવૃક્ષનું હરણ કરનારા.

ભૌમાસુરનો નાશ કરી પ્રભુ સત્યભામાજી સાથે અમરાવતી પધાર્યા. અહીંના રાજા ઈન્દ્ર છે. તેના મહેલમાં ગયા. ઈન્દ્ર અને ઈન્દ્રાણીએ સત્યભામાજી તથા શ્રીકૃષ્ણની પૂજા કરી. ભગવાને અદિતિના કુંડલ ઈન્દ્રને આપ્યા. ઈન્દ્રના બગીચામાં કલ્પવૃક્ષ - પારિજાતનું વૃક્ષ હતું. સત્યભામાજીને ગમ્યું. તેમની પ્રેરણાથી શ્રીકૃષ્ણે કલ્પવૃક્ષ ઉખાડી ગરૂડ પર રાખ્યું. દ્વારકા આવ્યા અને સત્યભામાજીના મહેલના બગીચામાં સ્થાપ્યું.

(૯૪૬) **દેવેન્દ્રમદનાશકઃ** = દેવોના ઈન્દ્રના મદનો નાશ કરવાવાળા.

શ્રીકૃષ્ણ પારિજાત લાવ્યા ત્યારે ઈન્દ્રે ખૂબ આનાકાની કરી યુદ્ધ કર્યું. ભગવાને ઈન્દ્ર તથા સમસ્ત દેવતાઓ પર વિજય મેળવ્યો. ઈન્દ્રના બલ અને ઐશ્વર્યના મદને દૂર કર્યો.

ગો.વા. ચુનીલાલ નંદલાલ પટેલ (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

(૯૪૭) રુકમિણીસમ સર્વસ્ત્રી સાદયભોગ રતિપ્રદઃ = સર્વ સ્ત્રીઓને રુક્મિણી સમાન ભોગને તેથી ઉત્કર્ષ અર્પણ કરનારા.

ભૌમાસુરને મારી પ્રભુ તેના મહેલમાં પ્રવેશ્યા. ભૌમાસુરે અહીં સોળ હજાર રાજકુમારીઓને બળપૂર્વક કેદ કરેલી. આ રાજકુમારીઓએ કૃષ્ણને જોયા. મનમાં ને મનમાં શ્રીકૃષ્ણને પતિ તરીકે સ્વીકાર્યા. પ્રભુએ તે બધાને દ્વારકા મોકલી આપ્યા.

અમરાવતીથી પ્રભુ દ્વારકા પધાર્યા. એક જ મુહૂર્તમાં અલગ અલગ ભવનમાં અલગ અલગ રૂપ ધરી એક જ સાથે બધી રાજકુમારીઓ સાથે શાસ્ત્રવિધિથી લગ્ન કર્યા.

ભગવાનની દરેક પત્નીઓના અલગ અલગ મહેલ હતા. તેમાં દિવ્ય સામગ્રીઓ હતી. આ બધી સ્ત્રીઓ લક્ષ્મીજીના અંશરૂપ હતી. શ્રીકૃષ્ણ તેમની સાથે ગૃહસ્થ ધર્મનું આચરણ કરતા હતા.

દેવતાઓ પ્રભુપ્રાપ્તિના માર્ગને જાણતા નથી. આવા લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ આ સ્ત્રીઓને પતિરૂપે મળ્યા. તે બધા દરેક રીતે ભગવાનની સેવા કરતા હતા.

રુક્મિણી-પરિહાસોક્તિ-વાક્તિરોધાન-કારકઃ ।
પુત્ર-પૌત્ર-મહાભાગ્ય-ગૃહ-ધર્મ-પ્રવર્તકઃ ॥૨૧૨॥

(૯૪૮) રુકમિણી પરિહાસોક્તિ-વાક્તિરોધાન કારકઃ = રુક્મિણીજી સાથે થયેલ હાસ્ય વિનોદનાં વચનો વડે રુક્મિણીજીની વાણીને તિરોધાન - બંધ કરનારા.

ભગવાન શ્રીકૃષ્ણ રૂક્મિણીજીથી ક્ષણભર પણ અલગ થતા નહીં. આનાથી રુક્મિણીજી એવું માનવા લાગ્યા કે હું જ પ્રભુને અત્યંત પ્રિય છું. આથી તેમને અભિમાન થયું. આ ગર્વને શાંત કરવા ભગવાને તેમને કેટલાંક હાસ્ય વિનોદનાં વચનો કહેવાની લીલા કરી.

પ્રભુ રુક્મિણીજીને કહે છે કે મોટા મોટા રાજાઓ તમારી સાથે વિવાહ કરવા માંગતા હતા. તમારા પિતા અને ભાઈની પણ ઈચ્છા તે હતી. તમે તે બધાને છોડી દીધા અને મને પતિ તરીકે સ્વીકાર્યો. પણ હું તો કોઈપણ પ્રકારે તમારી સમાન નથી. તમે આવું કેમ કર્યું? હું તો જરાસંઘ વગેરેથી ડરી સમુદ્રના શરણે જઈ રહેવા લાગ્યો છું. બળવાનો સાથે મેં વેર કર્યું છે. રાજ સિંહાસનનો અધિકાર મને નથી.

સરલાબેન ચુનીલાલ પટેલ (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

હું કયા માર્ગનો અનુયાયી છું. અમારો માર્ગ કયો? તે પણ બધાને ખબર નથી. લૌકિક વ્યવહારનું પાલન પણ કરતા નથી. જે સ્ત્રીઓ અમારા જેવા પુરુષોનું અનુસરણ કરે છે તેમને ક્લેશ જ ભોગવવો પડે છે. હું તો સદા અકિંચન છું. મારી પાસે કાંઈ ન હતું અને કંઈ રહેશે નહીં. અકિંચન લોકોને હું પ્રેમ કરું છું. તેઓ મને પ્રેમ કરે છે. પણ પોતાને ધનવાન સમજનારા પ્રાયઃ મને પ્રેમ નથી કરતા. જેમનું ધન, કુળ, ઐશ્વર્ય, સૌંદર્ય અને આવક પોતાના સમાન હોય તેની સાથે વિવાહ અને મિત્રતાના સંબંધ કરવા જોઈએ. પોતાનાથી શ્રેષ્ઠ કે અધમ સાથે સંબંધ કે વિવાહ કરવો નહીં.

શ્રીકૃષ્ણ રુક્મિણીજીને કહે છે કે તમે કંઈ પણ જાણ્યા વગર ભિક્ષુકો પાસેથી મારો ખોટી પ્રશંસા સાંભળી અને મારા જેવા ગુણ વગરના સાથે વિવાહ કર્યા. હજુ કંઈ બગડ્યું નથી. તમે તમારા અનુરૂપ કોઈ શ્રેષ્ઠ ક્ષત્રિયનું વરણ કરો. આથી તમારી આલોક અને પરલોકની બધી આશા અભિલાષા પૂરી થાય.

પ્રિયતમ પતિ પરમેશ્વરના વાક્યો રુક્મિણીજીએ સાંભળ્યા. પહેલાં તો આવું સાંભળ્યું ન હતું. તેથી તે અત્યંત ભયભિત થયા. એમનું હૃદય ધડકવા લાગ્યું. રોતા રોતા ચિંતાના સમુદ્રમાં ડૂબી ગયા.

ભગવાને પોતાની નિન્દાનાં જે વચનો ઉચ્ચાર્યા હતાં તે સર્વ વચનોને રુક્મિણીજીએ 'વ્યાજ સ્તુતિ' તરીકે સમજી તેમનું સ્તુતિ તરીકે પ્રતિપાદન કર્યું હતું (શ્રી ભાગ. ૧૦ અ.૬૦)

(૯૪૯) પુત્રપૌત્રમહાભાગ્ય ગૃહધર્મ પ્રદર્શક : = પુત્ર અને પૌત્ર સંબંધી મહાન ભાગ્યરૂપ ગૃહધર્મ ગૃહસ્થાશ્રમીઓના ધર્મને ઉત્તમ રીતે બીજા જનોને દર્શાવનાર પ્રભુ.

પન્નાબેન કે. દેસાઈ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ હતી અને સોળ હજાર એક સો બીજી પત્નીઓ પણ હતી. આ બધી સ્ત્રીઓએ કૃષ્ણને પતિરૂપમાં પ્રાપ્ત કર્યા હતા. દરેક રાણી પાસે પ્રભુ સેવા કરવા સેંકડો દાસીઓ રહેતી. પણ પ્રભુ પોતાના મહેલમાં પધારે ત્યારે તે રાણીઓ જાતે જ પ્રભુસેવા કરતી હતી.

ભગવાન શ્રીકૃષ્ણની પ્રત્યેક પત્નીને દસ દસ પુત્રો હતા. આઠ પટરાણીઓથી થયેલા પુત્રો આ પ્રમાણે છે.

(૧) રુકિમણીના ગર્ભથી - ૧. પ્રદ્યુમ્ન ૨. ચારુદેષ્ણ ૩. સુદેષ્ણ ૪. પરાક્રમી-ચારુદેહ ૫. સુચારુ ૬. ચારુગુપ્ત ૭. ભદ્રચારુ ૮. ચારુચંદ્ર ૯. વિચારુ ૧૦. ચારુ. આ બધા શ્રીકૃષ્ણથી જરા પણ કમ ન હતા.

(૨)સત્યભામાથી - ૧. ભાનુ ૨. સુભાનુ ૩. સ્વર્ભાનુ ૪. પ્રભાનુ ૫. ભાનુમાન્ ૬. ચંદ્રભાનુ ૭. બૃહદ્ભાનુ ૮. અતિભાનુ ૯. શ્રીભાનુ ૧૦. પ્રતિભાનુ

(૩) જામ્બવતીથી - ૧. સાંબ ૨. સુમિત્ર ૩. પુરુજિત ૪. શતજિત્ ૫. સહસ્રજિત ૬. વિજય ૭. ચિત્રકેતુ ૮. વસુમાન્ ૯. દ્રવિડ ૧૦. ક્રતુ. શ્રીકૃષ્ણને તે બધા પ્રિય હતા.

(૪) નાગ્નજિતી સત્યાથી - ૧. વીર ૨. ચંદ્ર ૩. અશ્વસેન ૪. ચિત્રગુ ૫. વેગવાન્ ૬. વૃષ ૭. આમ ૮. શંકુ ૯. વસુ ૧૦. પરમ તેજસ્વી કુન્તિ

(૫) કાલિન્દીથી - ૧. શ્રુત ૨. કવિ ૩. વૃષ ૪. વીર ૫. સુબાહુ ૬. ભદ્ર ૭. શાન્તિ ૮. દર્શ ૯. પૂર્ણમાસ ૧૦. સોમક

(૬) લક્ષ્મણા (મદ્ર દેશની રાજકુમારી) થી - ૧. પ્રઘોષ ૨. ગાત્રવાન્ ૩. સિંહ ૪. બલ ૫. પ્રબલ ૬. ઉર્ધ્વગ ૭. મહા શક્તિ ૮. સહ ૯. ઓજ ૧૦. અપરાજિત

(૭) મિત્રવિન્દાથી - ૧. વૃક ૨. હર્ષ ૩. અનિલ ૪. ગૃધ્ર ૫. વર્ધન ૬. અન્નાદ ૭. મહાશ ૮. પાવન ૯. વહ્નિ ૧૦. ક્ષુધિ

(૮) ભદ્રાથી - ૧. સંગ્રામજિત ૨. બૃહત્સેન ૩. શૂર ૪. પ્રહરણ ૫. અરિજિત ૬. જય ૭. સુભદ્ર ૮. વામ ૯. આયુ ૧૦. સત્યક

શ્રી યમુના સત્સંગ મંડળ (યુ.એસ.એ.) હ. ભારતીબેન પ્રતાપ પરસોત્તમના જયશ્રીકૃષ્ણ.

બાકીની સોળ હજાર એક સો રાણીને પણ દસ દસ પુત્ર થયા.

રૂકિમણી નંદન પ્રદ્યુમ્નનો વિવાહ માયાવતીરતિ અને રુકમવતી સાથે થયો. તેમને ત્યાં અનિરુદ્ધનો જન્મ થયો. આમ શ્રીકૃષ્ણના પુત્ર-પૌત્રોની સંખ્યા કરોડો સુધી થઈ ગઈ.

રૂકિમણીજીને દસ પુત્રો ઉપરાંત એક કન્યા પણ હતી. તેનું નામ ચારુમતી હતું. કૃતવર્માના પુત્ર બલીએ તેની સાથે લગ્ન કરેલા.

શંબરાન્તક-સત્પુત્ર-વિવાહ-હત-રુક્મિકઃ ।
ઉષાપહૃત-પૌત્ર-શ્રીઃ બાણ-બાહુ-નિવારકઃ ॥૨૧૩॥

(૯૫૦) શમ્બરાન્તક સત્પુત્ર વિવાહ હત રુક્મિકઃ = શંબરાસુરનો નાશ કરનારા શ્રી પ્રદ્યુમ્નજીના સુપુત્ર શ્રી અનિરુદ્ધના વિવાહ પ્રસંગે રૂકિમને હણનારા.

રુકિમણીજીના ભાઈનું નામ રુકિમ હતું. શ્રીકૃષ્ણે રણભૂમિમાં રુકિમનો તિરસ્કાર કરેલો. આથી તેના હૃદયમાં કૃષ્ણ માટે વેર હતું.

રુકિમણીજીના પુત્ર હતા પ્રદ્યુમ્ન. રુકિમ તેમના મામા થાય. રુકિમની પુત્રી હતી. તેનું નામ રૂકમવતી. તેણે સ્વયંવરમાં પ્રદ્યુમ્નને વરમાળા પહેરાવી હતી. પ્રદ્યુમ્નના પુત્ર થયા અનિરુદ્ધજી.

રુકિમએ પોતાની બહેન રુકિમણીજીને પ્રસન્ન કરવા પોતાની પૌત્રી રોચનાનો વિવાહ રુકિમણીજીના પૌત્ર અનિરુદ્ધ સાથે કર્યા. વિવાહમાં તેણે શ્રીકૃષ્ણ, બલરામજી, રુકિમણીજી, પ્રદ્યુમ્ન, સાંબ વગેરે દ્વારકાવાળાઓને પોતાની નગરી ભોજકટમાં પધરાવ્યાં.

વિવાહ નિર્વિઘ્ને સમાપ્ત થયો. કેટલાક રાજાઓએ રુકિમને ચઢાવ્યો અને બલરામજી સાથે ચોપાટ રમવા પ્રેર્યો. બલરામજીને પાસા નાંખતા આવડતા નહીં પણ તેમને રમવાનું વ્યસન હતું. બંને ચોપાટ રમવા લાગ્યા. બલરામજીએ પહેલા સો પછી હજાર પછી દસ હજાર મહોરોનો દાવ

કૈલાસબેન આર. ગોર (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ.

લગાવ્યો. રુક્મિ આમાં જીતી ગયો. બીજા રાજાઓ બલરામજીની હાંસી ઉડાવા લાગ્યા. આથી બલરામજી ખીજાયા.

રુક્મિએ હવે એક લાખ મોહરનો દાવ લગાવ્યો. બલરામજી આમાં જીત્યા. છતાં રુક્મિ કહેવા લાગ્યો કે 'હું જીત્યો છું.' બલરામજીને આથી ક્રોધ આવ્યો. તેમણે દસ કરોડ મહોરનો દાવ લગાવ્યો. આમાં પણ નિયમથી તો બલરામજી જીત્યા. રુક્મિએ છળથી કહ્યું 'હું જીત્યો' આકાશવાણી આ વખતે થઈ અને કહ્યું કે બલરામજી આ દાવ જીત્યા છે. રુક્મિ ખોટું કહે છે કે તે જીત્યો છે. રુક્મિએ આકાશવાણી પર ધ્યાન ન આપ્યું. બલરામજીની મશ્કરી કરવા લાગ્યો. બલરામજીને ખૂબ ક્રોધ આવ્યો. પોતાના મુસલથી રૂક્મિને મારી નાંખ્યો. અહીં શ્રીબલરામજીની લીલાને શ્રીકૃષ્ણની લીલા તરીકે દર્શાવી છે.

(૯૫૧) ઉષા પહૃત પૌત્રશ્રીઃ = ઉષા માટે તેની સખી ચિત્રલેખાએ યોગશક્તિથી હરણ કરેલા પોતાના પૌત્રની શ્રી સંપત્તિ જેમનાથી છે તેવા શ્રીકૃષ્ણ.

ઉષા બાણાસુરની પુત્રી હતી. ચિત્રલેખા તેની સખી હતી. તે પોતાની યોગશક્તિથી અનિરુદ્ધનું હરણ કરી લાવી. ઉષા અને અનિરુદ્ધ સાથે રહેવા લાગ્યા. બાણાસુરને આ સમાચાર મળ્યા. તેણે આ બંનેનો સહવાસ જોયો. અનિરુદ્ધને નાગપાશથી બાંધી લીધો. બંદીખાને નાંખ્યો. શ્રીકૃષ્ણ પોતાના પૌત્ર અનિરુદ્ધને મુક્ત કરવા પધાર્યા. અનિરુદ્ધ મુક્ત થયા. ત્યારે સ્ત્રી સાથે અનેક સંપત્તિ પણ અનિરુદ્ધને પ્રાપ્ત થઈ. શ્રીકૃષ્ણના લીધે જ આ શક્ય થયું.

(૯૫૨) બાણ બાહુ નિવારકઃ = બાણાસુરના બાહુઓ છેદનારા. શ્રી શંકરના વરદાનને સત્ય કરવા બાણાસુર સાથેના યુદ્ધમાં તેના ચાર હાથ સિવાય ૯૯૬ બાહુઓ છેદી નાંખનારા.

ઉપરના બે નામની સંગતિ માટે શ્રી ભાગવત ૧૦મા સ્કંધના ૬૨ અને ૬૩ અધ્યાયની કથા ઉપયોગી બનશે.

આરીવ રીતેષ મોદી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

બલિરાજાના સો દિકરા હતા. તેમાં સૌથી મોટો પુત્ર બાણાસુર હતો. તે શિવજીની ભક્તિમાં સદા રત રહેતો. તે શોણિતપુરમાં રાજ્ય કરતો હતો. શંકર ભગવાનની કૃપાથી ઈન્દ્ર વગેરે દેવતાઓ નોકર-ચાકરની જેમ તેની સેવા કરતા હતા. તેને એક હજાર ભુજાઓ હતી.

એક વાર શંકર ભગવાન તાંડવ નૃત્ય કરતા હતા. આ સમયે તેણે હજાર હાથોથી વાજીંત્રો વગાડ્યા. શંકર ભગવાન પ્રસન્ન થયા. ભગવાને તેને વર માંગવા કહ્યું. બાણાસુરે કહ્યું, 'મારા નગરની રક્ષા કરતા આપ અહીં જ રહો.'

બાણાસુર ઘમંડી થયો. તેણે શંકરજીને કહ્યું કે 'આપને છોડીને મારી બરાબરી કરે તેવો કોઈ યોદ્ધો ત્રિલોકમાં નથી. મારી સામે કોઈ લડી શકતું નથી. મારા હાથમાં લડવા માટે ખંજવાળ આવે છે.'

શંકરજીને આ સાંભળી ક્રોધ આવ્યો. અને કહ્યું 'મૂઢ! જે દિવસે તારી ધ્વજા તૂટીને પડી જશે તે સમયે મારા જેવા જ યોદ્ધા સાથે તારું યુદ્ધ થશે. તે યુદ્ધ તારો ઘમંડ ચૂર-ચૂર કરી દેશે.' બાણાસુર તે દિવસની રાહ જોવા લાગ્યો.

તેને એક કન્યા હતી. તેનું નામ ઉષા હતું. તેને એક રાત્રે સ્વપ્ન આવ્યું. તેમાં તેણે અનિરુદ્ધજી સાથે થયેલ સમાગમથી તે વિહ્વળ થઈ ગઈ. ઉષાની સહેલી હતી. તેનું નામ ચિત્રલેખા હતું. ચિત્રલેખાએ ઉષાને તેની વિહ્વલતાનું કારણ પૂછ્યું. ઉષાએ તેને સ્વપ્નની વાત કરી અને કહ્યું કે હું મારા પ્રાણવલ્લભને શોધું છું.

ચિત્રલેખા પાસે યોગ શક્તિ હતી. તેના પ્રભાવથી તે પલંગ પર સૂતા અનિરુદ્ધજીને દ્વારકાથી રાત્રિમાં આકાશમાર્ગે શોણિતપુર લઈ આવી. ઉષા સાથે મેળાપ કરાવ્યો. ઉષાના અંતઃપુરમાં કોઈ પુરુષ પ્રવેશી શકતો નહીં. અનિરુદ્ધજી અહીં આવીને પોતાની જાતને પણ ભૂલી ગયા. કેટલો સમય વીત્યો તે પણ ભૂલી ગયા. અનિરુદ્ધજીના સહવાસથી ઉષાનું કૌમાર્ય નષ્ટ

શ્રી યમુના મોટર્સ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

થઈ ચૂક્યું હતું. તેના શરીર પર તેના ચિહ્નો પ્રગટ થઈ ગયા. અંતઃપુરના પહેરેદારોને આ વાત સમજાઈ ગઈ. તેમણે જઈ બાણાસુરને માહિતી આપી.

બાણાસુર અચાનક જ ઉપરના મહેલમાં ગયો. અનિરુદ્ધજીને જોયા. બાણાસુર સૈનિકોને લઈને આવેલો. તે બધા અનિરુદ્ધજીને પકડવા આગળ વધ્યા. અનિરુદ્ધજીએ લોખંડના પરિઘથી બધાને મારી નાંખ્યા.

બાણાસુરે હવે અનિરુદ્ધજીને નાગપાશથી બાંધી લીધા.

આ બાજુ દ્વારકામાંથી અનિરુદ્ધજી ગયા પછી ચાર મહિના વીતી ગયા હતા. બધા શોકાકુલ હતા. અહીં નારદજી આવ્યા. તેમણે અનિરુદ્ધજીના શોણિતપુરના સમાચાર આપ્યા. યદુવંશીઓએ શોણિતપુર પર ચઢાઈ કરી. બાર અક્ષૌહિણી સેના હતી. શ્રીકૃષ્ણ બળદેવજી વગેરે સાથે જ હતા. બાણાસુર પણ બાર અક્ષૌહિણી સેના લઈ લડવા આવ્યો. ભગવાન શંકર અને કાર્તિકેય પણ બાણાસુરના પક્ષમાં રહી લડવા પધાર્યા. તેમણે શ્રીકૃષ્ણ તથા બલરામજી સાથે યુદ્ધ કર્યું. શ્રીકૃષ્ણ અને શંકરજી, પ્રદ્યુમ્નજી અને કાર્તિક સ્વામી તથા બલરામજી અને કુંભાંડ (બાણાસુરનો મંત્રી) અને બાણાસુર તથા સાત્યકિ સામસામે લડવા લાગ્યા.

શ્રીકૃષ્ણે શંકરજીના અનુચરોને મારી ભગાડ્યા. શ્રીકૃષ્ણે શંકરજીના અસ્ત્ર-શસ્ત્ર પ્રયોગોને નિષ્ફળ કર્યા. શ્રીકૃષ્ણે જૃમ્ભણાસ્ત્ર છોડ્યું. તેથી મહાદેવજી મોહિત થયા અને યુદ્ધમાંથી હટી ગયા. શ્રીકૃષ્ણ હવે બાણાસુરની સેનાનો નાશ કરવા લાગ્યા. કાર્તિકેય અને કુંભાણ્ડ પણ ઘાયલ થયા. બાણાસુરે તેની ભાગતી સેનાને જોઈ. તે કૃષ્ણ પર આક્રમણ કરવા દોડ્યો. તેણે એક હજાર હાથમાં પાંચસો ધનુષ્ય ખેંચી દરેક ધનુષમાં બે-બે બાણ ચઢાવ્યા. ભગવાને શ્રીકૃષ્ણે તેના બધા ધનુષ કાપી નાખ્યા. બાણાસુરને બચાવવા તેની ધર્મમાતા કોટરા આવી. બાણાસુર ભાગીને નગરમાં આવ્યો. શંકરે જ્વરને છોડ્યો. કૃષ્ણે તેને પણ પરાસ્ત કર્યો.

બાણાસુર પાછો યુદ્ધ કરવા આવ્યો. શ્રીકૃષ્ણે ચક્રથી તેની ૯૯૬ ભુજાઓ કાપી નાખી. ચાર ભુજાઓ બાકી રાખી. બાણાસુર પ્રહલાદજીના વંશનો છે તેથી તેને જીવતો રાખ્યો. શંકરજીના મુખ્ય પાર્ષદ બનવાનું વરદાન આપ્યું. ('બાણ બાહુ નિવારકઃ' નામની સંગતિ)

ક્રિસ્ટલ ઈમ્પેક્સ પ્રા. લી. (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

બાણાસુરે પ્રભુને પ્રણામ કર્યા. ઉષા અને અનિરુદ્ધજીને રથમાં બેસાડી શ્રીકૃષ્ણ પાસે લઈ આવ્યો. ઉષાએ કિંમતી વસ્ત્રો અને ખૂબ આભુષણો પહેર્યા હતા. અનિરુદ્ધજી સાથે ઉષાને રથમાં બેસાડી કૃષ્ણે તેમને દ્વારકા તરફ મોકલ્યા. તેમની આગળ એક અક્ષૌહિણી સેના ચાલતી હતી. ('ઉષાપહ્રત પૌત્ર શ્રીઃ' નામની સંગતિ)

શીત-જ્વર-ભય-વ્યાપ્ત-જ્વર-સંસ્તુત-ષડ્ગુણઃ ।
શંકર-પ્રતિ-યોદ્ધા ચ દ્વન્દ્વ-યુદ્ધ-વિશારદઃ ॥૨૧૪॥

(૯૫૩) શીતજ્વર ભય વ્યાપ્ત જ્વર સંસ્તુત ષડ્ગુણઃ = શીત જ્વરના ભયથી વ્યાપ્ત થયેલ ઉષ્ણ જ્વરથી સ્તુતિ કરાયેલા છ ગુણવાળા શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણે બાણાસુર સાથે યુદ્ધ કર્યું. શ્રીકૃષ્ણે શંકરના ભૂતગણોને મારી ભગાડ્યા. આ વખતે શંકરજીએ ઉષ્ણ જ્વરને છોડ્યો. તેના ત્રણ માથા અને ત્રણ પગ હતા. તે દશે દિશાઓને બાળતો હતો. શ્રીકૃષ્ણ તરફ તે દોડ્યો. શ્રીકૃષ્ણે આ જોયું અને પોતાનો શીત જ્વર છોડ્યો. માહેશ્વર (ઉષ્મ) જ્વર અને વૈષ્ણવ (શીત) જ્વર એકબીજા સાથે લડવા લાગ્યા. વૈષ્ણવ (શીત) જ્વરના તેજથી માહેશ્વર જ્વર પીડાયો. બૂમો પાડવા લાગ્યો. અત્યંત ભયભીત થયો. તેને કોઈ જગ્યાએ રક્ષણ ન મળ્યું. ત્યારે તે નમ્ર થઈ હાથ જોડી શ્રીકૃષ્ણના શરણમાં ગયો અને ષડ્ગુણ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી.

(૯૫૪) શંકર પ્રતિ યોદ્ધાઃ = શંકર સાથે યુદ્ધ કરનારા.

આગળ આપણે જોયું કે શ્રીકૃષ્ણે બાણાસુરની રાજધાની પર હુમલો કર્યો ત્યારે શંકરજી બાણાસુરનો પક્ષ લઈ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા આવેલા.

અરુણાબેન કિશોરભાઈ દેસાઈ (નંદુરબાર)ના જયશ્રીકૃષ્ણ.

(૯૫૫) દ્વાન્દ્વ યુદ્ધ વિશારદઃ = સામ સામા થઈ યુદ્ધ કરવામાં કુશલ – નિપુણ

બાણાસુર તરફથી ભગવાન શંકર નંદી પર સવાર થઈ, કાર્તિકેય અને ગણોને સાથે લઈ રણભૂમિમાં પધાર્યા. તેમણે ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામજી સાથે યુદ્ધ કર્યું. શ્રીકૃષ્ણએ શંકરજી સાથે અને પ્રદ્યુમ્ને કાર્તિકેયજી સાથે યુદ્ધ કર્યું.

નૃગપાપપ્રભેત્તા ચ બ્રહ્મસ્વગુણ દોષ દૃક્ ।
વિષ્ણુભક્તિવિરોધૈક બ્રહ્મસ્વવિનિવારકઃ ॥૨૧૫॥

(૯૫૬) નૃગપાપપ્રભેત્તા = નૃગ રાજાના પાપને દૂર કરનાર.

નૃગ રાજા ઈક્ષ્વાકુ મહારાજના પુત્ર હતા. પૃથ્વીમાં જેટલા ધૂળના કણો છે, આકાશમાં જેટલા તારા છે અને વરસાદમાં જેટલી જલની ધારાઓ પડે છે, તેટલી ગાયો એણે દાનમાં આપી હતી. નૃગ રાજા યુવાન વયથી આ દાન શ્રેષ્ઠ બ્રાહ્મણકુમારોને કરતા.

એક વાર એક બ્રાહ્મણની ગાય છૂટી પડીને નૃગરાજાની ગાયોમાં આવી ગઈ. રાજાને તે વાતની ખબર ન પડી. અજાણતાં આ ગાય રાજાએ બીજા બ્રાહ્મણને દાનમાં આપી દીધી. આ બ્રાહ્મણ ગાય લઈને જતો હતો ત્યારે તે ગાયનો અસલ બ્રાહ્મણ માલિક રસ્તામાં મળ્યો. તેણે કહ્યું કે આ ગાય મારી છે. દાન લેનાર બ્રાહ્મણે કહ્યું કે મારી છે. બંને ઝઘડતા રાજા પાસે આવ્યા. રાજાને તેની ભૂલ સમજાણી. તેનો નિકાલ કરવા ભૂદેવોને બીજી અનેક ગાયો દાનમાં લેવા સમજાવ્યા. પણ બંનેમાંથી કોઈ માન્યા નહીં.

નૃગનું આયુષ્ય સમાપ્ત થયું. બ્રાહ્મણને દાનમાં આપેલી ગાય બીજા બ્રાહ્મણને દાનમાં આપ્યાના પાપને લીધે રાજા કાચીંડાની યોનિમાં જન્મ્યો અને દ્વારકા નજીર એક ઉપવનમાં પડ્યો.

એક દિવસ યદુવંશી રાજકુમારો આ ઉપવનમાં આવ્યા. તરસ મીટાવવા આ કુવા પાસે આવ્યા. ત્યાં તેમણે આ કાચીંડો જોયો. તેમણે તે કાઢવા

વીણાબેન સુધાકરભાઈ મહેતા (સુરત)ના જયશ્રીકૃષ્ણ.

પ્રયત્ન કર્યો પણ તેને કાઢી ન શક્યા. તેમણે શ્રીકૃષ્ણને આ વાત કરી. શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા અને અનાયાસ એ કાચિંડાને બહાર કાઢ્યો. શ્રીકૃષ્ણના હાથના સ્પર્શથી કાચિંડો બનેલ નૃગ રાજા પાપના દોષમાંથી મુક્ત થયો.

(૯૫૭) બ્રહ્મસ્વગુણદોષદૃક્ = (૧) બ્રહ્મસ્વના ગુણ અને દોષોને જોનાર (૨) બ્રહસ્વમાં રહેલા ગુણ અને દોષો બીજાને દર્શાવનાર (૩) નૃગ રાજાને બ્રહ્મસ્વથી થયેલા દોષ અને ગુણો અન્ય પુરુષોને દર્શાવનાર. બ્રહ્મસ્વ એટલે બ્રાહ્મણની વસ્તુને પોતાની કરી લેવી તે.

શ્રીકૃષ્ણે પોતાના પરિજનોને ઉદ્દેશીને બ્રહ્મસ્વના ઘોર પાપનું અને તેના ફલરૂપ ભગવદ્ દર્શનનું વર્ણન ૬૪મા અધ્યાયમાં કર્યું છે.

રાજા નૃગ બ્રહ્મસ્વના દોષથી કાચિંડો બનેલા. શ્રીકૃષ્ણના સ્પર્શથી તે કાચિંડાના રૂપમાંથી સ્વર્ગીય દેવતાના રૂપમાં પરિવર્તિત થઈ ગયો. નૃગે ભગવાનની પરિક્રમા કરી. પ્રણામ કર્યા. ચરણ કમલનો સ્પર્શ કર્યો અને વિમાનમાં બેસી દેવલોક ગયો.

નૃગના ગયા પછી શ્રીકૃષ્ણે ક્ષત્રિયોને શીખ આપવા ત્યાં ઉપસ્થિત કુટુંબના સર્વ લોકોને કહ્યું 'અગ્નિ સમાન તેજસ્વી લોકો પણ બ્રાહ્મણોનું થોડું ધન પણ હડપ કરીને પચાવી શકતા નથી. બ્રાહ્મણોનું ધન હલાહલ વિષથી પણ ભયંકર છે. વિષની ચિકિત્સા થાય, પણ આ ધનની કોઈ ચિકિત્સા નથી. બ્રાહ્મણના ધનને હડપ કરવાથી સંપૂર્ણ ફળ મૂળ સહિત નાશ પામે છે. તેવા માણસની પેઢીઓની પેઢી નાશ પામે છે. આવા લોકો નરકમાં જાય છે.'

શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે કે બ્રાહ્મણનું ધન ભૂલથી પણ રાજ્યની તિજોરીમાં આવવું જોઈએ નહીં. અજાણતા પણ આવો અપરાધ થાય તો પણ અધઃપતન થાય છે.

નૃગે અજાણતાં બ્રહ્મસ્વ દોષ કર્યો. કાચિંડાની યોનિ મળી. નૃગે પુષ્કળ દાન પણ કરેલું આથી તેને ભગવદ્ દર્શન રૂપી દિવ્ય ફલ પણ પ્રાપ્ત થયું. પ્રભુએ બ્રહ્મસ્વના ગુણ અને દોષોને સર્વત્ર પ્રસરાવવાના હેતુથી જ યદુરાજ

સૌરભ રાજેશ શેઠ હ. સુનીલ રામનાથ ગુજરાથી (વેલ્હે)ના જયશ્રીકૃષ્ણ.

કુમારોને ઉપદેશ આપેલો છે. આમ શ્રીકૃષ્ણ બ્રહ્મસ્વના ગુણ દોષ જોનારા છે.

(૯૫૮) વિષ્ણુ ભક્તિ વિરોધૈક બ્રહ્મસ્વ વિનિવારકઃ = બ્રહ્મસ્વનો દોષ વિષ્ણુભક્તિમાં વિરોધ કરે છે. તેનું નિવારણ કરનારા કૃષ્ણ.

નૃગરાજાના પ્રસંગમાં તેણે કરેલ અજાણતાથી બ્રહ્મસ્વના દોષનું ફલ તેણે ભોગવ્યું. તે પ્રભુભક્તિમાં પ્રતિબંધ કરનાર હતું. શ્રીકૃષ્ણે પોતાના સ્પર્શથી તે દોષનું વિશેષ રીતે નિવારણ કર્યું. અર્થાત્ બ્રહ્મસ્વથી થયેલ પાપને દૂર કર્યા.

બલભદ્રાહિતગુણો ગોકુલપ્રીતિદાયકઃ ।
ગોપીસ્નેહૈક નિલયો ગોપીપ્રાણ સ્થિતિપ્રદઃ ॥૨૧૬॥

(૯૫૯) બલભદ્રાહિતગુણઃ = બલદેવજીમાં શોકરહિતપણું, આનંદી સ્વભાવ વગેરે ગુણોનું સ્થાપન કરનારા.

બલરામજીને નંદબાબાને મળવું હતું. સ્વજન સંબંધીઓને મળવું હતું. તેના માટે તેમની ખૂબ ઉત્કંઠા હતી. એક વાર તે દ્વારકાથી વ્રજમાં આવ્યા. વ્રજવાસીઓને પણ બલરામજીને મળવાની ઉત્કંઠા હતી.

બલરામજીને આવેલા જોઈને બધાએ તેમને પ્રેમથી ગળે લગાડ્યા. બલરામજીએ માતા પિતાને પ્રણામ કર્યા. તેમણે બલરામજીને આશીર્વાદ આપ્યા. અભિનંદન આપ્યા. આમ વ્રજજનોને બળદેવજીના આનંદદાયી વર્તનથી દિવ્ય આનંદ થયો. શ્રીકૃષ્ણ અને બલરામજી વચ્ચેના અભેદના કારણથી આ નામ શ્રીકૃષ્ણના નામ તરીકે જણાવ્યું છે.

(૯૬૦) ગોકુલ પ્રીતિદાયકઃ = ગોકુલ નિવાસી જનોને પ્રીતિ-આનંદ-હર્ષ પમાડનાર.

બળદેવજીએ ગોકુલના નિવાસી તેમના માતા પિતા વગેરેને પ્રીતિનું દાન કર્યું છે. બળદેવજી દ્વારકાથી ગોકુળ આવ્યા. માતા-પિતાને ખૂબ આનંદ થયો. માતા-પિતાએ બળદેવજીને કહ્યું 'તમે જગદીશ્વર છો. નાના ભાઈ

રજનીકાંત રમણલાલ કાવઠીયા (મોડાસા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ સાથે સર્વદા અમારી રક્ષા કરો છો.' આમ કહી બળદેવજીને ગોદમાં લીધા અને પ્રેમ અશ્રુઓથી તેમને ભીંજવી નાંખ્યા.

બલરામજીએ મોટા ગોપોને નમસ્કાર કર્યા. નાના ગોપોએ બલરામજીને નમસ્કાર કર્યા. બલરામજી ગ્વાલબાલ પાસે ગયા. કોઈની સાથે હાથ મેળવ્યા. કોઈની સાથે મીઠી વાતો કરી. કોઈને ખૂબ હસાવી ગળે લગાવ્યા. બલરામજીએ બધાના ક્ષેમકુળશ પૂછ્યા. આ નામ પણ શ્રીકૃષ્ણ માટે છે.

(૯૬૧) ગોપીસ્નેહૈક નિલયોઃ = ગોપીઓના સ્નેહના એક જ આધાર રૂપ.

શ્રીગોપીજનોના અને શ્રીબલરામજીના વાર્તાલાપમાં શ્રીગોપીજનોના શ્રીકૃષ્ણ તરફનો અગાધ પ્રેમ દેખાય છે. ૬૫મા અધ્યાયમાં આ વર્ણન છે.

ગોપીજનો બલરામજીના દર્શનથી આનંદિત થયા. તેમને શ્રીકૃષ્ણ વિષે પૂછવા લાગ્યા. 'દ્વારકાની સ્ત્રીઓના પ્રાણવલ્લભ શ્રીકૃષ્ણ કુશળ છે ને? તે તેમના માતા-પિતા, ભાઈ-બંધુને યાદ કરે છે? શ્રીકૃષ્ણ તેમની માતાના દર્શન માટે એકવાર અહીં આવશે? શ્રીકૃષ્ણ અમારી સેવાનું સ્મરણ કરે છે? શ્રીકૃષ્ણે વ્રજ છોડ્યું ત્યારે અમે તેમને રોકી શકત પણ તેમણે કહ્યું, હું તમારો ઋણી છું. તમારા ઉપકારનો બદલો ચૂકવી નહીં શકું.' તેમની આવી મીઠી મીઠી વાતો પર અમે વિશ્વાસ કરી લીધો. અમે તો ગામડાની સ્ત્રીઓ છીએ. તેથી ગમાર છીએ. તેથી તેમની વાતમાં આવી ગયા. પણ શહેરની (દ્વારકા) સ્ત્રીઓ ચતુર હોય તે કૃષ્ણની વાતોમાં ફસાય નહીં.

શ્રીગોપીઓના ભાવ નેત્રો સામે શ્રીકૃષ્ણની મૂર્તિ ઊભી થઈ ગઈ. શ્રીકૃષ્ણની મધુર સ્મૃતિમાં તન્મય થઈ તે રોવા લાગી. આમ શ્રીકૃષ્ણ તરફનો ગોપીજનોનો અગાધ પ્રેમ દેખાય છે.

(૯૬૨) ગોપી પ્રાણ સ્થિતિ પ્રદઃ = શ્રીગોપીજનોના પ્રાણનું અસ્તિત્વ ટકાવનારા.

શ્રીકૃષ્ણ મથુરા ગયા. શ્રીગોપીજનોને લાગ્યું કે વાતવાતમાં અમારા પ્રેમનું બંધન કાપી કૃષ્ણ પરદેશ જતા રહ્યા. અમારી સાથે સંબંધ તોડી

કાળીદાસ વી. કાસુન્દ્રા (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

નાંખ્યો. અમને બિલકુલ છોડી દીધા. ગોપીજનોને લાગે છે કે એ નિષ્ઠુર (કૃષ્ણ)નો સમય આપણા વગર વીતી જાય છે તો આપણો સમય પણ ભલે દુઃખથી પણ વીતી જશે.

શ્રીગોપીજનોની આ ભાવ સ્થિતિ બળદેવજીએ જોઈ. બલરામજી અનુનય-વિનય કરવામાં નિપુણ હતા. તેમણે ભગવાન શ્રીકૃષ્ણના સંદેશા ગોપીજનોને સંભળાવ્યા. આ સંદેશા હૃદય સ્પર્શી અને લોભાવનારા હતા. આ સંદેશાઓ સંભળાવીને ગોપીજનોને સાન્ત્વન આપ્યું. (૧૦-૬૫-૧૬)

વાક્યાતિગામિયમુના હલાકર્ષણ વૈભવઃ ।
પૌંડ્રકત્યાજિતસ્પર્ધઃ કાશીરાજ વિભેદનઃ ॥૨૧૭॥

(૯૬૩) વાક્યાતિગામિ યમુના હલાકર્ષણ વૈભવઃ = પોતાના વાક્યોનું ઉલ્લંઘન કરનારા યમુનાજીને હળથી ખેંચવામાં જેઓ મહાસમર્થ છે એવા.

શ્રીબલરામજી વસંત ઋતુના બે મહિના ચૈત્ર અને વૈશાખ વ્રજમાં રોકાયા. રાત્રિના સમયે ગોપીજનો સાથે રહી તેમના પ્રેમની અભિવૃદ્ધિ કરતા હતા. ચંદ્ર પૂર્ણ ખીલેલો. યમુનાજીમાં કુમુદિની ખીલી હતી. તેની સુગંધ લઈ વાયુ વહેતો હતો. ચાંદનીથી યમુનાજીનો તટવર્તી ઉપવન ઉજ્વલ થઈ ગયા હતો. આ વખતે વરુણદેવે પોતાની પુત્ર વારુણીદેવીને ત્યાં મોકલી. એક વૃક્ષમાંથી વારુણી વહેવા લાગી. આથી તેની સુગંધથી ઉપવન સુગંધિત થયું. બલરામજી ગોપીઓને લઈને અહીં આવ્યા અને વારુણીનું પાન કર્યું. ગોપીજનો બલરામજીના ચરિત્રનું ગાન કરવા લાગ્યા.

હવે સર્વશક્તિમાન બલરામજીએ જલક્રીડા માટે યમુનાજીને બૂમ પાડી. યમુનાજીએ જોયું કે બલરામજી તો મતવાળા થઈ ગયા છે. આથી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. યમુનાજી આવ્યા નહીં. તેથી બલરામજીએ ક્રોધ કર્યો અને કહ્યું, 'તેં મારા આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. તને આનું ફળ ચખાડું છું. મારા

ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ (ટેક્ષ કન્સલ્ટન્ટ, પાટણ)ના જયશ્રીકૃષ્ણ.

હળની અણીથી તારા સો સો ટુકડા કરું છું.' આમ કહી યમુનાજીને હળથી ખેંચ્યા.

શુકદેવજી પરીક્ષિતજીને કહે છે કે આજે પણ યમુનાજી શ્રીબલરામજીના ખેંચેલા માર્ગથી વહે છે અને અનન્ત શક્તિ ભગવાન બલરામજીના યશ ગાન કરતી હોય તેવું લાગે છે.

આ કથામાં યમુનાજી તે જલરૂપિણી યમુનાજી સમજવાના. કૃષ્ણતુર્યપ્રિયા યમુનાજી આ નથી. વળી જળવિહાર શ્રીબલરામજી સાથે કરનારા ગોપીજનો પણ ઈતર જુથનાં હતાં. આ બધા મૂળમાં નાગકન્યાઓ હતી. તેમની ઈચ્છા અનન્ત ભગવાન (બળદેવજી) સાથે વિવાહ કરવાની હતી. શ્રીભાગવત દશમ સ્કંધના પાંચમા અધ્યાયના વીસમા શ્લોક પ્રમાણે શંકરજી સંકર્ષણજીની સ્તુતિ કરતાં કહે છે કે 'આપના ચરણ સ્પર્શથી નાગપત્નિઓ લજ્જાવશ થાય છે. તેમનાં ચિત્ત ચંચળ બને છે. તેથી આપની પૂજા કરવામાં અસમર્થ થઈ જાય છે.'

આ નાગસ્ત્રીઓ શ્રીકૃષ્ણના જન્મના સમયે શ્રીગોપીજનો રૂપે આવિર્ભાવ પામી હતી.

(૯૬૪) પૌંડ્રકત્યા જિત સ્પર્ધઃ = પૌંડ્રકરાજાની સ્પર્ધાને છોડવનારા.

પૌંડ્રક નામનો રાજા હતો. તે કુરૂષ દેશનો રાજા હતો. તે શ્રીકૃષ્ણનો દ્વેષ કરતો હતો. એકવાર તેણે શ્રીકૃષ્ણ પાસે એક દૂત મોકલ્યો અને કહેવડાવ્યું કે 'હું ભગવાન વાસુદેવ છું.' મુર્ખાઓ તેને બહેકાવતા હતા આથી તે માની બેઠેલો કે તે જ કૃષ્ણ છે. આથી તેણે દ્વારકા આ દૂતને મોકલ્યો. ત્યાં રાજસભામાં દૂતે પૌંડ્રક જ વાસુદેવ છે તે સંદેશો આપ્યો. શ્રીકૃષ્ણે દૂતને જવાબ આપતાં કહ્યું કે 'હું ચક્ર વગેરે ચિહ્નો નહીં છોડું. આ ચિહ્નોને તારા અને તારા સાથીઓ પર છોડીશ અને તું માંસભક્ષી પક્ષીઓનો શિકાર બનીશ.'

દૂતે જઈને પૌંડ્રકને આ સમાચાર આપ્યા. પૌંડ્રક આ વખતે કાશીમાં તેનો મિત્ર રાજી પાસે આવેલો હતો. આથી શ્રીકૃષ્ણે કાશી ઉપર ચઢાઈ

હંસાબેન આર. શાહ (થાણે)ના જયશ્રીકૃષ્ણ.

કરી. પૌંડ્રક તેની બે અક્ષૌહિણી અને કાશીરાજ ત્રણ અક્ષૌહિણી સેના લઈ શ્રીકૃષ્ણ સામે લડવા આવ્યા. પૌંડ્રકે શ્રીકૃષ્ણ જેવો બનાવટી વેશ અને આયુધો ધર્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ આ જોઈ હસવા લાગ્યા. શત્રુઓએ શ્રીકૃષ્ણ પર હુમલો કર્યો. શ્રીકૃષ્ણે ગદા, તલવાર, ચક્ર અને બાણની મદદથી શત્રુઓની સેનાનો નાશ કર્યો.

શ્રીકૃષ્ણે પૌંડ્રકનો તિરસ્કાર કર્યો. બાણોથી પૌંડ્રકના રથને તોડી નાંખ્યો. ચક્રથી તેનું માથું ઉતારી દીધું. (વસુદેવજીએ કાશીરાજાની પુત્રી સાથે પણ લગ્ન કરેલા. તેનાથી પૌંડ્રકનો જન્મ થયેલો.)

(૯૬૫) કાશીરાજ વિભેદનઃ = કાશીરાજનો નાશ કરનારા.

પૌંડ્રક મિથ્યા વાસુદેવ બનેલો. કાશીરાજ તેનો મિત્ર હતો. તે પૌંડ્રકને ઉકસાવતો હતો. શ્રીકૃષ્ણ પૌંડ્રક સામે યુદ્ધ કરવા આવ્યા ત્યારે તે પૌંડ્રકની મદદે ગયેલો. પૌંડ્રકનું માથું ઉતારી, શ્રીકૃષ્ણે કાશિ નરેશનું માથું પણ બાણો વડે ધડથી અલગ કરી દીધું. આમ પૌંડ્રક અને કાશિ નરેશને ભગવાને માર્યા.

કાશીનિદાહકરણઃ શિવભસ્મપ્રદાયકઃ ।
દ્વિવિદપ્રાણઘાતી ચ કૌરવાખર્વ ગર્વનુત્ ॥૨૧૮॥

(૯૬૬) કાશીનિદાહકરણ : = કાશીનગરીનો અત્યંત દાહ કરનારા - બાળનારા.

કાશીરાજના પુત્રનું નામ સુદક્ષિણ હતું. પિતાના મૃત્યુ પછી તેણે મનમાં નિશ્ચય કર્યો કે પિતૃઘાતીને હું મારીશ. આ રીતે પિતાના ઋણમાંથી મુક્ત થઈશ. તેણે શંકર ભગવાનની આરાધના કરી. શંકરજીને પ્રસન્ન કર્યા. પિતૃઘાતીના વધનો ઉપાય પૂછ્યો. શંકરજીએ દક્ષિણાગ્નિની ઉપાસના કરવા સૂચવ્યું. આ અગ્નિ એવો હતો કે તે બ્રાહ્મણને, આદર આપનારને કે બ્રહ્મ સ્વરૂપને તે કાંઈ અસર કરી શકે નહીં. બ્રાહ્મણના અભક્ત હોય તેના પર જ અસર કરે.

રેખાબેન કાપડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આ અભિચાર કર્મ પુરું થતા યજ્ઞકુંડમાંથી ભીષણ અગ્નિ મૂર્તિમાન થઈ પ્રકટ થયા. તેના કેશ અને દાઢી મુછ તપેલા તાંબા જેવા લાલ હતા. આંખોમાંથી અંગારા વરસતા હતા. દાઢો ઉગ્ર હતી. ભ્રમરો વાંકી હતી. હાથમાં ત્રિશુલ હતું. તેના પગ તાડ જેવો લાંબા હતા. પ્રકટ થઈ તે દ્વારકા તરફ દોડ્યો અને થોડીવારમાં તો દ્વારકા પાસે આવી પહોંચ્યો. તેની સાથે ઘણા ભૂતો પણ હતા.

દ્વારકાવાસી તેને જોઈ ગભરાયા. ભગવાન પાસે દોડ્યા. પોતાની રક્ષા કરવા વિનંતી કરી. ભગવાને રક્ષા કરવાનું વચન આપ્યું. તે જાણી ગયા કે આ કાશીથી આવેલી માહેશ્વરી કૃત્યા છે. શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રને તેના પ્રતિકાર માટે આજ્ઞા કરી. ચક્રજી કરોડો સૂર્ય સમાન તેજસ્વી હતા. તેમણે અભિચાર અગ્નિને કચડી નાંખ્યો. કૃત્યારૂપ આગનું તેજ નષ્ટ થયું. તેની શક્તિ કુંઠિત થઈ તે કાશી પાછી ફરી અને યજ્ઞ કરનાર ઋત્વિજો તથા સુદક્ષિણને બાળીને ભસ્મ કર્યા.

(૯૬૭) શિવભસ્મ પ્રદાયક : = શિવજીને પુષ્કળ ભસ્મ દેનારા.

કૃત્યાની પાછળ પાછળ સુદર્શન ચક્ર પણ કાશી પહોંચ્યું. કાશી વિશાળ નગરી હતી. અટારીઓ, સભાભવન, બજાર, નગરદ્વારો, દ્વારોના શિખર, ખજાના, હાથી, ઘોડા, રથ અને અન્નોના ગોદામોથી સુસજ્જિત હતી. ભગવાન શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી કાશીને બાળીને ભસ્મ કરી.

શ્રીમહાપ્રભુજીએ ઉપરના બે નામોના સંદર્ભમાં કહ્યું છે કે શ્રીશંકર ભગવાનને ભસ્મ અતિપ્રિય હોવાથી તેમના શણગાર માટે શ્રીકૃષ્ણે કાશીને બાળીને પુષ્કળ ભસ્મ શ્રીશંકરને આપી હતી અને એ રીતે શ્રીકૃષ્ણે શંકરનું પ્રિય કર્યું હતું. વળી શ્રીકૃષ્ણના વિરોધીઓ કાશીમાં ભેગા થતા હતા અને શ્રીશંકરના ધામમાં શ્રીકૃષ્ણની નિન્દા કરતા હતા. તે નિન્દાથી કાશી નગરી અપવિત્ર બની હતી તેથી તેને શુદ્ધ કરવા શ્રીકૃષ્ણે તેને બાળી હતી. આ કાર્ય શ્રીકૃષ્ણે શ્રીશંકરની આંતરિક ઈચ્છાને અનુસરીને કર્યું હતું.

જયંત પી. કડકીયા (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

(૯૬૮) **દ્વિવિદ પ્રાણઘાતી** = દ્વિવિદનો પ્રાણ લેનારા.

દ્વિવિદ એક વાનર હતો. તે ભૌમાસુરનો મિત્ર, સુગ્રીવનો મંત્રી અને મૈંદનો ભાઈ હતો. શ્રીકૃષ્ણે ભૌમાસુરને માર્યો હતો. મિત્રના મોતનું વેર લેવા તે વિપ્લવ કરવા લાગ્યો. આ વાનરમાં દસ હજાર હાથીઓનું બળ હતું. સમુદ્રતટના દેશ ડૂબી જતા. તે નગરો અને ગામોને આગ લગાડતો. આ ધમાલ તે આનર્ત (કાઠિયાવાડ)માં જ કરતો કારણકે શ્રીકૃષ્ણ આ દેશમાં નિવાસ કરતા હતા.

આ વાનર ઋષિ-મુનિઓને હેરાન કરતો. તેમના આશ્રમોને તોડતો. યજ્ઞના કુંડોને અપવિત્ર કરતો. પુરુષો અને સ્ત્રીઓને પહાડોની ગુફામાં નાંખી દેતો અને તેનું દ્વાર પથ્થરથી બંધ કરતો.

એકવાર તે રૈવતક પર્વત પર આવ્યો. અહીં તેણે શ્રીબલરામજી તથા યુવતીઓના ઝુંડ જોયા. આ વાનર અહીં પણ ઝાડો પર ચઢી તોફાન કરવા લાગ્યો. સ્ત્રીઓને પણ પજવવા લાગ્યો. બલરામજીને ક્રોધ આવ્યો. એક પત્થર તેના પર ફેંક્યો. વાનર ખસી ગયો અને હસી હસી બલરામજીને વધુ ક્રોધિત કરવા લાગ્યો. બલરામજીએ તેને મારવા હળ ઉપાડ્યું. દ્વિવિદે એક ઝાડને ઉખાડી, વેગથી દોડી બલરામજીના માથા પર ફટકાર્યું. આ જ વખતે બલરામજીએ તેને પકડી રાખ્યું. બીજા હાથે સુનન્દ નામના મુશળથી વાંદરાના માથે પ્રહાર કર્યો. દ્વિવિદનું માથું ફાટી ગયું. દ્વિવિદે આની પરવા કર્યા સિવાય બીજું ઝાડ ઉખાડ્યું. બલરામજી પર જોરથી પ્રહાર કર્યો. બલરામજીએ તે વૃક્ષના ઘણા ટુકડા કરી દીધા. દ્વિવિદે પાછું વૃક્ષ ફેંક્યું. બલરામજીએ પાછા તેના ટુકડા કર્યા. આ રીતે આખું મેદાન વૃક્ષો વગરનું થયું. પછી તેણે પત્થરો ફેંકવા લાગ્યા. બલરામજીએ તેને પણ તોડી નાંખ્યા.

છેવટે દ્વિવિદે બલરામજીની છાતી પર મુક્કાનો પ્રહાર કર્યો. બલરામજીએ બંને હાથોથી વાનરની હાંસડી પર પ્રહાર કર્યો. વાનર ધરતી પર મરીને પડી ગયો. શ્રીકૃષ્ણે બલરામજી દ્વારા કરાવેલી આ લીલા છે.

ઊર્મિલાબેન મફતલાલ શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

(૯૬૯) **કૌરવાખર્વ ગર્વનુત્** = કૌરવોના અત્યંત ગર્વનો નાશ કરનારા.

શ્રીકૃષ્ણના એક પટરાણી જામ્બવતી હતા. તેમને એક પુત્ર હતો. તેનું નામ સાંબ હતું. મોટા મોટા વીરોને તે હરાવતા હતા.

દુર્યોધનને એક કન્યા હતી. તેનું નામ લક્ષ્મણા હતું. તેના લગ્ન માટેનો સ્વયંવર યોજાયો. સાંબ આ કન્યાનું હરણ કરી ગયો. આથી કૌરવોને ક્રોધ આવ્યો. સાંબને પકડીને બાંધી દેવાનું નક્કી કર્યું. કર્ણ, શલ, ભુરિશ્રવા, યજ્ઞકેતુ તથા દુર્યોધન વગેરે સાંબને પકડવા દોડ્યા.

સાંબે આ જોયું. તેમણે ધનુષ ચઢાવ્યું. એકલાજ રણભૂમિમાં લડવા દૃઢતાથી ઊભા રહ્યા. કર્ણ કૌરવપક્ષે મુખ્ય યોદ્ધા હતો. તેમણે સાંબ પર બાણો છોડવા માંડયા. કર્ણ વગેરે છ યોદ્ધાઓ છ જુદા જુદા રથો પર હતા. સાંબે આ છ વીરો પર છ છ બાણો એક સાથે છોડ્યા. આ છ બાણોમાંથી ચાર ઘોડાઓ પર છ છ બાણો એક સાથે ઉપર અને એક એક બાણ રથી વીરો પર છોડ્યા.

હવે આ છ રથીઓએ એક સાથે મળી આ સાંબને રથ વગરનો કરી દીધો અને બાંધી દીધો. પોતાની કન્યા લક્ષ્મણાને લઈને હસ્તિનાપુર પાછા ફર્યા.

નારદજી દ્વારા આ સમાચાર યદુવંશીઓને મળ્યા. સગા સંબંધીઓમાં કલહ વધી ન પડે એવા શુભ હેતુથી શ્રીબલરામજી કૌરવોને સમજાવવા હસ્તિનાપુર ગયા. પણ કૌરવોએ તેમનું ભારે અપમાન કર્યું. અતિ હલકા ગર્વિષ્ટ વચનો તેમને કહ્યા. તેથી શ્રીબલરામજીએ ક્રોધ કરીને પોતાના હાથથી હસ્તિનાપુરને ખેંચીને ગંગાજીમાં ફેંકી દેવાની તૈયારી કરી હતી. આથી હસ્તિનાપુર ડગમગવા માંડ્યું હતું. તેથી કૌરવો ભયભીત થઈ ગભરાઈ ગયા હતા અને શ્રીબલરામજીના શરણે જઈને ઘણી ઘણી રીતે ક્ષમા માંગી હતી. પછી બલરામજી પણ પ્રસન્ન થયા હતા અને દુર્યોધને પોતાની કન્યાને ભારે દાયજા સાથે તેના વર સાંબ સાથે વિદાય આપી હતી. આ રીતે શ્રીકૃષ્ણે બલદેવજી દ્વારા કૌરવોનો ભારે ગર્વ ઉતાર્યો હતો.

ગો.વા. હરીશકુમાર નટવરલાલ શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

આજે પણ આ હસ્તિનાપુરનો દક્ષિણ ભાગે ઊંચો અને ગંગાજીની તરફ ઝૂકેલો છે. આ પ્રકારે તે ભગવાન બલરામજીના પરાક્રમની સૂચના કરે છે. (૧૦-૬૮-૫૪)

લાઙ્ગલાકૃષ્ટનગરી સંવિગ્નાઽખિલ નાગરઃ ।
પ્રપન્નાભયદઃ સામ્બ પ્રાપ્તસન્માનભાજનમ્ ॥૨૧૯॥

(૯૭૦) લાઙ્ગલાકૃષ્ટનગરી સંવિગ્નાઽખિલ નાગરઃ = હળની અણીથી ખેંચેલી નગરીને લીધે તેમાં નિવાસ કરનારા સર્વ નાગરિકજનોને વિકલ કરનારા.

આગળના નામમાં આપણે જોયુ કે દુર્યોધન વગેરે કૌરવો મહામદોન્મત્ત બની ગયા હતા. બલદેવજીએ તેમના મદને ઉતારવાનું નક્કી કર્યું. બળદેવજીનું આયુધ હળ છે. તેની અણીથી હસ્તિનાપુર નગરને ઉખાડી ગંગાનદીમાં નાંખી દેવા માડ્યું. આનાથી તેમાં રહેતા બધા નાગરિકો ભયથી વિહ્વલ થઈ ગયા. શ્રીબળદેવજી દ્વારા આવું પ્રભાવશીલ મહત્કર્મ કરનારા આપ શ્રીકૃષ્ણ જ છે.

(૯૭૧) પ્રપન્નાભયદઃ = શરણે આવેલા જનોને અભય આપનારા.

કૌરવોએ જોયું કે પોતાની નગરી ગંગામાં પડી રહી છે. આનાથી તેમાં વસતા નગરજનોને પણ પીડા થાય છે. આ નિહાળી સર્વ કૌરવો પ્રભાવ સંપન્ન બલદેવજીને શરણે ગયા. ભગવાન પોતાને પ્રપન્ન થયેલા (શરણે આવેલા)ને તો અભય જ આપે છે. આમ શરણે થયેલા હસ્તિનાપુરના લોકોને અભય આપનારા પણ આપ પરમાત્મા શ્રીકૃષ્ણ છે.

(૯૭૨) સામ્બ પ્રાપ્તસન્માનભાજનમ્ = સાંબને પ્રાપ્ત થયેલ સત્કારપૂર્વક સન્માનને ભોગવનાર.

દુર્યોધન વ. કૌરવો બલરામજીના શરણમાં આવ્યા. બલરામજીની સ્તુતિ કરી. શ્રીબલરામજીએ તેમને 'ડરતા નહીં' કહી અભયદાન આપ્યું. દુર્યોધન પોતાની પુત્રી લક્ષ્મણાને ખૂબ પ્રેમ કરતો હતો. તેણે દહેજમાં સાઈઠ વર્ષના બારસો હાથી, દસ હજાર ઘોડા, સોનાના છ હજાર રથ અને સોનાનો હાર પહેરેલી એક હજાર દાસીઓ આપી. શ્રીબલરામજીએ તેનો સ્વીકાર કર્યો અને દ્વારકા તરફ પ્રસ્થાન કર્યું. સાંબને પ્રાપ્ત થયેલ સન્માન અને સત્કારના સ્થાન રૂપ શ્રીકૃષ્ણ અને શ્રીબલદેવજી છે.

શોભના હરીશકુમાર શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

નારદાન્વિષ્ટચરણો ભક્તવિક્ષેપનાશકઃ ।
સદાચારૈકનિલયઃ સુધર્માધ્યાસિતાસનઃ ॥૨૨૦॥

(૯૭૩) નારદાન્વિષ્ટ ચરણઃ = નારદજીએ જેમનાં ચરણોને શોધ્યા છે – જોવાની વાંછના કરી છે તેવા પ્રભુ.

શ્રીકૃષ્ણે નરકાસુર (ભૌમાસુર)ને મારી નાંખ્યો. હજારો રાજકુમારીઓ ત્યાં બંદી હતી. ભગવાને તે બધી કન્યાઓ સાથે લગ્ન કર્યા. નારદજીએ આ જાણ્યું. તેમને ભગવાનની રહન-સહન જોવાની અભિલાષા થઈ. તે વિચારવા લાગ્યા કે શ્રીકૃષ્ણ એક જ શરીરથી એક જ સમયે સોળ હજાર મહેલોમાં અલગ અલગ સોળ હજાર રાજકુમારીઓ સાથે વિવાહ કર્યા. આથી ઉત્સુકતા પૂર્વક ભગવાનની લીલા જોવા માટે તે દ્વારકા આવ્યા. અહીં સ્ફટિક મણિ અને ચાંદીના નવ લાખ મહેલો હતા. આમાં ભગવાન શ્રીકૃષ્ણનુ સુંદર અંતઃપુર હતું. તેના નિર્માણમાં વિશ્વકર્માજીએ પોતાની બધી કુશળતા લગાવી દીધી હતી. આવા અંતઃપુરમાં ભગવાનની રાણીઓના સોળહજારથી વધુ મહેલ શોભતા હતા. તેમાંથી એક મોટા ભવનમાં દેવર્ષિ નારદજી પ્રવેશ્યા.

(૯૭૪) ભક્તવિક્ષેપનાશકઃ = ભક્ત નારદજીના ચિત્તવિક્ષેપનો નાશ કરનાર.

ભક્ત નારદજીએ ભગવાનની ગૃહસ્થાશ્રમની અચિંન્ત્ય લીલાઓ જોઈ. નારદજીએ એક ભવનમાં પ્રવેશ કર્યો. અહીં જોયું કે શ્રીકૃષ્ણ રુક્મિણીજીની સાથે બેઠા છે. રુક્મિણીજી પંખાની સેવા કરી રહ્યા છે. નારદજીને જોઈ શ્રીકૃષ્ણે માથું નમાવી પ્રણામ કર્યા. આસન પર બેસાડ્યા. નારદજીના પગ ધોયા. તે ચરણામૃત પ્રભુએ પોતાના માથા પર ધારણ કર્યું. નારદજીની પૂજા કરી, સ્વાગત કર્યું.

કેયૂર હરીશકુમાર શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ તો યોગેશ્વરોના પણ ઈશ્વર છે. નારદજીએ પ્રભુની યોગમાયાનું રહસ્ય જાણવું હતું. આથી તે બીજી પત્નીના મહેલમાં ગયા. અહીં ભગવાન તેમની પત્ની તથા ઉદ્ધવજી સાથે ચૌસર રમતા હતા. અહીં પણ શ્રીકૃષ્ણે નારદજીની પૂજા-અર્ચના કરી. ભગવાને અનજાન થઈ નારદજીને પૂછ્યું કે અહીં આપ ક્યારે પધાર્યા? નારદજી આ બધું જોઈ અને સાંભળીને ચકિત થઈ ગયા.

અહીંથી નારદજી ચૂપચાપ બીજા મહેલમાં ગયા. અહીં તેમણે જોયું કે શ્રીકૃષ્ણ તેમના નાના બાળકોને લાડ લડાવતા હતા. ત્યાંથી બીજા મહેલમાં ગયા તો જોયું કે શ્રીકૃષ્ણ સ્નાનની તૈયારી કરી રહ્યા છે. આ પ્રકારે દેવર્ષિ નારદે વિભિન્ન મહેલોમાં ભગવાનને ભિન્ન ભિન્ન કાર્ય કરતા જોયા. ક્યાંક તે યજ્ઞ કરતા હતા તો ક્યાંક બ્રાહ્મણોને ભોજન કરાવતા હતા. ક્યાંક સંધ્યા કરતા હતા તો ક્યાંક ગાયત્રીનો જપ કરતા હતા. ક્યાંક ઢાલ-તલવારથી દાવ પેચ કરતા હતા. ક્યાંક ઘોડા-હાથી પર સવાર હતા. ક્યાંક પલંગ પર સુતા હતા. કોઈક મહેલમાં ઉદ્ધવ વગેરે મંત્રીઓ સાથે ગંભીર વિષયમાં ચર્ચા કરતા હતા. ક્યાંક તેમના પુત્ર અને કન્યાઓના વિધિવત વિવાહ કરતા હતા.

આ બધું જોઈ નારદજી ચકિત થયા. ત્યારે ભગવાને તેમને કહ્યું કે હું ધર્મનો ઉપદેશક છું. પાલન કરનારો છું તેનું અનુષ્ઠાન કરનારો છું. સંસારના લોકોને ધર્મની શિક્ષા આપવા હું આ પ્રકારે ધર્મનું આચરણ કરું છું. માટે હે મારા પ્રિયપુત્ર! તું મારી આ યોગમાયા જોઈ મોહિત ન થતો. (૧૦-૬૯-૪૦)

(૯૭૫) સદાચારૈક નિલયઃ = સત્પુરુષોના આચારના મૂળરૂપ - સ્થાનરૂપ ભગવાન શ્રીકૃષ્ણ.

શાસ્ત્રમાં શિષ્ટ પુરુષોના આચાર બતાવ્યા છે. દા.ત. બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી પરબ્રહ્મનું ચિંતન-ધ્યાન કરવું, નિરંતર સંધ્યોપાસના કરવી વગેરે. સત્પુરુષોના આ આચારો માન્ય કરવા જોઈએ. આથી શ્રીકૃષ્ણ લોકસંગ્રહાર્થ

તેજલ કેયૂર શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

આ સર્વ આચારોનું વિધિપૂર્વક પાલન કરે છે. આથી અહીં પ્રભુને શિષ્ટજનોના આચારના સ્થાનરૂપ કહ્યા છે.

પાંચમા સ્કન્ધના ઓગણીસમા અધ્યાયમાં ભારતવર્ષનું વર્ણન છે. અહીં ગંધર્વો શ્રીરામના ગુણાનુવાદ કરે છે. અને કહે છે કે (પાંચમા શ્લોકમાં) પ્રભુ આપનો મનુષ્યાવતાર કેવલ રાક્ષસોના વધ માટે નથી. તેનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યને શિક્ષા આપવાનો છે. નહીં તો પોતાના સ્વરૂપમાં જ રમણ કરનારા સાક્ષાત્ જગદાત્મા જગદીશ્વરને સીતાજીના વિયોગમાં આટલું દુઃખ કઈ રીતે થઈ શકે?

(૯૭૬) સુધર્માધ્યાસિતાસનઃ = સુધર્મા સભામાં જેમનું બિરાજવાનું સિંહાસન મધ્ય સ્થાનમાં સ્થાપિત થયેલ હતું તેવા શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ દ્વારકામાં રાજ્ય સભામાં બિરાજતા. તે સુધર્મા સભા કહેવાતી. ભગવાન સવારે જાગતા. નિત્યના પ્રાતઃકાલીન કર્મો કરતા. આ વખતે તેમનો સારથી દારૂક રથ લઈને આવતો. શ્રીકૃષ્ણ સાત્યકિ અને ઉદ્ધવજીને લઈ રથમાં સવાર થતા. આ રીતે તેઓ સમસ્ત યદુવંશીઓ સાથે સુધર્મા નામની સભામાં પ્રવેશ કરતા. જે લોકો આ સભામાં બેસતા તેમને ભૂખ તરસ, શોક-મોહ, અને જરા-મૃત્યુ સતાવતા નહીં. શ્રીકૃષ્ણ બધી રાણીઓથી અલગ અલગ વિદાય થઈ એક જ રૂપમાં સુધર્મા સભામાં પ્રવેશ કરતાં અને ત્યાં જઈ શ્રેષ્ઠ સિંહાસન પર બિરાજતા. યદુવંશી વીરોની વચ્ચે સિંહાસન પર બિરાજતા. તારાઓ વચ્ચે ચંદ્ર શોભે તે રીતે યદુવંશી વીરો વચ્ચે શ્રીકૃષ્ણ શોભતા હતા.

જરાસંઘાવરુદ્ધેન વિજ્ઞાપિત નિજ કલમઃ ।
મન્યુદ્ધવાદિવાક્યોક્ત પ્રકારૈકપરાયણઃ ।।૨૨૧।।

(૯૭૭) જરાસંઘાવરુદ્ધેન વિજ્ઞાપિત નિજકલમઃ = જરાસંઘે કેદ કરેલા રાજાઓએ જેમને પોતાનું દુઃખ નિવેદિત કરેલું હતું એવા શ્રીકૃષ્ણ.

એક દિવસ સુધર્મા સભામાં એક નવો માણસ આવ્યો. તેણે જરાસંઘે

ઋષિ કેયૂર શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

કેદ કરેલા રાજાઓના દુઃખનું નિવેદન શ્રીકૃષ્ણ પાસે કર્યું. જરાસંઘ દિગ્વિજય કરવા નીકળેલો. આ વખતે વીસ હજાર રાજાઓએ તેની શરણાગતિ સ્વીકારી નહોતી. આ બધા રાજાઓને જરાસંઘે કેદમાં પૂર્યા હતા. તેમણે દૂત મારફત શ્રીકૃષ્ણની સહાય અને શરણ માંગેલું. રાજાઓએ ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરીઃ

'હે ભગવાન! આપના ચરણકમલ શરણાગત પુરુષોના સમસ્ત શોક અને મોહને નષ્ટ કરનારા છે. એટલે આપ જ જરાસંઘ રૂપ કર્મોના બંધનથી અમને છોડાવો.' (૧૦-૭૦-૨૯)

(૯૭૮) મન્ત્ર્યુદ્ધવાદિ વાક્યોક્ત પ્રકારૈક પરાયણઃ = મંત્રી ઉદ્ધવજીએ નિવેદન કરેલી સલાહનો પ્રકાર સર્વથા સ્વીકારનારા.

સુધર્મા સભામાં જરાસંઘે બંદી કરેલા રાજાઓનો દૂત આવ્યો. તેણે શ્રીકૃષ્ણને રાજાઓને બચાવવા વિનંતી કરી. ત્યાર પછી નારદજી પધાર્યા. તેમણે શ્રીકૃષ્ણને કહ્યું કે યુધિષ્ઠિરની રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા છે. આ બંને કાર્યો કરવા યોગ્ય જ છે. તેમાં શી રીતે વર્તવું? આ માટે રાજનીતિકુશલ ઉદ્ધવજીને પૂછવામાં આવ્યું. ઉદ્ધવજીએ આથી સલાહ આપી હતી કે શરણની ઈચ્છાવાળા રાજાઓની રક્ષા કરવી જોઈએ અને યુધિષ્ઠિર મહારાજનું રાજસૂય યજ્ઞનું કાર્ય પણ પૂર્ણ કરાવવું જોઈએ. આ બંને નિમિત્તે જરાના સુત જરાસંઘ ઉપર વિજય મેળવવો એ મને ઈષ્ટ લાગે છે.

૧૦-૭૦-૪૬ માં શ્રીકૃષ્ણે ઉદ્ધવજીની સલાહ માંગી તે છે.

૧૦-૭૧-૩ માં ઉદ્ધવજીએ આપેલી સલાહ છે.

અતો જરાસુતજય ઉભયાર્થો મતો મમ

રાજસૂયાદિમખકૃત્ સંપ્રાર્થિત સહાયકૃત્ ।
ઈન્દ્રપ્રસ્થ પ્રયાણાર્થ મહત્સંભાર સંભૃતિઃ ॥૨૨૨॥

(૯૭૯) રાજસૂયાદિમખકૃત્ = રાજસૂયાદિ યજ્ઞને સંપાદન કરનાર.

ભગવદ્ ઈચ્છા વગર રાજસૂયાદિ યજ્ઞોનું કર્મ પાર પડી શકતું નથી.

અંશ કેયૂર શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

કારણ આ કર્મ વિષય હોય છે. કારણકે આ યજ્ઞ કરનાર રાજા સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ હોવો જોઈએ. બલથી, ધનથી અને પ્રભાવથી વર્ચસ્વવાળો જોઈએ. તે જ રાજસૂય યજ્ઞ કરી શકે.

યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞનો મનોરથ કર્યો હતો. તેમને શ્રીકૃષ્ણની સહાયની જરૂર હતી. સહાયની પ્રાર્થનાનો સંદેશો તેમણે નારદજીને કહ્યો અને શ્રીકૃષ્ણ સુધી પહોંચાડવા વિનંતી કરી.

નારદજી સુધર્મા સભામાં આવ્યા. શ્રીકૃષ્ણે તેમને પાંડવોના કુશળ સમાચાર પૂછ્યાં. ત્યારે નારદજીએ કહ્યું કે યુધિષ્ઠિરને કોઈ વસ્તુની કામના નથી છતાં તે શ્રેષ્ઠ યજ્ઞ રાજસૂય કરવા માંગે છે. આ યજ્ઞ દ્વારા તે આપની પ્રાપ્તિ માટે આપની આરાધના કરવાનું ઈચ્છે છે. આપ કૃપા કરી તેમની અભિલાષા પૂર્ણ કરો.

શ્રીકૃષ્ણે આથી યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ માટે બધી જરૂરી સહાય આપી હતી. રાજાનો યજ્ઞ પરિપૂર્ણ કરાવ્યો હતો. આ રીતે યુધિષ્ઠિર મહારાજનો યશ વિસ્તાર્યો હતો. આ સર્વ લીલા શ્રીકૃષ્ણ પ્રભુની હતી.

(૯૮૧) ઈન્દ્રપ્રસ્થ સંભાર સંભૃતિઃ = ઈન્દ્રપ્રસ્થમાં પ્રયાણ કરવા મહાપુરુષોને યોગ્ય સામગ્રીનો સારી રીતે સંચય-સંગ્રહ છે એવા શ્રીકૃષ્ણ.

નારદજીએ યુધિષ્ઠિર રાજાની રાજસૂય યજ્ઞમાં સહાય કરવાની પ્રાર્થના શ્રીકૃષ્ણને કરી હતી. આ વખતે સભામાં જરાસંઘે કેદ કરેલા રાજાઓનો દૂત પણ આવ્યો હતો. તેણે જરાસંઘને મારીને રાજાઓને મુક્ત કરાવવા વિનંતી કરી હતી.

આ બંને કાર્યમાંથી કયું કામ પહેલું કરવું તે માટે શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પૂછ્યું. ઉદ્ધવજીએ કહ્યું કે આપના ફોઈના દિકરાઓ પાંડવોના રાજસૂય યજ્ઞમાં સમ્મિલિત થઈ તેમની સહાય કરવી જોઈએ.

ઉદ્ધવજીની સલાહ નિર્દોષ હતી. તે વખતે ઉપસ્થિત નારદજી તથા યદુવંશીઓએ અને શ્રીકૃષ્ણે પણ તેમની વાતને સમર્થન આપ્યું.

શ્રીકૃષ્ણે હવે પાંડવોની રાજધાની ઈન્દ્રપ્રસ્થ નગરીમાં પત્નીઓ સહિત

મણીલાલ લલ્લુભાઈ શાહ (કવાંટવાળા, વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

પ્રયાણ કરવાની તૈયારીઓ કરી. આમાં મહાપુરુષોને યોગ્ય એવી સેના વગેરે સામગ્રીનો સંગ્રહ-સંયમ રાખ્યો હતો.

શ્રીકૃષ્ણે વસુદેવ તથા ગુરુજનોની અનુમતી લીધી. દારૂક (સારથિ), જૈત્ર વગેરે સેવકોને ઈન્દ્રપ્રસ્થ જવાની તૈયારી કરવા માટે આજ્ઞા કરી. (૧૦-૭૧-૧૨)

જરાસંઘ વધ વ્યાજ મોચિતાડશેષ ભૂમિપઃ ।
સન્માર્ગબોધકો યજ્ઞ-ક્ષિતિવારણ તત્પરઃ ॥૨૨૩॥

(૯૮૨) જરાસંઘ વધ વ્યાજ મોચિતાડશેષ ભૂમિપઃ = જરાસંઘનો વધ કરવાના નિમિત્તથી બધા રાજાઓને બંધનમાંથી મુક્ત કરનારા.

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞનું અનુમોદન કર્યું અને કહ્યું કે યુધિષ્ઠિર મહારાજ! પૃથ્વીના બધા નરપતિઓને જીતો. સમગ્ર પૃથ્વીને વશમાં કરો. યજ્ઞોચિત બધી સામગ્રી એકત્રિત કરો અને પછી મહાયજ્ઞનું અનુષ્ઠાન કરો.

યુધિષ્ઠિરજીએ પોતાના ભાઈઓને દિગ્વિજય કરવા આદેશ કર્યો. શ્રીકૃષ્ણે પાંડવોમાં પોતાની શક્તિનો સંચાર કરી તેમને અત્યંત પ્રભાવશાળી બનાવ્યા. દરેક ભાઈઓ જુદી જુદી દિશામાં ગયાં. રાજાઓને જીત્યા અને યજ્ઞ માટે ખૂબ ધન લઈ આવ્યા.

જરાસન્ઘ પર હજુ વિજય મેળવાયો ન હતો. રાજા ચિંતામાં પડ્યા. શ્રીકૃષ્ણે ઉપાય વિચાર્યો. તે અનુસાર ભીમ, અર્જુન અને શ્રીકૃષ્ણ બ્રાહ્મણનો વેશ લઈ ગિરિવ્રજ આવ્યા. તે જરાસંઘની રાજધાની હતી.

બ્રાહ્મણ વેશથી આ ત્રણેય જરાસંઘ પાસે ગયા. જરાસંઘે તેમને બ્રાહ્મણ જાણી ભિક્ષા માંગવા કહ્યું અને તે પણ જણાવ્યું કે તમે જો ઈચ્છો તો મારું માથું પણ આપી શકું છું.

શ્રીકૃષ્ણે હવે સાચી વાત કરી કે અમે ક્ષત્રિય છીએ. તમારી સાથે યુદ્ધ કરવા આવ્યા છીએ. ઓળખ આપી કે આ ભીમ છે, આ અર્જુન છે અને હું તમારો જુનો શત્રુ કૃષ્ણ છું. જરાસંઘે કહ્યું, ભીમ મારો બરોબરીનો છે. તેની સાથે હું ગદા યુદ્ધ કરીશ. જરાસંઘ અને ભીમસેનનું ગદાયુદ્ધ સત્તાવીસ દિવસ ચાલ્યું. ભીમે શ્રીકૃષ્ણને કહ્યું હું જરાસંઘને જીતી નહીં શકું.

કમલાબેન મણીલાલ શાહ (કવાંટવાળા, વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણે જરાસંઘના જન્મ મૃત્યુનું રહસ્ય જાણતા હતા. જરા રાક્ષસીએ જરાસંઘના શરીરના બે ટુકડા જોડી તેને જીવનદાન કર્યું હતું. શ્રીકૃષ્ણે ભીમસેનના શરીરમાં પોતાની શક્તિનો સંચાર કર્યો. જરાસંઘના વધનો ઉપાય વિચાર્યો. તેમણે એક વૃક્ષની ડાળીને વચમાંથી ચીરી નાંખી અને ઈશારાથી ભીમસેનને બતાવ્યું.

ભીમસેન શ્રીકૃષ્ણનો અભિપ્રાય સમજી ગયો. તેણે જરાસંઘને પગ પકડી ધરતી પર પાડી દીધો. તેના એક પગને પોતાના પગ નીચે દબાવ્યો. બીજો પગ બે હાથથી પકડી લીધો. ત્યાર પછી ભીમે જરાસંઘને ચીરી નાંખ્યો. તેના શરીરના બે ટુકડા થઈ ગયા.

શ્રીકૃષ્ણે જરાસંઘના પુત્ર સહદેવને રાજસિંહાસને બેસાડ્યો અને જરાસંઘે જે રાજાઓને કેદી કર્યા હતા તે બધાને કારાગારથી મુક્ત કર્યા. કેદથી છૂટેલા રાજાઓએ શ્રીકૃષ્ણના ચરણો પર પોતાના માથા રાખી પ્રણામ કર્યા. ભગવાન શ્રીકૃષ્ણજીની સ્તુતિ કરી.

(૯૮૩) સન્માર્ગ બોધકઃ = સન્માર્ગ - ભક્તિમાર્ગનો ઉપદેશ કરનારા.

કેદમાંથી મુક્ત થયેલા રાજાઓએ શ્રીકૃષ્ણના દર્શન કર્યા. તે સાથે તેમના કલેશ દૂર થયાં. તેમણે ભગવાનની સ્તુતિ કરી. તે પછી ભગવાને તેમની મધુર વાણીમાં તેમને બોધ કર્યો કે-

'ધન-સંપત્તિ અને ઐશ્વર્યના મદથી ચૂર થઈને ઘણા લોકો ઉચ્છૃંખલ અને અભિમાની બને છે. અનેક દેવતા, દૈત્ય અને નરપતિ લક્ષ્મીનો મદ કરી પોતાના સ્થાનથી, પદથી ચ્યુત થયા છે. શરીર અને તેના સંબંધી પેદા થાય છે. આથી તેનો નાશ અવશ્ય છે. આથી તેમાં આસક્તિ ન કરો. મન અને ઈન્દ્રિયોને વશમાં રાખી યજ્ઞ દ્વારા મારું યજન કરો. ધર્મપૂર્વક પ્રજાની રક્ષા કરો. જન્મ-મૃત્યુ, સુખ-દુઃખ, લાભ-હાનિમાં સમાનભાવ રાખો. તે

ડૉ. સુંદરભાઈ મણીલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

મારો આપેલ પ્રસાદ છે તેમ માનીને સેવન કરો. તમારું ચિત્ત મારામાં લગાવી જીવન જીવો. દેહ અને દેહસંબંધીઓમાં આસક્તિ ન રાખો. પોતાના આત્મામાં રમણ કરો. તમારું મન મારામાં લગાવી દો. આનાથી તમે મને પ્રાપ્ત કરશો. આ રીતે શ્રીકૃષ્ણે રાજાઓને સુદૃઢ ભક્તિનો બોધ કર્યો.' (૧૦-૭૩,૧૮ થી ૨૩)

(૯૮૪) યજ્ઞક્ષિતિવારણતત્પરઃ = યજ્ઞમાં થતી સર્વ ક્ષતિઓનું નિવારણ થાય તે માટે તત્પર શ્રીકૃષ્ણ.

યજ્ઞોમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે. દ્રવ્યના અભાવથી અનેક દૂષણો પણ આવે છે. આ સર્વને સારી રીતે સુધારી દ્રવ્ય પૂર્તિ કરીને કાર્યો સંપાદન કરવા પભુ જ સમર્થ છે. એવા મહાકર્મો સાધવામાં પ્રભુની કૃપા આવશ્યક છે. યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં પ્રભુકૃપાના બલથી જ તે સર્વકાર્યો સિદ્ધ થયા હતા. તે વાત આ નામથી જણાવે છે.

શિશુપાલ હતિવ્યાજ જયશાપ વિમોચકઃ ।
દુર્યોધનાભિમાનાબ્ધિ શોષબાણ વૃકોદરઃ ॥૨૨૪॥

(૯૮૫) શિશુપાલ હતિ વ્યાજ જય શાપ વિમોચકઃ = શિશુપાલના વધના નિમિત્તથી જય (પાર્ષદ)ને શાપમાંથી મુક્ત કરનારા.

યુધિષ્ઠિર ના રાજસૂય યજ્ઞમાં અગ્રપૂજા કોની કરવી તે બધા વિચારવા લાગ્યા. સર્વ સંમતિથી કોઈ નિર્ણય થતો ન હતો. આ વખતે સહદેવે કહ્યું, 'યદુવંશ શિરોમણી ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ જ સર્વ સદસ્યોમાં શ્રેષ્ઠ છે. અગ્રપૂજાને પાત્ર છે.' આ વાતનું બધા ઉપસ્થિત સદસ્યોએ સમર્થન કર્યું. યુધિષ્ઠિરજીએ શ્રીકૃષ્ણની પૂજા કરી.

શિશુપાલ આ વખતે ત્યાં હતો. તેણે આ સાંભળ્યું અને જોયું. તેથી તે ઊભો થઈ શ્રીકૃષ્ણને અત્યંત કઠોર વચન કહેવા લાગ્યો. ૧૦૧ ગાળો તે બોલ્યો. સભામાં બેઠેલા રાજાઓ શિશુપાલને મારવા ક્રોધથી ઊભા થયા. શિશુપાલ પણ પરવા કર્યા વગર લડવા ઊભો થયો. આ લોકોનો ઝઘડો

ઊર્મિલાબેન સુંદરલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

જોઈ શ્રીકૃષ્ણ ઊભા થયા. તેમણે રાજાઓને શાંત કર્યા. ક્રોધથી શિશુપાલ તરફ ધસ્યા અને ચક્રથી શિશુપાલનું શિર કાપી નાખ્યું.

શિશુપાલ મૂળ તો ભગવાનનો પાર્ષદ જય હતો. સનકાદિ ઋષિઓના શ્રાપથી તે શિશુપાલ થઈ જન્મ્યો હતો. વાસ્તવમાં તો તે ભગવાનનો ભક્ત છે. માટે તેનો ઉદ્ધાર કરવા પ્રભુએ શિશુપાલનો નાશ કર્યો છે. શ્રીકૃષ્ણ તો ભગવાન છે, તેથી શિશુપાલની ગાળો સાંભળીને, પીડા પામીને, ક્રોધી બનીને તેનો નાશ નથી કર્યો પણ તેના કલ્યાણ માટે વધ કર્યો છે.

શિશુપાલના અંતઃકરણમાં શાપને લીધે ત્રણ જન્મથી વેરભાવની અભિવૃદ્ધિ થતી હતી. આમ વેરભાવથી ધ્યાન કરતાં કરતાં તે પ્રભુમાં તન્મય થઈ ગયો. પ્રભુએ માર્યો. પાછો તે પાર્ષદ (જય) બની ગયો.

(૯૮૬)દુર્યોધનાભિ માનાબ્ધિ શોષ બાણ વૃકોદરઃ = દુર્યોધનના અભિમાનના સાગરને ભીમસેન (વૃકોદર)ના વચનરૂપી બાણથી શોષનારા.

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો હતો. આનાથી દુર્યોધન મનમાં ઈર્ષા કરતો હતો. મય દાનવે પાંડવો માટે અદ્ભુત મહેલ બનાવ્યો હતો. પાંડવોની મય સભામાં જલને સ્થલ અને સ્થલને જલ જેવો ભાસ મળે તેવી રચના કરવામાં આવી હતી.

એકવાર આ સભામાં દુર્યોધન પોતાના ભાઈ દુઃશાસન વગેરેને લઈ ગયો. મય દાનવે સભામાં માયા ફેલાવી હતી. દુર્યોધન તેથી મોહિત થયો. સ્થળને જળ સમજી તે પોતાના વસ્ત્રો સંકોરી લેતો. અને જલને સ્થલ સમજી તેમાં પડી ગયો. આ જોઈ ભીમસેન, રાજરાણીઓ તથા બીજા રાજાઓ હસવા લાગ્યા. યુધિષ્ઠિરે બધાને રોકવાનો પ્રયત્ન કર્યો પણ શ્રીકૃષ્ણે ઈશારો કરી અનુમોદન આપી દીધું હતું.

ભીમસેને દુર્યોધનનો મર્મવેધી ઉપહાસ કર્યો. આથી દુર્યોધન અત્યંત લજ્જિત થઈ ગયો. આ પ્રમાણે વૃકોદરે (ભીમસેને) તેનો ઉપહાસ કરી તેનો ગર્વ ઉતારી દીધો. આવી પ્રેરણા કરનાર શ્રીકૃષ્ણ છે.

શ્રીકૃષ્ણને પૃથ્વીનો ભાર ઉતારવો છે. આથી દુર્યોધનને ભ્રમ થયો છે.

મિત્તલબેન અજયકુમાર શાહ (વ્રજ પેથોલોજી લેબોરેટરી, વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

મહાદેવ વર પ્રાપ્ત પુર શાલ્વ વિનાશકઃ ।
દન્તવક્ત્રવધ વ્યાજ વિજયાઘૌઘ નાશકઃ ॥૨૨૫॥

(૯૮૭) મહાદેવ વર પ્રાપ્ત પુર શાલ્વ વિનાશકઃ = મહાદેવના વરદાનથી જેણે પુર-સૌભ નામના વિમાનને મેળવ્યું છે, તેવા શાલ્વ રાજાનો નાશ કરનારા.

શિશુપાલનો એક મિત્ર હતો. તેનું નામ શાલ્વ હતું. રુક્મિણીના વિવાહના અવસરે જાનમાં શિશુપાલ તરફથી આવ્યો હતો. તે વખતે યદુવંશીઓએ શાલ્વને પણ જીતી લીધો હતો. તે વખતે તેણે યદુવંશીઓને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પછી તેણે શંકર ભગવાનની આરાધના શરૂ કરી. તે દિવસોમાં તે દિવસમાં માત્ર એક વાર રાખ ફાકતો. આસુતોષ ભગવાન પ્રસન્ન થયા. વરદાન માંગવા કહ્યું. શાલ્વે એક વિમાન માગ્યું જે કોઈથી તુટે નહીં. જ્યાં ઈચ્છા હોય ત્યાં ચાલ્યું જાય અને યદુવંશીઓ માટે ભયંકર હોય. મય દાનવે લોખંડનું સૌભ નામનું વિમાન બનાવ્યું અને શાલ્વને આપ્યું. આ વિમાન એક નગર જેવું હતું. તેને જોવું કે પકડવું અત્યંત કઠિન હતું.

ભગવાનની ગેરહાજરીમાં શાલ્વે આ વિમાન લઈ દ્વારકાને ચારે બાજુથી ઘેરી લીધું. યાદવો સાથે દારુણ યુદ્ધ થયું. તે ૨૭ દિવસ ચાલ્યું.

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં પાછા પધાર્યા. તે પછી તુર્તજ શાલ્વ સાથે યુદ્ધ કર્યું. તેના સૌભ વિમાનને તોડી પાડ્યું. સુદર્શન ચક્રથી શાલ્વનું માથું ધડથી જુદું કરી દીધું. (ભા.સ્કંધ ૧૦ના ૭૬ અને ૭૭ અધ્યાયમાં આ કથા છે.)

(૯૮૮) દન્તવક્ત્ર વધ વ્યાજ વિજયાઘૌઘ નાશકઃ = દંત વક્ત્રના વધ કરવાના મિષથી વિજયના પાપ સમુદાયનો નાશ કરવાવાળા.

દંતવક્ત્ર શિશુપાલ, શાલ્વ અને પૌંડ્રકનો મિત્ર હતો. તે કુરુષદેશનો રાજા હતો. મિત્રોના મૃત્યુનો બદલો લેવા તે એકલો યુદ્ધભૂમિમાં આવ્યો.

વિપીનભાઈ, શર્મિષ્ઠાબેન, મોહીત, સપના, ધ્રુવી, જૈની (નડીયાદ)ના જયશ્રીકૃષ્ણ.

તેને આવતો જોઈ ભગવાન કૃષ્ણ હાથમાં ગદા લઈ રથમાંથી કૂદી પડ્યા. દંતવક્ત્રને રોકી દીધો.

દંતવક્ત્રે પણ શ્રીકૃષ્ણને કડવા વચનો કહ્યા. ત્યાં સુધી કહ્યું કે તમે મૂર્ખ છો, પણ મારા સંબંધી છો. (કૃષ્ણ તેના મામાના દિકરા હતા) છતાં મારા શત્રુ છો. મારા શરીરમાં રહેનારા રોગ છો. આવી કડવી વાતો બોલી તેણે શ્રીકૃષ્ણના માથે ગદા ફટકારી. શ્રીકૃષ્ણ જરા પણ વિચલીત થયા નહીં. તેમણે પોતાની કૌમોકદી ગદા લીધી. દન્તવક્ત્રના વક્ષઃસ્થલે પ્રહાર કર્યો. દન્તવક્ત્રનું કલેજુ ફાટી ગયું. મોમાંથી લોહી વહેલા લાગ્યું. નિષ્પ્રાણ થઈ ધરતી પડી ગયો. શિશુપાલની મૃત્યુ સમયે થયું હતું તેવું અહીં પણ બન્યું. દન્તવક્ત્રના મૃત શરીરમાંથી સૂક્ષ્મ જ્યોતિ નીકળી. તે શ્રીકૃષ્ણમાં સમાઈ ગઈ.

ભગવાનના દ્વારપાલો પૈકી વિજય શાપથી ત્રીજા જન્મે દન્તવક્ત્ર થયો હતો. સનકાદિ બ્રાહ્મણોના શાપ રૂપ પાપ સમુદાયનો નાશ કરવાના હેતુથી જ દન્તવક્ત્રનો નાશ કર્યો છે. (દસમ સ્કન્ધના ૭૮મા અધ્યાયમાં આ કથા છે.)

વિદૂરથપ્રાણ હર્તા ન્યસ્તશસ્ત્રાસ્ત્ર વિગ્રહઃ ।
ઉપધર્મવિલિપ્તાઙ્ગ સૂતઘાતી વરપ્રદઃ ॥૨૨૬॥

(૯૮૯) વિદૂરથ પ્રાણ હર્તા = વિદૂરથના પ્રાણને હરનારા.

દંતવક્ત્રનો એક ભાઈ હતો. તેનું નામ વિદૂરથ હતું. તે પોતાના ભાઈના મૃત્યુથી અત્યંત શોકાકુલ થઈ ગયો. તેને ક્રોધ આવ્યો. ક્રોધથી તે લાંબા લાંબા શ્વાસ લેવા લાગ્યો. હાથમાં તલવાર લીધી. શ્રીકૃષ્ણને મારવાની ઈચ્છાથી તે આવ્યો.

શ્રીકૃષ્ણે જોયું કે તે પ્રહાર કરવાની તૈયારી કરે છે. તે જ વખતે શ્રીકૃષ્ણે ચક્રથી તેનું માથું ધડથી અલગ કરી દીધું. શાલ્વ, તેનું વિમાન સૌભ, દંતવક્ત્ર અને વિદૂરથને મારવા બીજાથી અશક્ય હતા. શ્રીકૃષ્ણે આ ચારને માર્યા અને દ્વારકામાં પ્રવેશ કર્યો.

લીલાવતીબેન દ્વારકાદાસ જોષી હ. નિલમબેન વિનુભાઈ જોષી (કોડીનાર)ના જયશ્રીકૃષ્ણ.

(૯૯૦) ન્યસ્ત શસ્ત્રસ્ત્ર વિગ્રહ = શસ્ત્ર તથા અસ્ત્ર વડે થતા યુદ્ધનો ત્યાગ કરનારા.

દેહધારી શ્રીકૃષ્ણે વિદૂરથનો ઘાત કર્યા પછી કોઈ સાથે યુદ્ધ કર્યાનો પ્રસંગ શ્રીભાગવતમાં પ્રાપ્ત થતો નથી. ભગવાને અસ્ત્ર શસ્ત્ર ન વાપરવાનો નિશ્ચય કર્યો જણાય છે. ભગવાને યુદ્ધ કરવાનું છોડી દીધું હતું એવું સૂચક અર્થ શ્રીમહાપ્રભુજીએ યોજેલા આ નામનો છે.

(૯૯૧) ઉપધર્મ વિલિપ્તાંગ સૂતઘાતી = ઉપધર્મ (ગૌણધર્મ)થી થયેલ પાપ વડે જેમનું અંગ લિપ્ત (વ્યાપ્ત) થયું છે તેવા સુતપુરાણીને મારનારા.

એકવાર કૌરવો પાંડવો સાથે યુદ્ધ કરવાનું વિચારતા હતા. બલરામજીએ આ સાંભળ્યું. તેમને કોઈનો પક્ષ લઈ લડવાનું પસંદ ન હતું. આથી તીર્થોમાં સ્નાન કરવાના બહાને તે દ્વારકાથી ચાલી નીકળ્યા. પ્રભાસ ક્ષેત્ર સરસ્વતી નદી યમુનાતટ અને ગંગા તટ પર આવેલા તીર્થોમાં થઈ તે નૈમિષારણ્ય ક્ષેત્રમાં ગયા. તે વખતે ઋષિઓ સત્સંગરૂપ મહાસત્ર કરતા હતા.

આ વખતે વ્યાસજીના શિષ્ય રોમહર્ષણજી વ્યાસગાદી પર બેઠા હતા. બલરામજીને જોઈને બધા ઋષિઓ ઉભા થઈ ગયા. સ્વાગત-સત્કાર કર્યો. રોમ હર્ષણજી તેમની ગાદી પરથી ઊભા ન થયા. સ્વાગત ન કર્યું. બલરામજીને આથી ક્રોધ આવ્યો.

સૂતપુરાણી સંકર જાતિના છે. પ્રતિલોમ જાતિના છે. શૂદ્ર છે. તેથી બ્રહ્માસન પર બેસી વકતવ્ય કરવાનો તેમનો અધિકાર નથી. આમ છતાં બ્રહ્માસને બિરાજ્યા છે. આ તેમણે ઉપધર્મ - ગૌણધર્મનું આચરણ કર્યું કહેવાય.

બલદેવજીને થયું કે સૂતપુરાણી વ્યાસજીના શિષ્ય થઈને પણ મન પર સંયમ નથી કરતા. આથી તેને મૃત્યુદંડ મળવો જોઈએ.

તેમના હાથમાં કુશ હતું. તેની અણીથી સૂત પર પ્રહાર કર્યો તે સાથે સૂત તરત મરી ગયા. સૂત પુરાણીજીના અભિમાનને ધારીને શ્રીબલરામજી દ્વારા પ્રભુએ તેમનો વધ કર્યો, (૧૦-૭૮-૧૭ થી ૨૮)

ગોપી સત્સંગ મંડળ (ઉપલેટા)ના જયશ્રીકૃષ્ણ.

---

(૯૯૨) વરપ્રદઃ = વરદાનને અર્પણ કરનારા.

સૂતજીના વધથી ઋષિ-મુનિઓના ચિત્ત ખિન્ન થયા. તેમણે જ સૂતજીને બ્રાહ્મણ ઉચિત આસને બેસાડ્યા હતા અને સત્ર સંપન્ન ન થાય ત્યાં સુધી કષ્ટ રહિત આયુષ્ય પણ આપ્યું હતું. ઋષિઓએ બલરામજીને બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કરવા કહ્યું - આનાથી પ્રજાને યોગ્ય બોધ પણ થાય.

બળદેવજીએ કહ્યું કે હું પ્રાયશ્ચિત કરીશ અને તમે સૂત માટે જે માંગતા હો તે માંગી લો. હું મારા યોગબલથી બધું સંપન્ન કરીશ.

ઋષિઓએ કહ્યું, 'આપ એવો ઉપાય કરો જેનાથી આપના શસ્ત્ર, પરાક્રમ અને તેનું મૃત્યુ પણ વ્યર્થ ન થાય અને અમે તેને જે વરદાન આપેલું તે પણ સત્ય થાય.'

બળદેવજીએ કહ્યું, 'વેદો કહે છે કે આત્મા જ પુત્ર રૂપમાં ઉત્પન્ન થાય છે. આથી રોમહર્ષણના સ્થાને તેમનો પુત્ર ઉગ્રશ્રવા આપને પુરાણોની કથા કહેશે. મારી શક્તિથી તેને હું દીર્ઘાયુ, ઈન્દ્રિયશક્તિ અને બલ આપું છું.' ઋષિઓના સત્રને સમાપ્ત કરવાનું વરદાન બલદેવજી દ્વારા આપનારા પ્રભુ છે. આથી 'વરપ્રદઃ' નામ છે.

બલ્વલપ્રાણ હરણ પાલિતર્ષિ શ્રુતિક્રિયઃ ।
સર્વતીર્થાઘનાશાર્થ તીર્થયાત્રા વિશારદઃ ।।૨૨૭।।

(૯૯૩) બલ્વલ પ્રાણ હરણ પાલિતર્ષિ શ્રુતિક્રિયઃ = બલ્વના પ્રાણ હરીને ઋષિઓની શ્રુતિઓમાં પ્રતિપાદિત કરેલી ક્રિયાઓનું રક્ષણ કરનારા.

રોમહર્ષણ સૂતજીના વધ પછી બળદેવજીએ ઉગ્રશ્રવા સૂતને શક્તિ આપી. બળદેવજીએ ઋષિઓને કહ્યું, 'આ સિવાય બીજું કાંઈ મારી પાસે ચાહતા હોવ તો કહો, હું તમારી ઈચ્છા પૂર્ણ કરીશ. અજાણતા મારાથી જે અપરાધ થયો છે તેનું પ્રાયશ્ચિત પણ બતાવો.'

ઋષિઓએ કહ્યું 'બલ્વલ નામનો ભયંકર રાક્ષસ છે. તે દરેક પર્વ પર અહીં આવે છે. અમારા સત્રને દૂષિત કરે છે. તે પાપીને મારો. આનાથી તમે

અરવિંદભાઈ પ્રેમચંદ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

અમારી મોટી સેવા કરી ગણાશે. તે પછી આપ એકાગ્ર ચિત્ત થઈ તીર્થોમાં સ્નાન કરતાં બાર મહિના સુધી ભારત વર્ષની પરિક્રમા કરતા વિચરણ કરો. તેનાથી આપની શુદ્ધિ થશે.

હવે પર્વનો દિવસ આવ્યો. બલ્વલ દાનવ આવ્યો. યજ્ઞશાળામાં અપિવત્ર વસ્તુઓ નાંખવા લાગ્યો. તેના હાથમાં ત્રિશુલ હતું. એકદમ કાળું અને ભારેખમ શરીર હતું. તેની ચોટી અને દાઢી મુછ તપેલ તાંબા જેવા લાલ હતા. મોટી દાઢોથી મોં ભયાનક લાગતું હતું.

શ્રીબલરામજીએ તેને જોઈ પોતાના મૂસલ અને હળનું સ્મરણ કર્યું. બંને શસ્ત્ર તરત ત્યાં આવી ગયા. બલ્વલ આકાશમાં વિચરતો હતો. બલરામજીએ હળની અણીથી તેને ખેંચ્યો અને તેના માથા પર ક્રોધથી મૂસળ ફટકારી. તેનું માથું ફાટી ગયું. તે ધરતી પર ઢળી પડ્યો. આ રીતે ઋષિઓની વૈદિક ક્રિયાઓનું રક્ષણ કર્યું.

(૯૯૪) સર્વતીર્થાઘનાશાર્થ તીર્થયાત્રા વિશારદઃ સકલ તીર્થોના પાપને નાશ કરવા સારૂ તીર્થયાત્રા કરવામાં ચતુર–કુશલ.

ઋષિઓએ બલરામજીને તીર્થયાત્રા માટે વિધાન કરેલું. લોકસંગ્રહ (લોકોમાં દાખલો બેસાડવા)ની દૃષ્ટિથી તે જરૂરી હતું. તીર્થોમાં અનેક પાપીજનો પોતાના પાપોને દૂર કરવા આવે છે. સ્નાનાદિક ક્રિયાઓ કરે છે. આવું ઘણા કાલ સુધી બને છે. આથી તીર્થો દૂષિત અને પાપ યુક્ત થાય છે. તીર્થોમાં સંચિત પાપને દૂર કરી પવિત્ર કરવા આપ પ્રભુ પણ તીર્થયાત્રા કરે છે. બલદેવજી દ્વારા પ્રભુએ જ સર્વતીર્થાટન કર્યું છે. બલદેવજી સંકર્ષણ સ્વરૂપ છે. સંકર્ષણ શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે. એટલે તીર્થયાત્રા કરનારા બલદેવજી છે, છતાં અહીં તીર્થયાત્રા કરવામાં વિશારદ શ્રીકૃષ્ણ જ છે.

જ્ઞાનક્રિયા વિભેદેષ્ટ ફલસાધન તત્પરઃ ।
સારથ્યાદિ ક્રિયાકર્તા ભક્તવશ્યત્વ બોધકઃ ॥૨૨૮॥

દમયંતીબેન અરવિંદભાઈ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

(૯૯૫) જ્ઞાન ક્રિયા વિભેદેષ્ટ ફલ સાધન તત્પરઃ = જ્ઞાન અને ક્રિયા (કર્મ) એ બંને ભેદો વડે જ્ઞાન અને કર્મના ફલને સિદ્ધ કરી આપવામાં તત્પર – સમર્થ.

શુભ અને અશુભ સર્વ કર્મો જ્ઞાનનિષ્ઠ થતાં નષ્ટ થઈ જાય છે. બલદેવજી સંપૂર્ણ જ્ઞાનવાન છે. આથી ભગવદ્ભક્તિમાં નિષ્ઠાવાન છે. તેમને તીર્થયાત્રા વગેરે કર્મમાં આધીન બનવાની કંઈ પણ આવશ્યકતા નથી. અહીં ઋષિઓ જ્ઞાનમાં અધિકારી નથી. આ ઋષિઓની કર્મોમાં જ અતિશય શ્રદ્ધા ઉત્પન્ન કરવા આપે તીર્થાટન આદિ કર્મો સ્વીકાર્યા છે. આથી જ્ઞાન તથા કર્મ બંનેને આપ પ્રતિપાદન કરનાર છે. જેવો જેનો અધિકાર છે તેને તેવા ફલ પ્રાપ્ત કરાવવામાં ભગવાન સહાયવાન થાય છે.

બલદેવજીના તીર્થયાત્રા કર્યાના પ્રસંગ ઉપરથી ભાગવતમાં આ ૨૨૮મા શ્લોકનું પહેલું નામ યોજવામાં આવ્યું હોય તેમ જણાય છે.

(૯૯૬) સારથ્યાદિ ક્રિયા કર્તા = સારથી થવું વગેરે ક્રિયાના કર્તા.

શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથી બન્યા છે. પાંડવો પર વારંવાર અનુગ્રહ કર્યો છે. આ માટે આપે જે જે ક્રિયાઓ કરી તે બધા કાર્યો અથવા લીલાઓના કરનાર શ્રીકૃષ્ણ છે.

(૯૯૭) ભક્તવશ્યત્વ બોધકઃ = ભગવાન ભક્તને વશ – આધીન છે તેવો બોધ કરનારા.

મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણે અર્જુનનું સારથીપણું કર્યું. દુર્યોધનનો નાશ કરવા બળદેવજી સંમત ન હતા, છતાં ભક્તજનોનું પ્રિય કરવા દુર્યોધનનો નાશ કર્યો. આમ શ્રીકૃષ્ણે 'હું ભક્તવશ છું' તેવું બલદેવજીને પણ દર્શાવ્યું છે. આ રીતે ભક્તો એવા પાંડવોને આપ વશ છે એમ દર્શાવ્યું છે. ૯૯૬ અને ૯૯૭ નામો શ્રીકૃષ્ણનો ભક્ત પાંડવો તરફ પક્ષપાત દર્શાવે છે.

આ સિવાય પણ શ્રીકૃષ્ણ ભક્તાધીનપણું દર્શાવ્યું હોય એવી અનેક લીલાઓ શ્રીભાગવતમાં વર્ણવી છે.

નિર્મળાબેન ગુલાબરાય મોદી (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

સુદામારંકભાર્યાર્થ ભૂમ્યાનીતેન્દ્ર વૈભવઃ ।
રવિગ્રહ નિમિત્તાપ્ત કુરુક્ષેત્રૈક પાવનઃ ।।૨૨૯।।

(૯૯૮) સુદામા રંક ભાર્યાર્થ ભૂમ્યાનીતેન્દ્ર વૈભવઃ = સુદામાજીના રંક પત્ની માટે ભૂમિમાં ઈન્દ્રના વૈભવને લાવનાર.

આ કથા સ્કંધ ૧૦ના ૮૦-૮૧ અધ્યાયમાં છે. એક બ્રાહ્મણ હતો. સુદામા એનું નામ હતું. શ્રીકૃષ્ણનો તે પરમ મિત્ર હતો. તે બ્રહ્મજ્ઞાની હતો. શાંત ચિત્ત અને જિતેન્દ્રીય હતો. જે મળે તેમાં તે સંતોષ માનતો. બંને પતિ-પત્ની જુના ફાટેલા વસ્ત્રો પહેરતા. બંને ભૂખથી દૂબલા થઈ ગયા હતા. આ પરિસ્થિતિમાં પત્નીએ સુદામાને કહ્યું કે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ આપના સખા છે. તમે તેમની પાસે જાઓ. તમારુ દુઃખ કહો. તે તમને ખૂબ ધન આપશે.

સુદામાએ વિચાર્યું કે ધનની તો ખાસ કોઈ વાત નથી પણ શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન તો થશે. જીવનનો આજ મોટો લાભ છે. આવું વિચારી તેમણે કૃષ્ણ પાસે જવાનું વિચાર્યું. પત્ની પાડોશમાંથી ચાર મુઠ્ઠી પૌંઆ લાવી. તે ભેટ કરીશ તેવું વિચારી સુદામાજી દ્વારકા આવ્યા. શ્રીકૃષ્ણના મહેલમાં પ્રવેશ્યા. શ્રીકૃષ્ણ આ વખતે રુક્મિણીજીના પલંગ પર બિરાજ્યા હતા. તેમણે દૂરથી સુદામાને જોયા. ઊઠીને તેની પાસે ગયા અને ભેટી પડ્યા.

સુદામાજીને પલંગ પર બેસાડ્યા. પૂજા કરી. સુદામાના પગ ધોઈ તે પાણી પોતાના માથે ચઢાવ્યું. આરતી પણ કરી.

સુદામાજી અને શ્રીકૃષ્ણ બાલ્યાવસ્થામાં સાંદીપનિ ઋષિના ગુરુકુલમાં સાથે ભણતા હતા. બંને મિત્રો તે દિવસના આનંદદાયક પ્રસંગો સ્મરવા લાગ્યા.

શ્રીકૃષ્ણ દરેકના મનની વાત જાણે છે. તેમણે સુદામાજીને પૂછ્યું, 'મારા માટે કઈ ભેટ લાવ્યા છો?' શ્રીકૃષ્ણ કહે છે, 'મારો પ્રેમી ભક્ત જ્યારે પ્રેમથી થોડી વસ્તુ અર્પણ કરે છે તે મારા માટે ખૂબ થઈ જાય છે. અભક્ત બહુ ભેટ ધરે તો તેથી હું સંતુષ્ટ થતો નથી.'

આરીવ મોદી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણે આવું કહ્યું તોપણ સુદામાજીએ લજ્જાથી પૌંઆની પોટલી ન આપી. ભગવાને વિચાર્યું કે આ મારો પ્રિય સખા છે. તેણે મને લક્ષ્મીની કામનાથી ભજ્યો નથી. આ સમયે તે પોતાની પતિવ્રતા પત્નીને રાજી રાખવા તેના આગ્રહથી અહીં આવ્યો છે. (૧૦-૮૧-૭) શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકમાં જણાવેલ શબ્દોને અનુસરી અને તે મર્મને બરાબર સમજાવવા આ નામ યોજ્યું છે.

શ્રીકૃષ્ણે પૌંવાની પોટલી ઝૂંટવી લીધી અને કહ્યું પૌંઆ કેવલ મને નહીં સંસારને તૃપ્ત કરવા પર્યાપ્ત છે. આમ કહી એક મુઠ્ઠી પૌવાં ખાધા અને સુદામાને અઢળક સંપત્તિ આપી. આ સંપત્તિ તેની પત્નીનું પ્રિય કરવા માટે આપી હતી.

(૯૯૯) રવિગ્રહ નિમિત્તાપ્ત કુરુક્ષેત્રૈક પાવનઃ = સૂર્યગ્રહના નિમિત્ત થઈ કુરુક્ષેત્રને પાવન કરનારા.

શ્રીકૃષ્ણ અને બલરામજી દ્વારકામાં નિવાસ કરતા હતા. એકવાર સૂર્યગ્રહણ લાગ્યું. મનુષ્યોને જ્યોતિષીઓ દ્વારા આ ગ્રહની જાણ પહેલેથી થઈ ગઈ હતી. આથી બધા પોતપોતાના કલ્યાણના ઉદ્દેશ્યથી પુણ્ય વ. કમાવા સમન્તપંચક તીર્થ કુરુક્ષેત્રમાં આવ્યા. આ પ્રસંગે ભગવાન પણ કુરુક્ષેત્રમાં પધાર્યા હતા. તેનો હેતુ 'પવિત્રાણાં પવિત્રઃ યઃ' એવા ભગવાનનો પોતે પવિત્ર થવાનો નહીં પણ કુરુક્ષેત્રને વધુ પવિત્ર કરવાનો હતો. સૂર્યગ્રહણના સમયે શ્રીકૃષ્ણના બધા સંબંધીઓ કુરુક્ષેત્રમાં ભેગા થયા હતા. એ દિવ્ય પ્રસંગની વિગતવાર કથા સ્કંધ ૧૦ના ૮૨-૮૩ અધ્યાયમાં છે.

નૃપગોપીસમસ્તસ્ત્રી પાવનાર્થાખિલક્રિયઃ ।
ઋષિમાર્ગપ્રતિષ્ઠાતા વસુદેવ મખક્રિયઃ ।।૨૩૦।।

જ્યોત્સનાબેન શ્યામસુંદર શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

(૧૦૦૦) નૃપગોપી સમસ્ત સ્ત્રી પાવનાર્થા ખિલક્રિયઃ = રાજા, ગોપીજનો અને સમસ્ત સ્ત્રી વર્ગને પાવન કરવા જેમની સંપૂર્ણ ક્રિયાઓ છે, એવા પ્રભુ શ્રીકૃષ્ણ.

કુરુક્ષેત્રમાં તીર્થયાત્રાના અવસરે ભારતવર્ષના બધા પ્રાંતોની જનતા આવી હતી. તેમાં યદુવંશીઓ પણ આવેલા હતા. અનેક દેશોના રાજાઓ પણ આવ્યા હતા. નંદ વગેરે ગોપ તથા ગોપીઓ પણ ત્યાં આવ્યા હતા.

પ્રભુ આ બધાને પાવન કરવા કુરુક્ષેત્રમાં પધાર્યા. અહીં તીર્થસ્નાનાદિ ક્રિયાઓ કરી હતી. શ્રીકૃષ્ણનો હેતુ સર્વને દર્શન, સત્સંગ વગેરેનો આનંદ આપીને તેમના પર અનુગ્રહ કરવાનો હતો. આ નામનો સંબંધ સૂર્યગ્રહણની કથા સાથે છે.

(૧૦૦૧) ઋષિમાર્ગ પ્રતિષ્ઠાતા = ઋષિઓએ નિર્ણિત કરેલા માર્ગ મુજબ આચરણ કરી તે માર્ગને પ્રતિષ્ઠા આપનારા.

પ્રભુ સર્વતંત્ર સ્વતંત્ર છે. છતાં મુનિજનોના માર્ગમાં અનુસરણ કરે છે. આપશ્રી લોકસંગ્રહ માટે આમ કરે છે. આ રીતે મુનિઓ-ઋષિઓ દ્વારા આપેલા સિદ્ધાંતોને પ્રવર્તાવે છે. આથી સર્વ આ સિદ્ધાંતોને અનુસરે. આપ તેથી જ આ સિદ્ધાંતોનું અનુમોદન કરે છે. સર્વને તેમ વર્તવા સૂચવો છો.

(૧૦૦૨) વસુદેવ મખક્રિયઃ = વસુદેવજીના યજ્ઞની ક્રિયાઓ જેમનાથી થઈ રહી છે તેવા.

કુરુક્ષેત્રમાં ઋષિઓ પણ આવેલા. વસુદેવજીએ તેમને પ્રાર્થના કરી કે મને ઉપદેશ આપો, જેથી મારી કર્મવાસનાઓનો આત્યંતિક નાશ થાય. મને મોક્ષ મળે.

ઋષિઓએ કહ્યું યજ્ઞ દ્વારા યજ્ઞના અધિપતિ ભગવાન વિષ્ણુની આરાધના કરો. આ સાંભળી વસુદેવજીએ યજ્ઞની તૈયારીઓ કરી. તેમણે પ્રત્યેક યજ્ઞમાં જ્યોતિષ્ટોમ, દશાજ્ઞપૂર્ણ માસવ પ્રાકૃત યજ્ઞો, સૌર સત્રાદિ વૈકૃત યજ્ઞો અને અગ્નિહોત્ર વગેરે યજ્ઞો દ્વારા વિષ્ણુભગવાનની આરાધના કરી. ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં યજ્ઞરૂપ છે. તો પછી તે યજ્ઞની સકલ ક્રિયાઓ આપની હોય અને પોતાના આધારથી ચાલી રહી તેમાં શું આશ્ચર્ય ? (૧૦-૮૪-૬૦) પ્રમાણે 'વસુદેવજી અનાયાસ જ પોતાના ખૂબ મોટા મનોરથનો મહાસાગર પાર કરી ગયા હતા.'

રેખાબેન કાપડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

વસુદેવ જ્ઞાનદાતા દેવકી પુત્ર દાયકઃ ।
અર્જુન શ્રીપ્રદાતા ચ બહુલાશ્વ સ્વરૂપદઃ ॥૨૩૧॥

(૧૦૦૩) વસુદેવજ્ઞાનદાતા = વસુદેવજીને જ્ઞાન આપનારા.

વસુદેવજીને શ્રીકૃષ્ણ પર પુત્રવાત્સલ્ય પ્રેમ હતો. શ્રીકૃષ્ણના સ્વરૂપનું યથાર્થજ્ઞાન તેમને ન હતું. પુત્રપ્રેમ જ તેમાં બાધારૂપ હતો.

કુરુક્ષેત્રમાં મુનીઓ પણ એકત્રિત થયા હતા. મુનીઓએ શ્રીકૃષ્ણના સબંધમાં વચનો કહ્યા. વસુદેવજીએ તે સાંભળ્યા. તે પછી વસુદેવજીને રામકૃષ્ણ એ બે પુત્રો પર પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપનું દિવ્ય જ્ઞાન થવા પામ્યું. ત્યાં સુધી તેમને પુત્રભાવ હતો. મુનીઓ દ્વારા સત્ય જ્ઞાન થયા પછી શ્રીકૃષ્ણે વસુદેવજીને તત્ત્વજ્ઞાન ઉપદેશાથી સમજાવ્યું હતું. શ્રીકૃષ્ણે કહ્યું, સંપૂર્ણ ચરાચર જગત બ્રહ્મરૂપ જ સમજવું જોઈએ. આત્મા એક હોવા છતાં અનેક લાગે છે. સ્વયંપ્રકાશ હોવા છતાં દશ્ય લાગે છે. સ્વરૂપ હોવા છતાં પોતાથી ભિન્ન લાગે છે. નિત્ય હોવા છતાં અનિત્ય અને નિર્ગુણ હોવા છતાં સગુણ રૂપમાં પ્રતીત થાય છે.

આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી આ પંચ મહાભૂત એક અને અનેક જેવા પ્રતીત થાય છે. વાસ્તવમાં તે એક જ રહે છે. આજ રીતે આત્મામાં જુદાપણાની પ્રતીતિ થાય છે. એટલે જે હું છું તે જ બધું છે. (૧૦-૮૫-૨૨ થી ૨૫)

શ્રીકૃષ્ણના વચન સાંભળી વસુદેવજીએ બુદ્ધિ સ્થિર કરી - આનંદમાં મગ્ન થયા. વાણીથી મૌન થયા. મનથી નિઃસંકલ્પ થયા.

(૧૦૦૪) દેવકી પુત્ર દાયકઃ = દેવકીજીના પુત્રોને અર્પણ કરનાર.

શ્રીકૃષ્ણે વસુદેવજીને જ્ઞાન આપ્યું. તે વખતે દેવકીમા ત્યાં હતા. દેવકીજીને

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

તેમના મરેલા છ પુત્રોની યાદ આવી. તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, ‘હું તમારી શરણાગત થઈ છું. તમારા ગુરુ સાન્દીપનીજીના પુત્રને મરે ઘણો સમય થઈ ગયો હતો. ગુરૂદક્ષિણા આપવા તેમની આજ્ઞા તથા કાલની પ્રેરણાથી તમે બંનેએ યમપુરીમાંથી તે પુત્ર પાછો લાવી આપેલ. તમે બંને યોગેશ્વરોના ઈશ્વર છો. આજે મારી પણ અભિલાષા પૂર્ણ કરો. કંસે મારા જે પુત્રોને મારી નાંખેલા તે મને લાવી દો.’

માતાની વાત સાંભળી બંને ભાઈઓ યોગમાયાનો આશ્રય લઈ સુતલ લોકમાં પ્રવેશ્યા. સુતલમાં બલિ રાજા રાજ કરે છે. બલિરાજાએ બંનેને જોયા. કુટુંબ સહિત બંને ભાઈને ચરણોમાં પ્રણામ કર્યા. સિંહાસન પર પધરાવ્યા. ચરણ પ્રક્ષાલ્યા. ચરણોદક મસ્તક પર ધારણ કર્યું. ભગવાનની સ્તુતિ કરી.

ભગવાને કહ્યું કે દેવકીજીના પુત્રો પાછા આપો. ભગવાને તેની માહિતી આપતાં કહ્યું કે આ છ પુત્રો પ્રજાપતિ મરીચિ અને ઉર્ણાના હતા. તે બધા દેવતા હતા. એક વાર તેમણે બ્રહ્માજીની મજાક કરી. આ અપરાધથી બ્રહ્માજીએ તેમને શ્રાપ દીધો. તે હિરણ્યકશિપુને ત્યાં પુત્ર રૂપે થયા. યોગમાયાએ તેમને ત્યાંથી દેવકીજીના ગર્ભમાં રાખી દીધા અને ઉત્પન્ન થતાં જ કંસે તેમને મારી નાંખ્યા.

માતાનો શોક દૂર કરવા અમે તે છને સાથે લઈ જઈશું. પછી તે શાપ મુક્ત થઈ તેમના લોકમાં જતા રહેશે. આ છ દેવોના નામ સ્મર, ઉદ્‌ગીથ, પરિષ્વંગ, પતંગ, ક્ષુદ્રભૃત્ અને ધૃણા છે. મારી કૃપાથી તેમને ફરી સદ્‌ગતિ મળશે.

આ છ બાળકોને લઈ શ્રીકૃષ્ણ અને બલરામજી દ્વારકા પાછા પધાર્યા. બાળકો માને સોંપી દીધા.

(૧૦૦૫) અર્જુન સ્ત્રીપ્રદાતા = અર્જુનને પોતાના બહેનની સ્ત્રી તરીકે પ્રાપ્તિ કરાવનારા.

૮૬માં અધ્યાયની શરૂઆતમાં પરીક્ષિતજી પૂછે છે કે મારા દાદા અર્જુન અને દાદી સુભદ્રાજીનો વિવાહ કઈ રીતે થયો? તેના જવાબમાં શ્રી શુકદેવજી કહે છે, ‘એકવાર અર્જુન તીર્થયાત્રાએ નીકળ્યા. વિચરણ કરતાં પ્રભાસક્ષેત્રમાં પહોંચ્યા. અહીં તેમણે સાંભળ્યું કે સુભદ્રાજીનો વિવાહ દુર્યોધન સાથે થાય તેવું બલદેવજી ઈચ્છે છે. વસુદેવજી અને શ્રીકૃષ્ણ તેમાં સહમત નથી.

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

અર્જુન ત્રિદંડી વૈષ્ણવનો વેશ લઈ દ્વારકા પહોંચ્યા. સુભદ્રાજીને મેળવવા અહીં વર્ષાકાળના ચાર મહીના રહ્યા. કોઈ તેમને ઓળખી શક્યું નહીં.

એકવાર બલરામજી અર્જુનને અતિથિ તરીકે ઘેર લઈ ગયા. તે પણ અર્જુનને ઓળખી શક્યા નહીં. અર્જુનને પ્રેમથી જમાડ્યા. તે વખતે અર્જુને સુભદ્રાને જોયાં. તેમને પત્ની બનાવવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. સુભદ્રાજીએ પણ અર્જુનને જોયા અને તેમને પતિ બનાવવાનું મન કરી લીધું.

એકવાર સુભદ્રાજી દેવદર્શન માટે રથમાં બેસી દ્વારકાના દુર્ગની બહાર નીકળ્યાં. અર્જુને દેવકી-વસુદેવ અને શ્રીકૃષ્ણની અનુમતિથી સુભદ્રાનું હરણ કરી લીધું. સૈનિકો તેમને રોકવા આવ્યા. અર્જુને તેમને મારીને રથને ભગાડ્યો.’

આ સમાચારથી બલરામજી બહુ ખિજાયા. શ્રીકૃષ્ણે તથા અન્ય સંબંધીઓએ તેમના પગ પકડી તેમને ખૂબ સમજાવ્યા. ત્યારે તે શાંત થયા. પ્રસન્ન થયા અને વર-વધુ માટે ખુબ જ ધન, સામગ્રી, હાથી, રથ, ઘોડા અને દાસ-દાસી દહેજમાં મોકલ્યા.

(૧૦૦૬) બહુલાશ્વ સ્વરૂપદઃ = બહુલાશ્વ રાજાને પોતાના દર્શન આપનારા.

મિથિલા નગરી વિદેહની રાજધાની હતી. ત્યાંના રાજાનું નામ બહુલાશ્વ હતું. તેનામાં જરાપણ અહંકાર હતો નહીં. તે ભગવાનનો ભક્ત હતો.

એકવાર ભગવાન શ્રીકૃષ્ણ તેની પર પ્રસન્ન થઈ વિદેહ દેશ જવા નીકળ્યા. સારથી દારૂકને લઈ રથમાં પ્રસ્થાન કર્યું. શ્રીકૃષ્ણ સાથે તે વખતે નારદ, વામદેવ, અત્રિ, વેદવ્યાસ, પરશુરામ, અસિત, આરુણિ, શુકદેવજી, બૃહસ્પતિ, કણ્વ, મૈત્રેય, ચ્યવન વગેરે ઋષિઓ પણ હતા.

એક વૈષ્ણવના જયશ્રીકૃષ્ણ.

યાત્રામાં આનર્ત, ધન્વ, કુરુજાંગાલ, કંક, મત્સ્ય, પાંચાલ, કુન્તિ, મધુ, કેકય, કોસલ અર્ણ વગેરે દેશોમાં થઈ આપ મિથિલામાં પધાર્યા. મિથિલા નરેશ બહુલાશ્વને દર્શન આપ્યા.

શ્રુતદેવેષ્ટ દાતા ચ સર્વશ્રુતિનિરુપિતઃ ।
મહાદેવાદ્યતિશ્રેષ્ઠો ભક્તિલક્ષણ નિર્ણયઃ ॥૨૩૨॥

(૧૦૦૭) શ્રુતદેવેષ્ટ દાતા = શ્રુત દેવને ઈષ્ટ વસ્તુ અર્પણ કરનાર.

મિથિલા નગરીમાં શ્રુતદેવ નામનો એક ગૃહસ્થ બ્રાહ્મણ પણ રહેતો હતો. તે પણ શ્રીકૃષ્ણનો પરમ ભક્ત હતો. તે ભગવદ્‌ભક્તિવાળો હતો. તેથી પરમ શાંત, જ્ઞાની અને વિરક્ત હતો. ગૃહસ્થાશ્રમી હતો, છતાં કોઈ પ્રકારનો ઉદ્યોગ કરતો ન હતો. જે મળે તેમાં સંતોષ માની નિર્વાહ કરતો હતો. આ બ્રાહ્મણ પણ તેથી શ્રીકૃષ્ણનો પ્રેમી ભક્ત હતો.

મિથિલામાં શ્રીકૃષ્ણ શ્રુતદેવના ઘરે પણ પધાર્યા હતા. બહુલાશ્વ અને શ્રુતદેવે પોતપોતાના ઘરે શ્રીકૃષ્ણને પધારવા એક સાથે પ્રાર્થના કરેલી. શ્રીકૃષ્ણે બે સ્વરૂપો કરીને બંનેને ઘેર એકી વખતે પધારવાની લીલા કરી હતી. અને બંનેની મનોવાંછના પૂર્ણ કરેલી. પ્રભુ બંનેના ઘરે બે રૂપથી પધાર્યા છે તે વાત એકબીજાને ખબર ન પડી.

રાજા અને શ્રુતદેવને લાગ્યું કે પ્રભુ મારા સિવાય અન્ય ક્યાંય પધાર્યા નથી. શ્રીકૃષ્ણે શ્રુતદેવને કહ્યું કે મારી સાથે આ મોટા-મોટા ઋષિમુનિ તારા પર અનુગ્રહ કરવા પધાર્યા છે. આ બધા પોતાના ચરણકમલોની ધૂળથી બધાને અને જગતને પવિત્ર કરે છે. આમ શ્રુતદેવનું ઈષ્ટ શ્રીકૃષ્ણે કર્યું.

આ કથામાં ભગવાનની વ્યાખ્યા શ્રીભાગવતકારે સરસ આપી. 'ભગવાન્ ભક્તભક્તિમાન' - ભગવાન પણ ભક્તોની ભક્તિ કરે છે. (૧૦-૮૬-૫૯)

(૧૦૦૮) સર્વશ્રુતિનિરૂપિતઃ = (૧)સર્વ શ્રુતિઓ જેનું નિરૂપણ કરે છે એવા શ્રીકૃષ્ણ (૨) સકલ શ્રુતિગણોથી પ્રતિપાદિત શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે 'વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ' (સકલ વેદો વડે હું જ જાણવા યોગ્ય છું.) (૧૫-૧૫). નિખિલ નિગમ - વેદોમાં શ્રીકૃષ્ણને

જ મુખ્ય વસ્તુ તરીકે નિરૂપ્યા છે. ભગવાનનો પાર શ્રુતિઓ પણ પામી નથી શકી તો અન્ય ક્યાંથી પામે? ભગવતી શ્રુતિ વર્ણવે છે હે શિપિવિષ્ટ! હે વિષ્ણો! લોકમાં અને વેદોમાં પ્રસિદ્ધ એવા આપના નામની હું પ્રશંસા કરું છું. તમે જ મારા સ્વામી છો. જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાયોને જાણવાવાળા છો. વિદ્વાન છો. માટે હું સ્તુતિ કરું છું. હું તો ક્ષુદ્ર જીવ માત્ર છું. આપ સર્વથી મહાન છો. આ લીલાત્મક પ્રપંચથી પર ગૂઢ રૂપે રહેલા છો. આથી આપના અગણિત ગુણ ગણ મહિમાને સ્તવન કરવા પ્રવૃત્ત થયો છું.

આપના અપાર મહિમાને કોઈ પણ શ્રવણ કરી શકતા નથી.

યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ - જ્યાંથી વાણી અને મન કંઈ પણ મેળવ્યા સિવાય પાછા પડે છે. આવા અનેક શ્રુતિ-સ્મૃતિઓના વાક્યો ભગવાનનો મહિમા-પ્રભાવ વર્ણવે છે.

પ્રથમ સ્કન્ધના ૪૭મા નામ 'ગૂઢાત્મા સર્વવેદેષુ' - સર્વ વેદોમાં જેમનું સ્વરૂપ ગૂઢ છે એવા. આ નામ સાથે સંગતિ ધરાવે છે.

આ સ્કંધનો ૮૭મો અધ્યાય વેદ સ્તુતિ છે. તેમાં જય જય જહ્ય જામજિત દોષગૃભીતગુણાં (૧૪મો શ્લોક) - અહીં ગોપાંગના રૂપ શ્રુતિગણોએ ભગવાનનો અગણિતગુણ ગણ મહિમા સ્પષ્ટ કર્યો છે.

શ્રુતિગીતામાં (૧૦-૮૭) શ્રુતિઓ ભગવાનના ભાવિક સગુણ, નિર્ગુણ, સાકાર, નિરાકાર સ્વરૂપો અને મહિમા વગેરેનું વિવરણ કરે છે. તે પરથી પરમાત્મા શ્રીકૃષ્ણનું આ નામ યોજવામાં આવેલું છે. વેદસ્તુતિના ૨૮મા શ્લોકોને શ્રીમહાપ્રભુજી પોતે પ્રતિપાદન કરેલ 'બ્રહ્મવાદ'ના નિર્ણાયક વાક્યો તરેગણે છે.

(૧૦૦૯) મહાદેવાદ્યતિ શ્રેષ્ઠઃ = મહાદેવજી, બ્રહ્માજી વગેરે દેવોથી પણ અતિ શ્રેષ્ઠ.

એકવાર મોટા મોટા ઋષિ-મુનિ એકત્ર થયા. સરસ્વતી નદીના તટે તેમને યજ્ઞ કરવો હતો. તે બધામાં વાદ-વિવાદ ચાલ્યો કે બ્રહ્મા, શિવ અને વિષ્ણુમાં સહુથી મોટું કોણ? આ નક્કી કરવા તેમણે ભૃગુ ઋષિ (બ્રહ્માજીના પુત્ર)ને કાર્ય સોંપ્યું.

ભૃગુઋષિ પહેલા બ્રહ્માજીની સભામાં ગયા. બ્રહ્માજીના ધૈર્યની પરીક્ષા કરવા તેમણે બ્રહ્માજીને નમસ્કાર ન કર્યા. સ્તુતિ પણ ન કરી. બ્રહ્માજીને ક્રોધ આવ્યો. ભૃગુઋષિ બ્રહ્માજીના પુત્ર છે. આથી બ્રહ્માજીએ વિવેક બુદ્ધિથી અંદરને અંદર ક્રોધ દબાવી લીધો.

અહીંથી ઋષિ કૈલાસમાં ગયા. શંકરજી ઊભા થયા. પોતાના આ ભાઈને ભેટવા ભુજાઓ ફેલાવી. ભૃગુજીએ તેનો સ્વીકાર ન કર્યો અને કહ્યું કે તમે લોક અને વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરો છો. શંકરજીને ક્રોધ આવ્યો. ત્રિશૂલ ઉઠાવી ઋષિને મારવા તૈયાર થયા. પાર્વતીજીએ મનાવીને શંકરજીને શાંત પાડ્યા.

અહીંથી ઋષિ વૈકુંઠમાં ગયા. વિષ્ણુજી લક્ષ્મીજીના પર્યંકમાં માથુ રાખી સૂતા હતા. ઋષિએ વિષ્ણુજીની છાતી પર જોરથી લાત મારી. વિષ્ણુ ઝટપટ પોતાની શૈયા પરથી નીચે ઉતર્યા. ઋષિને પ્રણામ કર્યા. સ્વાગત કર્યું અને કહ્યું કે મને આપના શુભ આગમનની ખબર ન હતી. મારો અપરાધ ક્ષમા કરો. વિષ્ણુજીએ ઋષિને કહ્યું, આપના ચરણકમલ કોમળ છે. વિષ્ણુજી તેને દબાવવા લાગ્યા. વિષ્ણુજીએ કહ્યું કે આપના ચરણકમલના સ્પર્શથી મારા બધા પાપ ધોવાઈ ગયા. આજથી હું લક્ષ્મીજીનો એક માત્ર આશ્રય બન્યો. હવે તમારા ચરણચિહ્નોવાળા મારા વક્ષઃસ્થળે લક્ષ્મીજી સદા નિવાસ કરશે.

આ સાંભળી ભૃગુજી તૃપ્ત થયા. તેમનું ગળું રૂંધાઈ ગયું. આંખમાં આંસુ છલકાયા. તે ત્યાંથી મુનિઓ પાસે ગયા અને તેમના અનુભવો સંભળાવ્યા. મુનિઓનો સંદેહ દૂર થયો. ત્યારથી તે ભગવાન વિષ્ણુને જ સર્વશ્રેષ્ઠ માનવા લાગ્યા. કારણ તે જ શાંતિ અને અભયનું ઉદ્‌ગમ સ્થાન છે.

(૧૦૧૦) ભક્તિલક્ષણ નિર્ણય = ભક્તિના લક્ષણોનો નિર્ણય કરનારા.

ભગવદ્ અનુગ્રહથી ભક્તિ મળે છે. પ્રભુ જ ભક્તિના લક્ષણોનો નિર્ણય આપનારા છે. પ્રભુ જેના પર અનુગ્રહ કરવાની ઈચ્છા કરે છે તેના ધન વગેરે સાધનોને હરી લે છે. પ્રભુ પોતાની તરફ તે જીવના અંતઃકરણનું આકર્ષણ કરે છે. આવા ભગવત્ કૃપા પ્રાપ્ત કરેલા ભક્તને ભક્તિના સંપૂર્ણ

લક્ષણો સાધ્ય થાય છે. ભક્તિના ચિહ્નો ભગવાનની પૂર્ણ કૃપા વગર પ્રાપ્ત કરવા અશક્ય છે. આમ પ્રભુ જ ભક્તિના લક્ષણો - ચિહ્નોનો નિર્ણય કરનારા છે.

વૃકગ્રસ્તશિવત્રાતા નાનાવાક્યવિશારદઃ ।
નરગર્વ વિનાશાર્થ હતબ્રાહ્મણ બાલકઃ ॥૨૩૩॥

(૧૦૧૧) વૃકગ્રસ્તશિવત્રાતા = વૃક નામના અસુરથી પીડાતા ભગવાન શંકરનું સંરક્ષણ કરનારા.

બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ આ ત્રણે શાપ અને વરદાન આપવામાં સમર્થ છે. આ ત્રણમાં મહાદેવ અને બ્રહ્મા શીઘ્ર પ્રસન્ન થાય છે કે રૂઠે છે. તે અનુસંધાનમાં વરદાન કે શાપ આપે છે. ભગવાન વિષ્ણુ તેવા નથી.

વૃક અસુર ભ્રસ્માસુરથી પણ ઓળખાય છે. શંકરજી આ અસુરથી પીડાતા હતા. વિષ્ણુ ભગવાને તેનાથી શંકરજીનું રક્ષણ કર્યું.

(૧૦૧૨) નાનાવાક્ય વિશારદઃ = અનેક પ્રકારનાં યુક્તિઓવાળા વચનો બોલવામાં ચતુર.

વૃકાસુર શકુનિનો પુત્ર હતો. તેની બુદ્ધિ બગડેલી હતી. એકવાર તેને નારદજી મળ્યા. અસુરે તેમને પૂછ્યું 'ત્રણ દેવતાઓમાં ઝટપટ પ્રસન્ન કોણ થાય?' નારદજીએ કહ્યું, 'શંકરની આરાધના કર.'

રાવણ અને બાણાસુરે શંકરજીની સ્તુતિ કરી હતી. આથી શંકરજીએ વરદાન આપેલા. રાવણ આથી જ કૈલાસ ઉઠાવી શકતો. બાણાસુરના નગરની રક્ષા પણ તે કરતા.

વૃકાસુર કેદાર ક્ષેત્રમાં ગયો. અગ્નિમાં પોતાના શરીરના માંસને કાપીને હવન કરવા લાગ્યો. શંકરજી પ્રસન્ન ન થયા. ત્યારે તે પોતાના મસ્તકને કાપી હવનમાં નાંખવા તૈયાર થયો. આનાથી કરૂણાવશ શંકરજી પ્રકટ થયા. અસુરના હાથ પકડી લીધા. સ્પર્શ થતાં અસુર પહેલા જેવો થઈ ગયો. શંકરજીએ વરદાન માંગવા કહ્યું. વૃકાસુરે કહ્યું 'હું જેના માથા પર હાથ મુકું તે મરી જાય.' શંકર ભગવાન રાજી ન થયા પણ વરદાન આપ્યું.

વૃકાસુરને લાલસા થઈ કે પાર્વતીજીને હરી લઉં. આથી વરદાનની પરીક્ષા કરવા તે શંકરજીના માથે હાથ મુકવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શંકરજી ભયભીત થઈ ભાગવા લાગ્યા. વૃકાસુર પાછળ પાછળ દોડ્યો. કોઈ શંકરજીને બચાવી ન શક્યું. આથી છેલ્લે તે વૈકુંઠ લોકમાં ગયા. નારાયણ ભગવાને જોયું કે શંકરજી સંકટમાં છે.

વિષ્ણુ ભગવાને માયાથી બ્રહ્મચારીનું રૂપ લીધું. વૃકાસુર તરફ આવવા લાગ્યા. વૃકાસુરને નમીને પ્રણામ કર્યા અને વૃકાસુરને કહ્યું 'તમે દૂરથી આવો છો શકુનિ નંદન. થોડો વિશ્રામ કરો. વધુ કષ્ટ ન કરો. શરીર સારું હશે તો કામનાઓ પૂરી થશે. વળી તમે સમર્થ છો. આ સમયે શું કરવા ચાહો છો?'

વૃકાસુરે ભગવાનના અમૃતઝરતા શબ્દો સાંભળ્યા. તે થોડીવાર ઊભો રહ્યો. થાક દૂર કર્યો. પછી ક્રમશઃ તેની તપસ્યા, વરદાન પ્રાપ્તિ તથા શંકરજી પાછળની દોડની વાત કરી.

ભગવાને કહ્યું, 'હું તેમની વાત પર વિશ્વાસ કરતો નથી. તેમને તો દક્ષ પ્રજાપતિનો શાપ છે. આથી પિશાચ ભાવને પ્રાપ્ત થયા છે. દાનવરાજ! તમે આટલા મોટા થઈ આવી નાની નાની વાતો પર વિશ્વાસ કરી લો છો? જો તમે તેમની વાત પર વિશ્વાસ કરતા હો તો ઝટપટ તમારા માથા પર જ હાથ મૂકો અને પરીક્ષા લો. જો શંકરજીની વાત અસત્ય થાય તો તમે તેને મારી નાંખજો. જેથી તે ફરી જુઠ્ઠું ન બોલે.'

ભગવાને આવી મોહ કરનારી અદ્‌ભુત અને મીઠી મીઠી વાત કરી. અસુરની વિવેકબુદ્ધિ જતી રહી. તે દુર્બુધ્ધિએ ભૂલ કરી. પોતાના જ માથા પર હાથ રાખી દીધો. તે જ પળે તેનું માથું ફાટી ગયું. તે ધરતી પર પડી ગયો.

આમ ભગવાને શંકરજીને સંકટમાંથી છોડાવવાની લીલા કરી. તે માટે અસુર આગળ અનેક પ્રકારના યુક્તિવાળા વાક્યો આપ બોલ્યા છે.

(૧૦૧૩) નરગર્વ વિનાશાર્થહૃત બ્રાહ્મણ બાલકઃ = નર (અર્જુન)ના ગર્વનો વિનાશ કરવા બ્રાહ્મણ બાલકને હરિ જવાની લીલા કરનારા.

દ્વારકાપુરીમાં એક બ્રાહ્મણ પુત્ર થયો. જેવો તેનો સ્પર્શ પૃથ્વીને થયો કે તરત તે મરી ગયો. બ્રાહ્મણનો પતિ મૃત શરીર લઈ રાજમહેલના દ્વારે આવ્યો. મૃત બાળકને ત્યાં રાખી તે વિલાપ કરતા કહેવા લાગ્યો, 'બ્રાહ્મણદ્રોહી, ધૂર્ત, કૃપણ અને વિષયી રાજાના કર્મદોષથી મારો બાળક મૃત્યુ પામ્યો.' આ રીતે તેના આઠ બાળકો જન્મીને તરત મરી ગયા. બધાને તે રાજમહેલના દરવાજા પાસે નાંખી જતો.

આ રીતે નવમા મૃત બાળકને તે નાંખવા આવ્યો ત્યારે શ્રીકૃષ્ણ સાથે અર્જુન પણ બેઠો હતો. તેણે બ્રાહ્મણની વાત સાંભળી અને કહ્યું, 'દ્વારકામાં કોઈ ધનુષધારી ક્ષત્રિય નથી? લાગે છે કે આ બધા યદુવંશી બ્રાહ્મણ છે. પ્રજાપલન છોડી યજ્ઞમાં બેઠા હોય તેવું લાગે છે.' અર્જુને આગળ કહ્યું કે હું હવે તમારા સંતાનની રક્ષા કરીશ. જો હું પ્રતિજ્ઞા પૂરી ન કરી શકું તો આગમાં કૂદીને બળી મરીશ.

બ્રાહ્મણે કહ્યું કે શ્રીકૃષ્ણ, બલરામ, પ્રદ્યુમ્ન તથા અનિરૂદ્ધ મારા પુત્રોને નથી રક્ષી શક્યા તો તમે કઈ રીતે કરશો? મને તમારી વાત પર વિશ્વાસ નથી થતો.

અર્જુને કહ્યું, 'હું બલરામ, શ્રીકૃષ્ણ કે પ્રદ્યુમ્ન નથી. હું અર્જુન છું, જેનું ગાંડીવ ધનુષ વિશ્વવિખ્યાત છે. મેં મારા પરાક્રમથી શંકરને સંતુષ્ટ કર્યા છે. યુદ્ધમાં સાક્ષાત મૃત્યુને પણ જીતી તમારું સંતાન લાવીશ.'

બ્રાહ્મણીને પ્રસવનો સમય નજીક આવ્યો. બ્રાહ્મણ આતુરતાથી અર્જુન પાસે આવ્યો કહ્યું, 'આ વખતે તમે મારા બાળકને મૃત્યુથી બચાવી લો.' અર્જુને શુદ્ધ જળથી આચમન કર્યું. શંકર ભગવાનને નમસ્કાર કર્યા. દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કર્યું. ગાંડીવ ધનુષ હાથમાં લીધું. અર્જુને બાણોને અનેક પ્રકારના અસ્ત્રમંત્રોથી અભિમન્ત્રિત કર્યા. પ્રસવ ગૃહને ચારે બાજુથી શરપંજરમાં (બાણના પાંજરાથી) રક્ષી લીધું.

બ્રાહ્મણીને પુત્ર થયો. તે રડતો હતો. જોત જોતામાં તે શરીર સહિત આકાશમાં અદશ્ય થઈ ગયો. બ્રાહ્મણ હવે અર્જુનની નિંદા કરવા લાગ્યો. આ સાંભળી અર્જુન તરત યમપુરીમાં ગયો. ત્યાં તેને બાળક ન મળ્યો. પછી તે શસ્ત્ર લઈ ક્રમશઃ ઈન્દ્ર, અગ્નિ, નિત્ર્ઋતિ, સોમ, વાયુ અને વરુણ વગેરેની

નગરીઓમાં ગયો. અતલ, સ્વર્ગ અને મહર્લોકમાં પણ ગયો. પણ ક્યાંય તેને બ્રાહ્મણનો છોકરો મળ્યો નહીં.

પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા અર્જુને અગ્નિમાં પ્રવેશ કરવાનો વિચાર કર્યો. શ્રીકૃષ્ણે તેને રોક્યો અને કહ્યું, ‘ભાઈ અર્જુન, તું તારી જાતનો તિરસ્કાર ન કર. હું તને બ્રાહ્મણના બધા બાળક હમણાં બતાવી દઈશ. પછી શ્રીકૃષ્ણ અર્જુનજીને લઈને ગયા. અને ભૂમ્ના નારાયણ ભગવાન પાસેથી બધા બાળકો પાછા લાવ્યા. બ્રાહ્મણને સોંપ્યા. આ બધી લીલા શ્રીકૃષ્ણે અર્જુનજીના ગર્વના વિનાશ કરવા માટે કરી હતી. અર્જુનનો ગર્વ ઉતરી ગયો. તેને લાગ્યું કે મનુષ્યમાત્રમાં જે કંઈ બળ-પરાક્રમ છે તે શ્રીકૃષ્ણની કૃપા રૂપ જ છે.’

લોકાલોક પરસ્થાન-સ્થિત બાલકદાયકઃ ।
દ્વારકાસ્થ મહાભોગ-નાનાસ્રીરતિવર્ધનઃ ॥૨૩૪॥

(૧૦૧૪) લોકાલોક પરસ્થાન સ્થિત બાલકદાયકઃ = લોકાલોક પર્વતથી પર રહેલા બધા બાલકોને પાછા લાવી આપનારા.

અર્જુને દ્વારકાના બ્રાહ્મણને તેના મૃત બાલકને લાવી આપવા વચન આપેલું. તે વચન નિભાવી શક્યો નહીં. આથી તેની પ્રતિજ્ઞા પ્રમાણે તે બળી મરવા તૈયાર થયો. ત્યારે શ્રીકૃષ્ણે તેને રોક્યો અને કહ્યું કે હું તને બ્રાહ્મણના બધા બાળકો બતાવી દઉં છું.

શ્રીકૃષ્ણ અર્જુન સાથે પોતાના દિવ્ય રથ પર બિરાજ્યા. પશ્ચિમ દિશા તરફ પ્રસ્થાન કર્યું. તેમણે સાત-સાત પર્વતો વાળા સાત દ્વીપ, સાત સમુદ્ર અને લોકાલોક પર્વત ઓળંગી ઘોર અંધકારમાં પ્રવેશ કર્યો. અહીં કંઈ જ દેખાતું ન હતું. રથના ચાર ઘોડા પણ આમ તેમ ભટકવા લાગ્યા. (ઘોડાના નામ-શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક). શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેજસ્વી ચક્ર આગળ ચાલવા લાગ્યું. તેના પ્રકાશમાં રથ આગળ ચાલ્યો અને અંધકારની અંતિમ સીમા પર પહોંચ્યો.

અહીંથી જળરાશિ શરૂ થતી હતી. પ્રભુનો રથ દિવ્ય જળરાશિમાં પ્રવેશ્યો. ત્યાં એક મહેલ હતો. આ મહેલમાં ભગવાન શેષજી બિરાજ્યા હતા. તેમને હજાર મસ્તક હતા. દરેક ફેણ પર સુંદર મણિ ઝગમગતા હતા. આવા શેષ ભગવાનની શય્યા પર પરમ પુરુષોત્તમ ભગવાન બિરાજ્યા હતા. પાર્ષદો, ચક્ર વગેરે આયુધો અને બ્રહ્માદિ વ. લોકપાલો આ ભગવાનની સેવા કરતા હતા. શ્રીકૃષ્ણ અને ભયભીત અર્જુને તેમને પ્રણામ કર્યા.

શેષ શય્યા પર બિરાજેલા પ્રભુ ભૂમા પુરુષ છે. તેમણે ગંભીર વાણીથી કહ્યું, ‘હે શ્રીકૃષ્ણ અને અર્જુન! તમને બંનેને જોવા માટે જ બ્રાહ્મણના બાળકોને મારી પાસે મંગાવી લીધા હતા. તમે બંનેએ ધર્મની રક્ષા માટે મારી કલાઓ સહિત પૃથ્વી પર અવતાર ધર્યો છે. પૃથ્વીના ભારરૂપ દૈત્યોનો સંહાર કરી શીઘ્ર મારી પાસે પાછા આવો. તમે બંને ઋષિવર નર અને નારાયણ છો.’ ભૂમા ભગવાનને કૃષ્ણ તથા અર્જુને નમસ્કાર કર્યા. ભૂમા ભગવાને બ્રાહ્મણના બાળકોને પાછા આપ્યા. બંને જે રસ્તેથી આવ્યા હતા તે રસ્તે થઈ દ્વારકા પાછા ફર્યા. આ બાળકોને શ્રીકૃષ્ણ અને અર્જુને તેના પિતાને સોંપી દીધા. અર્જુને અનુભવ્યું કે જીવનમાં જે બળ છે તે બધું ભગવાન શ્રીકૃષ્ણની કૃપાનું ફલ છે. (૧૦-૮૯-૬૩)

(૧૦૧૫) દ્વારકાસ્થ મહાભોગ નાનાસ્રી રતિવર્ધનઃ = દ્વારકા નગરીમાંના મહાવૈભવ માટે વિવિધ પ્રકારની વનિતાઓમાં રતિ સંબંધી પ્રીતિને વધારનાર.

ભગવાન સોળ હજારથી અધિક પત્નીઓના એકમાત્ર પ્રાણવલ્લભ હતા. દરેક પત્નીના અલગ મહેલ હતા. તેટલા અદ્‌ભુત રૂપ ધારણ કરી તેઓ તેમની સાથે વિહાર કરતા હતા.

બધી પત્નીઓના મહેલોમાં સુંદર સરોવર હતા. તેના નિર્મળ જળમાં જુદા જુદા રંગોના કમળો મહેકતા હતા. હંસ, સારસ વગેરે પક્ષીઓ ત્યાં કલરવ કરતા રહેતા. પ્રભુ કોઈવાર નદીઓના જળમાં તો કોઈવાર જળાશયોમાં પ્રવેશ કરી પત્નીઓ સાથે જળ વિહાર કરતા હતા. આ વખતે ગંધર્વો તેમના યશનું ગાન કરવા લાગતા અને સૂત, માગધ અને બંદીજન ખૂબ આનંદથી મૃદંગ, ઢોલ, નગારા અને વીણા વગેરે વગાડતા.

પ્રભુ અને તેમની પત્નીઓ પિચકારીથી પણ વિહારો કરતા. વિહાર કર્યા પછી પોતપોતાના વસ્ત્રાભૂષણ ઉતારી નટો અને નર્તકીઓને આપી દેતા.

મનસ્તિરોધાનકૃત્ વ્યગ્રસ્રીચિત્તભાવિતઃ ।૨૩૪ ૧/૨।

(૧૦૧૬) મનસ્તિરોધાનકૃત્ વ્યગ્રસ્રી ચિત્તભાવિતઃ = મનોવૃત્તિઓનું તિરોધાન થઈ જવાથી વ્યગ્ર - વિહ્વલ બનેલી સ્રીઓએ પોતાના ચિત્તમાં જેમની ભાવના કરેલી છે એવા શ્રીકૃષ્ણ.

ભગવાન રાણીઓ સાથે વિહારો કરતા રહેતા. તેમની ચાલ-ઢાલ, વાતચીત, ચિતવન-મુસ્કાન, હાસ-વિલાસ અને આલિંગન વગેરે રાણીઓની ચિત્તવૃત્તિને તેમની તરફ ખેંચતી રહેતી. રાણીઓને બીજી કોઈ વાતનું સ્મરણ જ રહેતું નહીં. રાણીઓનું જીવન-સર્વસ્વ શ્રીકૃષ્ણ જ હતા. તેઓ શ્રીકૃષ્ણના ચિંતનમાં ખૂબ જ મગ્ન થઈ જતી. આથી ઘણીવાર સુધી ચુપ થઈ જતી. પછી ઉન્મત્તની જેમ અસમ્બદ્ધ વાતો કહેવા લાગતી. ક્યારેક ક્યારેક પ્રેમના ઉન્માદમાં શ્રીકૃષ્ણ ઉપસ્થિત હોવા છતાં વિરહનો અનુભવ કરતી અને ઘણું કહેવા લાગતી. ૯૦મા અધ્યાયમાં માહિષીગીત છે. તે આ માહિષીઓ (રાણી)ઓએ ગાયું છે. તેમનામાં 'વૈચિત્ય' ભાવ જાગ્યો છે અને આ ગીત ગાય છે. શ્લોક ૧૫ થી ૨૪માં મહિષીઓ કુરરી, ચકવી, સમુદ્ર, ચંદ્ર, મલયાનિલ, મેઘ, કોયલ, પર્વત, નદીઓ અને હંસને સંબોધી આ ગીત ગાય છે.

(અહીં દશમ સ્કંધ ઉત્તરાર્ધનાં ૯૧૬ થી ૧૦૧૬ નામો સંપન્ન થયા.)

એકાદશ સ્કંધ નામાનિ

મુક્તિ લીલા

મુક્તિલીલાવિહરણો મૌશલવ્યાજસંહતિઃ ।।૨૩૫।।

(૧૦૧૭) મુક્તિલીલાવિહરણઃ = મુક્તિલીલા - પોતાના સ્વરૂપની સ્થિતિમાં વિહાર-ક્રીડા-રમણ કરનારા.

શ્રીભાગવતનો એકાદશ સ્કંધ મુક્તિલીલા કહેવાય છે. શ્રીજીબાવાનું શ્રીમસ્તક આ સ્કંધ છે. ભગવાન શ્રીકૃષ્ણ ભક્તવત્સલ છે. પોતે કૃપા કરી પ્રકટ થયા. વિવિધ લીલાઓ કરીને ભક્તનો પોતાનામાં નિરોધ કર્યો. દશમ સ્કન્ધમાં કહેલા નિરોધ વિના સ્વરૂપ સ્થિતિ રૂપ મુક્તિ સંભવે નહિ. નિરોધ કારણ છે, મુક્તિ કાર્ય છે.

'મુક્તિર્હિત્વાઽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ।' મુક્તિનું આ લક્ષણ છે. અન્યથા રૂપનો ત્યાગ કરીને સ્વરૂપમાં સ્થિતિ તેને મુક્તિ કહેવાય. અન્યથા રૂપ એટલે તત્ત્વરૂપ. તેનો પરિત્યાગ કરવાનો.

સ્વરૂપ એક છે. અવસ્થા બે પ્રકારની છે. (૧) સામાન્ય (૨) વિશેષ. મર્યાદા અને પુષ્ટિરૂપા. બંને અવસ્થામાં મુક્તિલક્ષણ તો એક જ છે. વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં અંતે મોક્ષ બે પ્રકારનો કહ્યો છે. પુષ્ટિ મર્યાદા અને પુષ્ટિ પુષ્ટિ

મુક્તિમાં પહેલાં તત્ત્વોનો પરિત્યાગ છે. તત્ત્વો અઠ્ઠાવીશ છે. સ્વરૂપ એક છે. અવસ્થા બે છે. આ મળીને એકત્રીસ થાય. આથી મુક્તિ લીલામાં અધ્યાય ૩૧ છે.

આ સ્કંધમાં બે પ્રકરણો છે (૧) જીવ મુક્તિ (૨) બ્રહ્મમુક્તિ. જીવમુક્તિ પ્રકરણમાં ઓગણત્રીસ અધ્યાયો છે. બ્રહ્મમુક્તિ પ્રકરણમાં બે અધ્યાયો છે.

શ્રીભાગવત ૨-૧૦-૬ પ્રમાણે અન્યથા રૂપનો ત્યાગ કરી નિજ સ્વરૂપમાં સ્થિતિ કરવી એ મુક્તિ છે. ભગવાને મહાભારતના યુદ્ધ પ્રસંગથી તથા બ્રાહ્મણના શાપ નિમિત્તે સકલ યાદવ કુલને સંહારી, ભૂમિના ભારને ઉતારી, પોતાના અવતારનું પ્રયોજન સિદ્ધ કર્યું પછી નિજ સ્વરૂપમાં સ્થિતિ કરી છે. એ સ્વરૂપમાં ઉદ્ધવજીને એકાદશ સ્કંધમાં ભાગવત ધર્મનું અને વૈદિક ધર્મો વગેરેનું જ્ઞાન ઉદ્ધવગીતામાં આપ્યું છે અને મુક્તિનું સ્વરૂપ સમજાવ્યું છે. આ જ્ઞાન ઉદ્ધવજીને આપવાની કૃપાયુક્ત લીલા-વિહાર છે.

(૧૦૧૮) મૌશલ વ્યાજ સંહૃતિઃ = મુસલના નિમિત્તે યાદવ કુલનો સંહાર કરાવનારા શ્રીકૃષ્ણ.

દ્વારકા પાસે પિણ્ડારક ક્ષેત્ર છે. વિશ્વામિત્ર, નારદ વગેરે ઋષિઓ અહીં વસતા હતા. આ ક્ષેત્રમાં યદુવંશના ઉદ્દણ્ડ બાળકો રમતા રમતા આવ્યા. તે લોકો જાંબવતીના પુત્ર સાંબને સ્ત્રીવેશમાં લઈ ગયા હતા. તેમણે ઋષિને પૂછ્યું આ કન્યાને પુત્ર થશે કે પુત્રી? મુનિઓ ભગવત્પ્રેરણાથી ક્રોધિત થયા. કહ્યું, 'મૂર્ખો, એક મુસલ પેદા થશે. તેનાથી તમારા કુલનો નાશ થશે.' બાળકો ગભરાયા. તરત સામ્બનું પેટ ખોલીને જોયું. લોખંડનું એક મૂસળ મળ્યું. તે લઈ તેઓ પોતાના ઘરે આવ્યા. યાદવોની સભામાં તે મૂસળ બતાવ્યું અને રાજા ઉગ્રસેનને સમગ્ર ઘટના કહી. બધા દ્વારકાવાસીઓ ભયભીત થયા. ઉગ્રસેને તે મૂસલના ટૂકડે ટૂકડા કરાવી દીધા. તેનો ભૂકો કરી દીધો. લોખંડનો એક ટૂકડો વધ્યો. આ બધું સમુદ્રમાં ફેંકાવી દીધું. (આ અંગે શ્રીકૃષ્ણની સલાહ કોઈએ લીધી નહીં.)

લોખંડના ટુકડાને એક માછલી ગળી ગઈ અને ભૂકો પાણીના તરંગો સાથે વહીને સમુદ્ર કિનારે આવી ગયો. થોડા દિવસમાં તેમાંથી ગાંઠ વગરનું ઘાસ ઉગી નીકળ્યું.

માછીમારોએ બીજી માછલીઓ સાથે પેલી માછલીને પણ પકડી. તેના પેટમાં રહેલા લોખંડના ટુકડાને જરા નામના શિકારીએ તેને બાણની અણીમાં લગાવી દીધું.

એકવાર યાદવોમાં અંતઃકલહ થયો અને સમુદ્ર કિનારે ઉગેલા ઘાસથી પરસ્પર લડી નાશ પામ્યા. શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં પણ જરા રાક્ષસનું મુસલના વધેલ ટુકડાની અણીવાળું બાણ માર્યું અને આપ સ્વધામ પધાર્યા. શ્રીકૃષ્ણ આ બધું જાણતાં હોવાં છતાં મૌન રહ્યા. આ રીતે મુસલના નિમિત્તે યાદવકુળનો સંહાર થયો.

શ્રીભાગવતધર્માદિ-બોધકો ભક્તિનીતિકૃત્ ।
ઉદ્ધવ જ્ઞાનદાતા ચ પંચવિંશતિધા ગુરુઃ ॥૨૩૬॥

(૧૦૧૯) શ્રીભાગવતધર્માદિ બોધકઃ = શ્રીભાગવત ધર્મ અને ઈશ્વર ધર્મનો બોધ આપનારા - ભગવાન.

નારદજીને શ્રીકૃષ્ણની સન્નિધિમાં રહેવાની ખૂબ લાલસા રહેતી. આથી તે દ્વારકામાં અવારનવાર આવતા. દ્વારકામાં દક્ષનો શ્રાપ તેમના પર અસર કરી શકતો નહીં. એકવાર નારદજી વસુદેવજીના ત્યાં પધાર્યા.

વસુદેવજીએ તેમનું સ્વાગત કર્યું. તેમણે નારદજીને કહ્યું કે સંસાર ભયાવહ છે. જન્મ-મૃત્યુવાળો છે. અહીં સુખ પણ દુઃખનું વિચિત્ર અને મોહક રૂપ ધારણ કરીને સામે આવે છે. આને હું અનાયાસે પાર કરું તેવો ઉપદેશ આપો.

નારદજીએ કહ્યું કે આ તમારો નિશ્ચય સુંદર છે. કારણકે તે ભાગવત્ ધર્મના સંબંધમાં છે. સમગ્ર વિશ્વને જીવનદાન દે છે. પવિત્ર કરે છે - નારદજીએ વસુદેવજીને નવ યોગેશ્વરો અને વિદેહરાજ મહાત્મા નિમિનો સંવાદ સંભળાવ્યો. આ નવ યોગેશ્વરોના નામ આ પ્રમાણે છે - કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન. આ બધા ઋષભદેવજીના પુત્રો હતા.

નિમિ રાજાએ પૂછેલા પ્રશ્નો (૧) પરમ કલ્યાણનું સ્વરૂપ શું? તેનું સાધન કયું ? (૨) ભગવદ્ભક્તના લક્ષણનું વર્ણન કરો. (૩) માયાનું સ્વરૂપ સમજાવો. (૪) જેને શરીરમાં જ આત્મબુદ્ધિ છે તે માયાને કઈ રીતે પાર કરે છે? (૫) પરબ્રહ્મ પરમાત્મા નારાયણનું સ્વરૂપ શું છે? (૬) કર્મયોગનો ઉપદેશ કરો. (૭) ભગવાને હમણાં સુધી કરેલી, હમણાં કરી

રહ્યા છે અને કરશે તે લીલાઓ કહો. (૮) જે લોકોની લાલસાઓ મટી નથી, મન ઈન્દ્રિયો વશમાં નથી તથા પ્રાયઃ ભગવાનનું ભજન પણ કરતા નથી તેવા લોકોની શું ગતિ થશે? (૯) ભગવાન કયા સમયે કયા રંગનો, કયો આકાર સ્વીકાર કરે છે? અને મનુષ્યો કયા નામો અને વિધિઓથી તેમની ઉપાસના કરે છે?

આ પ્રશ્ના જવાબ ક્રમશઃ (૧) કવિ (૨) હરિ (૩) અંતરિક્ષ, (૪) પ્રબુદ્ધિ (૫) પિપ્પલાયન (૬) આર્વિહોત્ર (૭) દ્રુમિલ (૮) ચમસ અને (૯) કરભાજન યોગીઓએ આપ્યા. નારદજીએ આ બધા ભાગવત ધર્મો વસુદેવજીને કહ્યા. નારદજી ભગવાનનું જ સ્વરૂપ છે. **દેવર્ષીણાં ચ નારદ** (શ્રીગીતાજી ૧૦-૨૬). આથી નારદજી દ્વારા અપાયેલા બોધના આપનારા વસ્તુતઃ શ્રીકૃષ્ણ પોતે જ છે.

(૧૦૨૦) ભક્તિનીતિકૃત્ = ભક્તિની નીતિને-જ્ઞાન પ્રાપ્ત કરાવનાર.

(૧) કવિજીએ નિમી રાજાને કહ્યું, ‘અચ્યુત ભગવાનના ચરણોની નિત્ય - નિરંતર ઉપાસના જ આ સંસારમાં પરમ કલ્યાણ - આત્યંતિક ક્ષેમ છે. (૨) હરિજીએ કહ્યું, ભગવદ્ ભક્તની દૃષ્ટિમાં ભગવાન આત્મસ્વરૂપ છે. તે બધા પ્રાણિઓમાં આત્મારૂપ-નિયંતા રૂપથી સ્થિત છે. સમસ્ત પ્રાણી અને પદાર્થ ભગવત્સ્વરૂપ જ છે. (૩) અંતરિક્ષજીએ કહ્યું, ભગવાનની માયા સ્વરૂપતઃ અનિવર્ચનિય છે. પરમાત્માની તે શક્તિ છે. તે દ્વારા ભગવાન સંપૂર્ણ ભૂતોના કારણ બને છે. (૪) પ્રબુદ્ધજીએ કહ્યું, જે પુરુષ માયાની પાર જવા માંગે છે તેણે વિચારવું જોઈએ કે તેના કર્મોનું ફલ કઈ રીતે વિપરીત થતું જાય છે. તે સુખને બદલે દુઃખ મેળવે છે. દુઃખ નિવૃત્તિના બદલે દુઃખ વધારે છે. (૫) પિપ્લાયનજી કહે છે, જે સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના નિમિત્ત તથા ઉપાદાન કારણ છે, બને છે અને બનાવે પણ છે. સ્વયં કારણ રહિત છે. જે સાક્ષી રૂપમાં રહે છે. સમાધિમાં એકરસ રહે છે. જેના લીધે શરીર, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ પોતપોતાના કામ કરવામાં સમર્થ રહે છે તે પરમ સત્ય વસ્તુને નારાયણ કહે છે. (૬) આવિર્હોત્રજી કહે છે - કર્મ (શાસ્ત્રવિહિત) અકર્મ (નિષિદ્ધ) અને વિકર્મ (વિહિતનું ઉલ્લંઘન) આ ત્રણે કર્મો વેદથી જ જાણી શકાય. (૭) દ્રુમિલજી ભગવાનની થઈ ગયેલી, થઈ રહેલી અને થવાની લીલાઓ કહે છે. (૮) ચમસજી કહે છે જે લોકો ભગવદ્ ભજન નથી કરતા અને તેનો અનાદર કરે છે તેમનું અધઃપતન થાય છે. (૯) હરભાજનજી સત્ય, ત્રેતા, દ્વાપર અને કવિ આ યુગોમાં ભગવાનના રંગ, નામ, આકૃતિ તેમની પૂજાની વિધિ વ. બતાવે છે. આમ નારદજી દ્વારા વસુદેવજીને ભક્તિમાર્ગનું જ્ઞાન આપે છે. તે ભગવાનના જ્ઞાન સ્વરૂપનું જ લક્ષણ છે.

(૧૦૨૧) ઉદ્ધવજ્ઞાનદાતા = ઉદ્ધવજીને જ્ઞાન આપનારા.

યદુવંશિયો ઘમંડી અને ઉચ્છૃખંલ થયા હતા. શ્રીકૃષ્ણને હતું કે હું નહીં હોઉં ત્યારે આ લોકો મર્યાદાનું ઉલ્લંઘન કરશે. સમસ્ત લોકોનો સંહાર કરશે. શ્રીકૃષ્ણે યદુવંશીઓને નષ્ટ કરવા વિચાર્યું. તેમણે મોટાઓને કહ્યું કે આજકાલ દ્વારકામાં અપશુકન અને ઉત્પાત થાય છે. આપણે પવિત્ર પ્રભાસક્ષેત્રમાં જવું જોઈએ. યદુવંશીઓ તે માટે તૈયારી કરવા લાગ્યા. ઉદ્ધવજી શ્રીકૃષ્ણના પ્રેમી છે-સેવક છે. તેમને શ્રીકૃષ્ણની લીલાનો ખ્યાલ આવી ગયો. તેમણે શ્રીકૃષ્ણ પાસે જઈને કહ્યું ‘હે કેશવ! અડધી ક્ષણ માટે પણ હું આપના ચરણકમલોના ત્યાગની વાત વિચારી શકતો નથી. આથી આપ મને પણ આપના ધામમાં લઈ જાવ. **સ્વધામ નય મામપિ.** (૧૧-૬-૪૩). પ્રભુ ઉદ્ધવજીને સાથે લઈ જવા નથી માંગતા. આથી ઉદ્ધવજી શ્રીકૃષ્ણને વિનંતી કરે છે કે આપ મને જે સંન્યાસનો ઉપદેશ કરો છો તેના તત્ત્વને મને સમજાવો જેથી સુગમતાપૂર્વક સાધન કરી શકું. **યથાહં સંસાધયામિ ભગવાનનું શાધિભૃત્યમ્** (૧૧-૭-૧૬). આથી શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ભાગવતધર્મ તથા ઈતરધર્મોનું જ્ઞાન આપ્યું હતું. જે ઉદ્ધવગીતા તરીકે પ્રસિદ્ધ છે.

આ જ્ઞાન આપીને શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને બદરીવનમાં જવાની આજ્ઞા કરે છે. ત્યાં તેમને અપાયેલી શિક્ષાનો એકાંતમાં વિચારપૂર્વક અનુભવ કરતા રહેવાની આજ્ઞા કરે છે.

(૧૦૨૨) પંચવિંશતિધાગુરુઃ = પચ્ચીસ પ્રકારના ગુરુ તત્ત્વનો બોધ-ઉપદેશ કરનારા.

અવધૂત વેશધારી દત્તાત્રેયજીએ મહારાજા યદુને પોતે કરેલા ગુરુઓની કથા કહી છે. દત્તાત્રેયજી સ્વરૂપે શ્રીકૃષ્ણ પરમાત્મા જ છે.

ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવને એક પ્રાચીન ઈતિહાસ કહ્યો હતો. અવધૂત દત્તાત્રેય અને યદુરાજાના સંવાદ રૂપમાં તે હતો. યદુરાજાએ પ્રશ્ન કર્યો હતો કે 'આપ કર્મ તો કરતા નથી પછી આપને આ અત્યંત નિપુણ બુદ્ધિ ક્યાંથી પ્રાપ્ત થઈ? અને આવી બુદ્ધિના કારણે જ આપ પરમ વિદ્વાન હોવા છતાં બાલકની જેમ વિચરો છો. આપને આત્મામાં જ અનિર્વચનીય આનંદનો અનુભવ કઈ રીતે થાય છે?'

દત્તાત્રેયજીએ કહ્યું, 'મેં મારી બુદ્ધિથી ઘણા ગુરુઓનો આશ્રય લીધો છે. તેમની પાસેથી શિક્ષા ગ્રહણ કરી છે. આથી આ જગતમાં મુક્તભાવથી સ્વચ્છન્દ વિચરું છું. તેમણે રાજાને પોતાના તે તમામ ગુરુઓના નામ તથા તેમનાથી ગ્રહણ કરેલી શિક્ષાની વાત કરી છે - પૃથ્વી, વાયુ, આકાશ, જલ, અગ્નિ, ચંદ્રમા, સૂર્ય, કબૂતર, અજગર, સમુદ્ર, પતંગ, ભમરો કે મધમાખી, હાથી, મધ કાઢનારો, હરણ, માછલી, પિંગલાવેશ્યા, કુરર પક્ષી, બાલક, કુંવારી કન્યા, બાણ બનાવનાર, સર્પ, મકડી અને ભૃંગી કીટ, અને પોતાનું શરીર. (૧૧મા સ્કંધના અધ્યાય ૭ અને શ્લોક ૨૪ થી શરૂ થતી આ કથા અધ્યાય ૯ના શ્લોક ૩૩ સુધી છે.)

પૃથ્વી પાસેથી ક્ષમાની શિક્ષા, **વાયુ (પ્રાણ)** - સાધકે જીવન નિર્વાહ થઈ જાય તેટલું ભોજન લેવું. **બહારનો વાયુ** - સાધક આવશ્યકતાવશ વિભિન્ન પ્રકારના ધર્મ અને સ્વભાવના વિષયોમાં જાય પણ પોતાના લક્ષ્ય પર સ્થિર રહે. **આકાશ** - સાધકે આત્માની આકાશરૂપતાની ભાવના કરવી જોઈએ. **જલ** - સાધકે સ્વભાવથી શુદ્ધ, સ્નિગ્ધ, મધુરભાષી તથા લોકપાવન રહેવું. **અગ્નિ** - સાધક તેજસ્વી તથા તપથી દેદીપ્યમાન હોય. મન ઈન્દ્રિયોને વશમાં રાખે. કોઈના દોષ પોતાનામાં આવવા ન દે. **ચંદ્રમા** - જન્મથી મૃત્યુ પર્યંતની અવસ્થાઓ શરીરની છે. આત્મા સાથે તેને સંબંધ નથી. **સૂર્ય** - કોઈપણ સમયે સાધકને ઈન્દ્રિયના કોઈપણ વિષયમાં આસક્તિ હોતી નથી. **કબૂતર** - ક્યાંય પણ કોઈની સાથે અત્યંત સ્નેહ અથવા આસક્તિ કરવાથી ક્લેશ સહન કરવો પડે છે. **અજગર** - માંગ્યા વગર, ઈચ્છા કર્યા વગર અનાયાસે જે કંઈ કોરૂં કે સ્વાદિષ્ટ ભોજન મળે તે ખાઈને જીવન નિર્વાહ કરે અને ઉદાસીન રહે. **સમુદ્ર** - સાધકે સર્વદા પ્રસન્ન અને ગંભીર રહેવું. **પતંગીયું** - સ્ત્રીને જોઈને ઘેલા બનવું નહીં. નહીં તો નરકમાં પડી સત્યાનાશ થાય. **ભમરો** - ગૃહસ્થોને કષ્ટ આપ્યા સિવાય પોતાનો જીવન નિર્વાહ કરવો. બધા શાસ્ત્રોનો સાર ગ્રહણ કરવો. **મધમાખી** - સંન્યાસીએ સાંજ માટે, બીજા દિવસ માટે ભિક્ષાનો સંગ્રહ કરવો નહીં. **હાથી** - સંન્યાસીએ પગથી લાકડાની બનેલી સ્ત્રીનો પણ સ્પર્શ કરવો નહીં. **મધ કાઢનારો** - સંચિત ધનનું દાન કરવું. પોતાના માટે વાપરવું. નહીં તો બીજો કોઈ તે ધનને ભોગવશે. **હરણ** - સંન્યાસીએ વિષય સંબંધી ગીત સાંભળવું નહીં. **માછલી** - જીભને વશમાં રાખવી. **પિંગલાવેશ્યા** - લાલસા-આશાઓનો ત્યાગ કરવો. **કુરરપક્ષી** - અકિંચન ભાવથી રહેવું. પ્રિય વસ્તુઓને એકત્ર કરતાં દુઃખી થવાય. **બાલક** - આત્મામાં રમવું. પોતાની સાથે ક્રીડા કરવી. **કુંવારી કન્યા** - ઘણાં લોકો એક સાથે રહે ત્યારે કલહ થાય છે. બે વ્યક્તિ સાથે રહે તો પણ વાતચીત તો થાય જ છે એટલે એકલાએ જ વિચરવું જોઈએ. **બાણ બનાવનાર** - આસન અને શ્વાસને જીતીને વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા પોતાના મનને વશમાં કરવું. સાવધ થઈ એક લક્ષ્યમાં લગાવવું. **સર્પ** - સંન્યાસીએ સાપની જેમ એકલા જ વિચરણ કરવું જોઈએ. **મકડી (કરોળિયો)** - પરમેશ્વર આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે. તેમાં જીવ રૂપે વિહાર કરે છે અને પછી પોતાનામાં લીન કરી દે છે. ભૃંગી - સ્નેહથી, દ્વેષથી, ભયથી કે જાણીજોઈને એકાગ્ર રૂપથી પોતાનું મન કશામાં લગાવે તો તેને તે જ વસ્તુનું સ્વરૂપ પ્રાપ્ત થઈ જાય છે. શરીર - વિવેક અને વૈરાગ્યની શિક્ષા આપે છે.

આચાર મુક્તિ ભક્ત્યાદિ વક્તા શબ્દોદ્‌ભવ સ્થિતિઃ ।
હંસો ધર્મપ્રવક્તા ચ સનકાદ્યુપદેશકૃત્ ॥૨૩૭॥

(૧૦૨૩) આચારમુક્તિભક્ત્યાદિ વક્તા = આચારો, મુક્તિ, ભક્તિ વગેરેના સ્વરૂપોનો બોધ આપનારા વક્તા.

એકાદશ સ્કંધમાં તમામ વિષયોના સંબંધમાં સંપૂર્ણ બોધ સમાયેલો છે.

અહીં કામના રહિત-ફલની અપેક્ષા વિના વર્ણાશ્રમ, કુલના આચારો, મુક્તિ અને ભક્તિ વગરેનો બોધ છે. તેના પ્રેરક અને સ્વયં વક્તા પણ શ્રીકૃષ્ણ જ છે.

(૧૦૨૪) શબ્દોદ્ભવ સ્થિતિઃ = શબ્દ રૂપ વાણીના ઉત્પત્તિ સ્થાન.

વાણીનું ઉત્પત્તિ સ્થાન વિવરાદિ એટલે તે જોવામાં આવતા આધાર ચક્ર, મણિપુર ચક્ર અને વિશુદ્ધિ ચક્ર વગેરેમાં છે. ભગવાન તેમાં પ્રવેશ કરી વાણીને ઉત્પન્ન કરે છે. (વિવર = ખાલી જગ્યા-પોલાણ-છિદ્ર)

ભગવાન પહેલા અનાહત નાદ સ્વરૂપ પરાવાણી નામના પ્રાણની સાથે મૂલાધાર ચક્રમાં પ્રવેશ કરે છે. તે પછી મણિપુર ચક્ર (નાભિસ્થાન)માં આવી પશ્યન્તી વાણીનું મનોમય સૂક્ષ્મરૂપ ધારણ કરે છે. ત્યાર પછી કંઠદેશમાં રહેલ વિશુદ્ધ નામના ચક્રમાં આવે છે. અને ત્યાં મધ્યમાં વાણીના રૂપમાં વ્યક્ત થાય છે. ત્યાર પછી ક્રમશઃ મુખમાં આવી હ્સ્વ, દીર્ઘાદિ માત્રા, ઉદાત્ત-અનુદાત્ત વગેરે સ્વર તથા કકારાદિ (ક,ખ,ગ,ઘ) વર્ણરૂપ સ્થૂલ વૈખરી વાણીનું રૂપ ગ્રહણ કરે છે.

અગ્નિ આકાશમાં ઉષ્મા અથવા વિદ્યુતના રૂપમાં અવ્યક્ત રૂપે સ્થિત છે. જ્યારે બલપૂર્વક કાષ્ઠમન્થન થાય ત્યારે વાયુની સહાયતાથી તે પહેલા સુક્ષ્મ ચિનગારી રૂપમાં પ્રકટે છે. પછી આહુતિ આપતાં પ્રચંડ રૂપ ધારણ કરે છે. તે જ રીતે ભગવાન શબ્દબ્રહ્મરૂપથી ક્રમશઃ પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી વાણીના રૂપમાં પ્રકટ થાય છે.

(૧૦૨૫) હંસઃ = હંસરૂપ ધારી ભગવાન.

શ્રીકૃષ્ણે સનકાદિ પરમર્ષિઓને યોગનો આદેશ આપ્યો હતો. ઉદ્ધવજી શ્રીકૃષ્ણના તે રૂપના જાણવાનું ઈચ્છતા હતા.

શ્રીકૃષ્ણે કહ્યું, આ પરમર્ષિઓ બ્રહ્માજીના માનસુપત્ર છે. તેમણે બ્રહ્માજીને પૂછ્યું કે ચિત્ત વિષયોમાં લાગેલું રહે છે. આમ ચિત્ત અને ગુણ (વિષયો) આપસમાં મળીને રહે છે. જેને મુક્તિ પદ જોઈએ તે આ બંનેને અલગ કઈ રીતે કરી શકે?

બ્રહ્માજીની બુદ્ધિ કર્મમાં પરોવાઈ છે આથી તે ઉત્તર આપી શક્યા

નહીં. બ્રહ્માજીએ આ પ્રશ્નના ઉત્તર આપવા ભક્તિભાવથી મારું ચિંતન કર્યું. આ વખતે હું હંસ રૂપ ધારણ કરી તેમની સામે પ્રકટ થયો. (૧૧-૧૩-૧૯)

(૧૦૨૬) ધર્મપ્રવક્તા = ધર્મને ઉત્તમ રીતે વદનાર.

ઘણા જીવો ભક્તજનો છે. તેમને મુમુક્ષુ - મુક્તિની ઈચ્છા હોય છે. આવા ભક્તજનોના ધર્મને શ્રીકૃષ્ણ ઉત્તમ રીતે વદે છે.

હંસ અવતાર જોઈ બ્રહ્માજી તથા સનકાદિ આગળ આવ્યા. પાસે ગયા. મારા ચરણોને વંદીને હંસ અવતારને પૂછ્યું 'આપ કોણ છો?'

હંસ અવતાર પ્રભુએ કહ્યું કે આપનો પ્રશ્ન યુક્તિ સંગત નથી. પરમાર્થરૂપ વસ્તુ નાનાત્વ (જુદાપણા)થી સર્વથા રહિત છે. કઈ જાતિ, ગુણ, ક્રિયા અને સંબંધ વગેરેનો આશ્રય લઈ ઉત્તર આપવો? દેવતા, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે બધા શરીર પંચભૂતાત્મક હોવાથી અભિન્ન જ છે. પરમાર્થ રૂપથી પણ અભિન્ન છે. આ સ્થિતિમાં આપ બધા પૂછો છો કે 'આપ કોણ છો?' તે પ્રશ્ને માત્ર વાણીનો વ્યવહાર છે. વિચારપૂર્વક નથી અર્થાત્ નિરર્થક છે.

(૧૦૨૭) સનકાદ્યુપદેશકૃત્ = સનકાદિકને બ્રહ્મનો ઉપદેશ આપનારા.

હંસ ભગવાન સનકાદિને કહે છે કે મન, વાણી, દૃષ્ટિ તથા ઈન્દ્રિયોથી જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે બધું હું જ છું. મારાથી ભિન્ન કશું નથી. આત્માનો ચિત્ત અને વિષય સાથે કોઈ સંબંધ નથી. વારંવાર વિષયોનું સેવન કરવાથી ચિત્ત વિષયોમાં આસક્ત થાય છે. વિષયો ચિત્તમાં પ્રવેશે છે. પરમાત્માનો સાક્ષાત્કાર કહી આ બંનેને ત્યજવા જોઈએ. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ બુદ્ધિની વૃત્તિઓ છે. જીવ તેના સાક્ષી છે. તેથી વિલક્ષણ છે. પ્રભુમાં સ્થિત થઈ બુદ્ધિઓની આ વૃત્તિઓ તથા બંધનને ત્યાગવું જોઈએ. આમ કરતાં વિષય અને ચિત્ત બંનેનો એક સાથે ત્યાગ થઈ જાય છે. બુદ્ધિનું આ બંધન અહંકારની રચના છે. તે આત્માના સત્ય, જ્ઞાન અને પરમાનંદ સ્વરૂપને ઢાંકી દે છે. વર્ણાશ્રમ વગેરે ભેદ, સ્વર્ગ વગેરે ફલ તેના કારણરૂપ કર્મ આત્મા માટે મિથ્યા છે. જગત મનનો વિલાસ છે. દેખાય છે

છતાં નષ્ટપ્રાય છે. અલાતચક્રની સમાન અત્યંત ચંચલ છે. ભ્રમમાત્ર છે. પ્રાણ અને ઈન્દ્રિયો સાથે આ શરીર પ્રારબ્ધને આધીન છે. હંસ ભગવાને સનકાદિને સાંખ્ય અને યોગ બંનેના ગુપ્ત રહસ્યોનો ઉપદેશ કર્યો છે.

ભક્તિસાધન વક્તા ચ યોગ સિદ્ધિ પ્રદાયક: ।
નાના વિભૂતિ વક્તા ચ શુદ્ધ ધર્મવિબોધક : ।।૨૩૮।।

(૧૦૨૮) ભક્તિસાધન વક્તા = ભક્તિના સાધનોનું જ્ઞાન આપનારા.

શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે તું જ્ઞાન સહિત પોતાના આત્મસ્વરૂપને જાણી લે. તે પછી જ્ઞાન-વિજ્ઞાનથી સંપન્ન થઈ ભક્તિભાવથી મારું ભજન કર.

ઉદ્ધવજી શ્રીકૃષ્ણને ભક્તિયોગનું વર્ણન કરવા કહે છે. તેના જવાબમાં પ્રભુ કહે છે, 'જેને મારી ભક્તિ પ્રાપ્ત કરવી છે તે મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા રાખે. નિરંતર મારા ગુણ, લીલા અને નામોનું સંકીર્તન કરે. મારી પૂજામાં નિષ્ઠા રાખે અને મારી સ્તુતિ કરે. મારી સેવા પૂજામાં પ્રેમ રાખે. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે. મારા ભક્તોની પૂજા મારી પૂજાથી પણ અધિક કરે. સમસ્ત પ્રાણીઓમાં મને જ જુવે. પોતાના દરેક અંગની ચેષ્ટા કેવળ મારા માટે જ કરે. વાણીથી મારું ગુણગાન કરે. મન મને અર્પિત કરી દે. બધી કામનાઓ છોડી દે. મારા માટે ધન, ભોગ પ્રાસ થતા સુખનો પણ પરિત્યાગ કરે. યજ્ઞ, દાન, હવન, જપ, વ્રત અને તપ મારા માટે જ કરે. ૧૧-૧૯-૨૪માં શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે, 'જે મનુષ્ય આ ધર્મોનું પાલન કરે છે અને મને આત્મનિવેદન કરે છે તેના હૃદયમાં મારી પ્રેમમયી ભક્તિનો ઉદય થાય છે.'

(૧૦૨૯) યોગસિદ્ધિપ્રદાયક = યોગની સિદ્ધિઓને આપનારા પ્રભુ.

પંદરમાં અધ્યાયમાં ભિન્ન-ભિન્ન સિદ્ધિઓના નામ તથા લક્ષણ બતાવ્યા છે. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે સાધકનું ચિત્ત મારામાં લાગી જાય, મારી ધારણા કરવા લાગે ત્યારે ઘણી સિદ્ધિઓ તેની સામે ઊભી થઈ જાય છે. ઉદ્ધવજી તેનું વર્ણન કરવા વિનંતી કરે છે. શ્રીઠાકોરજી સમજાવે છે કે અઢાર પ્રકારની સિદ્ધિઓ છે. તેમાંની આઠ સિદ્ધિઓ મુખ્યતઃ મારામાં રહે છે. તથા દસ સિદ્ધિ સત્વગુણના વિકાસથી મળે છે. અણિમા, મહિમા અને લઘિમા તે શરીરની સિદ્ધિઓ છે. પ્રાપ્તિ ઈન્દ્રિયોની સિદ્ધિ છે. લૌકિક અને પરલૌકિક પદાર્થોના ઈચ્છાનુસાર અનુભવ કરવાની સિદ્ધિને પ્રાકામ્ય કહે છે. માયા અને તેના કાર્યોને ઈચ્છાનુસાર સંચાલિત કરતી ઈશિતા સિદ્ધિ છે. વિષયોમાં રહીને પણ તેમાં આસક્ત ન થવું તે વશિતા સિદ્ધિ છે. જે જે સુખની કામના કરી તેની સીમા સુધી પહોંચવું તે કામાવસાયિતા સિદ્ધિ છે.

શ્રીકૃષ્ણમાં આ આઠ સિદ્ધિઓ સ્વભાવથી જ રહે છે. શ્રીકૃષ્ણ જેને આપે તેને અંશતઃ પ્રાપ્ત થાય છે. આ સિવાય પણ અનેક સિદ્ધિઓ છે. ૩મા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે કે, મારી ધારણા કરનાર યોગી માટે કોઈ સિદ્ધિ દુર્લભ નથી અને ૩૫મા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે કે, 'સમસ્ત સિદ્ધિઓનો એકમાત્ર હું જ હેતુ છું, સ્વામી છું, પ્રભુ છું.'

(૧૦૩૦) નાનાવિભૂતિવક્તાઃ = નાના પ્રકારની વિભૂતિ (ઐશ્વર્યાદિક સ્થાન)ને કહેનારા.

શ્રીગીતાજીના ૧૦મા અધ્યાયમાં શ્રીકૃષ્ણે અર્જુન પાસે પોતાની વિભૂતિઓનું વર્ણન કર્યું છે. તે મુજબ શ્રીભાગવતમાં ૧૬મા અધ્યાયમાં ઉદ્ધવજી પાસે વર્ણન કર્યું છે. શ્રીકૃષ્ણ કહે છે કે તેઓ સમસ્ત પ્રાણીઓના આત્મા, હિતૈષી, સુહૃદ અને નિયામક-ઈશ્વર છે. સમસ્ત પ્રાણીઓ અને પદાર્થોના રૂપમાં કૃષ્ણ જ છે. તે બધાની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ પણ કૃષ્ણ છે.

શ્રીકૃષ્ણે કહેલી અનેક વિભૂતિઓ પૈકી કેટલીક આ પ્રમાણે છે.

ગતિશીલ પદાર્થમાં ગતિ. પોતાને આધીન કરનારાઓમાં કાલ. ગુણવાન પદાર્થોનો સ્વાભાવિક ગુણ. ગુણયુક્ત વસ્તુઓમાં સૂત્રાત્મા. મહાનોમાં મહતત્ત્વ. સૂક્ષ્મ વસ્તુઓમાં જીવ. કઠિનતાથી વશમાં થનારમાં મન. વેદોનું અભિવ્યક્તિસ્થાન હિરણ્યગર્ભ. મન્ત્રોમાં ઓંકાર. અક્ષરોમાં અકાર. છંદોમાં ગાયત્રી. દેવતાઓમાં ઈન્દ્ર. આઠ વસુઓમાં અગ્નિ. બાર આદિત્યોમાં વિષ્ણુ. એકાદશ રુદ્રોમાં નીલલોહિત નામનો રૂદ્ર. બ્રહ્મર્ષિઓમાં ભૃગુ. રાજર્ષિઓમાં મનુ. દેવર્ષિઓમાં નારદ. ગાયોમાં કામધેનુ. સિદ્ધેશ્વરોમાં કપિલ, પક્ષીઓમાં ગરૂડ. પ્રજાપતિઓમાં દક્ષ અને પિતરોમાં અર્યમા. દૈત્યોમાં પ્રહલાદ. નક્ષત્રોમાં

ચંદ્ર. ઔષધિઓમાં સોમરસ. યક્ષોમાં કુબેર. ગજરાજોમાં ઐરાવત. જળમાં વસનારા માટે વરુણ. તપ અને ચમકનારાઓમાં સૂર્ય. મનુષ્યોમાં રાજા. ઘોડાઓમાં ઉચ્ચૈશ્રવા. ધાતુઓમાં સોનું. દંડધારીઓમાં યમ અને સર્પોમાં વસુકિ. વગેરે વગેરે.

અંતે શ્રીકૃષ્ણ કહે છે 'હું જ ઈશ્વર છું. જીવ છું. ગુણ છું અને ગુણી છું. બધાનો આત્મા છું. હું જ સર્વ કાંઈ છું. મારાથી અતિરિક્ત બીજો કોઈ પદાર્થ નથી. હું પરમાણુઓની ગણના કરી શકું પણ વિભૂતિઓની ગણના કરી શકતો નથી. કૃષ્ણે રચેલા કોટિ બ્રહ્માંડોની ગણના થઈ શકતી નથી તો વિભૂતિઓની ગણના કઈ રીતે થાય? જેમાં તેજ, શ્રી, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, ત્યાગ, સૌંદર્ય, સૌભાગ્ય, પરાક્રમ, તિતિક્ષા અને વિજ્ઞાન વગેરે શ્રેષ્ઠ ગુણ છે, તે શ્રીકૃષ્ણના અંશ છે.

(૧૦૩૧) શુદ્ધધર્માવબોધકઃ = શુદ્ધ ધર્મોના ઉપદેશક.

પ્રભુની પ્રાપ્તિ થાય તેવા ધર્મનો તથા વેદોમાં પ્રતિપાદિત કરેલા શ્રૌત અને સ્મૃતિઓમાં દશાવિલા સ્માર્ત ધર્મને શુદ્ધ ધર્મ કહે છે. ભક્તવર્ય ઉદ્ધવજીને શ્રીકૃષ્ણે આવા ધર્મનો ઉપદેશ કર્યો છે. શ્રીકૃષ્ણે વર્ણાશ્રમ ધર્મ, વાનપ્રસ્થ અને સંન્યાસીઓના ધર્મ પણ કહ્યા છે.

માર્ગત્રય વિભેદાત્મા નાનાશંકા નિવારકઃ ।
ભિક્ષુગીતા પ્રવક્તા ચ શુદ્ધ સાંખ્ય પ્રવર્તકઃ ॥૨૩૯॥

(૧૦૩૨) માર્ગત્રય વિભેદાત્મા = ત્રણ માર્ગોના ભેદ અને તેમના અનુરૂપ ફલ વગેરે સમજાવવામાં જેમનું ચિત્ત છે એવા શ્રીકૃણ.

પ્રભુ પ્રાપ્તિના ત્રણ માર્ગો છે કર્મ, જ્ઞાન અને ભક્તિ. શ્રીકૃષ્ણે તેમના ભેદ કહ્યા છે. તેને અનુરૂપ ફલ કહ્યા છે. જ્ઞાન, કર્મ અને ભક્તિયોગ - તેના અધિકારીઓ, તેનું સ્વરૂપ તથા ફલ વીસમા અધ્યાયમાં કહ્યું છે.

શ્રીકૃષ્ણ કહે છે, 'મનુષ્યના પરમ કલ્યાણ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિયોગનો મેં ઉપદેશ કર્યો છે. તેનાથી બીજો કોઈ ઉપાય નથી. જે લોકોએ કર્મો તથા તેના ફલોથી વિરક્ત છે અને તેનો ત્યાગ કર્યો છે તે જ્ઞાનના અધિકારી છે. જેના ચિત્તમાં કર્મો તથા તેના ફલોમાં વૈરાગ્ય નથી થયો, તેમાં દુઃખ બુદ્ધિ નથી થઈ તે સકામ વ્યક્તિ કર્મયોગના અધિકારી છે. જે પુરુષ અત્યંત વિરક્ત નથી તેમજ અત્યંત આસક્ત નથી અને પૂર્વજન્મના શુભકર્મથી સૌભાગ્યવશ કૃષ્ણલીલા-કથામાં શ્રદ્ધા છે તે ભક્તિયોગના અધિકારી છે.'

(૧૦૩૩) નાના શંકા નિવારકઃ = જુદી જુદી શંકાઓનું નિવારણ કરનારા.

ઉદ્ધવજીએ ભગવાનને અનેક પ્રશ્નો પૂછ્યા છે. ખાસ કરીને યમ, નિયમ, શમ, દમ વગેરે સંબંધમાં પ્રશ્નો કર્યા છે. તેના ઉત્તરો શ્રીકૃષ્ણ ચોક્કસપણે અને અપૂર્વરૂપમાં આપ્યા છે.

ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણને ૧૯મા અધ્યાયમાં પ્રશ્નો પૂછ્યા છે. યમ અને નિયમ કેટલા પ્રકારના છે? શમ શું છે? દમ શું છે? તિતિક્ષા અને ધૈર્ય શું છે? ત્યાગ શું છે? અભીષ્ટ ધન કયું છે? યજ્ઞ કોને કહે છે? દક્ષિણા શું છે? પુરુષનું સાચું બળ કયું? ભગ કોને કહે? લાભ શું છે? ઉત્તમ વિદ્યા, લજ્જા, શ્રી, સુખ અને દુઃખ શું છે? પંડિત અને મૂર્ખના લક્ષણો કયા? સુમાર્ગ અને કુમાર્ગના લક્ષણો કયા? સ્વર્ગ અને નરક શું છે? ભાઈ બંધુ કોને માનવા? ઘર શું છે? ધનવાન અને નિર્ધન કોને કહે છે? કૃષ્ણ કોણ છે? ઈશ્વર કોને કહે છે?

આ બધા શંકા પ્રશ્નોના શ્રીકૃષ્ણે સ્પષ્ટતાથી જવાબો ૧૯મા અધ્યાયમાં જ કહ્યા છે.

(૧૦૩૪) ભિક્ષુગીતા પ્રવક્તા : = ભીક્ષુગીતાનું તાત્પર્યાર્થ જણાવનારા.

અવન્તી-ઉજ્જૈનમાં રહેનારા ભિક્ષુ - સંન્યસ્ત દશામાં આવેલા. તેણે ભગવદ્ગાન ગાયું તે ભિક્ષુગીતા કહેવાય છે. ૨૩મા અધ્યાયમાં આ કથા છે.

ઉજ્જૈનમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેણે ખૂબ ધન એકઠું કર્યું હતું. તે ખૂબ કંજુસ, કામી અને લોભી હતો. કોઈની સાથે સારી વાતો કરતો નહીં. આથી બધા તેનાથી દુઃખી હતા. ભાગ્યવશ તેનું ધન ખલાસ થઈ ગયું. હવે

તેના સગા-સંબંધીઓએ તેની સાથે સંબંધ તોડી નાંખ્યો. તે ચિંતા કરવા લાગ્યો. આથી તેના મનમાં સંસાર તરફ દુઃખબુદ્ધિ અને વૈરાગ્યનો ઉદય થયો. તેણે વિચાર્યું કે આટલા દિવસ મેં જ મારી જાતને સતાવી છે. મનુષ્ય શરીરને જન્મમૃત્યુના ચક્કરમાં નાંખનારા સકામ કર્મોથી લાભ થતો નથી.

બ્રાહ્મણ મનથી હવે વિચારે છે કે ભગવાન મારા પર પ્રસન્ન છે. આથી મને આ દશામાં મુકયો અને જગત માટે દુઃખ બુદ્ધિ અને વૈરાગ્ય આપ્યો. આ વૈરાગ જ સંસાર સાગર પાર કરનાર નૌકા જેવો છે. તેણે આત્મલાભમાં જ સંતુષ્ટ થવાનું નક્કી કર્યું. મનમાં આવી ગાંઠ વાળીને બ્રાહ્મણ શાંત થયો. મૌની સંન્યાસી થયો. ભીક્ષા લેવા નગર અને ગામોમાં ફરવા લાગ્યો.

આ અવસ્થામાં પણ દુષ્ટજનો તેને જુદી જુદી રીતે હેરાન કરતા હતા. ગમે તેવા કટુવચનો સંભળાવતા હતા. બ્રાહ્મણ વિચારતો કે આ પરિસ્થિતિ માટેનું પરમ કારણ મન જ છે. સુખ દુઃખનું કારણ મનુષ્ય, દેવતા, શરીર, ગ્રહ, કર્મ કે કાલ વગેરે નથી. ટૂંકમાં મન બળવાન છે. તે જ સુખદુઃખનું કારણ છે.

બ્રાહ્મણે નક્કી કર્યું કે હું પરમાત્માનો આશ્રય લઈશ. ભગવાન મુક્તિ તથા પ્રેમનું દાન કરે છે. હું તેમના ચરણકમલની સેવા કરીશ. અજ્ઞાન સાગરને પાર કરીશ. શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને કહ્યું કે ધન નષ્ટ થતા બ્રાહ્મણનો કલેશ દૂર થયો. સંસારમાં વિરક્ત થયો. દુષ્ટોએ તેને સતાવ્યો છતાં તે ધર્મમાં અટલ રહ્યો. મૌની અવધૂત બન્યો અને મનમાં ને મનમાં આ પ્રકારે ગીત ગાતો રહેતો. સંસારમાં મનુષ્યને કોઈ બીજો સુખ કે દુઃખ આપતો નથી. તે ચિત્તનો ભ્રમ છે. આ સંસાર અને તેમાં મિત્ર, ઉદાસીન તથા શત્રુ વગેરે ભેદો અજ્ઞાન કલ્પિત છે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે આ ભિક્ષુકનું ગીત મૂર્તિમાન બ્રહ્મજ્ઞાન નિષ્ઠા છે. એકાગ્ર ચિત્તથી સાંભળતા, સંભળાવતા કે ધારણ કરતા સુખ-દુઃખ દ્વન્દો મનુષ્યને વશ કરતા નથી.

(૧૦૩૫) શુદ્ધ સાંખ્ય પ્રવર્તકઃ = શુદ્ધ સાંખ્યનો ઉપદેશ કરનારા.

શુદ્ધ સાંખ્ય એટલે સેશ્વર સાંખ્ય. તે ઈશ્વરનું પ્રતિપાદન કરે છે. કપિલ ભગવાને પોતાના માતાજીને જે ઉપદેશ આપેલો તે ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આપ્યો. સાંખ્ય શબ્દ સંખ્યા પરથી બન્યો. તેમાં તત્ત્વોની સંખ્યાની ગણત્રી હોય છે. ઉદ્ધવજીએ કૃષ્ણને પૂછ્યું કે ઋષિઓએ તત્ત્વોની સંખ્યા કેટલી બતાવી છે? તમે તો ૨૮ તત્ત્વો જ ગણાવ્યા છે પણ કેટલાક લોકો ૨૬,૨૫,૭,૯,૬,૧૭,૧૬ કે ૧૩ બતાવે છે. તો આ કયા અભિપ્રાયથી છે તે સમજાવો.

શ્રીકૃષ્ણ કહે છે કે વેદજ્ઞ બ્રાહ્મણ જે કહે છે તે ઠીક છે. કારણ બધા તત્ત્વો બધામાં અંતર્ભૂત છે. પ્રભુ કહે છે કે આમાં માયાનો સ્વીકાર કરી બધું સંભવ થાય છે પણ જે હું (કૃષ્ણ) કહું છું તે જ યથાર્થ છે. સત્ત્વ, રજ આદિ ગુણો પ્રભુની શક્તિઓ છે. તે શક્તિઓ અને તેની વૃત્તિઓનું રહસ્ય લોકો સમજતા નથી. આથી પોતપોતાની મનોવૃત્તિથી આગ્રહ કરે છે. સત્ય વગેરે ગુણોના ક્ષોભથી પ્રપંચ બને છે જ્યારે ચિત્ત શાંત થાય ત્યારે આ પ્રપંચ પણ નિવૃત્ત થાય છે અને પછી વાદ વિવાદ રહેતા નથી. તત્ત્વોનો એક બીજામાં અનુપ્રવેશ છે. આમાં કેટલાંક તત્ત્વો કારણ છે, કેટલાંક તત્ત્વો કાર્ય છે, તો કેટલાક કારણ કાર્ય છે. વક્તા આ અનુસાર તત્ત્વોની જેટલી સંખ્યા બતાવવી હોય તે સિદ્ધ કરે છે. દા.ત. ઘટ-પટ, ઘટ-ઘડો, પટ-વસ્ત્ર. ઘડો માટીથી બને. વસ્ત્ર સૂતરથી બને. આ બંનેમાંથી ક્રમશઃ ઘડો અને વસ્ત્ર બન્યા. આમ માટી અને સૂતર કારણ છે. ઘડો અને વસ્ત્ર કાર્ય છે. આ રીતે માટી અને સૂતર તો તેના કાર્યોમાં અંતર્ભાવ થઈ જાય છે. આ આધારે તત્ત્વોની જુદી જુદી સંખ્યાનું નિરૂપણ છે. બાવીસમા અધ્યાયમાં આ નિરૂપણ છે.

મનોગુણ વિશેષાત્મા જ્ઞાપકોક્ત પુરુરવા ।
પુજાવિધિ પ્રવક્તા ચ સર્વસિદ્ધાંતબોધકઃ ॥૨૪૦॥

(૧૦૩૬) મનોગુણ વિશેષાત્મા = મન વડે પ્રાપ્ત થનારા ગુણો વડે વિશેષ આત્મા એવા દેવાદિકો જેમનાથી છે અથવા એવા દેવાદિકો જેમના છે તેવા પરમાત્મા.

શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે દરેક વસ્તુઓ ત્રિગુણાત્મક છે. પ્રત્યેક

વ્યક્તિમાં અલગ અલગ ગુણોનો પ્રકાશ થાય છે. આથી પ્રાણીઓના સ્વભાવમાં પણ ભેદ થઈ જાય છે. સત્ત્વગુણની વૃત્તિઓ આ પ્રકારે છે. શમ (મનસંયમ), દમ (ઈન્દ્રિયનિગ્રહ), તિતિક્ષા (સહિષ્ણુતા), વિવેક, તપ, સત્ય, દયા, સ્મૃતિ, સંતોષ, ત્યાગ, વિષયોની અનિચ્છા, શ્રદ્ધા, લજ્જા, આત્મરતિ, દાન, વિનય અને સરલતા વગેરે.

રજોગુણની વૃત્તિઓ આ પ્રકારે છે. ઈચ્છા, પ્રયત્ન, ઘમંડ, અસંતોષ, અક્કડતા, દેવતાઓ પાસે ધનની યાચના કરવી, ભેદબુદ્ધિ, વિષયભોગ, યુદ્ધ માટે મદજનિત ઉત્સાહ, પોતાના યશમાં પ્રેમ, હાસ્ય, પરાક્રમ અને હઠથી ઉદ્યોગ કરવો.

તમોગુણની વૃત્તિઓ આ પ્રકારે છે - ક્રોધ, લોભ, મિથ્યાભાષણ, હિંસા, યાચના, પાખંડ, શ્રમ, કલહ, શોક, મોહ, વિષાદ, દીનતા, નિદ્રા, આશા, ભય અને એકર્મણ્યતા વગેરે. આ ત્રણે ગુણોના મેળથી પાછી નવી વૃત્તિઓ થાય છે.

માનસિક શાંતિ અને જીતેન્દ્રિયતા સત્વગુણી પુરુષની ઓળખ છે. કામના વગેરે રજોગુણીની ઓળખ છે. ક્રોધ-હિંસા વગેરે તમોગુણીની ઓળખ છે.

દ્રવ્ય (વસ્તુ), દેશ (સ્થાન), ફલ, કાલ, જ્ઞાન, કર્મ, કર્તા, શ્રદ્ધા, અવસ્થા, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે શરીર અને નિષ્ઠા આ બધું ત્રિગુણાત્મક છે. પુરુષ અને પ્રકૃતિના આશ્રિત જેટલા પણ ભાવ છે તે બધા ગુણમય છે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને બોધ આપે છે કે આ મનુષ્ય શરીર ખૂબ જ દુર્લભ છે. આ શરીરમાં તત્ત્વજ્ઞાન અને તેમાં નિષ્ઠારૂપ વિજ્ઞાનની પ્રાપ્તિ સંભવ છે. એટલે આ મેળવીને બુદ્ધિમાન પુરુષોએ ગુણોની આસક્તિ હટાવી મારું ભજન કરવું જોઈએ. સત્ત્વગુણના સેવનથી રજોગુણ અને તમોગુણને જીતવો જોઈએ અને મારા (કૃષ્ણના) ભજનમાં લાગવું જોઈએ. યોગમુક્તિથી ચિત્તવૃત્તિઓને શાંત કરી સત્ત્વગુણ ઉપર પણ વિજય પ્રાપ્ત કરવો જોઈએ. આ રીતે જીવ ગુણોથી મુક્ત થઈ, જીવભાવ છોડી મારાથી (કૃષ્ણથી) એકાકાર થાય છે. આમ, ત્રિવિધ સૃષ્ટિના - સર્વના કર્તા શ્રીહરિ જ છે.

(૧૦૩૭) જ્ઞાપકોક્ત પુરુરવાઃ = પુરુરવાના દૃષ્ટાંતથી જ્ઞાન આપનારા.

ઉપર જણાવેલા નામ પ્રમાણે ત્રિગુણાત્મક ભાવોમાં મનુષ્ય તન્મય રહે તો તેનો જન્મ-મરણ નિરંતર ચાલ્યા કરે છે. ઉદ્ધવજીમાં આ ગુણોની આસક્તિ ન રહે તેવું શ્રીકૃષ્ણ ઈચ્છે છે. આથી પુરુરવા રાજાના દૃષ્ટાંતથી જ્ઞાન આપે છે. ૨૬મા અધ્યાયમાં આ કથા છે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે મનુષ્ય શરીર પ્રભુપ્રાપ્તિનું મુખ્ય સાધન છે. વિષયોનું સેવન તથા ઉદર પોષણમાં જ લાગેલા લોકો અસત્ પુરુષો છે. સાધારણ લોકોએ આમાનો સંગ કરવો નહીં. એમ કરતાં તેમની પણ દુર્દશા થાય છે. આ માટે પુરુરવાનું દૃષ્ટાંત આપે છે.

પુરુરવા સમ્રાટ હતા. એલ રાજાના પુત્ર હતા. તે ઉર્વશીના મોહમાં ફસાયા. ઉર્વશી જ્યારે તેમને છોડીને જતી હતી ત્યારે તે વિહ્વલ બની તેની પાછળ દોડવા લાગ્યા. તેમને પસ્તાવો થયો અને મનમાંથી તેના ઉદ્ગારો નીકળવા લાગ્યા. રાજા કહે છે કે, વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી મનમાં વિકાર થાય છે. જે લોકો વિષયોને ઈન્દ્રિયોનો સાથ નથી આપતા તેમના મન શાંત થઈ જાય છે.

પુરુરવાએ પછી ઉર્વશીલોકનો ત્યાગ કર્યો. હવે તેમને જ્ઞાનોદય થયો. મોહ જતો રહ્યો. પોતાના હૃદયમાં પ્રભુનો સાક્ષાત્કાર કર્યો. શાંતભાવમાં સ્થિર થયા.

શ્રીકૃષ્ણ કહે છે કે, બુદ્ધિમાન પુરુષોએ પુરુરવાની જેમ કુસંગ છોડી સત્પુરુષોનો સંગ કરવો. સંત પુરુષ તેના સદુપદેશોથી તેના મનની આસક્તિ નષ્ટ કરે છે.

(૧૦૩૮) પૂજાવિધિ પ્રવક્તાઃ = પૂજાના પ્રકારોને સમજાવનારા.

ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણને ભગવાનના આરાધનનો ક્રિયાયોગ ૨૭મા અધ્યાયમાં પૂછ્યો છે. સંક્ષેપમાં જોઈએ તો મર્યાદા દૃષ્ટિએ પૂજનવિધિના ત્રણ પ્રકાર માન્યા છે. વેદોક્ત, તંત્રોક્ત અને મિશ્ર.

વેદવિધિ પ્રમાણે જ કેવલ પૂજન કરવામાં આવે તે વેદોક્ત. તંત્રવિધિ પ્રમાણે કરવામાં આવતું પૂજન તે તંત્રોક્ત અને વેદવિધિ તથા તંત્રવિધિનું

મિશ્રણ કરી જે પૂજન વિધિ કરવામાં આવે છે તેને મિશ્ર કહે છે. આ ત્રણે વિધિ શ્રીકૃષ્ણે ૨૭મા અધ્યાયમાં સ્વમુખે કહી છે.

(૧૦૩૯) સર્વસિદ્ધાંતબોધકઃ = સર્વ સિદ્ધાંતોનો બોધ કરનારા.

યોગ ક્રિયાઓ વગેરે સર્વના સિદ્ધાંતો હોય છે. શ્રીકૃષ્ણ તે બધાના ગુણ અને દોષોને જાણનારા છે. જણાવનારા પણ છે. તેઓ સર્વમંત્રોથી પ્રશંસા કરીને નિજ સિદ્ધાંતો અર્થાત્ પોતે કરેલા નિશ્ચયાર્થનો બોધ કરનારા - ઉપદગેશ આપનારા છે.

લઘુ સ્વમાર્ગ વક્તા ચ સ્વસ્થાનગતિબોધકઃ ।
યાદવાંગોપસંહર્તા સર્વાશ્ચર્ય ગતિક્રિયઃ ॥૨૪૧॥

(૧૦૪૦) લઘુ સ્વમાર્ગ વક્તાઃ = થોડાક પ્રયાસથી સિદ્ધ થનારા પોતાના ભક્તિ-શરણાગતિ માર્ગનું જ્ઞાન આપનારા.

શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને યોગાદિ સર્વસિદ્ધાંતો અને ઈશ્વર પ્રાપ્તિના માર્ગોના ઉપદેશો કર્યા. ઉદ્ધવજીને લાગ્યું કે જે મનને વશ નથી કરતો તેના માટે આ બધી સાધનાઓ કરવી કઠિન છે. આ માટે શ્રીકૃષ્ણ પ્રાપ્તિના ધર્મોનું જ્ઞાન આપવા વિનંતી કરી. ૨૯મા અધ્યાયમાં શ્રીકૃષ્ણે આ અંગેનું મંગલ જ્ઞાન આપ્યું છે.

શ્રીકૃષ્ણ કહે છે કે, ભક્તે બધા જ કર્મ કૃષ્ણ માટે જ કરવા અને કાર્ય કરતાં કરતાં કૃષ્ણનું સ્મરણ કરવાનો અભ્યાસ કરવો. સાધુ પુરુષો જે પવિત્ર સ્થાનોમાં રહે છે ત્યાં નિવાસ કરવો. ત્યાં રહેતા પ્રભુના અનન્ય ભક્તોના આચરણનું અનુસરણ કરવું. પર્વોની ઉજવણી પ્રભુના મહોત્સવ કરીને કરવી. બધા જ પ્રાણીઓમાં તથા પોતાના હૃદયમાં પરમાત્માને જોવા. મન, વાણી અને કર્મથી પ્રભુની ઉપાસના કરતા રહેવું.

મનુષ્ય માત્રમાં ભગવદ્ ભાવની ભાવના સતત કરવી. આ રીતે ક્ષણ ભંગુર અનિત્ય અને અસત્ દેહ દ્વારા સત્ય અને અમૃત સ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ થાય છે.

(૧૦૪૧) સ્વસ્થાન ગતિ બોધક : = પોતાના સ્થાન પ્રત્યેની ગતિનો બોધ કરનારા.

શ્રીકૃષ્ણે ભક્તિમાર્ગનું જ્ઞાન આપ્યું. ઉદ્ધવજીને લાગ્યું કે પ્રભુના આત્મબોધથી તેમના સઘળા બંધનો કપાઈ ગયા છે. નમસ્કાર કરી વિનંતી કરી કે આપ એવી આજ્ઞા કરો જેથી આપના ચરણકમલોમાં મારી અનન્ય ભક્તિ સદાય રહે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે 'હવે તમે બદરીવનમાં જાવ. તે મારો જ આશ્રમ છે. ત્યાં ગંગાજલના સ્નાન-પાનથી તમે પવિત્ર થઈ જશો. નિસ્પૃહ બનીને રહેજો. સુખ-દુઃખ સહન કરજો. શાંત સ્વભાવ રાખજો. ઈન્દ્રિયોને વશમાં રાખજો. મેં જે કંઈ શિક્ષા આપી છે તેનો એકાંતમાં અનુભવ કરજો. આમ કરતાં છેલ્લે તમે મારા (કૃષ્ણ)ના પરમાર્થ સ્વરૂપમાં મળી જશો.

(૧૦૪૨) યાદવાંગોપ સંહર્તા = યાદવોના અંગો દેહોનો ઉપસંહાર તિરોધાન કરનારા.

યાદવોના અંતઃકલહને લઈને તેમનો વિનાશ થઈ ગયો. એ કથા પ્રસિદ્ધ જ છે. બ્રાહ્મણ શાપનું કારણ મુખ્ય કરી યાત્રામાં ગયેલા સર્વ યાદવો પરસ્પર મદ્યપાન કરી મદોન્મત્તની પેઠે યુદ્ધ કરવા લાગ્યા. વાંસના પરસ્પર ઘર્ષણથી પ્રજ્વલિત અગ્નિ જેમ વનનો નાશ કરે છે તેમ સકલ યદુકુળનો નાશ-તિરોભાવ થઈ ગયો. એ સર્વ પ્રભુની ઈચ્છાથી જ બનેલું. ભૂમિના ભારને ઉતારવા દેવતાઓ સાથે ભગવાન યાદવ કુળમાં પ્રકટ થયા હતા. તે પોતાનું કાર્ય પૂર્ણ કર્યું. આપે પણ સ્વસ્થાનમાં ગતિ કરી.

(૧૦૪૩) સર્વાશ્ચર્યગતિક્રિયઃ = સર્વને આશ્રય થાય તેમ નિજધામમાં ગતિ કરવાની મનોહર ક્રિયા કરનારા.

સમસ્ત યદુવંશિઓનો સંહાર થયો. બલરામજીએ સમુદ્રતટ પર મનુષ્ય શરીર છોડી દીધું. ભગવાને તે જોયું. તેઓ પીપળાના વૃક્ષ નીચે ધરતી પર બિરાજ્યા. ચતુર્ભુજરૂપ ધારણ કર્યું. તેમનાથી દિશાઓ પ્રકાશમાન થઈ ગઈ. શરીરમાંથી તપેલા સોના સમાન જ્યોતિ નીકળતી હતી. રેશમી પિતાંબરની ધોતી તથા તેવો જ દુપટ્ટો ધારણ કરેલો. શ્રીવત્સચિહ્ન શોભતું હતું. મુખ પર મુસ્કાન હતી. કપોળ પર વાંકડિયા વાળ સુંદર લાગતા હતા. કર્ણમાં મકરાકૃત કુંડળ હતા. કમરમાં કરધની, ખભા પર યજ્ઞોપવિત, માથે

મુકુટ, કલાઈઓમાં કંગન, બાહુમાં બાજુબંધ, વક્ષઃસ્થલ પર હાર, ચરણોમાં નૂપુર, આંગળીઓમાં વીંટી, ગળામાં કૌસ્તુભમણિ શોભતો હતો. વનમાળા ઘુંટણ સુધી હતી. શંખ, ચક્ર, ગદા વગેરે આયુધો મૂર્તિમાન થઈ પ્રભુની સેવા કરતા હતા. પ્રભુ જમણી જાંઘ પર ડાબો ચરણ રાખી બેઠા હતા. લાલ તળવુ કમળ જેવું ચમકતું હતું.

જરા નામનો એક પારધી આવ્યો. દૂરથી પ્રભુનાં ચરણનું લાલ તળવું તેને હરિણ લાગ્યું. બાણથી તેને વીંધી દીધું. નજીક આવી પ્રભુને જોયા. માફી માંગી. પ્રભુએ તેને પણ સ્વર્ગમાં વાસ કરવા વરદાન આપ્યું.

ભગવાનનો સારથિ દારૂક આવ્યો. તેણે પ્રભુને જોયા. ત્યાં જ ભગવાનનો ગરૂડ ધ્વજ રથ પતાકા અને ઘોડા સાથે આકાશમાં ઊડી ગયો. તેની પાછળ ભગવાનના આયુધો પણ જતા રહ્યા. શ્રીકૃષ્ણે દારૂકને દ્વારકા જવા કહ્યું. યદુવંશીઓનો સંહાર, બલરામજીની પરમ ગતિ તથા પ્રભુની સ્વધામ ગતિની વાત દ્વારકાવાસીઓને કહેવાની આજ્ઞા કરી. દ્વારકા સમુદ્રમાં ડૂબી જશે તેથી ત્યાંથી બધાને અર્જુન પાસે ઈન્દ્રપ્રસ્થ ચાલ્યા જવાની આજ્ઞા કરી.

દારૂકના ગયા પછી બ્રહ્માજી, શિવ-પાર્વતી, ઈન્દ્ર વગેરે લોકપાલો, મરીચિ વગેરે પ્રજાપતિ, ઋષિ-મુનિ, પિતર-સિદ્ધ, ગંધર્વ વિદ્યાધર, નાગ-ચારણ, યક્ષ-રાક્ષસ, કિન્નર-અપ્સરાઓ, ગરૂડલોકના પક્ષીઓ, મૈત્રેય વગેરે ભગવાન શ્રીકૃષ્ણના પરમધામ પ્રસ્થાનને જોવા ઉત્સુકતાથી ત્યાં આવ્યા. તે બધા ભગવાનના જન્મ અને લીલાઓનું ગાન-વર્ણન કરવા લાગ્યા. આકાશ વિમાનોથી છવાઈ ગયું. બધા પુષ્પવૃષ્ટિ કરતા હતા.

ભગવાને પોતાના આત્માને સ્વરૂપમાં સ્થિત કર્યો. નેત્રકમલ બંધ કર્યા. પોતાના દેહને બાળ્યો નહીં પણ સશરીર ધામમાં પધાર્યા. સ્વર્ગમાં નગારા વાગ્યા. પુષ્પવર્ષા થઈ. શ્રીકૃષ્ણની પાછળ આલોકમાંથી સત્ય, ધર્મ, ધૈર્ય, કીર્તિ અને શ્રી પણ વિદાય થયા. આમ પ્રભુની નિજધામમાં પધારવાની ગતિ સર્વને આશ્ચર્ય કરનારી હતી.

(અહીં એકાદશ સ્કંધનાં ૧૦૧૭ થી ૧૦૪૩ નામો સંપન્ન થયા.)

દ્વાદશ સ્કંધ નામાનિ

આશ્રય લીલા

શ્રીભાગવતના બારમા સ્કંધને આશ્રયલીલા કહે છે. શ્રીનાથજીએ ઊંચા કરેલા વામ કરકમલનું તે સ્વરૂપ છે. ભગવાન આનંદમય છે. ભક્તો કૃપાપાત્ર છે. તેમને અસદ્ વાસના ન થાય તે માટે ભગવાન પોતાના જમણા હસ્તની મુઠ્ઠીમાં તેમના મન સમાવી દે છે. સુખ શોધવા દૂર આથડતા નિઃસાધન ભક્તોને વામ કરકમલ ઊંચો કરી પોતાની પાસે બોલાવે છે. આ સ્કંધના ૧૩ અધ્યાયો છે. પાંચ પ્રકરણો છે.

(૧) (હરિ) શ્રીકૃષ્ણાશ્રય પ્રકરણ (૨-૩) જગદાશ્રય - વેદાશ્રમ પ્રકરણ (૪) ભક્તિમાર્ગાશ્રય પ્રકરણ (૫) શ્રીભાગવતાશ્રય પ્રકરણ.

આસમન્તાત્ શ્રયઃ સેવનમાશ્રયઃ - તન, મન, ધનથી સર્વ રીતે શ્રીહરિનું સેવન તે આશ્રય. શરણ સર્વ બાબતોમાં, સર્વપ્રસંગમાં રક્ષણ કરે તે. સર્વમાં આધાર આપે, તેમાં થતા બધા અવરોધોનો નાશ કરે. સર્વ રીતે રક્ષા કરે. આમ ભગવાન શરણ રૂપ છે. આવું અનુસંધાન આશ્રય કહેવાય છે. આશ્રય કરનારનું ચિત્ત પ્રભુ સિવાય બીજે ક્યાંય જતું નથી. પાપીને પણ પીડ્યા વિના, દુષ્ટને દુભવ્યા વિના, નીચને નીચું જોવડાવ્યા વિના, ઉત્તમને અભિમાન આવવા દીધા વિના, ઉદારતાથી સૌનો ઉદ્ધાર આશ્રયથી થાય છે.

વેદે શબ્દના રસનું સ્વરૂપ ધારણ કર્યું છે. ભગવાને અર્થના રસનું રૂપ ધારણ કર્યું છે. આ બંને અશ્રયરૂપ છે. કેટલાક લોકો વેદનો આશ્રય કરે છે. કેટલાક વેદ સાથે વિભુનો આશ્રય કરે છે. કેટલાક માત્ર શ્રીહરિનો જ આશ્રય કરે છે. શબ્દ અને અર્થના રસભેદથી આ આશ્રય બે પ્રકારનો થાય. કુલ પાંચ પ્રકારનો આશ્રય થયો. તેથી પાંચ પ્રકરણ.

પુરુષ બાર અંગવાળા છે. તેથી અધિક પુરુષોત્તમ છે. તે અંગી છે. તેથી તેર અધ્યાયમાં તેમની કથા છે. (૧) એક થી ત્રણ અધ્યાયમાં હરિ આશ્રય (કૃષ્ણાશ્રય) (૨) ચાર થી સાડા પાંચ અધ્યાયમાં જગદાશ્રય (૩) સાડાપાંચ થી સાત અધ્યાયમાં વેદાશ્રમ (૪) આઠ થી દસ અધ્યાયમાં ભક્તિયોગાશ્રમ અને (૫) અગિયારથી તેર અધ્યાયમાં શ્રીભાગવતાશ્રય છે. શ્રી પુરુષોત્તમ સહસ્રસ્તોત્રમાં ૧૦૪૪ થી ૧૦૭૫ નામો આ સ્કંધના છે.

કાલધર્મવિભેદાર્થ વર્ણનાશન તત્પરઃ ।
બુદ્ધો ગુપ્તાર્થ વક્તા ચ નાનાશાસ્ત્રવિધાયકઃ ॥૨૪૨॥

(૧૦૪૪) કાલધર્મવિભેદાર્થ વર્ણનાશન તત્પરઃ = કાલે કરેલો ધર્મોનો લોપ થવાથી વર્ણોના ધર્મોના નાશ કરવામાં જેમનું ચિત્ત છે એવા કાલ સ્વરૂપ ભગવાન.

પ્રભુ જ સર્વ કાલના ધર્મોનો પ્રકાશ કરે છે. ગીતા આજ્ઞા છે **'મતઃ સર્વપ્રવર્તતે'** મારાથી જ સર્વ પ્રવૃત્ત થઈ રહ્યું છે. આમ પ્રભુ કાલધર્મને પ્રવૃત્ત કરે છે, છતાં સર્વ સમયે ધર્મનું રક્ષણ જ કરે છે. ધર્મનો લોપ થાય ત્યારે ધર્મનું રક્ષણ કરવા ભૂતલ પર પ્રકટ પણ થાય છે. ગીતા આજ્ઞા સ્પષ્ટ છે જ **'ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.'** ધર્મનું સારી રીતે સ્થાપન કરવા હું યુગે યુગે પ્રકટ થાઉં છું. પ્રભુની આ અચિન્ત્ય લીલા છે. કાલ ધર્મથી નષ્ટ થવાને કારણે વર્ણાશ્રમ ધર્મોના રક્ષક ભગવાન શ્રીકૃષ્ણ છે.

(૧૦૪૫) બુદ્ધ = બુદ્ધ રૂપે અવતાર લેનારા.

બુદ્ધાવતાર કલિયુગમાં છે. તે ત્રેવીસમો અવતાર છે. મગધ દેશમાં તે અવતાર થયો છે. તેઓ અજિનના પુત્ર રૂપે છે. દૈત્યો દેવતાઓના દ્વેષી હતા. તેમને મોહ કરવા તે પ્રગટ્યા છે.

બુદ્ધ ધર્મ અને અધર્મના સ્વરૂપને જાણનારા છે.

(૧૦૪૬) ગુપ્તાર્થ વક્તાઃ = ગૂઢ અર્થોવાળા ધર્મોના વક્તા.

ભગવાન સર્વ જગતનું નિરંતર કલ્યાણ જ કર્યા કરે છે. ઉત્તમ ધર્મમાં ગૂઢ અર્થો હોય છે. ભગવાન તેનું કથન કરે છે. પાખંડી પુરુષો ધર્મને દૂષિત કરે છે. આવા લોકોથી ધર્મને રક્ષવા પ્રભુ 'અહિંસા પરમોધર્મઃ' વગેરે વચનો ઉચ્ચારે છે. આ રીતે ધર્મનો ઉપદેશ કરે છે.

(૧૦૪૭) નાનાશાસ્ત્રવિધાયકઃ = અનેક શાસ્ત્રોને પ્રકટ કરનારા પ્રભુ.

સર્વ જગતની ઘટમાલ ભગવદ્ ઈચ્છા વડે જ નભી રહી છે. જે સમયે જેવો દેશકાલ હોય, જેવા યુગને પ્રવર્ત્તાવવાની આપની ઈચ્છા હોય, તે જ પ્રમાણે સર્વ વસ્તુઓની રચના પ્રભુ કરે છે. ભગવાને યુગ ધર્મને પ્રવર્તાવવા માટે જ સૌગત અને ચાર્વાક વગેરે નાસ્તિક મતનાં જુદી જુદી પદ્ધતિનાં શાસ્ત્રોને તે તે આચાર્યો દ્વારા પ્રવર્તાવ્યાં છે. પ્રભુ જ આ સર્વ યુગધર્મની પ્રેરણા કરે છે. સર્વ જગતને આ રીતે વ્યામોહમાં નાંખે છે. આ કંઈ સાધારણ કાર્ય નથી. આમાં પણ પ્રભુનો આશય જ છે તેથી 'નાના શાસ્ત્ર વિધાયકઃ' છે.

નષ્ટ ધર્મમનુષ્યાદિ લક્ષણજ્ઞાપનોત્સુકઃ ।
આશ્રયૈકગતિજ્ઞાતા કલ્કિઃ કલિમલાપહઃ ॥૨૪૩॥

(૧૦૪૮) નષ્ટધર્મ મનુષ્યાદિ લક્ષણ જ્ઞાપનોત્સુક = જેમનો ધર્મ યુગ પ્રભાવથી નષ્ટ થઈ ગયો છે એવા મનુષ્યોનાં લક્ષણો બતાવવામાં તત્પર.

બારમા સ્કન્ધના બીજા અધ્યાયમાં કલિયુગમાં શું થશે તેની ભવિષ્યવાણી આપી છે. જેમ જેમ ઘોર કલિયુગ આવશે તેમ તેમ ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુ, બલ અને સ્મરણ શક્તિનો લોપ થતો જશે. જેની પાસે ધન હશે તેને લોકો કુલીન, સદાચારી અને સદ્‌ગણી માનશે. જેના હાથમાં શક્તિ હશે તે ધર્મ અને ન્યાયની વ્યવસ્થા પોતાને અનુકૂળ કરી શકશે. વિવાહ સંબંધ માટે કુલ, શીલ, યોગ્યતા વગેરેની પરખ નહીં રહે. વ્યક્તિ જેટલું છળકપટ કરી શકશે તેટલો વ્યવહાર કુશળ ગણાશે. બ્રાહ્મણની ઓળખ તેના ગુણોથી નહીં પણ યજ્ઞોપવિતથી થશે. જે લાંચ આપવામાં કે ધન ખરચવામાં અસમર્થ હશે તેને અદાલતોમાં ઠીક ઠીક ન્યાય નહીં મળી શકે. બોલવામાં ચાલાક હોય તે પંડિત મનાશે. દંભી અને પાખંડીને સાધુ સમજવામાં આવશે. લોકો દૂરના તળાવને તીર્થ માનશે. નજીકના તીર્થ ગંગા-ગોમતી, માતા-પિતાની ઉપેક્ષા કરશે. માથા પર લાંબા લાંબા વાળ રાખવા શરીર સૌંદર્યનું ચિહ્ન મનાશે.

પેટ ભરવું તે જ જીવનનો મોટામાં મોટો પુરુષાર્થ હશે. ધર્મનું સેવન યશ માટે થશે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્રોમાં જે બળવાન હશે તે જ રાજા બની બેસશે. રાજાઓ નીચ તથા ક્રૂર હશે. લોભી પણ હશે. તેમનાથી ડરી પ્રજા પહાડો તથા જંગલોમાં ભાગી જશે. કોઈ વાર વર્ષા નહીં થાય. કોઈ વાર દુકાળ આવશે. કર પર કર લગાવવામાં આવશે. કોકવાર જબરદસ્ત ઠંડી પડશે. કોકવાર કરા પડશે. આંધી આવશે. ગરમી પડશે. પૂર આવશે. લોકો ભૂખ-તરસ તથા ચિંતાઓથી દુઃખી રહેશે. કલિયુગમાં મનુષ્યોની ઉંમર વીસ કે ત્રીસ વરસની રહેશે.

પ્રાણીઓના શરીર નાના, ક્ષીણ અને રોગગ્રસ્ત થવા લાગશે. વેદમાર્ગ નષ્ટપ્રાય થઈ જશે. રાજા-મહારાજા ડાકુ-લુટેરા જેવા થઈ જશે. મનુષ્ય ચોરી, જૂઠ તથા હિંસા વગેરે કુકર્મોથી ગુજરાન ચલાવશે. ગાયો બકરીઓ જેવી નાની તથા ઓછું દૂધ આપનારી થશે.

ધાન્યોના છોડ નાના થતા જશે. વૃક્ષોમાં કાંટાવાળા વૃક્ષો રહી જશે. વિજળી બહુ ચળકશે, પણ વરસાદ થોડો થશે.

શુકદેવજી દ્વારા આવા લક્ષણો પ્રકટ કરનાર શ્રીકૃષ્ણ જ છે.

(૧૦૪૯) આશ્રયૈકગતિજ્ઞાતા = આશ્રયની ગતિને જાણનારા.

આશ્રયની વ્યાખ્યા શ્રી ભાગ. ૨-૧૦-૭માં આપી છે. 'આભાસશ્ચ.... પરમાત્મેતિ શબ્દ્યતે' આ ચરાચર જગતની ઉત્પત્તિ અને પ્રલય જે તત્ત્વથી પ્રકાશિત થાય છે તે પરમ બ્રહ્મ જ આશ્રય છે. શાસ્ત્રોમાં તેને પરમાત્મા કહે છે. આવિર્ભાવ-તિરોભાવ એ બંનેની વ્યવસ્થા જેમનાથી થાય છે તે જ આશ્રય.

આભાસ એટલે દૃષ્ટિથી જણાઈ આવતું આ સર્વ કાર્ય આવિર્ભાવ રૂપે વ્યક્ત થાય છે. નિરોધ એટલે તેનો તિરોધાન થઈ દૃષ્ટિથી લય-પ્રલય થાય છે તે. આમ નિરોધ અને આભાસ અથવા આવિર્ભાવ અને તિરોભાવ બંનેની વ્યવસ્થા થાય છે, તે જ આશ્રય. આભાસ અને નિરોધ રૂપ આશ્રયગતિને જાણનારા શ્રીકૃષ્ણ જ છે. જે પોતાની ગતિને જાણનારા પોતે જ છે આને જ બ્રહ્મ, પરમાત્મા, ભગવાન કહેવાય છે.

(૧૦૫૦) કલ્કિઃ = કલ્કિ અવતાર રૂપ ભગવાન.

શ્રી શુકદેવજી પરીક્ષિતજીને કહે છે 'કલિયુગનો અંત આવતાં આવતાં મનુષ્યોનો સ્વભાવ દુઃસહ બનશે. લોકો વિષયી બની જશે. આ સ્થિતિમાં ધર્મની રક્ષા કરવા સ્વયં ભગવાન સત્ત્વગુણનો સ્વીકાર કરી અવતાર ગ્રહણ કરશે. આ અવતાર તે કલ્કિ અવતાર.

ભગવાન વિષ્ણુ સર્વશક્તિમાન છે. સર્વસ્વરૂપ છે. જગતના સદ્ગુરુ છે. સાધુ અને સજ્જન પુરુષો તથા ધર્મની રક્ષા માટે તે અવતાર ગ્રહણ કરે છે.

ભવિષ્યમાં શંભલ ગામમાં વિષ્ણુયશ નામે એક શ્રેષ્ઠ બ્રાહ્મણ હશે. તેનું હૃદય ઉદાર તથા ભગવદ્ભક્તિથી પૂર્ણ હશે. તેના ઘરે જ કલ્કિ ભગવાન અવતાર ગ્રહણ કરશે. સમસ્ત જગતના તે જ રક્ષક અને સ્વામી છે. તેમની પાસે દેવદત્ત નામનો શીઘ્રગામી ઘોડો હશે. તેના પર સવાર થઈ દુષ્ટોનો તલવારથી નાશ કરશે. તેમના રોમે રોમમાંથી અતુલનીય તેજની કિરણો નીકળતી હશે. તે પોતાના ઘોડા પર પૃથ્વીમાં સર્વત્ર વિચરણ કરશે. અને રાજાના વેષમાં છુપાયેલા અનેક ડાકુઓનો સંહાર કરશે.

કલ્કિ ભગવાનના શરીરમાં અંગરાગ લગાયો હશે તેના સ્પર્શથી વાયુ પવિત્ર થશે. તે પ્રજાજનોના હૃદયને પવિત્રતાથી ભરી દેશે. આ પવિત્ર હૃદયમાં વાસુદેવ ભગવાન બિરાજમાન રહેશે. સત્યયુગનો પ્રારંભ થઈ જશે. જે સમયે ચંદ્ર, સૂર્ય અને બૃહસ્પતિ એક જ સમયે એક સાથે પુષ્પ નક્ષત્રના પ્રથમ પલમાં પ્રવેશ કરે છે, એક રાશિ પર આવે છે તે સમયે સત્યયુગનો પ્રારંભ થાય છે.

(૧૦૫૧) કલિમલાપહઃ = કલિયુગના મલને હરણ કરનારા.

કલ્કિ અવતાર શત્રુઓને કકળાટ કરાવશે. કલિયુગને છેદી નાંખશે. કલિયુગનો નાશ કરશે. ૧૨-૨-૨૩ પ્રમાણ 'યદાવતીર્ણો... કૃતં ભવિષ્યતિ.' કલ્કિ ભગવાન કલિયુગના સર્વદોષો દૂર કરશે. ભગવાન હરિ પ્રજાના નયન મનોહારી છે. ધર્મના રક્ષક તથા સ્વામી છે. તે ભગવાન જ્યારે કલ્કિ રૂપમાં અવતરશે તે સમયે સત્યયુગનો પ્રારંભ થઈ જશે.

શાસ્ત્રવૈરાગ્ય સંબંધો નાનાપ્રલય બોધકઃ ।
વિશેષતઃ શુકવ્યાજ - પરીક્ષિતજ્જ્ઞાનબોધકઃ ॥૨૪૪॥

(૧૦૫૨)શાસ્ત્રવૈરાગ્ય સંબોધઃ = શાસ્ત્રના શ્રવણથી વૈરાગ્ય તથા સુંદર બોધ કરાવનારા શ્રીકૃષ્ણ.

શ્રીભાગવત શાસ્ત્રના શ્રવણથી પરીક્ષિત રાજાને વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત થયું. શ્રીશુકદેવજીના દર્શન થતાં રાજાએ સ્પષ્ટ રીતે કૃતજ્ઞતા દર્શાવી છે. પ્રથમ સ્કંધના ૧૯મા અધ્યાયમાં આ સ્પષ્ટ થાય છે.

પરીક્ષિતજીએ ઋષિનો અપરાધ કરેલો. આથી શ્રાપ મળેલો. તેમને પોતાની ભૂલ સમજાઈ. તેમણે અનશનવ્રત લીધું. ગંગાતટ પર બેઠા. સમસ્ત આસક્તિઓનો પરિત્યાગ કર્યો. મુનિવ્રત સ્વીકાર્યું. શ્રીકૃષ્ણના ચરણકમલોનું ધ્યાન કરવા લાગ્યા. ત્યાં શ્રી શુકદેવજી પધાર્યા.

પરીક્ષિતજીએ શ્રીશુકદેવજીના ચરણો પર મસ્તક રાખી પ્રણામ કર્યા. ઊભા થઈ હાથ જોડી નમસ્કાર કર્યા અને કહ્યું, 'આજે હું બડભાગી છું. હું અપરાધી ક્ષત્રિય છું તથા આપે મને સંત સમાગમનો અધિકારી સમજ્યો. આપે અમને તીર્થ જેવા પવિત્ર કરી દીધા છે. આપની સન્નિધીથી મોટા મોટા પાપ પણ તરત નષ્ટ થઈ જાય છે. 'અપિ મે ભગવાન પ્રીતઃ...' પાંડવોના સુહૃદ ભગવાન શ્રીકૃષ્ણ ચોક્કસ મારા પર અત્યંત પ્રસન્ન છે. તેમણે તેમની ફોઈના ભાઈઓની પ્રસન્નતા માટે તેમના જ કુળમાં ઉત્પન્ન થનાર મારી સાથે પોતાપણાનો વ્યવહાર કર્યો છે. શ્રીકૃષ્ણની કૃપા છે તેથી જ આપ સિદ્ધપુરુષ અહીં પધાર્યા છો અને મારા મૃત્યુ સમયે મારા જેવા પ્રાકૃત મનુષ્યોને દર્શન આપો છે. આપ શ્રીભાગવત શ્રવણથી પરિક્ષિતજીને વૈરાગ્ય તથા સુબોધ કરાવનાર શ્રીશુકદેવજી રૂપ શ્રીકૃષ્ણ જ છે.

(૧૦૫૩) નાના પ્રલય બોધકઃ = જુદા જુદા પ્રલયનું જ્ઞાન આપનારા.

બારમા સ્કન્ધના ચોથા અધ્યાયમાં ચાર પ્રકારના પ્રલયોનું વર્ણન કર્યું છે. નિત્ય, નૈમિત્તક, પ્રાકૃતિક અને આત્યન્તિક.

ચાર યુગ એટલે સત્ય, ત્રેતા, દ્વાપર, અને કલિ. એવા એક હજાર

ચતુર્યુગ એટલે કે ચાર હજાર યુગ. આને કલ્પ એટલે કે બ્રહ્માજીનો દિવસ કહેવાય છે. તેમાં ચૌદ મનુ થાય છે. અંતે તેટલી જ બ્રહ્માજીની રાત્રિ થાય. તેમાં ત્રિલોકનો પ્રલય થાય છે.

(૧) નૈમિત્તક પ્રલય : વિશ્વ સર્જન કરનારા ભગવાન વિશ્વાત્મા છે. તેઓ શેષશાયી ભગવાન નારાયણ છે. તેઓ વિશ્વને પોતાના સ્વરૂપમાં સમાવીને પોઢે છે. સ્વયંભૂ બ્રહ્માજી ભગવાનમાં સ્થિતિ કરે છે. બ્રહ્માની રાત્રિના નિંદ્રા રૂપ નિમિત્તે થતો આ પ્રલય છે તેથી નૈમિત્તિક પ્રલય છે.

(૨) પ્રાકૃતિક પ્રલય : બ્રહ્માજીનું આયુષ્ય બે પરાર્ધકાલનું છે તે પૂરું થાય ત્યારે મહતત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા રૂપી સાત પ્રકૃતિ પોતાના કારણમાં લય પામે છે. અહીં વિનાશના કારણે સાત પ્રકૃતિ તથા અંડકોશ (બ્રહ્માંડ) રૂપ કાર્યનો પણ પ્રલય થાય છે. કાર્યનો ક્રમશઃ પરંપરાગત કારણમાં લય થતાં અંતે સર્વના મૂલકારણરૂપ, અનાદિ, અનંત, અવ્યક્ત, નિત્ય, અવ્યય ભગવાનમાં સર્વનો લય થાય છે.

આ પ્રાકૃતિક લયમાં પુરુષ તથા પ્રકૃતિની શક્તિઓ ભગવદ્ ઈચ્છાથી વશ થઈને કાળથી સ્વકાર્યમાંથી ચલિત થઈને સર્વના મૂળભૂત ભગવાન કૃષ્ણમાં લય પામે છે.

(૩) આત્યન્તિક પ્રલય : ભગવાન સ્વેચ્છાથી જગદ્રૂપ થયા છે. અનેક રૂપ અને નામથી જગતમાં ભગવાન જ વિલસે છે - વિવિધ આકારે - પ્રકારે - નામે સર્વ રીતે બ્રહ્મ જ છે. જીવને આ જગતમાં સર્વકાંઈ બ્રહ્મ રૂપે દેખાતું નથી. તેનું કારણ છે અવિદ્યા. ભગવદ્ઈચ્છાથી ભગવાનની માયા જીવમાં પાંચ પ્રકારના અજ્ઞાન, અવિદ્યા-અધ્યાસ કરાવે છે. આથી ભગવાનનું દર્શન થવા દેતી નથી. આ ને 'અહં' રૂપે ઓળખે છે. અવિદ્યા જીવમાં અહંતા-મમતા ઉત્પન્ન કરે છે. આ અવિદ્યા બ્રહ્મવિચારથી કૃપા થતાં નષ્ટ થાય છે. આ વખતે જીવ ભગવાનનું દર્શન કરે છે. ભગવાનનાં દર્શન કરવાં હોય તો શરણાગતિપૂર્વક ભગવાનનું હંમેશા અનુસ્મરણ કરવું. આમ અહંતા-મમતા રૂપ આત્મબંધન છેદાય છે. ભગવાનના થવાય છે. સ્થિર થવાય છે. આને આત્યંતિક પ્રલય કહે છે.

(૧૦૫૭) **શબ્દરૂપઃ** = શબ્દ બ્રહ્મ રૂપ.

શ્રીભાગવત ૬-૧૬-૫૧માં ભગવાન ચિત્રકેતુને કહે છે, 'શબ્દબ્રહ્મ પરં બ્રહ્મ મમોભે શાશ્વતી તનૂ'. શબ્દબ્રહ્મ (વેદ) અને પરબ્રહ્મ બંને મારા સનાતન રૂપ છે.

ગીતા અધ્યાય ૧૦ ના ૩૩મા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે 'અક્ષરાણામકારોસ્મિ' 'અ' કાર ભગવાનનું સ્વરૂપ છે. સર્વ શબ્દમાત્રનું પ્રાકટ્ય તેમાંથી જ થાય છે. આમ અહીં પ્રભુને શબ્દરૂપ કહ્યા.

(૧૦૫૮) **નાદરૂપઃ** = નાદ રૂપ.

નાદરૂપ એટલે નાદબ્રહ્મ રૂપ. પ્રણવ - ઓંકાર સ્વરૂપ શ્રીકૃષ્ણ. શ્રીગીતા અધ્યાય ૭ના ૮મા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે 'પ્રણવઃ સર્વ વેદેષુ'. સર્વ વેદોમાં પ્રણવ-ઓંકારરૂપ હું છું. ઓંકાર નાદરૂપ છે. તેથી અહીં પ્રભુ નાદરૂપ છે.

(૧૦૫૯) **વેદરૂપઃ** = વેદસ્વરૂપી ભગવાન.

વેદનું પ્રાકટ્ય પ્રભુના નિશ્વાસથી થયું છે. એટલે પ્રભુ વેદોથી ભિન્ન નથી. વેદરૂપ જ છે. શ્રીગીતાના ૧૦મા અધ્યાયના ૨૨મા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે 'વેદાનાં સામવેદોઽસ્મિ' વેદોમાં હું સામવેદ છું. આમ, આપનું વેદરૂપ સિદ્ધ થાય છે.

(૧૦૬૦) **વિભેદનઃ** = વેદના ચાર વિભાગ કરનારા

વેદ એક હતો. વ્યાસજીએ પ્રભુ પ્રેરણાથી તેના ચાર પ્રકારે વિભાગ કર્યા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. તેમના શિષ્યોને તે આપ્યા. ઋગ્વેદ પૈલ મુનિને આપ્યો. સામવેદ જૈમિનીને, યજુર્વેદ વૈશમ્પાયનને અને અથર્વવેદ સુમન્તુ મુનિને આપ્યો. આ શિષ્યો દ્વારા વેદની શાખા-પ્રશાખાઓ થઈ. વ્યાસ રૂપે શ્રીકૃષ્ણ જ છે.

વ્યાસઃ શાખાપ્રવક્તા ચ પુરાણાર્થપ્રવર્તકઃ ।
માર્કણ્ડેય પ્રસન્નાત્મા વટપત્ર પુટે શયઃ ॥૨૪૬॥

(૧૦૬૧) **વ્યાસઃ** = વ્યાસ અવતાર.

શ્રીકૃષ્ણનો સત્તરમો અવતાર વ્યાસજીનો છે. સત્યવતીના ગર્ભથી પરાશરજી દ્વારા વ્યાસજીનો અવતાર છે. શ્રી નારદજીના માર્ગદર્શનથી તેમણે સમાધિમાં શ્રીભાગવતનું દર્શન કર્યુ છે. તે પહેલાં તેમણે વેદરૂપ વૃક્ષની શાખાઓ બનાવી. તે સમયે લોકોની સમજ અને ધારણાશક્તિ ઓછી જોઈને આપે આવ્યું કર્યું. વેદનો વિસ્તાર કર્યો, તેથી વ્યાસજી થયા.

(૧૦૬૨) **શાખાપ્રવક્તા** = શાખાઓ પ્રવર્તાવનાર.

વ્યાસજીએ વેદોની શાખાઓને શિષ્યો દ્વારા પ્રવર્તાવી. એક વેદના ચાર વિભાગ કરી પોતાના શિષ્યોને આવ્યા. શિષ્યોએ તેની પણ પ્રશાખાઓ પોતાના શિષ્યો માટે કરી. પ્રભુ પ્રેરણા જ તેમાં કારણરૂપ છે.

(૧૦૬૩) **પુરાણાર્થ પ્રવર્તકઃ** = પુરાણોનું પ્રવર્તન કરનારા.

વ્યાસજીએ પુરાણો પણ રચ્યા છે. ઈતિહાસ અને પુરાણ રોમ હર્ષણ સૂતને શીખવ્યા છે. આ દ્વારા વેદોના અર્થને સ્પષ્ટ કર્યા છે. આવા ૧૮ પુરાણો છે. બ્રહ્મપુરાણ, પદ્મ, વિષ્ણુ, શિવ, લિંગ, ગરુડ, નારદ, ભાગવત, અગ્નિ, સ્કન્દ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, માર્કણ્ડેય, વામન, વરાહ, મત્સ્ય, કૂર્મ અને બ્રહ્માંડ. આપ પુરાણોના તત્ત્વાર્થનો પ્રચાર કરનારા અથવા શ્રીવ્યાસજી દ્વારા પુરાણોની રચના કરનારા શ્રીકૃષ્ણ છે.

(૧૦૬૪) **માર્કણ્ડેય પ્રસન્નાત્મા** = માર્કણ્ડ ઋષિ પર પ્રસન્ન થનારા.

મૃકણ્ડ ઋષિના પુત્ર માર્કણ્ડેય છે. પિતાએ પુત્રના બધા જ સંસ્કારો સમયે સમયે કર્યા. માર્કણ્ડેયજીએ વિધિપૂર્વક વેદોનું અધ્યયન કર્યું. તપસ્યા અને સ્વાધ્યાયથી સંપન્ન થઈ ગયા. શાંત સ્વભાવ હતો. બ્રહ્મચર્ય વ્રત રાખેલું.

તેમનો આશ્રમ હિમાલયની ઉત્તરમાં હતો. ત્યાં પુષ્પભદ્રા નામની નદી વહેતી હતી. તેની નજીકમાં ચિત્રા નામની શિલા હતી. આશ્રમ ખૂબ પવિત્ર હતો.

માર્કણ્ડેયજીએ તપસ્યા તથા સ્વાધ્યાયમાં તત્પર રહી કરોડો વર્ષો સુધી ભગવાનની આરાધના કરી. આ રીતે મૃત્યુ પર પણ વિજય પ્રાપ્ત કરી

લીધો. આ પ્રકારે સાધન કરતા કરતા છ મન્વન્તર વ્યતીત થઈ ગયા. માર્કણ્ડેયજીના મૃત્યુવિજયને જોઈ બધા દેવતાઓ, મનુષ્યો તથા પ્રાણીઓ વિસ્મિત થઈ ગયા.

સાતમો મન્વન્તર આવ્યો. માર્કણ્ડેયજીની તપસ્યાથી ઈન્દ્ર ભયભીત થયો. તેને શંકા થઈ. આથી ઋષિની તપસ્યામાં વિઘ્ન કરવા શરૂ કર્યા. કામદેવ તથા તેના સાથીઓને મોકલ્યા. અપ્સરાઓ પણ આવી. તે નૃત્ય કરવા લાગી. કામદેવે તેના ધનુષ્યમાંથી પાંચ બાણો છોડ્યા. શોષણ, દીપન, સંમોહન, તાપન અને ઉન્માદ. માર્કણ્ડેયજી પર આની કોઈ જ અસર થઈ નહીં. તેઓ અપરાજિત રહ્યા.

ઈન્દ્રના સેવકો આથી ભાગી ગયા. મુનિએ તપસ્યા, સ્વાધ્યાય, ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા ભગવાનમાં ચિત્ત લગાવી રાખ્યું. આ જોઈને નર નારાયણ ભગવાન પ્રકટ થયા. માર્કણ્ડેયજી પર કૃપા પ્રસાદની વર્ષા કરી.

(૧૦૬૫) વટપત્રપુટેશયઃ = વડના પાંદડાના પડીયામાં શયન કરનારા શ્રીબાલકૃષ્ણ.

માર્કણ્ડેયજી પર કૃપાવર્ષા કરવા નરનારાયણ ભગવાન પધાર્યા. મુનિએ તે જોયું. ઊભા થયા અને ધરતી પર સૂઈને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભગવાનના દિવ્ય દર્શનથી તેમના રોમેરોમમાં આનંદ થયો. તે વધુ ન બોલી શક્યા. નમસ્કાર નમસ્કાર કહીને બંનેને આસન પર બેસાડ્યા. ચરણ ધોયા. અર્ઘ્ય, ચંદન, ધૂપ અને માલાથી તેમની પૂજા કરી. સ્તુતિ કરી.

નરનારાયણ ભગવાન પ્રસન્ન થયા. અભીષ્ટ વરદાન માંગવા કહ્યું. મુનિએ ભગવાનની માયા જોવાની ઈચ્છા કરી. ભગવાને તથાસ્તુ કહ્યું અને ભગવાન બદરીવનમાં પોતાના આશ્રમમાં આવ્યા. માર્કણ્ડેય મુનિ પોતાના આશ્રમમાં રહીને મનમાં ચિંતન કરતા રહેતા કે માયાના દર્શન મને ક્યારે થશે? તેઓ અંતઃકરણમાં તથા બહાર સર્વત્ર ભગવાનનું જ દર્શન કરતા હતા.

એક દિવસ સાંજનો સમય હતો. મુનિ ભગવાનની ઉપાસનામાં તન્મય હતા. ત્યાં એકાએક જોરથી આંધી આવી. ભયંકર અવાજો થવા લાગ્યા. વાદળો આકાશમાં ઉમટ્યા. વિજળીઓ થવા લાગી. જળની મોટી મોટી ધારાઓ પૃથ્વી પર પડવા લાગી. મુનિને એવું દેખાયું કે ચારે બાજુથી ચારે સમુદ્રો પૃથ્વીને ગળવા ઉમટી રહ્યા છે. સમુદ્રમાં મોટી મોટી લહેરો ઉઠતી હતી. વમળો થતા હતા. ભયંકર અવાજો કાનને ફાડી નાંખતા હતા. મોટા મોટા મગરો ઉછળી રહ્યા હતા. ચારે બાજુ જળ જ દેખાતું હતું. મુનિએ જોયું કે આ જળ પ્રલયમાં પૃથ્વી ડૂબી રહી છે. ત્રણે લોક જળમાં ડૂબી ગયા. માત્ર મુનિ જ બચી ગયા. તે પાગલ બનીને અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં ભાગી ભાગીને પોતાના પ્રાણ બચાવવાની ચેષ્ટા કરવા લાગ્યા. આ રીતે પ્રલયના જલમાં ભટકતા રહ્યા. લાખો કરોડો વર્ષો વીતી ગયા.

એકવાર એમણે પૃથ્વીનો એક ટીલો જોયો. ત્યાં વડ(બરગદ)નું એક વૃક્ષ જોયું. તેના પર લીલા પાન તથા લાલ ફળ શોભતા હતા. વડની ઈશાન કોણની એક ડાળી હતી. તેના એક પાન પર પડિયો બની ગયો હતો. તેના પર એક સુંદર નાનું શિશુ પોઢેલું હતું. શિશુ પોતાના બંને કરકમલોથી એક ચરણકમલને મુખમાં નાંખી ચૂસી રહ્યા હતા. મુનિ વિસ્મિત થઈ ગયા. આમ વડના પાંદડા પર શયન કરતા શ્રીબાલકૃષ્ણના દર્શન મુનિને થયા.

માયાવ્યાપ્તમહામોહ - દુઃખ શાંતિપ્રવર્તકઃ ।
મહાદેવ સ્વરૂપશ્ચ ભક્તિદાતા કૃપાનિધિઃ ॥૨૪૭॥

(૧૦૬૬) માયા વ્યાપ્ત મહામોહ દુઃખ શાંતિપ્રવર્તકઃ = માયા વડે વ્યાપ્ત થયેલા દુઃખની શાંતિ કરનારા.

માર્કણ્ડેયજીએ વટપત્ર પર પોઢેલા પ્રભુને જોયા. તે બાળક સાથે વાત કરવા તે આગળ વધ્યા. તે વખતે તે શિશુના શ્વાસ સાથે તે બાળકની ભીતર ઘુસી ગયા. શિશુના પેટમાં જઈ તેમણે બધી જ સૃષ્ટિ જોઈ. આવી સૃષ્ટિ જ પ્રલય પહેલા પણ હતી. વિચિત્ર દૃશ્ય જોઈ આશ્ચર્યચકિત થયા. મોહવશ થયા. કશું વિચારી ન શક્યા. શિશુના ઉદરમાં સમગ્ર વિશ્વ જોયું. હિમાલય પર્વત, પુષ્પભદ્રા નદી, આશ્રમ તથા ત્યાં રહેનારા ઋષિઓને પણ જોયા. આ સંપૂર્ણ વિશ્વને તે જોતા હતા ત્યાં જ શિશુના ઉચ્છવાસ દ્વારા જ તે બહાર આવ્યા. પ્રલય કાલીન સમુદ્રમાં પડ્યા.

સમુદ્રના વચમાં પૃથ્વીના ટીલા (ભેખડ) પર તેજ વડનું ઝાડ જોયું. તે જેવું હતું તેવું જ દેખાતું હતું અને તેના પાનના દોનામાં તે જ શિશુ પોઢેલું હતું. શિશુના મુખ પર પ્રેમામૃતથી પરિપૂર્ણ મંદ મંદ મુસ્કાન હતી. તે શિશુ પ્રેમભરી દૃષ્ટિથી માર્કણ્ડેયજી તરફ જોઈ રહ્યું હતું. આવા પ્રભુ મુનિના નેત્રોના માર્ગથી હૃદયમાં બિરાજમાન થયા હતા. આમ માર્કણ્ડેય ઋષિને ભગવાનની માયા વડે વ્યાપ્ત થયેલા દુઃખની શાંતિ પ્રભુએ પોતાના દર્શન કરાવીને આપી. મુનિનો મહામોહ દૂર કરનારા આવા બાલમુકુન્દ પ્રભુ છે.

(૧૦૬૭) **મહાદેવસ્વરૂપશ્ચ** = મહાદેવજીના સ્વરૂપમાં દર્શન આપનારા.

માર્કણ્ડેય મુનિએ નારાયણ નિર્મિત યોગમાયાનો-વૈભવનો અનુભવ કર્યો. તેમણે નિર્ણય કર્યો કે માયાથી મુક્ત થવા માયાપતિ ભગવાનનું શરણ જ એકમાત્ર ઉપાય છે. મુનિ આ રીતે શરણાગતિની ભાવનામાં તન્મય થતા હતા. તે સમયે શંકર ભગવાન તથા પાર્વતીજી નન્દી પર સવાર થઈ આકાશમાર્ગે વિચરણ કરતા અહીં આવ્યા. સાથે તેમના ગણ પણ હતા.

શંકર ભગવાન તથા પાર્વતીજીએ મુનિની આ અવસ્થા જોઈ. પાર્વતીના હૃદયમાં મુનિ માટે વાત્સલ્ય ઉભરાયું. તેમણે શંકરજીને કહ્યું 'આપ સમસ્ત સિદ્ધિઓના દાતા છો. આથી કૃપા કરી આ બ્રાહ્મણની તપસ્યાનું ફલ આપો.

મહાદેવજીએ કહ્યું, 'મુનિને ભગવદ્ ચરણોમાં પરમ ભક્તિ પ્રાપ્ત થઈ ગઈ છે. આથી તે આલોક કે પરલોકની કોઈ વસ્તુ ઈચ્છતા નથી. મોક્ષની પણ ઈચ્છા નથી. છતાં હું તેમની સાથે વાતચીત કરીશ.'

મહાદેવજી મુનિ પાસે આવ્યા. તે વખતે મુનિની સમસ્ત વૃત્તિઓ ભગવદ્ ભાવમાં તન્મય હતી. આથી તે જાણી ન શક્યા કે ગૌરી-શંકર પધાર્યા છે. શંકર ભગવાન મુનિની અવસ્થા જાણતા હતા, તેથી તે યોગમાયાથી મુનિના હૃદયમાં પ્રવેશી ગયા. મુનિને પોતાના હૃદયમાં ભગવાન શંકરના દર્શન થયા. મુનિ સમાધિથી જાગ્યા. શંકર-પાર્વતીજી તથા ગણોને જોયા. માથું ટેકવી પ્રણામ કર્યા. તે બધાની પૂજા કરી.

શંકર સ્વરૂપે અહીં શ્રીકૃષ્ણ જ પધાર્યા છે. ગીતા ૧૦-૨૩ પ્રમાણે 'રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ' એકાદશ રુદ્રોમાં હું શંકર છું. આમ, ભગવદ્ આજ્ઞાનુસાર જ અહીં મહાદેવ સ્વરૂપધારી કૃષ્ણ છે.

(૧૦૬૮) **ભક્તિદાતાઃ** = ભક્તિનું દાન કરનારા.

શંકર ભગવાને માર્કણ્ડેય મુનિને કહ્યું, 'બ્રહ્મા, વિષ્ણુ તથા હું વરદાતાઓના સ્વામી છીએ. અમારું દર્શ વ્યર્થ જતું નથી. આથી તમારી જે ઈચ્છા હોય તે વરદાન માંગો.' મુનિએ ભગવાન શંકરની કલ્યાણ કરનારી વાણીનું અમૃતપાન કર્યું. તેમના બધા ક્લેશ નષ્ટ થયા. મુનિએ કહ્યું, 'આપ વર આપવા માંગો છો તેથી માગું છું કે ભગવાનમાં, તેમના શરણાગત ભક્તોમાં અને આપમાં મારી અવિચલ ભક્તિ સદા સર્વદા રહે.'

શંકર ભગવાને કહ્યું 'મુનિ તમારી બધી કામનાઓ પૂર્ણ થાય. ઈન્દ્રિયાતીત પરમાત્મામાં તમારી અનન્ય ભક્તિ સદા રહો. તમારો પવિત્ર યશ કાલો સુધી ફેલાય. તમે અજર અને અમર થાઓ.'

(૧૦૬૯) **કૃપાનિધિઃ** = કૃપાના ભંડાર.

શંકર ભગવાને માર્કણ્ડેયજીને અતિ દુર્લભ ભક્તિ આપી. આશીર્વાદ આપ્યા, 'તમારું બ્રહ્મતેજ સર્વદા અક્ષુણ્ણ રહેશે. તમને ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સમસ્ત વિશેષજ્ઞાનોની અને વૈરાગ્યયુક્ત સ્વરૂપ સ્થિતિની પ્રાપ્તિ થાવ. તમને પુરાણોના આચાર્યત્વની પ્રાપ્તિ થાવ.' આમ શ્રીશંકર સ્વરૂપવાળા શ્રીકૃષ્ણ કૃપાના મહાસમુદ્ર છે.

આદિત્યાન્તર્ગતઃ કાલો દ્વાદશાત્મા સુપૂજિતઃ ।
શ્રીભાગવતરૂપશ્ચ સર્વાર્થ ફલદાયક : ॥૨૪૮॥

(૧૦૭૦) **આદિત્યાન્તર્ગતઃ** = સૂર્ય મંડલની મધ્યમાં રહેનારા.

આદિત્ય એટલે સૂર્ય. સૂર્ય મંડલની મધ્યમાં પરમાત્મા શ્રીમન્નારાયણ બિરાજે છે. ભગવદ્રૂપ સૂર્યનાં પ્રતિમાસના સાત પરિકર છે - ઋષિ, ગંધર્વ, અપ્સરા, નાગ, યક્ષ, રાક્ષસ, દેવ. આ સર્વ ભગવદ્ વિભૂતિરૂપ છે. આ સૌ ઋષિઓ સૂર્યમંડલમાં બિરાજતા ભગવાન નારાયણજીની સ્તુતિ કરે છે. ગંધર્વો ગાન કરે છે. અપ્સરાઓ નૃત્ય કરે છે. નાગો રથને બાંધે છે.

યક્ષો રથને સજ્જ રાખે છે. રાક્ષસો રથને પાછળથી ધકેલે છે. આગળ ૬૦,૦૦૦ વાલ્ખિલ્ય ઋષિઓ સન્મુખ રહીને ચાલતાં ચાલતાં સ્તવન કરે છે. ભગવાન આ રીતે કલ્પે કલ્પે લોકરક્ષા કરે છે. આદિત્યે હિરણ્યમયઃ પુરુષઃ શ્રુતિ છે. સૂર્યમાં શ્રીહરિ બિરાજે છે. ધ્યેયઃ સદા સવિતૃ મંડલ મધ્યવર્તી નારાયણઃ। સૂર્યમંડળની મધ્યમાં બિરાજતા નારાયણનું ધ્યાન કરવું.

(૧૦૭૧) કાલઃ = કાલ સ્વરૂપ.

તૃતિય સ્કંધના ૧૧મા અધ્યાયમાં કાલના સૂક્ષ્મ આધ્યાત્મિક સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. સૂર્યગતિથી કાલના ભેદનો વિચાર કર્યો છે.

એક ક્ષણના બે હજાર યોજન અને બે ગાઉની ગતિથી 'પરમાણુ' જેટલી જમીન પરથી પસાર થતાં, સૂર્યના રથને જેટલો સમય લાગે એટલા સમયનું નામ એક 'પરમાણુકાલ' કહેવાય

૨ (બે) પરમાણુ = ૧ અણુ, ૩ અણુ = ૧ ત્રસરેણુ, ૩ ત્રસરેણુ =૧ ત્રુટિ, ૧૦૦ ત્રુટિ = ૧ વેધ, ૩ વેધ = ૧ લવ. ૩ લવ = ૧ નિમેષ (આંખનો પલકારો), ૩ નિમેષ = ૧ ક્ષણ, ૫ ક્ષણ = ૧ કાષ્ઠા, ૧૫ કષ્ઠા = ૧ લઘુ, ૧૫ લઘુ = ૧ નાડી, ૨ નાડી = ૧ મુહૂર્ત, ૬ કે ૭ નાડી = ૧ પ્રહર, ૮ પ્રહર = દિવસ-રાત્રિ (મનુષ્યના) ૧૫ અહોરાત્ર (દિવસ-રાત) = ૧ પક્ષ (પખવાડીયું), ૨ (બે) પક્ષ = ૧ માસ, ૨(બે) માસ = ૧ ઋતુ, ૩ ઋતુ = ૧ અયન, ૨ અયન = ૧ વર્ષ.

આ સ્વરૂપે ભગવાન જ સમયનું નિયમન કરનારા છે.

(૧૦૭૨) દ્વાદશાત્મા = બાર સૂર્ય સ્વરૂપવાળા પરમાત્મા.

કાલરૂપ ધારી ભગવાન સૂર્ય લોકોનો વ્યવહાર ઠીક ઠીક ચલાવવા માટે ચૈત્ર વગેરે બાર મહિનાઓમાં પોતાના ભિન્ન ભિન્ન બાર ગણોની સાથે ચક્કર લગાવ્યા કરે છે. તે નીચે પ્રમાણે છે.

(૧) ચૈત્રમાં ધાતા (૨) વૈશાખમાં અર્યમા (૩) જેઠમાં મિત્ર (૪) અષાઢમાં વરુણ (૫) શ્રાવણમાં ઈન્દ્ર નામના સૂર્ય (૬) ભાદરવામાં વિવસ્વાન સૂર્ય (૭) આશ્વિન - આસોમાં ત્વષ્ટાસૂર્ય (૮) કાર્તકમાં વિષ્ણુ

નામે સૂર્ય (૯) માગશરમાં અંશુ (૧૦) પોષમાં ભગ નામે સૂર્ય (૧૧) મહા મહિનો - પૂષા સૂર્ય (૧૨) ફાગણ માસમાં પર્જન્ય સૂર્ય.

(૧૦૭૩) સુપૂજિતઃ = સારી રીતે પૂજાયેલા.

સૂર્યના આ બધા રૂપ ભગવાનની વિભૂતિઓ છે. જે લોકો રોજ પ્રાતઃ તથા સાયં કાળે આનું સ્મરણ કરે છે તેના બધા પાપ નષ્ટ થાય છે. આ સૂર્યદેવ પોતાના ગણો સાથે બાર મહિના સર્વત્ર વિચરે છે અને આલોક તથા પરલોકમાં વિવેકબુદ્ધિનો વિસ્તાર કરે છે. ઋષિઓ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રોથી એમની સ્તુતિ કરે છે. ગંધર્વ તેના સુયશનું ગાન કરે છે. વાસ્તવમાં શ્રીકૃષ્ણ જ તે મંત્રો દ્વારા પૂજાયેલા છે.

(૧૦૭૪) શ્રીભાગવતરૂપઃ = શ્રીભાગવત જેમનું સ્વરૂપ છે એવા.

સૂતજી કહે છે 'તેઓએ કલિયુગમાં આ ભગવદ્રૂપ ભાગવત શાસ્ત્રને જ વાંચવા તથા સાંભળવાથી તત્કાલ મોક્ષ આપનાર છે તેવો નિશ્ચય કર્યો.' (માહાત્મ્ય અ. ૧ શ્લોક ૨૦)

સનકાદિ કહે છે, 'શ્રી ભાગવતના રૂપમાં આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર જ બિરાજમાન છો. મેં ભવસાગરથી છુટકારો મેળવવા આપનું શરણ લીધું છે. શ્રીકૃષ્ણ પ્રગટ બિરાજતા હતા ત્યારે ધર્મરક્ષક હતા. પોતાના ધામમાં પધાર્યા ત્યારે પોતાનું તેજ શ્રીભાગવતમાં સ્થાપ્યું.'

(૧૦૭૫) સર્વાર્થફલદાયકઃ = સર્વ અર્થોની પ્રાપ્તિ રૂપ ફલના આપનારા.

શ્રીભાગવતના શ્રવણ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોને સિદ્ધ કરે છે. સર્વ અર્થરૂપ આપ જ છે. આપના આનંદમય ફલાત્મક સ્વરૂપનું દર્શ શ્રીકૃષ્ણ આપે છે.

(અહીં બારમા સ્કન્ધનાં ૧૦૪૪ થી ૧૦૭૫ નામો સંપન્ન થયા.)

■

પી. એલ. થડેશ્વર (થાણા)ના જયશ્રીકૃષ્ણ.

જીતેન્દ્રભાઈ શાંતિલાલ પટેલ (ઉત્તરસંડા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજી-શ્રીમદ્ આચાર્યચરણ ગ્રંથની સમાપ્તિમાં ઉપસંહાર કરતાં આજ્ઞા કરે છે.

ઈતીદં કીર્તનીયસ્ય હરેર્નામસહસ્રકમ્ ।
પંચસપ્તતિવિસ્તીર્ણં પુરાણાન્તર ભાષિતમ્ ।।૨૪૯।।

શ્રીહરિના - શ્રીકૃષ્ણના એક હજાર નામોનો આ સંગ્રહ સમાપ્ત થયો. આ નામો કીર્તન કરવા યોગ્ય છે. સમસ્ત દુઃખોનો નાશ કરનારા છે. બીજા પુરાણોના પંચોતેર ભગવાનના નામોનો અહીં અધિક વિસ્તાર થયો છે.

ય એતત્ પ્રાતરુત્થાય, શ્રદ્ધાવાન્ સુસમાહિતઃ ।
જપેદર્થાહિતમતિઃ સ ગોવિન્દપદં વ્રજેત્ ।।૨૫૦।।

આ પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રનો પ્રભાતમાં ઊઠીને જે મનુષ્ય શ્રદ્ધા સાથે અને એકાગ્ર ચિત્તથી તેમજ અર્થના અનુસંધાનમાં પોતાની બુદ્ધિને બરાબર સ્થાપીને જપે એટલે કે પુનઃ પુનઃ પાઠ કરે તે મનુષ્યને ગોવિંદ એટલે ગાય-બ્રાહ્મણ આદિના ઈન્દ્ર શ્રીગોવર્ધનધારી પ્રભુના ચરણકમલોની પ્રાપ્તિ થશે અથવા શરણ પ્રાપ્ત થશે.

સર્વધર્મવિનિર્મુક્તઃ સર્વસાધન વર્જિતઃ ।
એતદ્ધારણમાત્રેણ કૃષ્ણાસ્ય પદવીં વ્રજેત્ ।।૨૫૧।।

સર્વધર્મથી વિહીન હોય, સર્વ સાધનથી વિમુખ થયેલો હોય તો પણ આ સ્તોત્રની ધારણા માત્રથી શ્રીકૃષ્ણના ચરણકમલોની મનુષ્ય પ્રાપ્તિ કરશે.

હર્યાવેશિતચિત્તેન શ્રી ભાગવત સાગરાત્ ।
સમુદ્ધૃતાનિ નામાનિ ચિન્તામણિનિભાનિ હિ ।।૨૫૨।।

શ્રીહરિ-શ્રીકૃષ્ણમાં ચિત્તને બરાબર પરોવીને શ્રીભાગવતરૂપી મહાસાગરમાંથી આ નામો સુંદર રીતે ઉદ્ધરણ કર્યા છે એટલે કે પ્રકટ કર્યા છે. આ નામો ચિન્તામણિ સમાન છે. ચિન્તામણિ નામનો મણિ જેની પાસે હોય તે મનુષ્ય જે જે વસ્તુની ઈચ્છા કરે તે તે પદાર્થ તેને પ્રાપ્ત થાય છે, તેમ આ નામો પણ ચિંતામણીની માફક સર્વ ઈચ્છિત પદાર્થોની પ્રાપ્તિ કરાવવા સમર્થ છે.

કંઠસ્થિતાન્યર્થ દીપ્ત્યા બાધન્તે જ્ઞાનજં તમઃ ।
ભક્તિં શ્રીકૃષ્ણદેવસ્ય સાધયન્તિ વિનિશ્ચિતમ્ ।।૨૫૩।।

આ નામોને કંઠમાં ધારણ કરે એટલે કે તેમનો પાઠ-જપ કરે તો તે નામો પોતાના અર્થના પ્રકાશ વડે અજ્ઞાનથી પ્રકટ થયેલા અંધકારને દૂર કરે છે અને શ્રીકૃષ્ણ પરબ્રહ્મની ભક્તિને નિશ્ચયપૂર્વક સિદ્ધ કરે છે.

કિં બહૂક્તેન ભગવાન્ નામભિઃ સ્તુતષડ્ગુણઃ ।
આત્મભાવંનયત્યાશુ, ભક્તિં ચ કુરુતે દઢામ્ ।।૨૫૪।।

વિશેષ શું કહેવું? આ સ્તોત્રનાં નામો વડે છ ઐશ્વર્ય ગુણવાળા ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવામાં આવે તો તેઓશ્રી આ નામ સ્તોત્રના પાઠ-જપ કરનારને થોડા જ સમયમાં જ નિજસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે અને નિજ ભક્તિને દઢ કરે છે અથવા આ સ્તોત્રનો પાઠ કરનારને ભગવાન પોતાનો ગણી અતિશીઘ્ર પોતાની પરમ પ્રેમલક્ષણા ભક્તિ આપશે.

યઃ કૃષ્ણભક્તિમિહ વાંછતિ સાધનૌઘૈઃ
નામાનિ ભાસુરયશાંસિ જપેત્સ નિત્યમ્ ।
તં વૈ હરિઃ સ્વપુરુષં કુરુતેતિશીઘ્રમ્ -
આત્માર્પણં સમધિગચ્છતિ ભાવતુષ્ટઃ ।।૨૫૫।।

અનેક સાધનોના સમૂહથી શ્રીકૃષ્ણની ભક્તિની ઈચ્છા કરતો હોય તેણે અન્ય સાધનોમાં ન પડતાં શ્રીકૃષ્ણ પુરુષોત્તમના તેજસ્વી યશવાળા આ નામોનો નિરંતર જપ કરવો. આ પ્રમાણે જપ કરનાકને સર્વ દુઃખોનું હરણ કરનારા શ્રીહરિ તત્કાલ જ અને ખાત્રીપૂર્વક નિજજન બનાવે છે અને જપ કરનારાના

ભાવથી પ્રસન્ન થયેલા ભગવાન તેને પોતાના સ્વરૂપનું દાન કરે છે.

અનેક સાધનો દ્વારા ભગવત્ પ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ તે સાધનો દુઃસાધ્ય છે. કષ્ટ સાધ્ય છે. તે સાધનો ઉપર નિષ્ઠા ન રાખતા આ નામોનો વારંવાર જપ કરે છે તેને ભગવાન પ્રસન્ન થઈને તેની નિઃસાધનતા - દીનતા અને ભગવાનના જન્મ કર્મના શ્રવણ કીર્તનની નિષ્ઠા દ્વારા તેને નિજજન બનાવે છે અને અતિ શીઘ્રતાથી પોતાના સ્વરૂપનું દાન કરે છે. આ વાત-સિદ્ધાંત-નિઃસંશય છે. આ પ્રમાણે આ શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રના પાઠ-જપની ફલ શ્રુતિ છે.

જપ એટલે યોગ સૂત્રોની વ્યાખ્યા મુજબ - તજ્જપસ્તદર્થ ભાવનમ્ । ભગવાનના નામનો જપ એટલે એ નામના અર્થ. શ્રીપ્રભુનું ભાવ ભાવન. નામનો અર્થ એટલે તે નામવાળા શ્રીકૃષ્ણ. પુરુષોત્તમની દિવ્ય લીલાઓનું અનુસ્મરણ. આ પ્રમાણે અર્થના અનુસંધાનનું ઘણું મહત્ત્વ આ શ્લોકમાં સૂચવ્યું છે.

શ્રીકૃષ્ણ કૃષ્ણસખ વૃષ્ણિવૃષાવનિધ્રૂક્ -
રાજન્યવંશ દહનાનપવર્ગવીર્ય ।
ગોવિન્દ ગોપ વનિતા વ્રજ ભૃત્યગીત
તીર્થશ્રવઃ શ્રવણ મંગલ પાહિભૃત્યાન્ ॥૨૫૬॥

હે આનંદરૂપ શ્રીકૃષ્ણ! હે કૃષ્ણ સખ! અર્જુનના પ્રિય મિત્ર! હે વૃષ્ણિઓમાં શ્રેષ્ઠ અથવા વૃષ્ણિ એટલે વસુદેવાદિક યાદવો, વૃષ એટલે ધર્મ અને અવનિ એટલે પૃથ્વી, તેમનો દ્રોહ કરનારા અધર્મી રાજાઓના વંશો - રાજકુલોનો નાશ કરવામાં જેમનું અતુલ-અપરિમિત-પરાક્રમ છે એવા હે ગોવિન્દ! હે ગોપાંગનાઓ બીજા વ્રજવાસીઓ અને સેવકજનો! ભક્તજનો વડે ગાન-સ્તુતિ કરાયેલાં! હે પવિત્ર કીર્તિવાળા પ્રભુ! શ્રવણ દ્વારા જ પરમ મંગલ - પરમ કલ્યાણ કરનારા પરમેશ્વર! આપશ્રી નિજ ભક્તજનો - સેવકોનું સંરક્ષણ પાલન કરો. આપના સ્વરૂપમાં નિરોધ કરો.

ઉપર પ્રમાણે શ્રીમહાપ્રભુજી આ સ્તોત્રની સમાપ્તિમાં મંગલાચરણ ગાયું છે.

'ઈતિ શ્રી ભાગવત સાર સમુચ્ચયે વૈશ્વાનરક્તં
શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રં સંપૂર્ણમ્'

શ્રીકૃષ્ણના મુખારવિંદના આધિદૈવિક અગ્નિ-વૈશ્વાનર સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કહેલું સમસ્ત શ્રીમદ્ ભાગવતના સાર ભૂત એવું શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર સંપૂર્ણ થયું.

■

શ્રી પંચમલાલ ગો. શ્રી રઘુનાથજી મહારાજ વિરચિત આ ગ્રંથના વિવરણ પ્રમાણે પુરાણાન્તરના પંચોતેર નામો કહેલા છે તે અન્ય પુરાણો એટલે કે શ્રીકૃષ્ણને ઉદ્દેશીને જે જે પુરાણો હોય તેમાંના છે એમ જાણવું. પ.ભ. શ્રી એન. કે. પરીખે (મુંબઈ) તે લખીને મોકલ્યા છે. તેમનો આભારી છું.

અ.નં.	સ્કંધ	ગ્રંથ ક્રમાંક	નામ
૧	૧	૨૦	શુકવાગમૃતાબ્ધીન્દુઃ
૨	૧	૫૯	સર્વશાક્ષી
૩	૩	૧૨૪	સાક્ષી
૪	૩	૧૨૭	ચતુર્મૂતિઃ
૫	૪	૨૦૪	સર્વેશઃ
૬	૪	૨૦૫	કોટિસૂર્યસમપ્રભઃ
૭	૪	૨૦૯	બ્રહ્મકોટિપ્રજાપતિઃ
૮	૪	૨૧૦	સુધાકોટિસ્વાસ્થ્યહેતુઃ
૯	૪	૨૧૧	કામધુક્કોટિકામદઃ
૧૦	૪	૨૧૨	સમુદ્રકોટિગંભીરઃ
૧૧	૪	૨૧૩	તીર્થકોટિસમાહ્વયઃ
૧૨	૪	૨૧૪	સુમેરુકોટિનિષ્કમ્પઃ
૧૩	૪	૨૧૫	કોટિબ્રહ્માંડવિગ્રહઃ
૧૪	૪	૨૧૬	કોટ્યશ્વમેધપાપદનઃ
૧૫	૪	૨૧૭	વાયુકોટિમહાબલઃ
૧૬	૪	૨૧૮	કોટીન્દુજગદાનન્દી
૧૭	૪	૨૧૯	શિવકોટિપ્રસાદકૃત્
૧૮	૪	૨૪૪	સહસ્રકવચચ્છેદી
૧૯	૪	૨૫૯	અમાની
૨૦	૪	૨૬૦	માનદઃ
૨૧	૪	૨૯૭	જનાર્દનઃ
૨૨	૫	૩૦૬	અધોક્ષજઃ
૨૩	૮	૬૧૪	ઉપેન્દ્રઃ
૨૪	૮	૬૧૫	ઈન્દ્રાવરજઃ
૨૬	૮	૬૨૬	વિશ્વમૂર્તિઃ
૨૭	૮	૬૨૭	પૃથુશ્રવાઃ
૨૮	૯	૬૬૧	રઘુનાથઃ
૨૯	૯	૬૬૨	રામચંદ્રઃ
૩૦	૯	૬૬૩	રામભદ્રઃ
૩૧	૯	૬૬૪	રઘુપ્રિયઃ
૩૨	૯	૬૬૫	અનંતકીર્તિઃ
૩૩	૯	૬૬૬	પુણ્યાત્મા
૩૪	૯	૬૬૭	પુણ્યશ્લોકૈકભાસ્કરઃ
૩૫	૯	૬૮૯	અહલ્યાદુઃખહારી
૩૬	૯	૬૯૦	ગૃહસ્વામી
૩૭	૯	૬૯૧	સલક્ષ્મણઃ
૩૮	૯	૬૯૨	ચિત્રકુટપ્રિયસ્થાનઃ
૩૯	૯	૬૯૩	દણ્ડકારણ્યપાવનઃ
૪૦	૯	૬૯૪	શરભંગસુતીક્ષ્ણાદિપૂજિતઃ
૪૧	૯	૬૯૫	અગસ્ત્યભાગ્યભૂઃ
૪૨	૯	૬૯૬	ઋષિસંપ્રાર્થિતકૃતિઃ
૪૩	૯	૬૯૭	વિરાધ વધ પંડિતઃ
૪૪	૯	૭૦૪	જટાયુ વધ મોક્ષદઃ
૪૫	૯	૭૦૫	શબરી પૂજિતઃ

૪૬	૯	૭૦૭	દુન્દુભ્યસ્થિપ્રહરણઃ
૪૭	૧૦	૭૦૮	સપ્તલાલ વિભેદનઃ
૪૮	૧૦	૭૩૦	કેશવઃ
૪૯	૧૦	૭૭૮	નન્દવ્રજનાનન્દી
૫૦	૧૦	૭૮૫	રામાનુજઃ
૫૧	૧૦	૭૮૬	વાસુદેવઃ
૫૨	૧૦	૮૦૫	અરણ્ય ભોક્તા
૫૩	૧૦	૮૦૬	બાલલીલા પરાયણઃ
૫૪	૧૦	૮૦૭	પ્રોત્સાહજનકઃ
૫૫	૧૦	૮૦૮	અઘાસુરનિષૂદનઃ
૫૬	૧૦	૮૦૯	વ્યાલ મોક્ષપ્રદઃ
૫૭	૧૦	૮૧૦	પુષ્ટઃ
૫૮	૧૦	૮૧૧	બ્રહ્મમોહ પ્રવર્ધનઃ
૫૯	૧૦	૮૧૨	અનન્તમૂર્તિઃ
૬૦	૧૦	૮૧૩	સર્વાત્મા
૬૧	૧૦	૮૧૪	જંગમ સ્થાવરા કૃતિઃ
૬૨	૧૦	૮૧૫	બ્રહ્મમોહન કર્તા
૬૩	૧૦	૮૧૬	સ્તુત્યઃ
૬૪	૧૦	૮૧૭	આત્મા
૬૫	૧૦	૮૧૮	સદાપ્રિયઃ
૬૬	૧૦	૮૩૩	કાલીય ફણી માણિક્ય રંજિત શ્રીપદાંબુજ
૬૭	૧૦	૮૪૦	ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્ય વિશારદઃ
૬૮	૧૦	૮૫૧	વેણુવાદસ્મરક્ષોભમત્તગોપી વિમુક્તિદઃ
૬૯	૧૦	૮૯૧	સદ્યઃ કુવલયાપીડઘાતી
૭૦	૧૦	૮૯૨	ચાણૂરમર્દનઃ
૭૧	૧૦	૯૦૫	સાંદીપનિમૃતાપત્યદાતા
૭૨	૧૦	૯૪૩	ષોડશસ્ત્રીસહસ્રશઃ
૭૩	૧૦	૯૯૮	સુદામારંકભાર્યાર્થભૂમ્યાનીતેન્દ્ર વૈભવઃ
૭૪	૧૨	૧૦૪૫	બુદ્ધઃ
૭૫	૧૨	૧૦૪૬	ગુપ્તાર્થવકતા

■

'વૈષ્ણવ પરિવાર' માસિકનું સને ૨૦૨૧નું લવાજમ સ્વીકારવાની શરૂઆત થઈ ગઈ છે.

- 'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ' માસિકના જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ના વર્ષ માટેનું લવાજમ સ્વીકારવાની શરૂઆત થઈ છે.
- 'વૈષ્ણવ પરિવાર' માસિકનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા.૧૩૦/- તથા વિદેશ માટે રૂા.૧૮૦૦/- અથવા US$ ૩૫ અથવા £ ૨૦ છે.
- 'બાલપુષ્ટિ' માસિકનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા.૧૧૦/- તથા વિદેશ માટે રૂા.૧૪૦૦/- અથવા US$ ૩૦ અથવા £ ૧૮ છે.
- એકથી વધુ વર્ષનું કે આજીવન લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- www.vaishnavparivar.org વેબસાઈટ દ્વારા ઓનલાઈન લવાજમ ભરી શકાશે.
- લવાજમની રકમના ચેક-ડ્રાફ્ટ 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ મોકલવા.
- રોકડ રકમ કવરમાં મૂકીને આંગડિયા કે કુરીયર મારફત મોકલવી નહિ. જો આ રીતે મોકલેલી રકમ ગેરવલ્લે જશે તો તેની જવાબદારી રકમ મોકલનારની રહેશે.
- મુંબઈ કાર્યાલય, વડોદરા કાર્યાલય અને અંધેરી કાર્યાલય તથા માનદ્ પ્રતિનિધિઓ ફક્ત રૂબરૂમાં રોકડમાં લવાજમ સ્વીકારશે.
- ચેક-ડ્રાફ્ટ-મનીઓર્ડર ફક્ત મહેસાણા કાર્યાલયને મોકલી આપવા.
- વિદેશના ગ્રાહકોએ લવાજમની રકમના ચેક 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ મોકલવા.
- લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૨૦ છે. ત્યારબાદ લવાજમ સ્વીકારવામાં આવશે નહિ.

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૩૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)
[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-85/2007-2008]

visit us at www.vaishnavparivar.org

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- સારસ્વત સન્માન એવોર્ડ.
- પુષ્ટિમાર્ગ માટે વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું શ્રીહરસાનીજી એવોર્ડથી સન્માન.
- રેનબસેરા
- સત્સંગ સત્રોનું આયોજન.
- બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

※ વાર્ષિક લવાજમ દર વર્ષે ફક્ત ડીસેમ્બરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ※ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ※ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ※ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ※ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ※ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ※ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ※ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

- રૂા.૨૫૦/-થી ઉપરની દ્રવ્ય સહાયની રકમ ઈન્કમટેક્ષ ધારાની કલમ ૮૦(જી) અન્વયે કરમુક્તિને પાત્ર છે.
- ડ્રાફ્ટ/ચેક 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ જ મોકલવો.
- બેન્ક ઓફ બરોડાની કોઈ પણ શાખામાં શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટના સેવિંગ્સ ખાતામાં રકમ ભરી શકાશે. સેવિંગ્સ ખાતા નંબર : ૦૧૫૨૦૧૦૦૦૦૪૮૮૯

મહેસાણા કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
મોબાઈલ : ૭૭૭૭૯ ૧૬૯૪૦
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન: (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
Email : chemiequip79@gmail.com

અંધેરી (મુંબઈ) કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ, અંધેરી(ઈ),
મુંબઈ. [ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]
Email : delight@vsnl.com

ઘાટકોપર (મુંબઈ) સંપર્ક કેન્દ્ર

શ્રી દિલીપભાઈ એ. પારેખ
બ્લોક નં.૨૧૩૪/૩૫, ક્લોવર રીજેન્સી, બી વિન્ગ,૧૩મા માળે, રામજી આશર લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (ઈસ્ટ), ફોન:(રહે) ૨૫૦૧૧૩૦૬ (ઓ) ૩૦૨૯૭૬૦૩
મો. ૦૯૩૨૪૦૧૦૩૮૭

અમેરીકા સંપર્ક કેન્દ્ર

Bharat K. Mehta
28, Semel Avenue, Iselin, NJ - 08830 (U.S.A.)
PH :732-321-4041, email : b1k1m1@hotmail.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage, MI - 49024
Phone : 269-323-1880

Smt. Bhavana Vasudev Patel
33, Prairie Pointe Lane, Stream wood, IL-60107, U.S.A.
Ph. : 608-215-7811

Date of Publication : 01-08-2020
Registered News Paper
VAISHNAV PARIVAR (Monthly)
JULY-AUGUST : 2020
Total Pages : 148 ■ કિંમત રૂ.૪૦

R.N.I. No. 38428 / 1983
Postal Reg. No. : L2/15/RNP/G-MEH-224/2017-18
LPWP license No. : PMG/HQ/052/2018-20
Valid upto 31-12-2020
Permitted to Post at Mehsana RMS on 1st of Every Month

If not delivered please return to

SHRI HARSANIJI PUBLIC CHARITABLE TRUST
Post Box No. 16, **MAHESANA - 384 002** [GUJARAT, INDIA]

Printed and Published by **PARIKH AMITBHAI RAMESHBHAI** on behalf of **SHRI HARSANIJI PUBLIC CHARITABLE TRUST** and Printed at **Shri Umiya Printing Press, 50-51, Urmi Shopping Centre, Under Paliba Hospital, Opp. B. K. Cinema, MEHSANA - 384 002** and Published from **32, Shiv Society Part-2, Near B. K. Cinema, MEHSANA - 384002**. Editor : **PARIKH AMITBHAI RAMESHBHAI**